ISSN 2454-7697

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

(ઈ.સ. ૧૯૨૯થી)

YEAR : 7 • ISSUE : 5 • AUGUST : 2019 • PAGES : 112 • PRICE 30/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૭ (કુલ વર્ષ ૬૭) અંક - ૫ • ઑગસ્ટ ૨૦૧૯ • પાનાં - ૧૧૨ • કિંમત રૂા. ૩૦/-

## પર્યુષણ વિશેષાંક – ભારતીય ચિંતકો



સેવન્તીલાલ કાંતિલાલ ટ્રસ્ટ દ્વારા આયોજિત

# પર્યુષણ વ્યાખ્યાનમાળા - ૨૦૧૯

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રત્યેક વર્ષે યોજાતી વ્યાખ્યાનમાળા આ વર્ષે ૮૫મા વર્ષમાં પ્રવેશે છે**
**સોમવાર તા. ૨૬-૮-૨૦૧૯ થી સોમવાર તા. ૨-૯-૨૦૧૯ સુધી રોજના બે વ્યાખ્યાનો**
**સ્થળ : પાટકર હૉલ, ન્યૂ મરીન લાઈન્સ, મુંબઈ - ૪૦૦ ૦૨૦.**

**પ્રથમ વ્યાખ્યાન : સવારે ૮.૪૫ થી ૯.૩૦**

**દ્વિતીય વ્યાખ્યાન : સવારે ૯.૪૫ થી ૧૦.૩૦**

| દિવસ તારીખ | ભક્તિ સંગીતનો સમય સવારે ૮.૦૦ થી ૮.૩૦ | પ્રથમ વ્યાખ્યાતાનો સમય સવારે ૮.૪૫ થી ૯.૩૦ | દ્વિતીય વ્યાખ્યાતાનો સમય સવારે ૯.૪૫ થી ૧૦.૩૦ |
|---|---|---|---|
| સોમવાર ૨૬-૦૮-૨૦૧૯ | શ્રીમતી વિપુલાબેન શાહ | પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈ<br>પર્યુષણ-પ્રવચન નહીં, પણ પ્રયોગશાળા | શ્રી સુરેશભાઈ ગાલા<br>કેશી ગૌતમ સંવાદ-ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન -૨૩ |
| મંગળવાર ૨૭-૦૮-૨૦૧૯ | શ્રીમતી અંજલીબેન મર્ચંટ | પૂ. સ્વામી જ્ઞાનવત્સલ<br>અસ્તિત્વની ઉજવણી | શ્રી ભાગ્યેશભાઈ જહાં<br>'સૂર્યોદયનો સંકેત; ગાંધીજી |
| બુધવાર ૨૮-૦૮-૨૦૧૯ | શ્રીમતી અર્ચનાબેન ભંડારકર | શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની<br>ગાંધીજીની અહિંસા | બ્રહ્મકુમારી પૂ. ગીતા દીદી<br>અનેકાંતવાદ-સશક્ત સમાજનો પાયો |
| ગુરૂવાર ૨૯-૦૮-૨૦૧૯ | શ્રીમતી ગોપીબેન શાહ | શ્રી સ્વપ્નીલભાઈ કોઠારી<br>स्पष्टता और गहनता के माध्यम से जीवन का सरलीकरण | શ્રી રમજાનભાઈ હસણિયા<br>સાધકનું આત્મનિવેદન : રત્નાકર પચ્ચીશી |
| શુક્રવાર ૩૦-૦૮-૨૦૧૯ | શ્રીમતી વૈશાલીબેન કેરકર | ડૉ. સેજલબેન શાહ, ડૉ. અભયભાઈ દોશી અને જોની શાહ<br>ઉપમિતિ ભાવપ્રપંચ કથાને આધારે આત્માની કથા | |
| શનિવાર ૩૧-૦૮-૨૦૧૯ | શ્રી ભરતભાઈ પારેખ | શ્રી વલ્લભભાઈ ભણશાલી<br>'મુક્તિ કી સાધના યા ગચ્છ કી આરાધના?<br>પર્યુષણ પ્રસંગે પસંદગીનું ચિંતન | |
| રવિવાર ૦૧-૦૯-૨૦૧૯ | શ્રી ગૌતમભાઈ કામત | શ્રીમતી ભારતીબેન મહેતા<br>મારા ૮ આનંદ મંત્રો | શ્રી પરસોત્તમભાઈ રૂપાલા<br>માનવીમાં માનવતા |
| સોમવાર ૦૨-૦૯-૨૦૧૯ | કુમારી શર્મીલાબેન શાહ | ડૉ. નરેશ વેદ<br>ઉપનિષદની વિદ્યાઓ | ડૉ. પ્રોફેસર શ્રી કલાધરભાઈ આર્ય<br>જીવન વૈયક્તિક સ્વતંત્રતાની ખુશ્બુ |

**સંચાલન :**
**ભક્તિ સંગીત : સવારે ૮.૦૦ થી ૮.૩૦ સંચાલન : શ્રીમતી ભારતીબેન પારેખ**

**પ્રત્યેક દિવસના બન્ને વ્યાખ્યાતાઓ તેમજ ભક્તિ સંગીતનું પ્રસારણ યુ ટ્યુબ ઉપર ઉપલબ્ધ થશે.**

**સંપર્ક : શ્રી ધવલ ગાંધી મો. નં. ૯૦૦૪૮૪૮૩૨૯**
**યુ ટયુબના સૌજન્ય દાતા ઓનવર્ડ ફાઉન્ડેશન શ્રી હરીશભાઈ મહેતા છે.**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, સમાજ અને સાહિત્યના સંવર્ધન માટે અનેકવિધ પ્રવૃત્તિ કરે છે. અનાજ રાહત ફંડ, પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ, સ્કોલરશીપ ફંડ, જેવા અનેક કાર્યો માટે આર્થિક ઉપાર્જન આવશ્યક છે. પર્યુષણ પર્વના દિવસોમાં સંઘને સધ્ધર બનાવવા અને કાર્યોને વેગ આપવા માટે દાતાઓને નમ્ર વિનંતી છે.**

**વેબસાઈટ સંપાદક : શ્રી હિતેશભાઈ માયાણી - મો. નં. ૯૮૨૦૩૪૭૯૯૦**

**આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

| જગદીપ જવેરી | દિલીપ શાહ | નીતીન સોનાવાલા | નીરૂબેન એસ. શાહ | ડૉ. સેજલ શાહ |
|---|---|---|---|---|
| કોષાધ્યક્ષ | ઉપ-પ્રમુખ | પ્રમુખ | મંત્રી | મંત્રી |

## સર્જન સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૦૧. | પર્યુષણ ચિંતન | સેજલ શાહ | ૫ |
| ૦૨. | સંપાદકનો પરિચય | સેજલ શાહ | ૮ |
| ૦૩. | સંપાદકીય | ગુણવંત બરવાળિયા | ૯ |
| ૦૪. | ઉત્તમ શ્રાવક અને ચિંતક શ્રી લાડકચંદ વોરા : ઈ.સ. ૧૯૦૫-૧૯૯૭ | ગુણવંત બરવાળિયા | ૧૦ |
| ૦૫. | સત્ય એ જ નેત્ર | કુમારપાળ દેસાઈ | ૧૩ |
| ૦૬. | એક વિસરાયેલા ગુજરાતી ચિંતક શ્રી નર્મદાશંકર મહેતાનું તત્ત્વચિંતન | નરેશ વેદ | ૧૬ |
| ૦૭. | નાથદર્શનનું વિશિષ્ટ સ્વરૂપ | ભાણદેવ | ૧૯ |
| ૦૮ | મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન | જિતેન્દ્ર બી. શાહ | ૨૨ |
| ૦૯. | ૐ મૈયાના આરાધક વિશ્વવાત્સલ્યના સંદેશવાહક ક્રાંતદૃષ્ટા ચિંતક મુનિશ્રી સંતબાલજી | મધુબેન જી. બરવાળિયા | ૨૪ |
| ૧૦. | ૧૬મી સદીના ચિંતનશિખરે સ્થિત વાચનાચાર્ય શ્રી સમયસુંદરગણિવર્યજી | ભારતી દિપક મહેતા | ૨૮ |
| ૧૧. | બહિણાબાઈના અભંગો | સેજલ શાહ | ૨૯ |
| ૧૨. | GOD'S OWN COUNTRY કેરળના ઉદ્ધારક ગુરુ : શ્રી નારાયણ ગુરુ | ભદ્રાયુ વછરાજાની | ૩૨ |
| ૧૩. | કાજી નજરુલ ઈસ્લામ | નલિની માડગાંવકર | ૩૫ |
| ૧૪. | ધ્યાનયોગ અને કર્મયોગનો સંગમ પૂજ્યશ્રી મોટા | અભય દોશી | ૩૭ |
| ૧૫. | જે. કૃષ્ણમૂર્તિ | કનુભાઈ લ. શાહ | ૪૦ |
| ૧૬. | મહર્ષિ અરવિંદની સાધનાનુ ફળ પૂર્ણ યોગ | તત્ત્વચિંતક વી. પટેલ | ૪૨ |
| ૧૭. | ભારતીય ચિંતક : લીરબાઈ | ભાનુબેન જે. શાહ (સત્રા) | ૪૬ |
| ૧૮. | કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા | કાન્તિભાઈ બી. શાહ | ૪૮ |
| ૧૯. | ગાંધીયુગના વિવેકશીલ ચિંતક શ્રી કેદારનાથજી | માલતી શાહ | ૫૦ |
| ૨૦. | પ્રખર ચિંતક વાડીલાલ મોતીલાલ શાહ | પાર્વતી નેણશી ખીરાણી | ૫૨ |
| ૨૧. | પ્રભુપાદસ્વામી અને કૃષ્ણભાવના | રશ્મિબેન ભેદા | ૫૬ |
| ૨૨. | કવિવર્ય નાનચંદ્રજીની સર્જનસૃષ્ટિની ચિંતનધારા | રતનબેન ખીમજી છાડવા | ૫૮ |
| ૨૩. | જ્ઞાનયોગી તથા કર્મયોગી સહદય શ્રી મોતીચંદભાઈ ગીરધરભાઈ કાપડીયા | હીંમતલાલ ગાંધી | ૬૧ |
| ૨૪. | મહાન ચિંતક પકુડ કાત્યાયન | હેમાલી સંઘવી | ૬૪ |


**આ અંકનું સૌજન્ય રૂપિયા ૮૦.૦૦**

| | | | |
|---|---|---|---|
| ૨૫. | શ્રી રતિલાલ દીપચંદ દેસાઈની વહેતી ચિંતનાત્મક ધારા | અનિતા આચાર્ય | ૬૬ |
| ૨૬. | શ્રી રંગ અવધૂત | કનુભાઈ લ. શાહ | ૭૦ |
| ૨૭. | પૂર્વ (East) અને પશ્ચિમ (West) ની સંસ્કૃતિને ઓળખીએ.. **અને** સાચા-ખોટાને પારખીએ... | **પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય** | **૭૨** |
| ૨૮. | આચાર્ય જિનપ્રભસૂરિનું પ્રભાવક ચરિત્ર | રેણુકા પોરવાલ | ૭૪ |
| ૨૯. | પારમાર્થિક સામાયિક | પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ | ૭૬ |
| ૩૦. | જૈનાની યાત્રા : અમેરિકાની યાત્રા | સેજલ શાહ | ૭૯ |
| ૩૧. | જૈન ધર્મ અને ગણતંત્ર | કુમારપાળ દેસાઈ | ૮૦ |
| ૩૨. | જીવનપંથ : જૂના વિદ્યાર્થીઓની સભાનું સંચાલન એક સાંસદ કરે! તે પણ દિગ્ગજ કલાકાર! | ભદ્રાયુ વછરાજાની | ૮૨ |
| ૩૩. | મનને ઓળખોને તમારી માન્યતાને બદલો | સુબોધી સતીશ મસાલિયા | ૮૩ |
| ૩૪. | શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ | રતનબેન ખીમજી છાડવા | ૮૫ |
| ૩૫ | જૈન પરંપરાના પુનરુદ્ધારકો : શ્રી અજિતસાગરસૂરીશ્વરજી મહારાજ | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૮૭ |
| ૩૬. | પંથે પંથે પાથેય | ગીતા જૈન / ઉષા પ્રવીણ શાહ | ૯૧ |
| ૩૭. | ગાંધી મનનયાત્રા મેં ગાંધીને મારા જીવનના ઉત્તમ વીસ વર્ષ આપ્યાં છે : રિચર્ડ એટનબરો | સોનલ પરીખ | ૯૪ |
| ૩૮. | An interrogation – Are you Religious? Are you Spiritually Religious?? | Prachi Dhanvant Shah | ૯૫ |
| ૩૯. | Anger | Premal Kapadia | ૯૮ |
| ૪૦. | વિચાર : મંથન : આપણે | અશોક ન. શાહ | ૧૦૨ |
| ૪૧. | સર્જન-સ્વાગત | પાર્વતી નેણશી ખીરાણી | ૧૦૩ |
| ૪૨. | ભાવ - પ્રતિભાવ | - | ૧૦૫ |
| ૪૩. | અભિનંદન શ્રી નિરંજન રાજ્યગુરુને | - | ૧૦૭ |
| ૪૪. | અતીતની બારીએથી આજ | બકુલ ગાંધી | ૧૧૧ |
| ૪૫. | પરલોકે પત્ર | વર્ષા અડાલજા | ૧૧૨ |


- ‘પ્રબુદ્ધ જીવન’માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.

**વિશેષ નોંધ :**


- પ્રબુધ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનમુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.


- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઈમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમને વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે.જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

દ્વારા પ્રકાશિત

# પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) માનવીય જીવનનો સંવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૫ • વીર સંવત ૨૫૪૫ • શ્રાવણ વદ - ૧

## પર્યુષણ વિશેષાંક : ભારતીય ચિંતકો

**આ અંકના વિદ્વાન સંપાદક : ગુણવંત બરવાળિયા**

**માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ**

### તંત્રી સ્થાનેથી...

## પર્યુષણ ચિંતન

જીવન અને મનુષ્ય અભિન્ન રીતે જોડાયેલા છે. સૃષ્ટિના આ ઉત્કૃષ્ટ સર્જન અને સૃષ્ટિ વચ્ચેના તાળમેળમાંથી અનેક સર્વોત્તમ સર્જનોનું નિર્માણ થયું.

આજે મનુષ્ય વિકાસની દિશામાં ગતિ કરી રહ્યો છે સાથે તેની સામાજિક, આર્થિક, રાજકીય નીતિ બે રીતે ઘડાઈ. એક બાહ્ય પ્રભાવો અને તત્કાલીન અસરો અને બીજુ આંતરિક વિકાસની દૃષ્ટિએ. આ આંતરિક વિકાસ, જેને આંકડામાં ગણી શકાતો નથી. પરંતુ કોઈપણ સ્વસ્થ અને સુનિયોજિત રાષ્ટ્ર માટે, તેના બાહ્ય કલેવર સાથે આંતરિક સુનિયોજિતતા આવશ્યક છે.

એક સમયે રાજ્ય-દરબારમાં પંડિતો અને ચિંતકોનું વિશિષ્ટ સ્થાન હતું, જેઓ સમયાંતરે રાજ્ય વહીવટમાં મહત્ત્વનું કાર્ય કરતાં હતા. રાજ્યવ્યવસ્થામાંથી બહાર આવ્યા બાદ આ ચિંતકો સંસારના સંચલનોને સમજવાનો પ્રયત્ન કરતાં જ રહ્યા. જેમાં ઈતિહાસના પૃષ્ઠોનું વિવરણ માત્ર નહોતું પણ સમાજની તત્કાલીન પરિસ્થિતિ અંગેનું ચિંતન-મનન ઉપરાંત કેટલીક માર્ગદર્શિકા પણ હતી. આ કહેવાયેલા સત્યનોને ઝીરવવાની તાકાત મનુષ્ય સમાજમાં હોવી જોઈએ. સાથે તેમની માર્ગદર્શિકાઓને સ્વીકારવી અને એ અનુરૂપ વ્યવહાર કરવાની કુશળતા અને શક્તિ પણ કેળવવી જોઈએ. ચિંતકના શબ્દો સામે તાર્કિક વિવાદ કરતી વખતે, પોતાના ઉદ્દેશ્યમાં કેટલી નિષ્ઠા છે, તે પણ તપાસવું જોઈએ, ઘણીવાર ઉદ્દેશ્યની નિસબત દુષિત હોય ત્યારે પણ આપણે પરંપરાનો વિરોધ કરતાં હોઈએ છીએ.

ઉદ્દેશ્યમાં દુરિતાનો પ્રવેશ સમગ્ર આયોજનને કુરૂપ કરી મૂકે છે. એટલે શુદ્ધતા હોવી, જાળવવી અને સતત એને જ વળગી રહેવું કપરું છે, છતાં કરવા જેવું છે. જેનો અનુભવ આ વિચારકોનો લખાણમાંથી મળશે.

★★★

આપણે આજે જે છીએ, તે શા માટે અને એની શક્યતા વધુ કઈ દિશાની હોઈ શકે, તે અંગે સતત વિચાર કરવાની જરૂર છે.

**આ અંકના સૌજન્યદાતા**

**શ્રી સી. કે. મહેતા પરિવાર**

**પુણ્ય સ્મૃતિ**

**પ.પૂ. પંન્યાસ ભદ્રંકરવિજયજી મ.સા.**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, કેનડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

વિચાર અને ચિંતનનું સાહિત્ય '**સત્ય**' તરફ લઈ જાય છે. 'સત્ય' મનુષ્યની માત્ર કુતૂહલવૃત્તિ નથી, પણ ભૂખ છે. સત્યને જાણવા, સમજવાનો અવિરત પ્રયત્ન આ ચિંતકોનો રહ્યો છે. એમના માર્ગ, પંથ જુદા રહેવાના પણ મૂળ ઉદ્દેશ્ય -ધ્યેય, જે એક જ હોય તો જ, એને, તેઓ સમન્વય સાથે પામી શકવાના. ચિંતનમાં મૂળભેદ તર્ક અને શ્રદ્ધાનો પણ રહ્યો છે. એમ પણ કહી શકાય કે ભારતીય ચિંતકો રહસ્યવાદ અને તત્વજ્ઞાનના ક્ષેત્રે પ્રગતિ કરે છે, જ્યારે પદાર્થવિજ્ઞાનના ભૌતિક ક્ષેત્રે પશ્ચિમે વધુ પ્રગતિ કરી.

આત્માનું અસ્તિત્વ, કર્મ, પુર્નજન્મ, હિંસા, પુણ્ય જેવા અનેક વિષયો પર ચર્ચા-વિચારણા થતી રહી. તેના ઝીણવટભર્યા ખ્યાલનો ઉકેલ, પ્રજા સમક્ષ લાવવાનો, એક પ્રયાસ આવશ્યક લાગ્યો. આ વિચારની ધારાનો પ્રથમ મણકો એટલે જ ચિંતકોની વિચારશ્રેણી અને આ વિશેષાંક.

પ્રસ્તુત અંક 'ભારતીય ચિંતકો' આપણા ચિંતકોનો પરિચય આપે છે. માનવ સંસ્કૃતિના ઈતિહાસમાં સામાજિક અને વૈચારિક ક્રાંતિ થઈ. ત્યારે આ તજજ્ઞોએ માનવીય સંસ્કૃતિ વિશે કેટલાક પાયાના રહસ્યો ઉજાગર કર્યા. એક તરફ માનવીય સમસ્યાઓનો ઉકેલ શોધવાનો પ્રયત્ન થયો. તો બીજી તરફ કુદરતના પરિબળોનું અન્વેષણ તેમ જ વર્ગીકરણ સૂક્ષ્મતાથી કરવામાં આવ્યું.

ભારતમાં છઠ્ઠી સદી પૂર્વે જ કર્મ, આત્માની કર્મ-વિમુક્ત સ્થિતિ, આત્મા વગેરેના તાત્વિક વિચારો આકાર લઈ રહ્યા હતા. એક તરફ તાત્વિક વિચારો અને બીજી તરફ વ્યાપારી અને સાંસ્કૃતિક સંબંધોનું વધવું. પરિણામે પૂર્વ અને પશ્ચિમની મીમાંસાનો, પરસ્પરનો પરિચય સરળ થયો. ભારતીય તત્વજ્ઞાનીઓનું લક્ષ્ય આધિભૌતિક રહ્યું છે અને આગળ જતાં આપણી વિચારણા એ જ પાયા પર વિકસે છે.

તત્વજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનનું લક્ષ્ય સત્યશોધનનું જ રહેલું છે, પરંતુ બંનેની કાર્યપદ્ધતિ જુદા પ્રકારની રહી છે. ભૌતિક અને આધિભૌતિક વચ્ચેનો ભેદ સમજવો જરૂરી છે. જ્યારે આ બંનેની વાત કરું ત્યારે પશ્ચિમની વિચારણાના કેન્દ્ર તરફ પણ જવાનું રહે. પણ અત્યારે તો આપણે આપણી વાત ભારતીય ચિંતકો સુધી જ રાખી છે.

આપણી વૈચારિક સૃષ્ટિના આ આધારો છે, જેને મનુષ્યના અકળ રહસ્યોને સમજવાનો પ્રયત્ન કર્યો છે. ક્યારેક એ સમજણ એક પંથનો આકાર ધારણ કરે છે, ક્યારેક એ સમજણ પંથવિહીન પણ વૈચારિક જૂથ બને છે. પણ જ્યારે વિચારો જૂથ કે પંથનો આકાર ધારણ કરે ત્યારે મર્યાદા આવવાની જ. પણ કેટલીક શિસ્તબદ્ધ રીતિ માટે એ આવશ્યક પણ રહેવાનું પણ મળતો આ અસીમ જગતને સમજીને, તેના સધાયેલા તાલમેલને સમજવા, એ તાલમેલમાં મનુષ્ય પોતાને ઓગાળે અને પોતાને કઈ રીતે વધુને વધુ સમૃદ્ધ કરી શકે, તે પણ તેને જોવાનું રહે, સમજવાનું રહે.

પણ જેમ જેમ શક્તિ મળતી ગઈ, તેમ તેમ મનુષ્ય જગતને પોતાની રીતે બદલવા ગયો અને તેને કારણે કેટલીક અસમતુલતા સધાઈ. જેનો ભોગ પણ એને જ બનવાનું થયું. પોતાની સગવડ અનુસાર જગતને બદલવાને મનુષ્યનો પ્રયત્ન ઘણીવાર બેકાબૂ બન્યો. આંધળું અનુકરણ અને સમજ્યા વિનાનો બદલાવ, મનુષ્યજગતને માટે ભારે પડયો. અને ત્યારે મનુષ્યને કુદરતની થપાટ પણ મળી. જ્યારે જ્યારે આવી થપાટ મળી ત્યારે ત્યારે એને માર્ગ દેખાડવા આવા ચિંતકો આવશ્યક નીવડયા, જરૂરી બન્યા. મૂળ સત્ય અને શાંતિની શોધનો ઉકેલ આ ચિંતકો પાસે જ છે જેને પોતાના જીવનનું કેન્દ્ર બનાવવાથી આવશ્યકતા છે, ફાજલ સમયના શોખનો વિષય નહીં.

પોતાના શ્વાસ અને પોતાના સ્પંદનને વિસરી ગયેલા મનુષ્યને આંગળી પકડી ફરી નાભિના કેન્દ્ર સુધી લાવવાનું ભગીરથ કાર્ય આ ચિંતકોએ કર્યું છે. મસ્તિષ્યના કેન્દ્રો, ઈન્દ્રિયોની અપાર શક્તિ અને અતુલ સંયમિત બળથી સમગ્ર બ્રહ્માંડને પહોંચી વળવાની શક્તિનો પરિચય આ ચિંતકોએ કરાવ્યો છે. ઓક્સિજન માસ્ક દ્વારા નહીં પણ શ્વાસ - ઉચ્છવાસના આવર્તનને સમજ્યા બાદ આ મનુષ્ય બધુંજ પામી શક્યો છે. પામવા માટે એક આધાર જોઈએ, એક વિચાર જોઈએ, એક પંથ જોઈએ, સમતુલિત થવા માટે એક તંગદોરીનો આધાર જોઈએ, જેના પર જગતના વિચારોની લાકડી લઈને, સમતુલિત રહીને ચાલી શકાય. આ વિશેષાંક આપણી વૈચારિક પ્રક્રિયાને નવેસરથી તાજગી બક્ષવા, વીતી ગયેલા ભૂતકાળને યાદ કરી. એ તારલાઓના જીવનને ફરી એકવાર યાદ કરવાનો, એમના વિચારો ગંભીરતાને ફરી એકવાર સમજવાનો મોકો છે, એક વિશાળ પરિસરમાં પ્રવેશ પહેલાની બારી છે. પર્યુષણ આવે ત્યારે ફરી એકવાર લાવને હું યે જરા વાંચી લઉ જે મને સમજાવે મારે જાત.

એનું નામ ઓલિયો. એ સુંદર વાંસળી વગાડતો હતો. એને પહેલાં તો ખબર જ નહોતી કે તેને વાંસળી વગાડતા આવડે છે, એક દિવસ રાતના સ્વપ્નમાં કોઈ એના બિછાના પાછળ વાંસળી મૂકી ચાલી ગયું. પછી સવારે એ ઊઠ્યો. એને વાંસળી જોઈ અને ફૂંક મારી, જે સંભળાયું, તે અવાજ તેને ખૂબ ગમ્યો. તે હવે વાંસળી વગાડતો દિવસ-રાત, વાંસળીના સૂરથી, તેની આસપાસ એક વાતાવરણ રચાતું, બધા જ પોત-પોતાના સ્વ-ભાર ભૂલીને એ સૂરમાં ખોવાઈ જતાં. તે પોતે પણ એ સૂરમાં મસ્ત રહેતો. તેની બધી જ વિટંબણા એ સૂરમાં ભૂક્કો થઈ જતી. જે કોઈ એ સૂરમાં ભળ્યું, તેઓ પણ તે આનંદમાં વહેતા. ધીરેધીરે બધા જ વાંસળીના સૂરની નિકટ આવવા માંડયા, વાંસળીના સૂરની ખ્યાતિ પ્રસરતી ગઈ. એક દિવસ સવારે ઓલિયા પાસે એક સુથાર આવ્યો અને કહ્યું કે આ વાંસળી પર તારો હક્ક નથી, મેં એને બનાવી છે, મને પાછી આપી દે, ત્યાં બીજો કલાકાર આવ્યો તેને કહ્યું કે આ વાંસળી પર

મારો હક્ક છે, મેં એમાં છેદ કરી, એને વાંસળીનું રૂપ આપ્યું છે, ત્યારે ઘરની બારીમાંથી બીજો એક અવાજ આવ્યો કે આ વાંસળી પર મારો અધિકાર છે, કારણ હું હવાને પ્રવેશવા દઉં છું. ઓલિયો બાઘો બની આ બધાને જોતો રહ્યો, એને કહ્યું કે વાંસળી જેને જોઈએ તે લઈ જાઓ. ત્રણેય અવાજો એ વાંસળીના ત્રણ સરખા ટુકડા કરી, પોતપોતાના ઘરે લઈ ગયા. ઓલિયો શાંતિથી સૂઈ ગયો, બીજે દિવસે એને હોઠોથી સીટી વગાડવી શરૂ કરી અને ફરી લોકો એની પાસે આવવા માંડયા. ઓલિયાએ બધાને કહ્યું કે તેની પાસે વાંસળી નથી. હવે તે કોઈ વાંસળીનો સ્વામી નથી. ત્યારે એક સુજ્ઞજને તેના માથે હાથ મૂકી કહ્યું, તું વાંસળીનો નહી સૂરનો અધિકારી છે, બસ, તું તારા હોઠોથી, હમણાં ઘડીપૂર્વે વગાડતો હતો, તેમ વગાડ્યા કર, અમને તો એમાં પણ સંગીત સંભળાય છે. ઓલિયો હજીયે સંગીત વગાડે છે, સુજ્ઞજનો તેની આજુબાજુ આજે પણ વીંટળાઈને સંગીત સાંભળે છે. પેલા અધિપતિઓના ઘરે વાંસળીના ટુકડા - લાકડું બની પડયાં છે, કોઈ એમાં ફૂંક મારી એમની ભૂખને સંતોષી શકે તેમ નથી.

★★★

પર્યુષણ પર્વ એ ચિંતનનું પર્વ છે, જે કરીએ છીએ, કરવા ધારીએ છીએ, કરવાનું અભિમાન છે, કરવા માટે જ જીવીએ છીએ, જે કરીને જાતનું અસ્તિત્વ સાબિત કરીએ છીએ, તેની તપાસ, તેનું ચિંતન, કર્મનું ચિંતન - અસ્તિત્વનું ચિંતન, હયાતીનું ચિંતન.... આ ચિંતન માત્ર પરપોટાના ઢગલાથી આકાર નથી પામતું, આ ચિંતન માટે જરૂરી છે, એક મજબૂત કરોડરજ્જૂ, વૈચારિક વાદળોને તત્વથી પકડી રાખે એવી, અહીં-તહીં ભટકતાં મનને ગુરુત્વાકર્ષણ બળ પૂરું પાડે તેવી, મજબૂત ભૂમિકા. જે અસ્તિત્વને ટટ્ટાર ઊભું રાખી શકે, નમ્રતાથી નમાવી શકે અને સમર્પણથી ચેતનાવંત બનાવી શકે. એવા તાત્ત્વિક, વૈચારિક કેન્દ્ર મળે છે આ ચિંતકોના વાંચનમાંથી, તેમની દાર્શનિક ભૂમિકામાંથી. એટલે આ સમયે આ જ અંકનો વિચાર ઉદ્ભવ્યો અને એજ કરવાનું યથાયોગ્ય લાગ્યું. બાકી પ્રબુદ્ધ વાચકોના પ્રતિભાવથી જાણ તો થશે જ.

★★★

આ અંક માટેના સંપાદનની જવાબદારી શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ પોતાના વ્યસ્ત સમયમાંથી સ્વીકારી તે જ બહુ મોટી વાત અને એ માટે પ્રબુદ્ધ જીવન પરિવાર, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તેમને આભાર માને જ છે.

વિદ્વાનશ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ પોતાના એક આગવા દૃષ્ટિકોણથી આ અંકમાં અનેક નવા, ઓછા ખેડાયેલા ચિંતકોને સમાવાનો પ્રયત્ન કર્યો, અને એ માટે સહુ વિદ્વાન લેખકોએ સહકાર પૂરો પાડયો, તેમનો પણ વિશેષ આભાર.

સમગ્ર અંકના પ્રૂફનું કામ સૂઝથી કરી આપનાર આદરણીય પુષ્પાબહેન અને પ્રીન્ટીંગ માટે શરદભાઈ ગાંધીનો આભાર અને સાથે મુદ્રણકાર્ય પ્રત્યે સતત કાળજી રાખી અંકને ઓપ આપનાર તૃપ્તિબહેન અને શાંતિબહેનનો પણ આભાર માનું છું, જેઓ શરદભાઈની ઓફિસમાં કાર્ય કરે છે. અંકને આર્થિક ટેકો પૂરો પાડી મને નચિંત કરનાર, સી.કે. મહેતાસાહેબને કેવી રીતે વિસરી શકાય ?

આજે પ્રબુદ્ધ જીવન અને તેના વિશેષાંકો, જાહેરાત વગર પણ સહુ સૌજન્યદાતા અને દાતાઓની ઉદારતાથી ચલાવી શકાય છે. પર્યુષણ પર્વ સમયે તેમની આ ઉદારતાની અનુમોદના કરીએ છીએ અને આવનાર વર્ષમાં પણ અનેક નવી શ્રેણીમાં સહુ મદદ કરતાં રહેશે, તેવી આશા સેવું છું. સ્વાધ્યાય અને જ્ઞાનપ્રસાર એ માત્ર જૈન નહીં પણ સમગ્ર માનવજાત માટે ખૂબ જ આવશ્યક એવી ધાર્મિક ક્રિયા છે. બસ આપણે સહુ સાથે મળીને આ કાર્ય કરતાં રહીએ. લખવું-વાંચવું, એ સંવાદ છે, **માનવીય જીવનનો સંવાદ**, વિવાદ નહી. વધુ નિકટતા કેળવીયે વૈચારીક. એ જ પ્રત્યેક જીવના ઉધ્ધારની નિસરણી બનશે.

અતિપ્રશંસાની ન આદત પાડીયે, ન ખેવના સેવીએ, સત્યની નિકટ જવા રત થઈએ. ચાલો, આપણે માનવતાના પ્રહરી બનીએ.

પરમની ઈચ્છાથી બધુ જ ગોઠવાઈ જાય છે અને સત્ય અને નિષ્ઠાથી-ધગશ ટકી રહે છે, પ્રબુદ્ધ વાચકોની હૂંફથી આગળનો મારગ પણ મળી રહેશે. વંદન.

❑ ડૉ. સેજલ શાહ (પીએચ. ડી)
Mobile : +૯૧ ૯૮૨૧૫૩૩૭૦૨
sejalshah702@gmail.com

| ભારત માટેના લવાજમના દર | | |
|---|---|---|
| ● **વાર્ષિક લવાજમ** | ₹ | ૩૦૦ |
| ● **ત્રણ વર્ષનું લવાજમ** | ₹ | ૭૫૦ |
| ● **પાંચ વર્ષનું લવાજમ** | ₹ | ૧૨૫૦ |
| ● **દસ વર્ષનું લવાજમ** | ₹ | ૨૫૦૦ |

| પરદેશ માટેના લવાજમના દર | | |
|---|---|---|
| ● **૧ વર્ષના લવાજમના** | **$** | **30** |
| ● **૩ વર્ષના લવાજમના** | **$** | **80** |
| ● **૫ વર્ષના લવાજમના** | **$** | **130** |
| ● **૧૦ વર્ષના લવાજમના** | **$** | **250** |

**વાર્ષિક લવાજમ ડોલરમાં મોકલાવો તો ડોલર પાંચ બેંક ચાર્જિસ ઉમેરીને મોકલશો.**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CURRENT ACCOUNT No. 003920100020260. IFSC:BKID0000039**

# વિદ્વાન સંપાદકશ્રી ગુણવંતભાઈ બરવાળિયાનો પરિચય

**ખાં**બા (અમરેલી)ના વતની ગુણવંત બરવાળિયાએ C. A. સુધી અભ્યાસ કર્યા બાદ, હાલ ટેક્સટાઈલ્સ ઈન્ડસ્ટ્રીમાં પ્રવૃત્ત છે. જૈન કોન્ફરન્સના મંત્રી, મુનિશ્રી, સંતબાલજી પ્રેરિત વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ મુંબઈ - ચીંચણી, કલ્પતરુ સાધના કેન્દ્ર-દેવલાલી, પ્રાણગુરુ જૈન સેંટર, એમ.બી. બરવાળિયા ફાઉન્ડેશનની સ્પંદન હોલીસ્ટીક ઈન્સ્ટિટયૂટ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ -અમદાવાદ વગેરેમાં ટ્રસ્ટી છે. ઘણી સંસ્થાઓના મુખપત્રમાં તંત્રી તરીકે સેવા આપેલ છે. અમેરિકા, સિંગાપોર વગેરેમાં તેમનાં સફળ પ્રવચનો યોજાયાં છે. પારસધામ સંઘ, જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલ ઘાટકોપર સાથે સંકળાયેલા છે. તેમના ધર્મપત્ની મધુબહેને હિન્દી સાહિત્યમાં ડોક્ટરેટ કરેલ છે. એમનાં પુસ્તકોની સંખ્યા ૭૦ થી વધુ છે. જૈન વિશ્વકોશ ભાગ ૧ થી ૪ (ડૉ. કુમારપાળ દેસાઈ સાથે) કર્યા છે, જે જૈન સાહિત્યનું આજના સમયનું મહત્વનું કાર્ય છે. હાલમાં જ તેમનું પુસ્તક 'પાકિસ્તાનનાં જૈન મંદિરો : વિસરાયેલા વારસાની વાતો'નો અનુવાદ પ્રગટ થયો.

ગુણવંતભાઈએ સાહિત્યના પ્રદેશમાં પોતાનું ઉપનામ 'ગુંજન' રાખ્યું છે. પોતાની વાત તેઓ હંમેશા ધીમા 'ગુંજન' રૂપે જ રજૂ કરે છે. તેમના પુસ્તકોના વિષયોમાં દર્શન, ચિંતન, કથા, સંશોધન તેમ જ સમાજ સુધારણાના વિષયો છે. સંઘર્ષ, શ્રમ, સાધના અને સિધ્ધિ - ગુણવંતભાઈના જીવન અને શબ્દયાત્રાના આ સોપાનો છે.

ગુણવંતભાઈ 'જૈન જગત', વિશ્વવાત્સલ્ય, જૈન પ્રકાશ, જાગૃતિ સંદેશ, કાઠિયાવાડી જૈન વગેરે સામયિકમાં પોતાની સેવા આપે છે. અનેક જૈન સ્થાનકવાસી સંઘ, મંડળો, જૈન અધ્યાત્મ સેન્ટરોમાં તેમનું આગવું પ્રદાન છે. તેમને જૈન પત્રકાર સંઘનો બેસ્ટ જર્નાલિસ્ટ એવોર્ડ મળેલ છે.

ગુણવંતભાઈ એટલે સરળ, સહજ વ્યક્તિત્વ. કાર્ય કરવા માટે જેમને ઉંમર ન નડે અને અનેક પુસ્તકો કરવાની કદી થાક ન લાગે, એવા સતત અભ્યાસુ જીવ. સાધુ-ભગવંતોની શ્રુસેવા, સંસ્થાઓને ધબકતી રાખવી, જૈન સાહિત્યના વિશ્વમાં સતત શ્રાવક-શ્રાવિકાઓને રત રાખવાનું કાર્ય તેઓ કરે છે. સમગ્ર ભારતમાં અનેક સમારોહનું આયોજન કરવું, અભ્યાસુ-વિદ્વાનોને બોલાવવા અને તેમના સંશોધન લેખોને વિશાળ સમાજ સુધી પહોંચાડવાની અનોખી નીમ ધરાવે છે. પત્ની મધુ બહેન મધુર કંઠ થી ભક્તિ રસ વહાવે અને ગુણવંતભાઈ જ્ઞાનની સરવાણી વહાવે - એવું આ અનોખુ યુગલ છે. સંતાનોમાં પણ ધર્મભાવ અને સ્વાધ્યાયભાવ રોપ્યા છે. તેમની વાત્સલ્યસભર દૃષ્ટિ અને ચોકસાઈથી ભાગ્યે જ કોઈ વંચિત રહે.

દર વર્ષે તેઓ જૈન ધર્મ-ચિંતનના વિષયને ધ્યાનમાં રાખી વિવિધ જ્ઞાનસત્રોનું આયોજન કરી નવી પેઢીને તૈયાર કરવાનું પાયાનું કાર્ય કરે છે. આવા વિદ્વાન શ્રાવક પાસેથી પ્રબુદ્ધ જીવનને વધુને વધુ લેખનકાર્ય મળે, તે જ ઈચ્છનીય.

**હાલમાં જ શ્રી ગુણવંતભાઈ બરવાળિયાને મહારાષ્ટ્ર સાહિત્ય અકાદમીને વર્ષ ૨૦૧૮-૧૯નો 'વાડીલાલ ડગલી' પ્રથમ પુરસ્કાર મળ્યો. તેમના પુસ્તક 'વિશ્વ કલ્યાણની વાટે' - જે ગુજરાતી લલિત નિબંધનું પુસ્તક છે, તે માટે તેમને અઢળક અભિનંદન. આ પુરસ્કાર ૨૧મી ઓગસ્ટના રોજ તેમને પ્રદાન થશે.**

સેજલ શાહ

## સંપાદકીય

**ગુણવંત બરવાળિયા**

**ભા**રતીય સંસ્કૃતિએ ગુરુને અતિ મહત્ત્વ આપ્યું છે. વળી ચિંતકો અને સંતોનો પણ આપણા ઉપર ઘણો જ પ્રભાવ છે.

સદ્ગુરુ, સંતો અને ચિંતકો ભારતીય સંસ્કૃતિના આધારસ્તંભ છે. આપણે ત્યાં કેટલાક સંતો અને ચિંતકો લોકશિક્ષકની ભૂમિકામાં રહીને સ્વપરનું કલ્યાણ સાધતા હોય છે.

ચિંતકોના વિચાર મંથન પછી જે નવનીત મળે, તે પોતે પોતાના જીવનમાં આચરણમાં લે છે. આમ આવા ચિંતકનું જીવન પ્રયોગશાળા જેવું હોય છે.

વૈજ્ઞાનિકો નવી શોધ કરી અને તેનો પ્રયોગ, પરીક્ષણ, ચકાસણી કે અમલ પશુ-પંખી કે અન્ય ભાડૂત્રી માણસો પર કરે છે પરંતુ આ ચિંતકો ચિંતનમાંથી તે નૂતન વિચાર સાંપડ્યો તેનું સ્વયં આચરણ કરે છે. એટલે નિજી જીવનને જ પ્રયોગશાળા બનાવે છે અને સફળતા મળે તો તેનો ઉપયોગ યન્ત્રોને કરવાની પ્રેરણા આપે છે.

કેટલાંકના ક્રાંતિકારી ચિંતને લોકોના જીવનની દિશા બદલી નાખી ને કેટલાંકના ચિંતનના પરિણામ માણસની દશા બદલાઈ ગઈ.

કેટલાંક ક્રાંતિકારી તો કેટલાંક વિસરાયેલા ચિંતકો વિષે આપણે બહુ જાણતાં નથી તો કેટલાંક ચિંતકો સાવ વિસરાઈ ગયા છે.

'પ્રબુદ્ધ જીવન' ના આ વિશેષાંકમાં આવા ચિંતકોનું ચિંતન અને જીવન-કવન નો પરિચય આપવાનો ઉપક્રમ રાખ્યો છે.

આવી વિશિષ્ટ પ્રતિભાના જીવન કાર્યો અને ચિંતનમાથી આપણને પ્રેરણા મળશે.

અહીં કોઈપણ ભાષા, પ્રાંત કે ધર્મના બંધન વિના ચિંતકોના જીવન અને કાર્યને ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો છે.

જૈન સમાજનું અગ્રણી સામાયિક 'પ્રબુદ્ધ જીવન' ૧૯૯૨ થી મુંબઈ થી પ્રગટ થાય છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ સામાયિક જૈન ધર્મ ઉપરાંત મૂલ્ય, સંસ્કૃતિ અને સર્વધર્મ ભાવના વિકાસની દિશામાં સદા અગ્રેસર રહ્યું છે.

પ્રબુદ્ધ જીવનના વિદ્વાન તંત્રી સેજલ બહેન શાહને સતત નવા વિચારો સ્ફૂરતા રહે છે. અને તેને તે આચરણમાં પણ મૂકતાં રહે છે તેનું પરિણામ ''ભારતીય ચિંતકો'' વિશે પ્રબુદ્ધ જીવનનો આ વિશેષાંક. મને આવું સુંદર કાર્ય સોંપવા બદલ પ્રબુદ્ધ જીવન શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, સુશ્રી સેજલ બહેન અને આમા પોતાના લખાણો આપનાર સર્વ વિદ્વાનોનો આભાર માનું છું.

❑❑❑

સંપર્ક : ૯૮૨૦૨૧૫૫૪૨
gunvant.barvalia@gmail.com

"To bring the mind to the state
of innocence without ignorance is meditation."

- BKS IYENGAR

# ઉત્તમ શ્રાવક અને ચિંતક
# શ્રી લાડકચંદ વોરા : ઈ.સ. ૧૯૦૫-૧૯૯૭

શ્રી ગુણવંત બરવાળિયા

**સા**યલાના શ્રાવક સંત તરીકે ''બાપુજી''ના નામથી સુવિખ્યાત શ્રી લાડકચંદ વોરાએ સમગ્ર જૈન સમાજમાં ગૌરવવંત સ્થાન પ્રાપ્ત કરેલ છે. જીવનની ઉત્તરાવસ્થામાં આધ્યાત્મિક ક્ષેત્રે સાધના તરફ વિકાસ કરી બીજજ્ઞાનની પ્રાપ્તિ કરી, આત્મસાક્ષાત્કાર કરી એમણે અધ્યાત્મ ક્ષેત્રે નવીન કેડી કંડારી સમગ્ર જૈન શ્રાવકોમાં એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

એમનો જન્મ ૮મી માર્ચ, ૧૯૦૫ - હિંદુ કૅલેન્ડર વર્ષ વિ.સં. ૧૯૬૧ના ફાગણ સુદ બીજના સાયલા તાલુકાના ચોરવીરા નામના નાનકડા ગામમાં થયો હતો. પિતા માણેકચંદ અને માતા હરિબાઈની જીવનશૈલી થકી બાલ્યાવસ્થાથી જ ધર્મના સંસ્કારો પ્રાપ્ત થયા હતા. તેમના વડવાઓ સંસ્કારિતા, ઉદારતા, પરોપકાર, પરગજુપણું અને સાધાર્મિક વાત્સલ્ય જેવા ઉમદા ગુણોથી પ્રખ્યાત હતા. વિ.સં. ૫૫-૫૬ છપ્પનિયા દુષ્કાળ સમયે તેમના દાદા-પિતા વડે જે ભૂખ્યા-તરસ્યા, દુષ્કાળપીડિતોની સેવા કરવામાં આવી ત્યારથી તેઓ પરદુઃખભંજન, અન્નદાતા, ભાંગ્યાના ભેરુ જેવા ઉપનામોથી જાણીતા થયા હતા.

એ જમાનામાં મેટ્રીક્યુલેશનની પરીક્ષા પાસ કરવી એ કઠિન કાર્ય મનાતું, જે એમણે સરળતાથી સંપન્ન કરેલી. કૉલેજની અછત અને બહારગામ ભણવા જવું પડે - આવી પરિસ્થિતિમાં વડીલોની ઈચ્છા બહાર મોકલવાની ન હોવાને કારણે અભ્યાસ આગળ વધી શક્યો નહીં. તેમનાં લગ્ન સરા ગામના બેચરદાસની પુત્રી સમરથ સાથે ૧૫ વર્ષની વયે થયાં હતાં. એમની તેજસ્વીતા અને બુદ્ધિચાતુર્યને પારખીને સાયલાના ઠાકોરે પોતાના રાજ્યમાં જ યુવાધન સચવાઈ રહે તે હેતુથી શિરસ્તેદાર તરીકે નિમણૂક કરી. ક્રમશઃ પોતાની આવડત, સૂઝ અને દાક્ષિણ્યથી ન્યાયાધીશની પદવી સુદ્ધાં પ્રાપ્ત કરી. આઝાદી પછી ગુજરાત સરકારમાં નોકરી ચાલુ રહી. તેઓએ બોટાદ, મહુવા અને ભાવનગરમાં મામલતદાર તરીકે કાર્ય કર્યું. નિવૃત્તિ સમયે તેઓ ભાવનગરમાં એસિસ્ટન્ટ કલેક્ટર તરીકેની ફરજ નિભાવતા ઈ.સ. ૧૯૬૧માં નિવૃત્ત થયા.

સરકારી નોકરી વર્ષો સુધી કરવા છતાં તેઓ પૂર્ણ નીતિવાન, સત્યપ્રિય, ફરજપરસ્ત અને ન્યાયપ્રિય તરીકેની છાપ ઊભી કરી શક્યા હતા, જે એમના સમગ્ર જીવનની ઉમદા છબી માનસપટ પર છતી કરે છે. સામાન્ય રીતે આવા સરકારી હોદ્દેદાર અનેક ખટપટ, કાવાદાવા દ્વારા અઢળક ધનપ્રાપ્તિ કરતા હોવાનાં અનેક ઉદાહરણો છે, પરંતુ શ્રી લાડકચંદ વોરા એક આગવી, અનોખી, વિશિષ્ટ પ્રતિભાસંપન્ન વ્યક્તિ હતો. તેમની સુવાસ એક ન્યાયપ્રિય, નીતિવાન, સત્યવક્તા તરીકે બની હતી. સાયલામાં પચીસેક વર્ષ સુધી કામ કર્યું હોવાથી ત્યાંના લોકોનો આદર, માન-સન્માન પ્રાપ્ત કર્યું હતું. તેમનું ગૃહસ્થજીવન નિર્વ્યસની, સદાચારી અને ધર્મપરાયણ હતું. નોકરીમાંથી સમય કાઢીને પણ તેઓ નિયમિતપણે ધાર્મિક ક્રિયાઓ કરતા. કેટલીક ક્રિયાઓ તેમનો રોજિંદો ક્રમ બની ગયેલ. નિયમિતપણે સાધ્યાત્મિક ગ્રંથોનું વાંચન-મનન કરતાં, કૃપાળુદેવનું વચનામૃત તો તેઓ અનેકવાર સાદ્યંત વાંચી ચુક્યા હતા. સત્સંગ મંડળમાં તેઓ સક્રિયપણે ભાગ લેતા હતા.

શ્રી લાડકચંદભાઈ ધાર્મિક તો મૂળથી હતા જ, પરંતુ આધ્યાત્મિક વિકાસના સાધનાપથની કથા કાંઈક જુદી છે. કોઈએક વાર ગામના કોઈના મૃત્યુ પ્રસંગે સમશાનમાં જઈ, તળાવે નહાવા ગયા ત્યારે સાધક કાલિદાસભાઈએ ધોતિયું ધોતાં એમને આત્મસિદ્ધિની ગાથાઓ સંભળાવી. એ ગાથાનો મર્મ તેઓ પામી ગયા અને તેમની સાથે પ્રશ્નચર્ચા કરી. આ પ્રશ્નચર્ચા પરથી કાળિદાસભાઈ એમની બુદ્ધિની પ્રચંડતા, પાત્રતા પામી ગયા. તેઓને સત્સંગ મંડળીમાં જોડયા. ક્રમશઃ તેમને બીજજ્ઞાનની પ્રાપ્તિ કરાવી. પછી એમણે આત્મસાધનામાં સતત પુરુષાર્થ કરી આત્મસાક્ષાત્કાર કર્યો. તેઓ મૂકસાધક હતા. અને સાધના પણ એકાંતમાં ગુપ્તપણે ચાલતી હતી. મુંબઈના શાંતિભાઈ અંબાણી આત્મજ્ઞાની સત્પુરુષોની શોધમાં હતા. તેમને શ્રી લાડકચંદભાઈ વિષે માહિતી પ્રાપ્ત થઈ. શાંતિભાઈએ એમને જાહેરમાં આવવા નિમંત્રણ આપ્યું, પરંતુ પોતાના ગુરુશ્રી છોટાલાલભાઈ જ્યાં સુધી વિદ્યમાન છે ત્યાં સુધી પોતે અજ્ઞાતવાસ સ્વીકારશે એવો મક્કમ નિર્ણય જાહેર કર્યો. છોટાલાલભાઈના સ્વર્ગવાસ પછી આત્મજ્ઞાનની સાધક સેવા મંડળની સ્થાપના કરી જાહેરમાં આવ્યા. આમ ઈ.સ. ૭૫-૭૬માં સાયલા ગામે સત્સંગ વધતાં મંડળની સતત વૃદ્ધિ થવા માંડી. ઉત્તરોત્તર વૃદ્ધિને લક્ષમાં લઈ ઈ.સ. ૧૯૮૫માં સાયલા ગામ બહાર હાઈ-વે પાસે લગભગ પાંચ એકર જમીનમાં 'શ્રીરાજ-સોભાગ આશ્રમ'ની સ્થાપના થઈ. સોભાગ એટલે શ્રીમદ્ રાજચંદ્રના પરમસખા સોભાગભાઈ. સાયલા સોભાગભાઈનું ગામ આથી આશ્રમના નામ સાથે સોભાગભાઈનું નામ જોડવામાં આવેલ છે.

આશ્રમમાં જિનમંદિર, સ્વાધ્યાયમંદિર, ભોજનશાલા, સાધકોના નિવાસો, ગૌશાળાની રચના કરેલ છે. ક્રમશઃ તેમાં નેત્રયજ્ઞ અનાજ વિતરણ, છાશકેન્દ્ર જેવી અનુકંપાની પ્રવૃત્તિઓ વિકસવા માંડી.

સરકારી અમલદાર હોવાને કારણે આંતરસૂઝ, વ્યવહારિક જ્ઞાન, દીર્ઘદષ્ટિ, આયોજન, નિર્માણ પદ્ધતિ વગેરે ગુણો સુવિકસિત

હોવાનો લાભ આશ્રમને મળ્યો. તેમણે પોતે કોઈ જાતનો હોદ્દો સ્વીકાર્યો નહીં. પરંતુ નિયમિત સવારથી સાંજ આશ્રમમાં રહી દરેક કાર્યનું સુપેરે આયોજન કરી આશ્રમને સુવિકસિત કરવાના પ્રયત્નો કર્યા. આશ્રમના ટ્રસ્ટીઓ માટે વારાફરતી ૧૫ દિવસનો નિવાસ ફરજિયાત કરાવ્યો જેથી ટ્રસ્ટીઓ આશ્રમથી સુપરિચિત થઈ તેના કાર્યને વેગવંતુ અને સુનિશ્ચિત કરી યોગ્ય માર્ગદર્શન આપી નિર્ણયો લઈ શકે. સામાન્ય સ્થિતિના સાધકો પણ લાંબા સમય સાધના કરી શકે તે હેતુથી નિભાવફંડની રકમ એકત્રિત કરી નજીવા ખર્ચથી દરેક સુવિધાઓ પ્રાપ્ત થઈ શકે તેવું સુંદર આયોજન માળખું તૈયાર કર્યું. આશ્રમના નિયમો અતિ કડક ન રાખતા સરળ બનાવ્યા જેથી સાધકોની સતત હાજરીથી આશ્રમ જીવંત બની સાધના કાર્યને વેગ મળી શકે. આશ્રમની યોગ્ય સુરક્ષા અને સારસંભાળાર્થે આધ્યાત્મિક ઉત્તરાધિકારીઓ તરીકે ડૉ. સદ્‌ગુણાબેન, સી.યુ. શાહની તથા શ્રી નલિનભાઈ કોઠારીની નિમણૂક કરી જેથી આશ્રમનું કાર્ય દીર્ઘકાળ પર્યંત વિવાદ રહિત યોગ્ય રીતે પ્રગતિમય બની રહે.

આશ્રમના પ્રત્યેક કાર્યમાં તથા પોતાના જીવનના રોજિંદા ક્રમમાં એમણે નિરામયતા, ચિત્તની સ્વસ્થતા, યોગાદિસિદ્ધિ માટે કાર્યની વ્યવસ્થાને પ્રાધાન્ય આપ્યું છે. નિયમિતતા અને શિસ્તના તેઓ આગ્રહી હતા. પ્રકૃતિથી સરળ અને ભદ્ર હોવાને કારણે આશ્રમમાં આવનાર પ્રત્યેક સાધકને માટે તેમનો વ્યવહાર સમાન રહેતો. નાત-જાત, નાના-મોટાં કે ગરીબ-તવંગરના કોઈ ભેદ તેમને મન ન હતાં. પ્રત્યેક વ્યક્તિ તેમની પાસે ખુદ જઈ વાત-ચીત, જ્ઞાન-ચર્ચા કરી શકતી. લઘુતાના ઉચ્ચ ગુણધારક તેઓ નિરાભિમાની હતા. તેમની વાતમાં ક્યારેય સામી વ્યક્તિને પ્રભાવિત કરવાનો કે 'હુંપણા'નો લગીરે સ્પર્શ રહેતો નહીં.

તેઓ ગુણાનુરાગી, ગુણપ્રશંસક હોવાને કારણે સમજતાથી અન્યના હૃદયમાં પોતાનું વર્ચસ્વ-સ્થાન સ્થાપિત કરી શકતા. આમ અન્યના હૃદયને જીતી લેવાની વિશિષ્ટ કળા તેમની હતી જેની ફળ-શ્રુતિ રૂપે આશ્રમના સાધકોની સંખ્યામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થયેલી રહે છે. વ્યવહારુ, પરગજુ હોવાને કારણે પ્રત્યેક સાધક કે મુલાકાતીની દરેક જરૂરિયાતો સંતોષવા પ્રયત્નશીલ રહી પૂરી પાડતા.

સરકારી અમલદાર હોવાને કારણે શિસ્ત, નિયમપાલન, પ્રત્યેક કાર્યની કાળજી અને ચીવટ તેમનો સ્વભાવ થઈ ગયેલ. આથી આશ્રમના પ્રત્યેક કાર્ય અને સાધના પદ્ધતિમાં સહજપણે નિયમ-શિસ્ત અને પૂર્ણ શ્રદ્ધા ભક્તિના દર્શન થતાં જેને કારણે સાધક વર્તુળ વિસ્તૃત થતું જતું રહેતું.

બાપુજી તીર્થયાત્રાઓનું પણ આયોજન કરતા. દિવાળી જેવા પર્વના દિવસે મહાવીરસ્વામી નિર્વાણ કાળની માળા રાતના બાર પછી અને ગૌતમસ્વામીના કેવળજ્ઞાનના સમયની માળા સવારે પાંચ-છ વાગે કરતા અને કરાવતા. ઉંમરનો ખ્યાલ કર્યા વિના તેમની હાજરી રાત્રિ કે દિવસ દરમ્યાન કોઈપણ કાર્યમાં અચૂક રહેતી જેથી સાધકવૃંદને અનેરું આધ્યાત્મિક પ્રેરણા બળ સાંપડતું.

આ આશ્રમમાં તીર્થંકર પરમાત્માઓને ગૌણ કરવામાં આવ્યા નથી. રોજેરોજ પ્રાર્થના, ચૈત્યવંદન, સ્વાધ્યાય વગેરેમાં નવકારમંત્ર બોલાય છે અને ચૈત્યવંદન પહેલાં નવકાર-મંત્રની એક માળા ગણાય છે. તદુપરાંત સ્વાધ્યાયમાં ફક્ત વચનામૃત (ઉપદેશામૃત અને બોધામૃતસહિત) સિવાય બીજા કશાનું વાચન નહીં જ એવો આગ્રહ ન રાખતાં, રોજેરોજ વચનામૃતના સ્વાધ્યાય ઉપરાંત અધ્યાત્મસાર, જ્ઞાનસાર, શ્રી આનંદઘનજી, શ્રી યશોવિજયજી, શ્રી દેવચંદ્રજી વગેરેનાં સ્તવનો, સજ્ઝાયો, પદોના અર્થને પણ સ્થાન આપવામાં આવ્યું છે. મોટી પૂજામાં આત્મસિદ્ધિની પૂજા ઉપરાંત પંચકલ્યાણકની પૂજા, અંતરાયકર્મની પૂજા, સ્નાત્રપૂજા વગેરેને પણ સ્થાન આપવામાં આવ્યું છે. તદુપરાંત સ્વાધ્યાય-વાચન તથા પ્રાર્થના-સ્તુતિ, પદો ગાવાં જેવી પ્રવૃત્તિમાં મહિલાઓ સહિત જુદી જુદી વ્યક્તિઓને સ્થાન આપી દરેકની શક્તિને ખીલવવાની સારી તક આપવામાં આવે છે. સાયલા આશ્રમમાં બાપુજી પ્રેરિત સાધના પદ્ધતિની આ વિશિષ્ટતા હતી.

સાયલા ગામની કીર્તિ હવે માત્ર ભારત દેશ પૂરતી જ મર્યાદિત ન રહેતાં પરદેશ-આંતરરાષ્ટ્રીય સ્તરે પણ વિસ્તરી ચૂકી છે. પ્રતિવર્ષે આત્મસાધનાર્થે આવનાર પરદેશી સાધકોની સંખ્યામાં સતત વૃદ્ધિ થતી રહે છે. સાયલા ગામ લોકોક્તિ રૂપે અપકીર્તિત હતું. પરંતુ એને લૌકિક દૃષ્ટિએ પુર્નપ્રતિષ્ઠિત કરનાર પૂ. બાપુજી અનુસરણીય અને વંદનીય છે. પોતે જીવનની ઉત્તરાવસ્થામાં આધ્યાત્મિક ક્ષેત્રે પ્રદાન કરી માત્ર અલ્પ સમયગાળામાં આત્મસાક્ષાત્કાર કરી કેટકેટલાય હળુકર્મી જીવોને સાધના પ્રતિ ગતિમાન કર્યા છે તે પરથી કહી શકાય કે પોતે પોતાના જીવનને સાર્થક કરતાં અન્ય અનેકના જીવનને સુંદર વળાંક આપી ધર્માભિમુખ કર્યા છે.

**પ્રેરક પ્રસંગ**

બાહ્ય જીવનમાં શ્રી લાડકચંદભાઈ પ્રગતિનાં અનેક સોપાનો સિદ્ધ કરતા ગયા. ઈંગ્લૅન્ડમાં 'સર'નો ખિતાબ મેળવનાર સૌપ્રથમ એશિયાવાસી અને જામનગર રાજ્યમાં ઉચ્ચ હોદ્દો ભોગવનાર શ્રી જી.કે. ગોહિલ, એકવાર પૂજ્ય લાડકચંદભાઈ ગોંડલના ડેપ્યુટી કલેક્ટર હતા ત્યારે એમને મળવા ગયા હતા. તેઓએ લાડકચંદભાઈએ પૂછયું, 'તમારી આવી સરસ તબિયતનું કારણ શું છે?' ત્યારે લાડકચંદભાઈએ બે જ શબ્દમાં ઉત્તર આપ્યો :

'મનની શાંતિ.'

પૂ. શ્રી લાડકચંદભાઈ ભાવનગરમાં અમલદાર હતા એ સમયનો આ પ્રસંગ છે. તેઓ બેઠા હતા ત્યારે એક ધનિક ખેડૂત આવ્યો. ભાવનગરમાં મગફળી ઘણી થાય, એથી આ ખેડૂત ઘણો પૈસાદાર હતો. એણે પોતાનું એક કામ કઢાવવા માટે શ્રી લાડકચંદભાઈ

જ્યાં બેઠા હતા ત્યાં નોટોની થપ્પી મૂકી.

લાડકચંદભાઈએ કહ્યું, 'ભાઈ! શું છે આ?'

પેલા ભાઈએ કહ્યું, 'જો તેઓ એનું કામ કરી આપે તો તે આભારી થશે.'

આમ શ્રી લાડકચંદભાઈને લાંચ આપવાનો પ્રયત્ન તેણે કર્યો.

શ્રી લાડકચંદભાઈના શાંત ચહેરા પર કડક રેખાઓ ઊપસી આવી. એમણે એ ભાઈને કહ્યું, 'જુઓ, તમારી આ એક ભૂલને હું માફ કરું છું, પણ જો બીજી વાર આવી ભૂલ થશે તો જવા નહીં દઉં અને જેલમાં બેસાડી દઈશ.'

એ દિવસથી સામાન્ય પ્રજામાં એક એવી છાપ ઊભી થઈ કે શ્રી લાડકચંદભાઈ એક સંનિષ્ઠ અમલદાર છે. એમને કોઈ પ્રલોભન આપીને કામ કઢાવી શકાય તેમ નથી. આના પરિણામે ઘણા દલાલો અને વકીલો આવતા બંધ થઈ ગયા.

શ્રી લાડકચંદભાઈ ભાવનગર અમલદાર તરીકે નિવૃત્ત થયા એ અરસામાં જ ભાવનગરમાં અતિવૃષ્ટિ થઈ. પરિણામે ઢોર-ઢાંખર તણાઈ ગયાં, મકાનો પડી ગયાં. આ સમયે ગુજરાત અને મહારાષ્ટ્રનું સંયુક્ત રાજ્ય હતું. એના મુખ્યપ્રધાન શ્રી યશવંતરાવ બી. ચવ્હાણ ભાવનગરની મુલાકાતે આવ્યા. એમણે ચોતરફ થયેલી જાનહાનિ અને માલહાનિ જોઈ. આથી રજા ઉપર ઊતરી ગયેલા પ્રામાણિક ઈમાનદાર અને સેવાભાવી શ્રી લાડકચંદભાઈને તરત જ પાછા બોલાવી લીધા. સરકારે એમને કલેક્ટર કે કમિશ્નર કરતાં પણ વધુ સત્તા આપી.

એમને એવી સત્તા આપી કે તેઓ જે કંઈ હુકમ આપે તેનું તરત જ પાલન થવું જોઈએ. શ્રી લાડકચંદભાઈ ગામેગામ જતા. કોઈનું મકાન પડી ગયું હોય, કોઈના બળદ મરી ગયા હોય કે કોઈ બીજું નુકસાન થઈ હોય તો ત્યાં ને ત્યાં જ પંચનામું કરાવતા. ત્યાં જ રાહતરૂપે રોકડ સહાય મંજૂર કરીને એને આપતા હતા.

એક વાર શ્રી લાડકચંદભાઈ દિવસભરના અતિપરિશ્રમ બાદ સહેજ આડા પડયા હતા. હજી માંડ પથારીમાં સૂતા અને આંખ સહેજ મળી ત્યાં તો એમને કાને એમની દીકરીનો અવાજ પડયો. કોઈ ગરીબ સ્ત્રી દુકાળમાં રાહત મળે તે મટે અનાજની ચિઠ્ઠી લેવા આવી હતી. એમની દીકરીએ એને કહ્યું,

'તમે પછી આવજો, કાલે આવજો, બાપુજી હજી હમણાં જ થાકીને સૂતા છે.'

પથારીમાં સૂતેલા શ્રી લાડકચંદભાઈના કાને આ અવાજ પડયો અને તેઓ તરત જ ઊભા થઈ ગયા અને એમણે અનાજ માટે આવેલી પેલી ગરીબ સ્ત્રીને પાછી બોલાવી, પણ બીજી બાજુ પોતાની પુત્રીને સહેજે ધમકાવીને ઠપકો ન આપ્યો પરંતુ આ વાત્સલ્યમૂર્તિએ પોતાની દીકરીને વહાલથી કહ્યું -

'બેટા! જે સ્ત્રી અનાજ લેવા આવી છે એને ઘેર પણ દીકરી હશે! એય કેટલી ભૂખી હશે! એને અનાજ મળે તો એ જમી શકે. આથી જો તું કહે તો હું એને અનાજ આપું.'

પૂ. લાડકચંદભાઈની વાત સાંભળતાં જ દીકરીએ હા કહી અને એમણે એ સ્ત્રીને ચિઠ્ઠી લખી આપી.

તા. ૯મી ડિસેમ્બર, ૧૯૯૭ના રોજ ૮૩ વર્ષની વયે એમનો સ્વર્ગવાસ થતાં જૈન સમાજમાં એક સાચા અનુભવી પથદર્શકની ખોટ પડી, જે શૂન્યવકાશ સર્જાયો છે તે અવર્ણનીય છે. સ્થૂળરૂપે આપણી સમક્ષ ન હોવા છતાં સૂક્ષ્મરૂપે તેઓ આશ્રમના પ્રત્યેક કાર્યમાં અને પ્રત્યેક સાધકના હૃદયમાં સ્થાપિત છે જ.

**શ્રી રાજસોભાગ આશ્રમની વિવિધ પ્રવૃત્તિઓ**

શ્રી રાજસોભાગ સત્સંગ મંડળના આદ્યસ્થાપક પૂ. લાડકચંદ માણેકચંદ વોરા (પૂ. બાપુજી)ના હૃદયમાં અસીમ કરુણાભાવ હતો.

તેઓ માનતા કે આત્મસાધના અને આત્મકલ્યાણની સાથે જનકલ્યાણની ભાવના હોવી જોઈએ. તેમણે જનહિતની પ્રવૃત્તિઓ આ વિસ્તારની જરૂરિયાત મુજબ વિકસાવી. કન્યા કેળવણી દ્વારા સમાજની ઉન્નતિ માટે તેઓ આગ્રહ રાખતા. ઈ.સ. ૧૯૯૭માં તેઓ દિવંગત થયા. તેમનો આધ્યાત્મિક વારસો પૂ. ભાઈશ્રી અને ગુરુમાને સોંપેલ. ગુરુમા પણ વિદાય થયાં, પરંતુ પૂ. ભાઈશ્રી પૂ. બાપુજીનાં બધાં સ્વપ્નો સાકાર કરવા કટિબદ્ધ હતા.

ઈ.સ. ૨૦૦૦માં ધો. ૮ થી કન્યા વિદ્યાલય શરૂ કરવામાં આવ્યું. આજે ધો. ૯થી ૧૨ સુધી ૫૦૦ બાળાઓ ટોકન ફીથી સ્વનિર્ભર શાળામાં અભ્યાસ કરે છે. ત્યાર બાદ ૨૦૦૭ થી ઉચ્ચ અભ્યાસ માટે મહિલા કૉલેજ શરૂ થઈ, જેમાં ૪૫૦ જેટલી બાળાઓ શિક્ષણ મેળવી રહી છે.

ઈ.સ. ૨૦૦૧માં ભયાનક ભૂકંપે તારાજી સર્જી. ૩૫૫ પાકાં મકાનોનાં ગામ નિનામાનું (લાડકપુર) નવનિર્માણ કર્યું. ૪૭ પ્રાથમિક શાળાઓના ૧૬૦ વર્ગખંડો બાંધી આપ્યા અને આ શાળાઓના શિક્ષણની ગુણવત્તા સુધારણા અર્થે ''પ્રેમની પરબ'' શિક્ષણમાં પ્રેમ દ્વારા પરિવર્તન માટેનો પ્રકલ્પ અમલમાં મૂક્યો. ઈ.સ. ૨૦૦૪માં ૫૦ પ્રાથમિક શાળાઓમાં શરૂ કરેલ આ પ્રોજેક્ટ આજે ૧૩૦ પ્રાથમિક શાળાઓમાં હજુ ચાલે છે. ''પ્રેમની પરબ'' પ્રોજેક્ટ અંતર્ગત 'જીવનવિજ્ઞાન કેન્દ્ર' ઈ.સ. ૨૦૦૯માં શરૂ કરેલ છે.

વિકલાંગ સારવાર અને પુનઃવસન માટે આશીર્વાદ વિકલાંગ ટ્રસ્ટની સ્થાપના કરેલ છે. સાયલામાં આંખની હૉસ્પિટલ જેમાં દર માસે ૪૦૦થી ૫૦૦ જેટલાં મોતિયાનાં ઑપરેશન વિનામૂલ્યે કરવામાં આવે છે.

આશ્રમના કૅમ્પસનું નવીનીકરણ, ઉનાળામાં છાસ વિતરણ કેન્દ્ર, નિઃસહાય લોકોને અનાજ વિતરણ, સાયલા કૉમ્યુનિટી હેલ્થ સેન્ટરનું સંચાલન, દાંતનું દવાખાનું જેવી અનેકવિધ જનહિતની પ્રવૃત્તિઓ શરૂ કરેલ છે અને ચાલે છે. વર્તમાન અધ્યાત્મ રાહબર પૂ. ભાઈશ્રી નલિનભાઈ કોઠારી નિર્મળ, નિર્મોહી, દીર્ઘદૃષ્ટિવાળા

અને સરળ વ્યક્તિત્વ ધરાવે છે. તેમની કૂનેહભરી જનકલ્યાણની પ્રવૃત્તિઓનું વિશાળ વટવૃક્ષ આ સમગ્ર વિસ્તાર માટે છાયારૂપ અને આશીર્વાદ રૂપ બની ગયું છે. પૂ. ભાઈશ્રી વિક્રમભાઈ તથા સુશ્રી મીનળબેનની પવિત્ર ભાવના અને ઉમદા વ્યક્તિત્વને કારણે વિવિધ વિભાગોમાં નિષ્ઠાવાન અને સમર્પિત સંચાલકો પણ મળ્યા છે.

જૈન જ્યોતિર્ધર સમર્થ શ્રાવક પૂ. લાડકચંદભાઈ (બાપુજી)ને અભિવંદના.

❑❑❑

સંપર્ક : ૯૮૨૦૨૧૫૫૪૨
Email :gunvant.barvalia@gmail.com

# સત્ય એ જ નેત્ર

## પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

જીવનમાં કોઈ વિરલ સંયોગ પ્રાપ્ત થાય એ રીતે મુરબ્બી શ્રી નાનુભાઈ શાસ્ત્રીનો મેળાપ થયો. એમનું મૂળ નામ તો ઈન્દ્રવદન શાસ્ત્રી, પણ સહુ કોઈ એમને 'નાનુભાઈ'ના નામથી ઓળખે. એમના મકાનમાં સાધના-ખંડ અતિ વિશાળ અને રહેવાના ખંડ સાવ નાના. એ સાધના-ખંડમાં યોગીશ્રી અરવિંદ, પૂજ્ય માતાજી, રમણ મહર્ષિ અને આનંદમયી માતાની વિશાળ મોટી તસવીરો જોવા મળે. વચ્ચે ગણેશજીની મૂર્તિ બિરાજમાન હોય. એમનું ઘર એટલે સંતોનો ઉતારો, જિજ્ઞાસુઓનું અતિથિગૃહ. પ્રતિવર્ષ એક દિવસ એવો હોય કે જ્યારે સંતોનું સંમેલન થાય, દિવસભર પ્રવચનો થાય. મા આનંદમયી મહંતશ્રી શાંતિપ્રસાદજી, સુરેશ દલાલ અને અમારા સહુનાં પ્રવચનો હોય. નાનુભાઈ આજીવન બ્રહ્મચારી. વર્ષોથી પુદુચેરીના આશ્રમમાં રહ્યા, એકાંત - સાધના કરી અને ઘણા વરસે અમદાવાદમાં વસવા આવ્યા.

એમની સાથે એવો સ્નેહ બંધાઈ ગયો કે કલાકો સુધી એકાંત વાર્તા કરવાનો લાભ મળે. એમની આધ્યાત્મિક દૃષ્ટિ પાસેથી સમજ મળે. એમની આગવી સમતાયુક્ત જીવનશૈલીનોય ખ્યાલ આવે. એક વાર તો એવું બન્યું કે એક મિત્ર પાસેથી જાણ થઈ કે પોતાના જીવન-યાપન માટે અમુક રકમની જરૂર પડશે એમ માનીને એમણે અમુક લાખ રૂપિયા રાખ્યા હતા. એવામાં એક મિત્રને ભીડ સમયે મદદ કરી. એને ઘણી મોટી રકમ આપી અને એણે ગુમાવી દીધી. હવે તેની પાસેથી કશું મળી શકે તેમ નહોતું. એની ખબર પડતાં મેં નાનુભાઈ શાસ્ત્રીને પૂછ્યું, તો એમણે કહ્યું, 'કશું બન્યું નથી. સઘળે આનંદ અને મજા છે. પહેલાં મોટરમાં ફરવાની મજા લેતા હતા, હવે સ્કૂટર પર સુસવાટાબંધ' પવનની લહેરો સાથે ફરવાનો આનંદ આવશે.' પરિસ્થિતિ એમની મસ્તીને સહેજે આંચ પહોંચાડી શકી નહીં. કેવી સમતા!

તેઓ વારંવાર જ્ઞાનયોગી શ્રી ચંદુભાઈનો ઉલ્લેખ કરતા. એમને જેમ શ્રી ચંદુભાઈનો અધ્યાત્મ અનુભવ ગ્રંથથી પ્રાપ્ત થયો, એ જ રીતે 'અગિયારમી દિશા' ગ્રંથથી મને આ જ્ઞાનયોગીનો પરિચય થયો. એમને વિશે જાણવાની જિજ્ઞાસા સતત રહી. ૬૯ વર્ષનું જીવન જીવનારા 'અપ્રસિદ્ધ મહાત્મા' તરીકે ઓળખાતા જ્ઞાનયોગી શ્રી ચંદુભાઈના જીવન અને વિચારોમાં પારદર્શકતા જોવા મળે છે. વેદાંતની ગહન વાતોને એ હસતાં-રમતાં મૂકી દે છે અને ક્યારેક લાક્ષણિક રીતે એમ કહે પણ ખરા કે 'સઘળાં ધર્મપુસ્તકોનો એ જ સાર છે, કે તું કશું વાંચ નહીં, પણ હું કહું છું એ પ્રમાણે અનુભવ -પ્રૅક્ટિસ કરવા માંડ.'

દંભ અને પાખંડ એ સહેજે સહન કરી શકતા નહીં. અન્યાય, પક્ષપાત કે જુલમ થતો હોય તો એમનો તેજસ્વી સ્વભાવ ઊકળી ઊઠતો. અનાથ, વિધવા કે ગરીબોના હક્કોને ડૂબતા જોઈ શકતા નહીં. એમણે શંકરાચાર્યના વેદાંત જ્ઞાનનો અને મહાત્મા ગાંધીજીની જીવનશૈલીનો વિરલ સુમેળ સાધ્યો હતો. વળી એમનું વેદાંત એ શુષ્ક વેદાંત નહોતું. એમાં માત્ર જ્ઞાનોપાસના જ નહોતી, બલ્કે જ્ઞાનમાર્ગની મુખ્યતા હતી. તેઓ માનતા હતા કે જ્ઞાન ભક્તિથી ભીનું થઈને કર્મમાં પરિણમે, તેમાં જ એ જ્ઞાનની સાર્થકતા છે, આથી અપરોક્ષ બ્રહ્માનુભૂતિનો અનુભવ કરતા આ મહાત્મા જ્યારે સત્સંગમાં કોઈ કરુણ દૃષ્ટાંત કહેતા, ત્યારે એમની આંખોમાંથી આંસુ સરી પડતાં. તેઓ અંધભક્તિ પર આકરા પ્રહારો કરે છે, પણ મધુર ભક્તિનો સ્વીકાર કરે છે. ધર્મોના આડંબરોએ પ્રજાજીવનમાં ધર્મ વિશેની એક ભ્રામક, અજ્ઞાનમય અને આડંબરયુક્ત દૃષ્ટિ ઊભી કરી છે, એનો વિરોધ કરીને અંતરસૂઝનો મહિમા કરી તેઓ અંતર્મુખતાના માર્ગે જવાનું સાધકો અને જિજ્ઞાસુઓને કહેતા હતા.

એમણે પોતાના વિચારો માટે કોઈ ગ્રંથરચના કરી નથી, પરંતુ જ્યારે એમના વિચારો આલેખતી ગ્રંથરચના કરવાની શ્રી નારુશંકર મણિશંકર ભટ્ટે વાત કરી, ત્યારે એમણે કહ્યું કે, તમે ભલે બધું લખો, પણ કોઈ વાંચે નહીં અથવા તો એને કચરાપેટીને સ્વાધીન કરે, તોય દુઃખ લગાડશો નહીં અથવા તો એવો ખ્યાલ પણ સેવશો નહીં કે ધાર્મિક વિષયોમાં રસ લેનારાઓ આ પુસ્તક લેવા માટે તમારી પાસે દોડીને આવશે. કેવી નિસ્પૃહી વૃત્તિ! આમ છતાં પુસ્તકનાં આઠેક પૃષ્ઠ શ્રી નારુશંકર મણિશંકર ભટ્ટે લખ્યાં હતાં, ત્યાં તો શ્રી ચંદુભાઈનું અવસાન થયું. આથી એમના વિચારો ક્યારેક એમના સત્સંગમાંથી પ્રાપ્ત થયેલા છે, તો ક્યારેક કોઈ જિજ્ઞાસુના પ્રશ્નોના ઉત્તરોમાંથી કે પ્રસંગોના પ્રતિભાવ રૂપે મળ્યા છે.

સૂરત પાસેના રાંદેર ગામના 'અંગ્રેજી' ફળિયામાં રહેતા

ચંદુભાઈનો જન્મ ઈ. સ. ૧૮૮૪ના એપ્રિલમાં, વિ. સં. ૧૯૪૦ ચૈત્ર વદ તેરસના દિવસે થયો હતો. એમનાં પિતા નરોત્તમરામ અત્યંત બુદ્ધિશાળી હતા અને અભ્યાસમાં તેજસ્વી હતા. એમનાં પિતાનું ૩૦-૩૧મા વર્ષે ક્ષયની બીમારીને કારણે અવસાન થયું. ચંદુભાઈ માત્ર નવ વર્ષના હતા. એમની કુટુંબની આર્થિક સ્થિતિ ઘણી નબળી હતી. કતાર ગામમાં આવેલા વૈજનાથ મહાદેવના મંદિરે એમનાં દાદીમા બાળક ચંદુભાઈને લઈ જતાં અને ત્યાં જઈને પ્રાર્થના કરતાં. દાદીમાએ મૃત્યુ સમયે ચંદુભાઈને બોલાવીને બે વાત કરી. એક તો છોકરાની ઈચ્છા કદી કરીશ નહીં અને બીજું એ કે પ્રભુભક્તિ કદી છોડીશ નહીં. તને બધું જ મળી રહેશે.

જ્ઞાનયોગી ચંદુભાઈના હૃદયમાં ગુરુપદે એમનાં દાદીમા હતાં. ચંદુભાઈનાં લગ્ન ગોદાવરીબહેન સાથે થયાં. એમને સર વસનજી ત્રિકમજી મૂળજીના અસિસ્ટન્ટ પ્રાઈવેટ સેક્રેટરીની જગા મળી. કોઈએ એમના હાથમાં રામકૃષ્ણ પરમહંસનાં બોધ-વચનોનો અંગ્રેજી અનુવાદ મૂક્યો અને એ ગ્રંથે એમનાં જીવનમાં પરિવર્તન આણ્યું. સ્વામી વિવેકાનંદનું 'પાતંજલિ યોગ'નું પુસ્તક વાંચ્યું અને એ પ્રમાણે યોગ કરવા લાગ્યા. ગાયત્રીના રટણ સમયે આપોઆપ ગાયત્રીના ધ્યાનની ટેવ પડી. એમના શેઠે એમને ફ્રાન્સ મોકલ્યા અને સ્વામી રામતીર્થનાં લખાણો વાંચવા મળ્યા. પંડિત લાલનનો મેળાપ થયો. આંતરજીવનમાં એવું પરિવર્તના આવ્યું કે સતત એવો અનુભવ કરતા કે ગાયત્રી જ મારી સંભાળ લે છે. એ પછી સમય જતાં એમણે નોકરી છોડી અને સાધના શરૂ કરી.

એવામાં જોધપુરના મહાત્મા દેવીદાનજી મહારાજનો પરિચય થયો અને એમનાં જીવન અને સત્સંગનો શ્રી ચંદુભાઈ પર ઘણો પ્રભાવ પડ્યો. દેવીદાનજી મહારાજ સાથેના પ્રસંગોએ એમનામાં પરિવર્તન આણ્યું. શ્રી દેવીદાનજી મહારાજની ઈચ્છા તો પોતાની ગાદી પર આ 'ગુજરાતી'ને બેસાડવાની હતી, પરંતુ જ્ઞાનયોગી ચંદુભાઈએ કહ્યું કે, આપની અખંડ સેવા કરતાં શ્રી ગુરુપ્રસાદજી આ પદને માટે શ્રેષ્ઠ છે. વળી એમણે દેવીદાનજી મહારાજને અંતે એક વાક્ય પણ કહ્યું હતું, 'મહાત્માજી, ઉપાધિમાંથી છોડાવ્યો છે, તો ફરીથી શાને નાખો છો?'

શ્રી ચંદુભાઈના જીવનની ઝાંખી મેળવ્યા પછી હવે એમની વિચારસૃષ્ટિ જોઈએ. એમની વિશેષતા એ હતી કે એ ધાર્મિક પરિભાષાની ગૂંચવણમાં ઊતરવાને બદલે સીધેસીધી પોતાની વાત રજૂ કરતા હતા. જેમ કે 'યોગ એટલે શું?' એ વિશે તેઓ કહે છે, 'યોગ એટલે ભક્તિ માટે અથવા તો કર્મ માટે પ્રભુ સાથેનું અનુસંધાન'. વળી સમજાવે છે કે 'જ્યારે આવું અનુસંધાન સધાય છે, ત્યારે માનવીમાં પ્રભુનો નિવાસ રહે છે અને દિલગીરી, અશાંતિ અને ખોટો ઉશ્કેરાટ એને માટે અશક્ય બની જાય છે.'

સત્નો મહિમા કરતાં તેઓ કહે છે કે અંતે તો બધા ધર્મોએ આ જ વાત કરી છે. 'હું કેવો?' નિરંજન, નિરાકાર, નિર્વિકલ્પ, નિર્વિકાર, સત્, ચિત્, આનંદ, સચ્ચિદાનંદ, નિર્ભય, અજ, અમર વગેરે અને એ જ રીતે अहं ब्रह्मास्मि (હું બ્રહ્મ છું), तत्त्वमसि (તે તું છે), I and my Father are one (હું અને મારો પિતા એક જ છીએ), અનલ હક (હું પરમેશ્વર છું), अप्पा सो परमप्पा (આત્મા એ જ પરમાત્મા)ની એકવાક્યતા સિદ્ધ થાય છે.

આ રીતે વેદાંત, ઈસુવચન, મહમ્મદ પયગંબરની વાત ને ભગવાન મહાવીરના ઉપદેશને સાંકળી લે છે. બીજી એક બાબત એ છે કે વેદાંતનો મહિમા કરવા જતાં એમણે અન્ય મત કે અન્ય ધર્મોની ક્યારેય ટીકા કરી નથી. પોતાની જ્ઞાનોપાસના રજૂ કરવી એ જ એક માત્ર ઉદ્દેશ.

જુદા જુદા પ્રસંગોએ પુછાયેલા પ્રશ્નોનો જ્ઞાનયોગી ચંદુભાઈઆ આપેલો ઉત્તર શ્રી નારુશંકર ભટ્ટે સંગ્રહીત કર્યો છે અને એ ઉત્તરોમાં જ્ઞાનયોગી ચંદુભાઈની મનઃસૃષ્ટિ પ્રગટ થાય છે. તે કહે છે કે બાળક હંમેશાં મોંએથી ગોખ્યા કરે તે બરાબર નથી. એ જ રીતે દેવ-દેવીઓનું પૂજન, એના પ્રાર્થના મંત્રો, એનો શણગાર એ બધાં ઉપયોગી ખરાં, એનાથી ભક્તિદૃષ્ટિ, નમ્રતા અને એકાગ્રતા આવે એ પણ સાચું, પરંતુ એ પછી સાધકે આગળ વધવું જોઈએ અને સત્યદર્શનની તીવ્રતા રાખવી જોઈએ. તેઓ કહેતા કે હું કોઈનો ગુરુ નથી અને કોઈનો શિષ્ય નથી. મારો પોતાનો શિષ્ય તે મારું મન છે. શિષ્ય છું, ગુરુ થવાનું આપણું કામ નહીં. એમણે ચર એટલે ધર્મનું આચરણ કર, તેના પર ભાર મૂક્યો. ધર્મનું આચરણ હોય, પ્રવચન નહીં.

ગાયત્રી મંત્રનો એક જુદો જ અર્થ જ્ઞાનયોગી શ્રી ચંદુભાઈ આપે છે અને કહે છે કે પહેલાં ૐ કે ગાયત્રીમંત્રના ભાવને પકડી લો, પછી તન્મય થાવ અને આમ થશે તો જ તમને ગીતા, ઉપનિષદો કે અન્ય ગ્રંથો સમજાશે. એમને સમજવા માટે પુસ્તકિયું જ્ઞાન ન ચાલે, પરંતુ પરમ ભાવમય દશા હોવી જોઈએ, તો જ હૃદયનાં દ્વાર ખૂલે. તેઓ સવાલ કરે છે કે નરસિંહ મહેતા કઈ કૉલેજમાં ભણ્યા હતા? મીરાંબાઈ ક્યા ગુરુકુળનાં સ્નાતિકા હતાં? આનંદ અને કુંડલિનીની જાગૃતિ વચ્ચે પરસ્પર મેળ છે, પરંતુ કુંડળીની જાગૃતિમાં પડવા જેવું નથી.

ચમત્કાર વિશે જ્ઞાનયોગી ચંદુભાઈનો આગવો અભિગમ છે. મહાત્મા ગાંધીજીને આશ્રમમાં આર્થિક જરૂરિયાત ઊભી થઈ હતી, ત્યારે કોઈ શેઠ આવીને મોટી રકમ આપી જાય છે, એને પણ તેઓ એક ચમત્કાર ગણાવે છે, પરંતુ બીજી બાજુ કેટલાક સંતો રોગીને સાજા કરે કે મરેલાંને જીવતા કરે એ વાતને સાવ ખોટી ગણીને કહે છે કે કર્તા-હર્તા તો ઈશ્વર જ છે. એમનો એવો આગ્રહ રહેતો કે વ્યક્તિએ સતત પોતાના માનસ અને વર્તનને તપાસતા રહેવું જોઈએ.

સેવાનાં કામો પ્રત્યે ચંદુભાઈની વિશિષ્ટ દૃષ્ટિ હતી. એ જનસેવાને જરૂરી માનતા, પણ પોતાની મર્યાદા સમજીને એ કામમાં જોડાતા

હતા, પણ એમનું મિશન તો આધ્યાત્મિક જ્ઞાનનું હતું. કોઈ આધ્યાત્મિક વિચારો ગ્રહણ કરવા આવ્યું છે, એમ જાણે તો એમનું હૃદય એની સમક્ષ ઉલ્લાસભેર પ્રગટ કરતા અને પોતાની જ્ઞાનદૃષ્ટિથી છણાવટ કરવાની સાથોસાથ તેઓ વિચારતા પણ ખરા કે આવા નિઃસ્વાર્થી પુરુષો કેટલા હશે?

કેવી વિવિધ પ્રકૃતિ ધરાવતો માનવસમાજ છે, તે દર્શાવવા માટે શ્રીકૃષ્ણે આપેલા ચાર પ્રકારના માનવોના વર્ગીકરણની તેઓ વાત કરતા હતા. એક દુઃખી માનવસમાજ કે જે ગરીબાઈ, બેકારી, રોગ વગેરેથી બચવા માટે પરમાત્માનું શરણ શોધે છે. બીજો વર્ગ કંઈ જાણવાની ઈચ્છાથી શાસ્ત્રનો અભ્યાસ કરે છે, જ્ઞાનીઓનો સહવાસ શોધે છે, ધ્યાન, મનન વગેરે કરે છે. ત્રીજો વર્ગ લૌકિક સ્વાર્થથી કંઈક ડરતો 'ભગવાન મારું કામ કરી દેશે' એવી આશાથી ભક્તિ કરે છે અને ચોથો વર્ગ જે જ્ઞાનીઓનો છે તે કોઈ પણ પ્રકારના સ્વાર્થ સિવાય શાંતિથી-સમતાથી શુદ્ધ જીવન ગાળતાં ગાળતાં પરમાત્માનું ધ્યાન કરતા રહે છે. પહેલા ત્રણને કંઈ ને કંઈ લૌકિક 'સ્વાર્થ' રહ્યો છે, જ્યારે ચોથો જ્ઞાની નિઃસ્વાર્થી ગણાય છે. જ્ઞાની પરમાત્માને ખૂબ પ્રિય છે અને જ્ઞાનયોગી ચંદુભાઈ કહે છે કે જ્ઞાની એ તો પરમાત્માનું હૃદય છે. ક્યારેક મસ્ત દશામાં આવી જતા અને કહેતા કે સાક્ષાત્ કૃષ્ણ ભગવાન આવીને કહે કે 'ચંદુ, ગીતામાં જે મેં જ્ઞાન કહ્યું છે તે ભૂલભરેલું છે, તો પણ હું ન માનું.' આવી ચંદુભાઈની ખુમારી હતી. વર્ષોનાં વર્ષો એકાંતવાસમાં ગાળ્યા પછી આ ખુમારીની પ્રાપ્તિ થઈ હતી.

ક્યારેક કોઈ પ્રશ્ન પૂછતું તો પ્રત્યુત્તર આપતાં પહેલાં એને પોતાની આગવી ઢબે પૂછતા કે 'તારે સહેલી રીતે સમજવું છે કે અઘરી રીતે? વિદ્વાનોને સહેલી રીતે ન સમજાય, એમને તો લાંબા લાંબા ભાષણોથી જ સમજાય. તારે શી રીતે સમજવું છે?'

અન્ય પર આધાર રાખીને ઉપાસના કરવાને બદલે સરળ હૃદય, જાણવાની તીવ્ર ઈચ્છા અને મંડ્યા રહેવાની વૃત્તિને જરૂરી માનતા હતા. પોતાની જાતે જ્ઞાન લેવું હોય તો તે સરળ રીતે લઈ શકાય. માણસને જાતે મરવું હોય તો એક ટાંકણી બસ થાય. બીજાને મારવા હોય તો તલવાર, બંદૂક, તોપ કે બૉમ્બ જોઈએ. આમ આત્મઅનુભવ જરૂરી છે. બીજાના અનુભવોને આધારે આપણે અધ્યાત્મયાત્રા કરી શકીએ નહીં અથવા તો એ યાત્રા વધુ કઠિન બને છે.

અધ્યાત્મ માર્ગમાં તમે પ્રયત્ન કરશો, તો જરૂર પ્રાપ્ત કરશો. Do practice and realise એમ માનનારા ચંદુભાઈ એમ કહેતા કે એક વાર આ માર્ગ પર જાય પછી એને ધીરે ધીરે પ્રાપ્તિ થતી જશે. મનને સંકલ્પશૂન્ય, શાંત અને સ્થિર કરવું, વારંવાર સ્વરૂપ ચિંતનમાં નિમગ્ન રહેવું. એનો અનુભવ કર્યા પછી બીજી બાબતો આપોઆપ અળગી થઈ જશે. જ્ઞાનદૃષ્ટિ, અંતર્મુખ દૃષ્ટિ, દિવ્ય દૃષ્ટિ, સારાસારનો નિર્ણય કરવાની શક્તિ - બધું જ ધીરે ધીરે પ્રાપ્ત થશે અને થોડા જ દિવસમાં પ્રત્યક્ષ આનંદ પ્રાપ્ત થશે. મનની જુદી જુદી અવસ્થાઓની વાત કરે છે અને આત્મવિચાર યોગથી એ મનને ધીરે ધીરે ચોક્કસપણે સમાધિસ્થ બનાવવાની પ્રક્રિયા કરે છે. શરીરને કષ્ટ આપીએ તો જ પરમાત્મ-પ્રાપ્તિ થાય, એ વિચાર સાથે શ્રી ચંદુભાઈ અસંમત છે. સંતોના જીવનમાં એમને ઘણી આફતો આવતી હોય છે, એમ આપણે માનીએ છીએ, પણ શ્રી ચંદુભાઈના મતે તો જેને આપણે આપત્તિ માનીએ છીએ એ આધ્યાત્મિક વ્યક્તિને માટે આપત્તિ હોતી નથી. જ્ઞાન થાય એટલે સંજોગો જોવાની દૃષ્ટિ બદલાઈ જાય. કારણ કે જ્ઞાની અંદરથી શાંત હોય છે, એની પાસે જળદૃષ્ટિ હોય છે, એટલે કે એક મોજું શાંતિનું આવે, બીજું મોજું અશાંતિનું આવે, ત્રીજું મોજું આનંદનું આવે અને ચોથુ મોજું ખેદનું આવે. પણ આ બધાં તો ચૈતન્ય રૂપી મહાસાગરનાં મોજાં છે. ભલે ને એ મોજાં ઊછળે, મહાસાગરને ખળભળાવી મૂકે. એમાં મહાસાગરના જળને શું થવાનું હતું. આવી જળદૃષ્ટિ આવે એટલે સમજાય કે હું પોતે સાક્ષાત્ ચૈતન્યસ્વરૂપ છું અને શાંતિ તો મનની એક અવસ્થા છે.

જ્ઞાનમાર્ગના આ પ્રવાસી સમાજને અંતર્મુખતા તરફ વાળવાનો પ્રયાસ કરતા હતા, પરંતુ એથી માનવીય વ્યવહારનો કે સંબંધોની સંવેદનાનો સહેજે અનાદર કરતા નહીં. જ્ઞાનયોગી ચંદુભાઈમાં વ્યવહારકુશળતા હતી. સગાંસંબંધીઓ અને મિત્રોનાં વ્યાવહારિક કામો પણ ઉકેલી આપતા. સહુને આત્મીયજન લાગતા. પરિવારમાં બીમારીના પ્રસંગોએ બીમારની ખાસ કાળજી લેતા. નાની નાની સૂચનાઓ પણ આપતા અને કોઈ અંગત સ્નેહીઓનું અવસાન થાય તો એમને સાંત્વના આપવા જતા.

સાધુ-સંન્યાસીઓ સાથેના પ્રસંગોમાં એમની વિશેષતા એ હતી કે ક્યાંક કોઈના વિચારો પસંદ પડતાં ન હોય તોપણ એ ખોટા કે વિરોધી વિચાર ધરાવે છે એમ માનીને એમનો ત્યાગ કરતા નહોતા. પણ સાથોસાથ સાધુમાં વિલાસિતા અને વૈભવની આસક્તિ સામે સ્પષ્ટ અણગમો દાખવતા.

ગાયત્રી મંત્રનો મર્મ, શ્રીમદ્ભગવદ્ગીતાનું રહસ્ય, પ્રાર્થનાની શક્તિ જેવા અનેક વિષયો પર જ્ઞાનયોગી ચંદુભાઈએ પોતાના વિચારો દર્શાવ્યા છે અને શ્રી નારુશંકર ભટ્ટે 'અગિયારમી દિશા' નામના પુસ્તકમાં એ ગ્રંથસ્થ કર્યા છે.

એક વ્યાપક ફલક પર અધ્યાત્મ તત્ત્વનું આંતરદર્શન કરાવનાર તરીકેની જ્ઞાનયોગી શ્રી ચંદુભાઈની વિશિષ્ટતા ગ્રંથમાં આલેખાયેલા આ તમામ પ્રસંગોમાં જોવા મળે છે. ધર્મગ્રંથોનાં અવતરણો કે અઘરી પરિભાષાઓનો વારંવાર પ્રયોગ કરવાને બદલે વાતચીતની શૈલીમાં સરળતા, સચોટતા અને પારદર્શિતાથી સામેની વ્યક્તિમાં આધ્યાત્મિકતા અને અંતર્મુખતા જગાડવાની એમની રીત હતી. એમની જ્ઞાનયુક્ત વિચારસૃષ્ટિમાંથી પસાર થઈએ, ત્યારે એમ લાગે કે એમણે સતત સત્યનો મહિમા કર્યો છે. જ્યાં ક્યાંય અસત્ય જોયું,

એને અળગું રાખ્યું છે. વળી એ સત્યને કોઈ ધર્મ, પંથ કે વાડામાં બાંધી દેતા નથી કે એની આસપાસ કોઈ ઝાકમઝાળભર્યો શબ્દવૈભવ સર્જતા નથી. જાણે 'ઋગ્વેદ' (૧૦/૮૫/૧)ના સૂત્ર **सत्येनोत्तमिता भूमिः।** 'ભૂમિ સત્ય દ્વારા પ્રતિષ્ઠિત છે.' એવી એમની કલ્પના છે. જાણે તેઓ 'શતપથ બ્રાહ્મણ'માં કહ્યું છે કે **'सत्यं वै चक्षुः'** અર્થાત્ 'સત્ય એ જ નેત્ર'થી જોતા હોય તેમ લાગે છે.

સંસારી હોય કે સંન્યાસી, આધ્યાત્મિક કૂટપ્રશ્ન ધરાવતો હોય કે સાંસારિક સ્થૂળ પ્રશ્ન, દરેકને જ્ઞાનયોગી શ્રી ચંદુભાઈ માર્ગદર્શન આપતા હતા. આ સંસારમાં રહીને આત્મજાગૃતિને માર્ગે ચાલીને અને આંતરસૂઝ કેળવીને આંતરઅનુભવ દ્વારા પરમભાવની પ્રાપ્તિનો માર્ગ બતાવે છે. આપણી રૂઢ માન્યતાઓ, પ્રચલિત ધાર્મિક ખ્યાલો કે આડંબર અને દંભ પર એવી કુનેહથી પ્રહાર કરે છે કે સામેની વ્યક્તિના ગળે એમની વાત તરત ઊતરી જાય. કશીય સિદ્ધિ કે પ્રસિદ્ધિ વિના, કોઈ પંથ કે મંડળની સ્થાપના કર્યા વિના, આત્મપ્રશંસા કે કશાય અહંકાર વિના માત્ર પોતાની આસપાસના સમાજને અતિ નમ્રભાવે જ્ઞાનમાર્ગથી પ્રકાશિત કરનારા આવા ઘરદીવડાની આંતરઅનુભવની જ્યોત આજેય અનેક અધ્યાત્મ-પ્રવાસીના પથને અજવાળે છે.

❑❑❑

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.
સંપર્ક : ૦૭૯-૨૬૬૦૨૬૭૫ / ૦૯૮૨૪૦૧૯૯૨૫

# એક વિસરાયેલા ગુજરાતી ચિંતક શ્રી નર્મદાશંકર મહેતાનું તત્ત્વચિંતન

**ડૉ. નરેશ વેદ**

**સા**માન્ય રીતે એવું માનવામાં આવી રહ્યું છે કે ગુજરાત પ્રાંત બંગાળ અને મહારાષ્ટ્ર જેવા પ્રાંતોની તુલનાએ ચિંતન અને વિમર્શણના વિષયમાં પાછળ છે, પરંતુ એ વાત સાચી નથી. સ્ફૂર્તિશાળી અને પ્રવૃત્તિધર્મી અંગ્રેજ પ્રજાનો સંપર્ક થતાં ગુજરાતમાં અર્વાચીન યુગના આરંભે નવજાગૃતિ (રિનૅસૉ) અને નવસુધારણા (રીફોર્મેશન)ની પ્રવૃત્તિના શ્રીગણેશ મંડાઈ ચૂક્યા હતા. એની પાછળ મિશનરી પાદરીઓની આપણા ધર્મ અને સમાજની ટીકા, ઉપરાંત ઉચ્ચ શિક્ષણ અને પશ્ચિમી ચિંતકોનાં લખાણોનાં વાંચન જેવા પરિબળો કારણભૂત હતાં.

આપણી અચલાયતનની બારી ઉઘડતાં જ ગુજરાતમાં સમાજ, શિક્ષણ, ધર્મ અને રાજકારણનાં ક્ષેત્રોમાં સુધારણાની જે પ્રવૃત્તિઓ શરૂ થઈ હતી, એ નવી વિચારજાગૃતિના પરિણામરૂપે હતી. મધ્યયુગમાં થંભી ગયેલા જીવનજળ, પ્રાણદાયિની હવાનો સંચાર થતાં જ ફરી વહેતાં થયાં. નવા ચૈતન્યને ઉદય થતાં સ્કૂલો, પુસ્તકાલયો, સંસ્થાઓ, મંડળીઓ, છાપખાનાં, છાપાંઓ, સામયિકો વગેરેથી વાતાવરણ ધમધમવા લાગ્યું હતું.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં અને વીસમી સદીના પૂર્વાર્ધમાં અર્વાચીનતાનાં પગરણ થતાં જ ગુજરાતના કેટલાક વિદ્વાનોએ ચિંતન-વિમર્શણના સાહિત્યમાં એવું પ્રદાન કર્યું છે, જેની તુલના કોઈપણ પ્રાંતના એ વિષયોનાં મોટાં કાર્યો સાથે થઈ શકે. એ કાળે ગુજરાત, જેમ સત્ત્વશાળી સર્જનોની બાબતમાં તેમ પ્રભાવશાળી તત્ત્વચિંતનની બાબતમાં સ્હેજેય પાછળ રહ્યું નથી. એ વાતની પ્રતીતિ ડૉ. ભગવનલાલ ઈંદ્રજી, જયકૃષ્ણ ઈન્દ્રજી, પ્રોફેસર ત્રિભુવન ગજ્જર, આચાર્ય આનંદશંકરધ્રુવ, મણિલાલ દ્વિવેદી, મણિશંકર રત્નજી ભટ્ટ, ગોવર્ધનરામ ત્રિપાઠી વગેરેનું અનુક્રમે પુરાતત્ત્વશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર અને સંસ્કૃતિશાસ્ત્રમાં એ સૌએ કરેલી વિચારણા જોતાં અવશ્ય થશે. અર્વાચીન યુગના આરંભે જ ગુજરાતમાં, આ રીતે, મૌલિક ચિંતન-વિમર્શણ અને સંશોધનનો મજબૂત પાયો નખાયો હતો.

આ બધા ચિંતકોની હરોળમાં જ બેસી શકે એવા એ કાળના એક તત્ત્વચિંતક તે નર્મદાશંકર દેવશંકર મહેતા છે. તેઓ પંડિત યુગના પંડિતોની હરોળમાં ગુજરાતે ગૌરવ લેવા જેવા વિદ્વાન હતા. તેઓ સંસ્કૃત વિષય સાથે એમ.એ. થયેલા હતા, પરંતુ તેઓ શિક્ષક કે પ્રાધ્યાપક ન હતા. શિક્ષકો કે પ્રાધ્યાપકો તો પોતાની વ્યાવસાયિક કારકિર્દીના વિકાસ અર્થે ચિંતન-લેખન કરતા હોય છે. જ્યારે નર્મદાશંકર મહેતાએ તો આવા કોઈ આશયને બદલે સ્વાન્તઃસુખાય ચિંતન લેખન કર્યું હતું. એમની આ પ્રવૃત્તિ તેઓ ભણતા હતા ત્યારથી શરૂ થયેલી. એથી એમને સન ૧૯૯૪માં ભાઉદાજી ઈનામ મળેલું. સન ૧૮૯૬માં 'An Account of the Doctrinal Differences amongst the various followers of Shankaracharya' એ વિષય પર મહાનિબંધ લખવા માટે મુંબઈ યુનિવર્સિટી તરફથી તેમને સુજ્ઞ ગોકુળજી ઝાલા નામનું વેદાંત પારિતોષિક મળેલું. 'વેદાંતસિદ્ધાંતભેદ' નામક ગ્રંથની સન ૧૯૦૨ અને સન ૧૯૦૯માં એમ બે આવૃત્તિઓ થયેલી. એ સાથે જ ગુજરાતના વિદ્વાનોમાં એમને માટે આદરભાવ ઊભો થયેલો. ત્યારબાદ જુદા જુદા વિષયોની તત્ત્વચર્ચા કરતાં એમના લેખો અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં સતત પ્રગટ થતા રહ્યા હતા.

વ્યવસાયે તેઓ મુલ્કી અમલદાર હતા. તેઓ સામાન્ય મુલ્કી

અમલદાર હતા. તેઓ સામાન્ય કારકુનની નોકરીમાંથી પદોન્નતિ સાધતાં સાધતાં મામલતદાર અને છેવટે ડેપ્યૂટી કલેક્ટરના હોદા સુધી પહોંચ્યા હતા. બાદમાં મુંબઈ અને અમદાવાદની મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં પહેલા ડેપ્યૂટી કમિશ્નર અને પછી ચીફ કમિશ્નર તરીકે તેમણે સેવાઓ આપી હતી. છેવટે ખંભાત રાજ્યના દીવાન તરીકે પણ એમણે પ્રશસ્ય સેવાઓ આપી હતી. સરદાર વલ્લભભાઈ પટેલ અને એમના વડીલબંધુ વિઠ્ઠલભાઈ પટેલ સાથે એમને મૈત્રીસંબંધો હતા. શ્રી કનૈયાલાલ મુનશી અને શ્રીમોરારજી દેસાઈથી માંડીને અનેક ક્ષેત્રના આગેવાનોએ એમની વહીવટી કુનેહ, કાબેલિયત, નિષ્પક્ષતા અને ન્યાયપ્રિયતાને અનેક પ્રસંગોએ બિરદાવી હતી. મુલ્કી અધિકારી તરીકેના વ્યવસાયમાં રોકાયેલા હોવા છતાં એમણે પોતાનો વિદ્યાવ્યાસંગ અને સ્વાધ્યાય જાળવી રાખ્યા હતા.

અડસઠ વર્ષ (૧૮૭૧ થી ૧૯૩૯)ના આયુષ્યકાળમાં એમણે ભારતીય દર્શનની શ્રૌત, સ્માર્ત અને તાંત્રિક - એમ ત્રણેય પરંપરાના વાઙ્મયનું ઊંડું પરિશીલન કર્યું હતું. શ્રુતિ, સ્મૃતિ, સંહિતાઓ, ઈતિહાસ, પુરાણ, સૂત્રગ્રંથો, શાસ્ત્રગ્રંથો, સૂક્તગ્રંથો, સાહિત્યગ્રંથો, જૈન, બૌદ્ધ, ઈસ્લામી, ખ્રિસ્તી સંપ્રદાયના ગ્રંથો, પૂર્વ અને પશ્ચિમના દાર્શનિકો, ચિંતકો, વિચારકો વગેરેના ગ્રંથોનું વિશાળ વાંચન હતું. અપ્રત્ય અને પાશ્ચાત્ય દાર્શનિક પરંપરાનું વિપુલ તેટલું જ ઊંડું શાસ્ત્રજ્ઞાન એમની પાસે હતું. ખ્યાલમાં રાખવા જેવું એ છે કે એમનું શાસ્ત્રજ્ઞાન કેવળ સૈદ્ધાન્તિક અને પુસ્તકિયું જ ન હતું, એક બ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય મર્મજ્ઞનું હતું. પ્રકૃતિએ તેઓ આસ્તિક હતા, પરંતુ કોઈ ધર્મ સંપ્રદાય, પંથ કે મતથી અંજાઈ કે દોરવાઈને તેઓ ચાલતા ન હતા. તર્કબુદ્ધિનો સમાદર, પૂર્વગ્રહમુક્ત માનસનું ખુલ્લાપણું, વૈજ્ઞાનિક અભિગમ ધરાવનાર ચિંતક તેઓ હતા. બીજા શબ્દોમાં કહીએ તો તેઓ શ્રીમંત વિદ્વાન અને ધીમંત તત્ત્વચિંતક હતા.

અગાઉ ઉલ્લેખ કર્યો તેમ તેમણે ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં તત્ત્વચિંતન રજૂ કરતાં ઘણા લેખો લખ્યા હતા. પરંતુ તત્ત્વચિંતનના ક્ષેત્રમાં એમનું યશસ્વી પ્રદાન નીજન ઉલ્લખિત ગ્રંથોમાં રજૂ થયેલું છે :

(૧)હિંદ તત્ત્વજ્ઞાનનો ઈતિહાસ (૧૯૨૪)
(૨) ઉપનિષદ વિચારણા (૧૯૩૨)
(૩) શાક્તસંપ્રદાય (૧૯૩૩)
(૪) સંધ્યાકર્મ વિવરણ (૧૯૩૨)
(૫) ધર્મતત્ત્વવિચાર ભાગ -૧-૨-૩-૪
(ભાગ-૧ ૧૯૭૨, ભાગ ૦૨ ૧૯૭૭, ભાગ-૩ ૧૯૭૮, (ભાગ-૪ ૧૯૮૦)

આમાંથી 'હિંદ તત્વજ્ઞાનનો ઈતિહાસ' ગુજરાતી ભાષામાં એ વિષય પર લખાયેલો પ્રથમ ગ્રંથ છે. દેશમાં પણ એના પૂર્વે અંગ્રેજી ભાષામાં કેવળ બે જ ગ્રંથો ઉપલબ્ધ થયા હતા. એ હતા : પ્રો. દાસગુપ્તાનો 'હિસ્ટ્રી ઓફ ઈન્ડિયન ફિલોસોફી' (૧૯૨૨) અને પ્રો. રાધાક્રિષ્ણનનો 'ઈન્ડિયન ફિલોસોફી' (૧૯૨૩) - એમ એક બે વર્ષ પૂર્વે જ પ્રગટ થયા હતા. તેર પ્રકરણો અને ત્રણ પરિશિષ્ટોમાં રચાયેલા આ ગ્રંથમાં શ્રૌતદર્શન, સાંખ્યયોગ દર્શન, બૌદ્ધદર્શન, જૈનદર્શન, ન્યાય અને વૈશેષિક દર્શન, શૈવદર્શન, શાક્તદર્શન, વૈષ્ણવદર્શન, કર્મમીમાંસા દર્શન, બ્રહ્મમીમાંસા દર્શન, બ્રહ્મમીમાંસા શાંકર દર્શન, શુદ્ધાદ્વૈત દર્શન, બ્રહ્મમીમાંસાના અન્ય એકદેશી મતો - જેવા તેર પ્રકરણો તથા વેદકાલીન તત્ત્વજ્ઞાન, ન્યાય અને ચાર્વાકદર્શન જેવા ત્રણ પરિશિષ્ટોમાં વિગતે એ વિષયોનો પરિચય અપાયો છે. માત્ર પરિચય જ નથી અપાયો પરંતુ જે તે દર્શનની ખૂબી અને ખામીઓની ચર્ચા પણ થયેલી છે.

ત્યારબાદ એમની તત્ત્વવિચારણાનો બીજો મહત્ત્વનો ગ્રંથ છે 'ઉપનિષદ વિચારણા'. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ તેમને ખાસ નિમંત્રણ આપી, આ પુસ્તક એમની પાસે લખાવીને પ્રગટ કર્યું હતું. આ વિષયની આખી વિચારણા એમણે બહુ વિચારપૂર્વક અને વ્યવસ્થિત રીતે કરેલી છે. વિષયનો બહિરંગ અને અંતરંગ પરિચય આપવાને ઈરાદે એમણે ગ્રંથના પ્રથમ ચાર પ્રકરણો - ઉપનિષદ સાહિત્યનો વેદ સાથે સંબંધ, ઉપનિષદોનો સંગ્રહ અને વર્ગીકરણ, ઉપનિષદ સાહિત્યના મુખ્ય પ્રવર્તકો, અને ઉપનિષદનો કાલનિર્ણયમાં એમણે કર્તાના શબ્દોમાં ઉપનિષદના શબ્દબ્રહ્માત્મક પાસાંનો અભ્યાસ રજૂ કર્યો છે. પછીના, ઉપનિષદોના પ્રતિપાદ્ય વિષયો, ભોક્તૃવર્ગનું બ્રહ્મ, ભોગ્ય જગતરૂપ બ્રહ્મ, બ્રહ્મની ઉપાસના, વિદ્યા - અવિદ્યાનો વિવેક, બ્રહ્મનું વિજ્ઞાન અને જીવાત્માની ગતિ - એમ સાત પ્રકરણોમાં ઉપનિષદના અંતરંગનો પરિચય કરાવ્યો છે અને પછીના આઠ પ્રકરણોમાં ઉપનિષદો અને સાંખ્યયોગનો સંબંધ, ઉપનિષદો અને ભક્તિશાસ્ત્રની તુલના, ઉપનિષદો ઉપર બંધાયેલા દર્શનો, ઉપનિષદોની યુરોપ-અમેરિકામાં અસર અને ઉપનિષદો અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન જેવા મુદ્દાઓ ચર્ચ્યા છે. 'હિંદ તત્ત્વજ્ઞાનના ઈતિહાસ'ની જેમ ઉપનિષદ સાહિત્યના સાહિત્યનો સમગ્રતાલક્ષી અને અધિકૃતતાયુક્ત અભ્યાસ પણ ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ એમણે જ આપ્યો છે. એમાં એમની ઈતિહાસદષ્ટિ, તરતમ વિવેકશક્તિ અને પર્યેષણ બુદ્ધિનો આપણને પરિચય થાય છે.

આ ક્ષેત્રમાં એમનો ત્રીજો મહત્ત્વનો ગ્રંથ છે 'શાક્ત સંપ્રદાય'. ભારત ભૂમિમાં ચાર ધર્મોનો પ્રાદુર્ભાવ થયો છે. એ છે : હિંદુધર્મ, જૈનધર્મ, બૌદ્ધધર્મ અને શીખધર્મ. પછી આ ચારેય ધર્મોના અનેક સંપ્રદાયો, પંથો અને મતો વિકસ્યા છે. એમાંથી હિંદુ ધર્મના જે પાંચ સંપ્રદાયો વિકસ્યા, તે છે ગાણપત્ય, વૈષ્ણવ, સૌર, શક્તિ અને શૈવ. એ પૈકીના શક્તિસંપ્રદાયનો અથેતિ પરિચય આપતો એમનો આ ગ્રંથ છે. ફાર્બસ સભાના નિમંત્રણથી એમણે ખૂબ પરિશ્રમ ઉઠાવીને કરેલું આ અધ્યયન છે. આ આખો વિષય એમણે

કેટલો ગહનતામાં જઈને વિચાર્યો છે, તેનો પરિચય, તેની અનુક્રમણિકા ઉપર નજર નાખવાથી પણ ખ્યાલમાં આવશે. વૈદિકધર્મમાં વ્યાપેલો શક્તિવાદ, બ્રાહ્મણ અને આરણ્યકમાં વ્યક્ત થતો શક્તિવાદ, શક્તિવાદનું વેદાંગસાહિત્ય, શક્તિવાદનું સૂત્રસાહિત્ય, શક્તિવાદનું આગમસાહિત્ય, શક્તિવાદનું નિબંધાત્મક પૌરાણિક સાહિત્ય, શક્તિ સિદ્ધાંત વિચાર, શક્તિઅધિકારી ભેદ અને પંચમકાર, શક્તિની વિદ્યા અને યંત્રના ભેદ, શક્તિપૂજનના પ્રકારો, શાક્તસંપ્રદાયને લગતો ગુજરાતનો ઈતિહાસ, શાક્તસંપ્રદાયને લગતું ગુજરાતી સાહિત્ય, શક્તિની ઉપાસનામાં પ્રવર્તતા ત્રણ ભાવો, શાક્તસંપ્રદાય અને બૌદ્ધ ધર્મ, શાક્તસંપ્રદાય અને જૈનધર્મ, શિવશક્તિ સામરસ્યનું ફળ અને છેલ્લાં બે પરિશિષ્ટોમાં શ્રીચક્રની સમજૂતી.

ગુજરાતની વિદ્વતા ઉપર અનેકવાર એવા આક્ષેપા થતા રહ્યા છે કે ગુજરાતી વિદ્વતા લેખો - વ્યાખ્યાનો-નિબંધો પૂરતી ખંડિત અને સીમિત રહી છે, કોઈ એક વિષયનું સાંગોપાંગ અધ્યયન અશેષરૂપે રજૂ કરતી નથી. શ્રી નર્મદાશંકર મહેતાના આ ત્રણેય ગ્રંથો આવા આક્ષેપોનું નિરસન કરે છે. ત્રણેય ગ્રંથોમાં નિરૂપ્યમાણ વિષયની સર્વાંગી અને ગહન ચર્ચાવિચારણા ક્રમબદ્ધ વ્યવસ્થિતરૂપે રજૂ થઈ છે. ગુજરાતી વિદ્વાનોને માથે મરાતું મેણું એમણે ભાંગ્યું છે.

એમના અવસાન બાદ અમદાવાદના અગમનિગમ મંડળ ટ્રસ્ટ દ્વારા જુદા જુદા વિષયો ઉપર એમણે આપેલાં વ્યાખ્યાનો, જુદા જુદા સામયિકોમાં છપાયેલા એમના લેખો, એમણે જુદા જુદા લેખકોએ લખેલાં પુસ્તકોની પ્રસ્તાવનાઓ તથા જિજ્ઞાસુ સાધકોના શંકાપ્રશ્નોના આપેલા ઉત્તરો - એ બધા 'ધર્મતત્ત્વવિચાર' ભાગ એકથી ચારરૂપે પ્રગટ થયા છે. એ બધાનું દૃષ્ટિપૂર્વક સંપાદન એ સમયના ગુજરાતના અગ્રણી વિદ્વાન વિવેચક શ્રી અનંતરાય રાવળ દ્વારા થયેલું છે.

આ ચારેય ગ્રંથોમાં બધા મળીને એકસો લેખો ગ્રંથસ્થ થયા છે. આ લેખોની અનુક્રમણિકા ઉપર નજર નાખતાં જ પહેલો ખ્યાલ એ આવે છે કે એમના ચિંતન મનન અને વિમર્શણના વિષયોનો વ્યાપ ઘણો મોટો છે. બીજો ખ્યાલ એ આવે છે કે તેઓ પ્રકૃતિએ, રુચિએ અને પ્રયોજનથી ધર્મવિવરણકાર અને તત્ત્વવિચારક છે. આપણે આ લેખોનું વર્ગીકરણ કરીને વાત કરીએ.

એમની તત્ત્વવિચારણાનો એક વિષય જીવન છે. જીવનના સ્વરૂપ, ધર્મકર્મ, હેતુઓ અને પ્રયોજનો, એમાં કેવળવવાના ગુણો અને કરવાની સાધના, જીવનમાં શ્રદ્ધા અને જ્ઞાનની આવશ્યકતા કેવી વગેરે મુદ્દાઓ વિચારવા એમણે આ માયામય વિશ્વ, જીવ શરીર અને મરણ, દેહોત્પત્તિ વિજ્ઞાન અને નયચિંતન, વ્યષ્ટિજીવન અને સમષ્ટિજીવન, લૌકિક જન્મ અને દિવ્યજન્મ, સૌંદર્ય શું અને શામાં? અલ્પદૃષ્ટિ અને બ્રહ્મદૃષ્ટિ, કર્મ અને સંન્યાસ, વિદ્યા અને મોક્ષ, વૈરાગ્યનો મર્મ, પ્રપંચ મિથ્યાત્વ, સાધનકલા, ચતુષ્પદી માયા, સ્વરૂપ સામ્રાજ્ય, વિજ્ઞાનસ્પંદ, પિંડચક્રવિચાર, ક્રિયાવિચાર, કલાધ્યાન અને તત્ત્વજ્ઞાન, ધ્યાન અને જ્ઞાન, તત્ત્વનિર્ણય, શ્રદ્ધા અને જ્ઞાન, જપમાર્ગ અને જપસાધના, સાધકની અંતઃપરીક્ષા, ચિત્તશોધનના ઉપાયો, ભાવનાવ્યાપાર, સ્વરૂપસૌભાગ્ય અથવા સુભગોદય, ગ્રહણસમય પુણ્યકાળ કેમ? વગેરે લેખોમાં ચર્ચા છે.

ઈશ્વર, પરમાત્મા અને ભગવાનને લગતી વિચારણા એમણે પરમેશ્વરની ભાવના, પરમાત્માને લગતા યોગોનો સમન્વય, ઈશ્વરભાવના, ઈશ્વરાભિમુખતા વગેરે લેખોમાં કરી છે. એમાં મનુષ્યમાં ઈશ્વર કે પરમેશ્વરની ભાવના કેમ છે, શા માટે તે ઈશ્વરાભિમુખ થવા ઝંખે છે. કેવા યોગોના સમન્વયથી પરમાત્માનો પ્રાદુર્ભાવ થાય છે, એ વાત સમજાવી છે.

ધર્મ અને અધ્યાત્મવિદ્યાને લગતા સાતેક લેખો મળે છે. તેમાં ધાર્મિક જીવન, સર્વસાધારણ ધર્મ અને સ્વધર્મ, અધ્યાત્મવિદ્યા અને કલાવિધાન, સાંપ્રદાયિક ધર્મો, ધર્મની શુદ્ધિવૃદ્ધિ, સનાતન ધર્મશિક્ષણ, ધર્મનું ભાવનામય શિક્ષણ, ખ્રિસ્તીધર્મ અને શૈવસિદ્ધાન્ત વગેરેમાં ધર્મ અને અધ્યાત્મના સ્વરૂપ, વ્યાકરણ, શિક્ષણ, સિદ્ધાન્ત, શુદ્ધિકરણ, સાંપ્રદાયિકતા વગેરે મુદ્દાઓની વિશદ છણાવટ થયેલી છે.

અદ્વૈત વેદાંત વિચારમાં એમની શ્રદ્ધા દૃઢ હતી. તેથી એ વિષયના જુદાં જુદાં પાસાંને લગતા સાત લેખો આ સંગ્રહોમાં છે. વેદાન્તવિચાર, બ્રહ્માત્મચિંતન, યજ્ઞભાવના અને બ્રહ્મભાવના, બ્રહ્મવિદ્યાનો પ્રભાવ, ભગવદવશીકરણ, બ્રહ્મવિદની રસિકતા અને અદ્વૈતદર્શનનાં બે નેત્રો - આ લેખોમાં વેદાંતની દૃષ્ટિએ બ્રહ્મતત્ત્વ, બ્રહ્માનુભવ, એના પ્રભાવ અને આનંદની વાત સમજાવી છે. ઉપનિષદ વિશેના ઈશાવાસ્ય ઉપનિષદનો મર્મ, ઉપનિષદ આખ્યાનમાળા અને અરુણ ઉપનિષદ - એ ત્રણેય લેખો આ વેદાંત વિચારણાના જ ગણાય.

વેદાંતની અદ્વૈતબ્રહ્મની વિચારણાના મુખ્ય ચિંતક અને ભાષ્યકાર આદિ શંકરાચાર્ય હતા. તેથી એમના વિચારચિંતન અને એની લાક્ષણિકતાઓ સમજાવતા છ લેખો આ સંગ્રહમાં છે. એ લેખોનાં શીર્ષકોથી જ એમની ખૂબીઓનો ખ્યાલ આવશે. એ લેખો છે : શ્રી શંકરાચાર્યનું ધર્મસમુદ્ધરણ, પંચાયતન પૂજા, શાંકરદર્શન અને સાધનસિદ્ધિ, શંકર અદ્વૈતદર્શન અને શક્તિવાદ, શ્રી શાંકરસિદ્ધાન્તમાં ભક્તિનું સ્થાન, કેવલાદ્વૈત અને શુદ્ધાદ્વૈત.

પોતે જ્ઞાનમાર્ગના ઉપાસક હતા, પરંતુ ભક્તિમાર્ગ અને ઉપાસના પદ્ધતિના તેઓ પુરસ્કર્તા પણ હતા, એ વાતની પ્રતીતિ ઉપાસનાનાં મૂળતત્ત્વો, ભક્તિમીમાંસા, ભગવદભક્તિ, ભગવદભક્તિ અને બ્રહ્મવિદ્યા - એ ચાર લેખોમાં થાય છે.

હિંદુ, જૈન અને બૌદ્ધ - એ ત્રણેય ધર્મ માર્ગોમાં મંત્ર, યંત્ર અને તંત્રને વિશે શ્રદ્ધાપૂર્વક વિચારણા અને વ્યવહાર થયાં છે. શ્રી નર્મદાશંકર મહેતા એ વિષયના પણ તજજ્ઞ હતા. આ મંત્ર, યંત્ર

અને તંત્ર એટલે શું? એની આવશ્યકતા કેમ છે, આનું દીપન અને રક્ષણ કેવી રીતે કરી શકાય, મંત્રયોગની વિશેષતા શી છે, રુદ્રાધ્યાય અને મહામૃત્યુંજય મંત્રોનું રહસ્ય શું છે - એ વાતની છણાવટ મંત્ર, યંત્ર, તંત્ર, મંત્રયોગ, મંત્રનું રક્ષણ, જપમાર્ગ અને મંત્રશાસ્ત્ર, મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ ગીતા, રુદ્રાધ્યાય મંત્રો અને મહામૃત્યુંજય મંત્ર - એ લેખોમાં થયેલી છે.

ત્રણેય ધર્મદર્શનોમાં ગુરુમાહત્મ્યનો સ્વીકાર થયેલો છે. તો ગુરુ-ઈશ્વરની વ્યાપ્તિ, સદ્‌ગુરુ અવતારરહસ્ય અને મારા સદ્‌ગુરુ - એ ત્રણ લેખોમાં એમણે ગુરુ અને સદ્‌ગુરુ એટલે કોણ, એમનાં ગુણસ્વરૂપકાર્યો કેવાં હોય, એને ઈશ્વર સમકક્ષ શા માટે ગણવામાં આવ્યા છે, એ બધી બાબતો એમણે તાત્ત્વિક રીતે સમજાવી છે.

ત્રણેય ધર્મદર્શનોમાં આકાશ, આનંદ અને તીર્થનો મહિમા ખૂબ ગવાયો છે. શા માટે એનો મહિમા છે, એ વાત એમણે આકાશમીમાંસા, આનંદમીમાંસા અને તીર્થમીમાંસા જેવા ત્રણ વિસ્તારી લેખોમાં પ્રાસાદિક ભાષામાં સમજાવી છે.

તેઓ પાશ્ચાત્ય વિજ્ઞાન, વૈજ્ઞાનિકો તથા તત્ત્વવિચારકોના સિદ્ધાન્તોનો પણ ઘણો સારો પરિચય ધરાવતા હતા, એ વાતની પ્રતીતિ પદાર્થવિજ્ઞાનનો અદ્વૈતવાદ, અદ્વૈતદર્શન અને સ્પાઈનોઝા અને દેહોત્પતિવિજ્ઞાન જેવા લેખો દ્વારા થાય છે.

આ ઉપરાંત, એમણે અપ્પય દીક્ષિતના 'વૈરાગ્યશતક'નો, અરવિંદ ઘોષના તત્ત્વજ્ઞાનનો તથા શ્રીમદ્ રાજચંદ્રની તત્ત્વવિચારણાનો તથા શિવતત્ત્વરહસ્યનો પરિચય કરાવ્યો છે. બુદ્ધકથાઓ અને બુદ્ધવચનની અસરનો પરિચય કરાવ્યો છે. હિંદુસ્તાનમાં હોલિકા અને દીપોત્સવી જેવા તહેવારોનું રહસ્ય સમજાવ્યું છે. બ્રાહ્મણો જૈનો અને બૌદ્ધો વચ્ચે સંસ્કારો અને વિચારોનું આદાનપ્રદાન કેવું થયું છે, એ પણ ચર્ચ્યું છે. એ ઉપરાંત જિજ્ઞાસુ સાધકોના શંકાપ્રશ્નોના ઉત્તરો આપી એમના મનનું સમાધાન કરતાં લેખો પણ આ સંગ્રહોમાં છે. આ બધા લેખોમાં એમની અભ્યાસીવૃત્તિ, શાસ્ત્રવ્યાસંગ અને બહુ શ્રુતતાનો પરિચય થાય છે. પોતાને હસ્તગત જ્ઞાન મૂડી તેઓ આ લેખોમાં ઠાલવી દેતા હોય તેમ જણાય છે. લખાણમાં અશેષ નિરૂપણના તેઓ આગ્રહી જણાય છે. તેથી તેમના કેટલાક લેખો પથરાટવાળા જણાય છે. ક્યારેક પ્રાસંગિક, કે આનુષંગિક લખાણ લાંબુ હોય છે. ક્યારેક એમાં અતિવિશ્લેષણ પણ હોય છે. ક્યારેક પ્રાસ્તવિક, પ્રેરક કે ઉદ્‌બોધક લખાણ લાંબુ થઈ જતું જણાય છે. ભાષા કરતાં એમનું વધુ ધ્યાન વિષય ઉપર જ રહેતું હોવાથી લખાણ ભારઝલ્લું થઈ જતું પણ ક્યારેક લાગે. આવી કેટલીક મર્યાદાઓ એમની આ તત્ત્વવિચારણામાં કળાય છે.

પરંતુ સમગ્રદૃષ્ટિએ જોઈએ તો આ બધાં લખાણોમાંથી ઊપસતી એમની મુદ્રા ધર્મ શાસ્ત્રપંડિત અને તત્ત્વવિચારકની જણાય છે. એમાં દૃષ્ટિ, વિદ્વતા અને તત્ત્વવિચારણા ઊંચી કક્ષાના છે. એમની અભ્યાસમહત્તિ ભારતીય પરંપરાની છે. કેમકે તેઓ ભારતીય ઢાંચાના શાસ્ત્રજ્ઞ છે. પણ સાથોસાથ એ પણ સ્વીકારવું પડે એમ છે કે તેઓ જેટલા ભારતીય તેટલા જ પ્રમાણમાં પાશ્ચાત્ય પદ્ધતિ અને પ્રકૃતિના પંડિત પણ છે. એક બાજુ તેઓ મતાગ્રહી નથી, ઉદારમતવાદી અને આ કે તે પક્ષ, વાડા, ફિરકા કે તડામાં બંધાયેલા નથી, પરંતુ વિવિધ દૃષ્ટિમાન્યતાઓના સમન્વયકર્તા છે. તો બીજી બાજુ એમની દૃષ્ટિ ઐતિહાસિક હોવા છતાં અર્વાચીન, તુલનાત્મક અને ચિકિત્સક છે. એમના તત્ત્વવિચારના આ લેખો સોનાની લગડી જેવા છે. એમાં અન્ય ગુણો સાથે વેધકતા (thoroughness) નો ગુણ પણ છે. આ ગુણ કદાચ એમની વહીવટકર્તાની કારકિર્દીમાંથી આવ્યો હોય. એમનામાં ખરેખર તો એક વહીવટકુશળ વ્યવહારપુરુષ અને વિદ્યાપરાયણ તત્ત્વવિચારકનો સુયોગ સધાયેલો હતો.

આટલી સૂક્ષ્મ, સતેજ અને સભર તત્ત્વવિચારણાના સ્વામી હોવા છતાં એમની જોઈએ તેવી કદર થઈ નથી. એમને વિસારે પાડી દેવાયા છે બાકી ખરેખર તો મૌલિક અને સમર્થ ચિંતકોમાં એમનું સ્થાન છે.

❑❑❑

'કદમ્બ' બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી,
મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર -૩૮૮૧૨૦
સંપર્ક : ૦૨૬૯૨ - ૨૩૩૭૫૦
૦૯૭૨૭૩૩૩૦૦૦

# નાથ દર્શનનું વિશિષ્ટ સ્વરૂપ

**ભાણદેવ**

**૧. પ્રસ્તાવ** : આ ધરતી પર અનેક અને અનેકવિધ દર્શનો પ્રગટ્યા છે. વધ્યા છે અને વિકસ્યા છે. તદ્‌નુસાર ભારતીય દર્શનની એક શાખા નાથદર્શન પણ ભારતની ફળદ્રુપ ભૂમિમાં પ્રગટ થઈ છે.

નાથસંપ્રદાય પ્રધાનતઃ સાધના પ્રધાન પરંપરા છે. આમ છતાં સાધના પદ્ધતિ અને અધ્યાત્મવિદ્યાને દાર્શનિક આધાર પણ જોઈએ જ. આમ નાથસંપ્રદાયને પણ પોતાનું વેદસંમત દર્શન છે.

નાથદર્શનનો વિશેષ વિકાસ અને તેની ભારતીય દર્શનમાં પ્રતિષ્ઠા મહાયોગી ગોરખનાથ દ્વારા થઈ છે. આમ નાથસંપ્રદાયની સાધના અને દર્શન ગોરખનાથની કૃપાથી આપણી પાસે અદ્યાપિ પર્યંત અવ્યવસ્થિત છે.

અહીં નાથદર્શનના કેટલાક વિશિષ્ટ તત્ત્વો પ્રસ્તુત છે.

**૨. શિવશક્તિવાદ** : આ જીવનના અને આ જગતના કોયડાને ઉકેલવા માટે ભારતવર્ષમાં અને અન્યત્ર પણ અનેકવિધ

વિચારધારાઓ પ્રગટ થઈ છે.

ભગવાન શંકરાચાર્ય એકમેવાદ્વિતીય બ્રહ્મતત્ત્વની પ્રતિષ્ઠા કરે છે અને જગતને માયા દ્વારા આભાસિત ગણીને જગતનો છેદ ઉડાડી દે છે. આમ ભગવાન શંકરાચાર્ય માયાવાદ દ્વારા અદ્વૈત સિદ્ધ કરે છે.

મહાપ્રભુ વલ્લભાચાર્યજી મહારાજ માયાવાદનો સ્વીકાર કરતા નથી તેમના મતે પરબ્રહ્મ પરમાત્મા માયાનો આશ્રય લીધા વિના જગતની રચના કરી શકે છે. મહાપ્રભુ માયાનો આશ્રય લીધા વિના અદ્વૈતસિદ્ધ કરે છે તેથી તેમના દર્શનને શુદ્ધા દ્વૈત કહેવામાં આવે.

શ્રીનિમ્બાર્કાચાર્યજી મહારાજ જીવ, જગત અને ઈશ્વરના સ્વરૂપ અને સંબંધને સમજાવવા માટે દ્વૈત અને અદ્વૈત બંનેનો સ્વીકાર કરે છે. જે અદ્વય છે, તે દ્વૈત પણ ધારણ કરી શકે છે અને કરે છે. તદનુસાર તેમનું દર્શન દ્વૈતા-દ્વૈતવાદી દર્શન ગણાય છે.

શ્રીરામાનુજાચાર્ય જીવ અને જગતને બ્રહ્મના જ વિશિષ્ટ સ્વરૂપો ગણીને વિશિષ્ટાદ્વૈતદર્શન આપે છે.

મધ્વાચાર્યજી જીવ-ઈશ્વર, જીવ-જગત, જગત-ઈશ્વર, જીવ-જગત અને જીવ-જીવ- આ પાંચેય પ્રકારના દ્વૈતનો સ્વીકાર કરે છે, તદનુસાર તેમનું દ્વૈતવાદી દર્શન છે.

બૌદ્ધો સમગ્ર અસ્તિત્વને શૂન્ય સ્વરૂપ ગણાવે છે અને તદનુસાર શૂન્યવાદ આપે છે.

ગૌડીયદર્શનમાં જીવ, જગત અને ઈશ્વરનો સંબંધ અને તદનુસાર દ્વૈત-અદ્વૈતનું સ્વરૂપ અચિંત્ય છે. તેમના દર્શનને અચિંત્ય-ભેદાભેદવાદી દર્શન કહેવામાં આવે છે.

તંત્ર પરંપરામાં સમગ્ર સૃષ્ટિને શક્તિનું સર્જન ગણવામાં આવે છે તદનુસાર તેમનું દર્શન શક્તિવાદી અર્થાત શાક્તદર્શન છે.

**નાથસંપ્રદાય શું કહે છે ?**

નાથસંપ્રદાયમાં માયાવાદનો સ્વીકાર નથી. તેઓ શિવને પરમ તત્ત્વ ગણે છે. તેમની અભિન્ન શક્તિને 'શક્તિ' કહે છે. સમગ્ર સૃષ્ટિ શિવશક્તિનું સર્જન છે. તદનુસાર તેમનું દર્શન શિવશક્તિવાદી છે.

નાથસંપ્રદાય પ્રમાણે શિવ ચિન્મય છે તો તેની શક્તિ પણ ચિન્મયી છે અને તેમનું સર્જન જગત પણ ચિન્મય છે. અહીં કશું જ જડ નથી બધું જ ચૈતન્ય છે.

નાથસંપ્રદાય મૂલતઃ અદ્વૈતવાદનો સ્વીકાર કરે છે. આમ છતાં માયાવાદી નથી. શંકરાચાર્ય પ્રણીત અદ્વૈતવાદથી વિલક્ષણ છે. તેમના મતે જગત માયાકલ્પિત કે મિથ્યા નથી, પરંતુ સત્ય છે. અદ્વૈતવાદીદર્શનમાં માયાને જડસ્વરૂપા ગણવામાં આવે છે અને તેથી માયાકલ્પિત જગતને પણ જડ ગણવામાં આવે છે. અહીં નાથદર્શન શાંકદર્શનથી વિલક્ષણ છે. નાથદર્શન શિવની જેમ શક્તિ અને જગતને પણ ચિદ્રુપ ગણે છે.

આ જગત ચિદ્રુપ અને શિવશક્તિ સ્વરૂપ છે. તદનુસાર નાથદર્શન શિવશક્તિવાદી દર્શન છે.

આ સમસ્યાને એક અન્ય દૃષ્ટિથી પણ જોઈ શકાય છે.

શાંકર દર્શન માયાવાદનો સ્વીકાર કરે છે. વૈષ્ણવદર્શનો (વલ્લભાચાર્ય, નિંબાર્કાચાર્ય, મધ્વાચાર્ય, રામાનુજાચાર્ય, ચૈતન્ય મહાપ્રભુ) લીલાવાદનો સ્વીકાર કરે છે. કાશ્મીર શૈવદર્શન સ્પંદવાદનો સ્વીકાર કરે છે. શાક્ત પરંપરા શક્તિવાદનો સ્વીકાર કરે છે અને નાથદર્શન શિવશક્તિવાદનો સ્વીકાર કરે છે, તેમ સમજવું જોઈએ.

૩. દ્વૈતાદ્વૈતવિલક્ષણવાદ : સ્વરૂપતઃ નાથ દર્શન અદ્વૈતવાદી દર્શન છે. આમ છતાં તેમનો અદ્વૈતવાદ શંકરાચાર્યના અદ્વૈતવાદથી વિલક્ષણ છે. નાથતત્ત્વ દ્વૈતથી વિલક્ષણ છે, તેમ અદ્વૈતથી પણ વિલક્ષણ છે. દ્વૈત અને અદ્વૈત, બંને ઉપાધિઓ છે નાથતત્ત્વ દ્વૈત અને અદ્વૈત, બંનેથી પર છે, અતીત છે. તદનુસાર નાથદર્શનને દ્વૈતાદ્વૈતવિલક્ષણવાદી દર્શન પણ કહેવામાં આવે છે.

નાથતત્ત્વની આ પરાત્પરતાને કારણે જ તેને 'આદ્યપિંડ' કહેલ છે. કારણ કે તે સર્વ ઉપાધિથી પર છે, તો તેને આદ્ય પણ ન કહી શકાય, તેથી નાથતત્ત્વને પરપિંડ કહેલ છે.

નાથદર્શન દ્વૈતવાદી દર્શન નથી અને તે શાંકરમત પ્રમાણે અદ્વૈતવાદી પણ નથી. તેથી નાથદર્શન દ્વૈતાદ્વૈત વિલક્ષણવાદી દર્શન છે.

આમ જોઈએ તો ગૌડીયદર્શનનો અચિંત્યભેદાભેદ પણ દ્વૈતાદ્વૈતવિલક્ષણવાદનું જ એક સ્વરૂપ ગણાય પરંતુ નાથદર્શન અને ગૌડીય દર્શનનાં દ્વૈતા દ્વૈત વિલક્ષણવાદમાં એક પાયાની ભિન્નતા છે. વૈષ્ણવદર્શન તરીકે ગૌડીયદર્શન લીલાવાદી દર્શન છે. નાથદર્શન લીલાવાદીદર્શન નથી, પરંતુ શિવશક્તિવાદી દર્શન છે. આમ નાથદર્શનનો દ્વૈતાદ્વૈત વિલક્ષણવાદ તેમનો પોતાનો વિશિષ્ટ દ્વૈતાદ્વૈતવિલક્ષણવાદ છે.

**૪. આત્મસંકોચન :** નાથદર્શનમાં માયાવાદનો સ્વીકાર નથી; તેમાં લીલાવાદનો સ્વીકાર નથી અને સ્પંદવાદનો સ્વીકાર પણ નથી. તાંત્રિકદર્શનનો શક્તિવાદ પણ અહીં નથી. અહીં શિવશક્તિવાદ અને દ્વૈતાદ્વૈતવિલક્ષણવાદ છે.

અહીં બે પ્રશ્નોના ઉત્તર આપવાનું કાર્ય બાકી રહે છે. નાથદર્શન પ્રમાણે શિવ જ પોતાની શક્તિથી આ જગતરૂપે બને છે. અહીં બે પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

**(૧) શિવશક્તિ સૃષ્ટિની રચના શા માટે કરે છે ?**

**ઉત્તર છે** - સિસૃક્ષા અર્થાત સૃષ્ટિસર્જનની (તેમની) ઈચ્છા! તેમને ઈચ્છા શા માટે? આ પ્રશ્ન પૂછી ન શકાય કારણ કે તે સર્વ તંત્ર સ્વતંત્ર છે.

**(૨) અનંત અને અમર્યાદ શિવ આ જગત રૂપે સાંત અને મર્યાદિત**

કેવી રીતે બને છે ?

**આનો ઉત્તર છે** - આત્મસંકોચન (Self limitation) ની પ્રક્રિયા દ્વારા.

આ આત્મસંકોચનની પ્રક્રિયા દ્વારા સર્વજ્ઞ અલ્પજ્ઞ બને છે, અનંત સાંત બને છે, સર્વશક્તિમાન અલ્પશક્તિમાન બને છે; સર્વકર્તા અલ્પકર્તા બને છે; નિત્ય તૃપ્ત અતૃપ્ત કે અલ્પતૃપ્ત બને છે. સર્વવ્યાપક અલ્પવ્યાપક બને છે અને નિત્ય અનિત્ય બને છે. આ આત્મસંકોચનની પ્રક્રિયાથી જ શિવ જીવ બને છે.

આ સંકોચનકારી તત્ત્વોને નાથદર્શનમાં 'કંચુક' કહેવામાં આવે છે. આ કંચુક ૬ છે. ૧. માયા ૨. વિદ્યા (અવિદ્યા) ૩. કલા ૪. રાગ ૫. કાલ ૬. નિયતિ

આમ આ આત્મસંકોચનના સિદ્ધાંત દ્વારા નાથદર્શન જીવ અને જગતના કોયડાને સમજાવે છે. આ એક ઘણું મૌલિક દર્શન છે.

**૫. જીવનનિષ્ઠ અધ્યાત્મ** : ભારતીય દર્શન, ભારતીય અધ્યાત્મ અને ભારતીય જીવનશૈલી અર્થાત્ સમગ્ર ભારતીય સંસ્કૃતિમાં કેટલાક નઠારાં તત્ત્વો પ્રવેશી ગયા છે. આ નઠારાં તત્ત્વોએ ભારતીય સમાજને ભારત રાષ્ટ્રને અને ભારતીય પ્રજાજનોને ભારે મોટું નુકશાન પહોંચાડયું છે.

આપણે જોઈએ કે આ નઠારાં તત્ત્વો કયા કયા છે અને તેમના વિશે નાથદર્શન શું કહે છે.

(૧) આપણી જીવનશૈલીમાં અને આપણી જીવનદૃષ્ટિમાં જીવન-વિમુખતા આવી ગઈ છે. જીવન જાણે કોઈ સજા છે અને પૃથ્વી જાણે સજાગૃહ તેમ આપણે માની લીધું છે. જન્મ-મરણમાંથી મુક્ત થવાને આપણે જીવનનું લક્ષ્ય ગણી લીધું છે. આ જીવનવિમુખ દૃષ્ટિકોણને કારણે આપણે જીવનને પૂર્ણતાથી મનભર જીવી શકતા નથી.

ભારતીય જીવનશૈલીમાં આ જીવનવિમુખતા ક્યાંથી આવી છે? ગીતા-ઉપનિષદોમાં જીવનવિમુખતા નથી. આ જીવનવિમુખતા બૌદ્ધોનું પ્રદાન છે. બૌદ્ધ દર્શન બધું અનિત્ય અને દુઃખ પૂર્ણ છે. એમ જાહેર કરે છે અને એમ જાહેર કરીને ભારતીય સમાજને જીવનવિમુખતા શીખવે છે.

આ જીવનવિમુખતાની અસર શાંકરદર્શન પર અને પછી સમગ્ર ભારત પર ફેલાઈ ગઈ છે.

નાથદર્શન આમાં અપવાદ છે. નાથદર્શન આ જગતને માયાસ્વરૂપ કે મિથ્યા ગણતું નથી. આ જગત શિવ-શક્તિનું સર્જન છે અને શિવશક્તિ સ્વરૂપ છે અને તેથી જીવ અને જગત, બંને શિવશક્તિની જેમ જ ચિદ્રુપ અર્થાત ચૈતન્ય છે. જગત મિથ્યા નથી, શિવસ્વરૂપ છે અને જીવ પણ શિવસ્વરૂપ છે અને શિવ બની શકે છે.

આનો અર્થ એમ થયો કે નાથદર્શનમાં જીવનનો ઈન્કાર નથી સ્વીકાર છે.

(૨) દુઃખ છે - આ બૌદ્ધધર્મનું પ્રથમ આર્યસત્ય છે. તદનુસાર બૌદ્ધ ધર્મ જીવનને દુઃખરૂપ ગણે છે. તેમના મતે જીવનનો પાયો જ દુઃખપૂર્ણ છે. ઉપનિષદો અને ગીતા જીવનના પાયામાં દુઃખ નહિ, પરંતુ 'આનંદ' જુવે છે.

નાથદર્શનમાં જીવનને દુઃખપૂર્ણ નહિ, પરંતુ શિવસ્વરૂપ અને ચિદ્રુપ ગણવામાં આવે છે. તદનુસાર અહીં જીવનને દુઃખ પૂર્ણ ગણીને તેનો ઈન્કાર નહિ, પરંતુ શિવસ્વરૂપ ગણીને ભરપૂર સ્વીકાર કરવામાં આવે છે.

(૩) બૌદ્ધોનો શૂન્યવાદ અને શાંકરવેદાંતના માયાવાદની અસરને પરિણામે સમગ્ર જગત અને જીવનને વ્યર્થ અને મિથ્યા માની બેઠા છીએ. પરિણામે આપણી જીવનદૃષ્ટિ જીવનવિમુખ બની ગઈ છે.

નાથસંપ્રદાયમાં માયાવાદ નથી. નાથદર્શનમાં જીવન અને જગતને ભ્રામક ગણતા નથી. પરંતુ ચિદ્રુપ ગણે છે અર્થાત નાથદર્શનમાં આ સૃષ્ટિને શિવસ્વરૂપ ગણીને તેનો સ્વીકાર કરવામાં આવે છે.

નાથદર્શનમાં અવિદ્યાનો, અજ્ઞાનનો, દુઃખનો, વ્યાધિનો, જરાનો, મૃત્યુનો ઈન્કાર છે, પરંતુ જીવનનો ઈન્કાર નથી, સ્વીકાર છે.

**૬. સૃષ્ટિનો પાયો-શક્તિ** : સામાન્યતઃ સૃષ્ટિને પ્રકૃતિનું સર્જન ગણવામાં આવે છે અને પ્રકૃતિને જડ ગણીને સૃષ્ટિને પણ જડ ગણવામાં આવે છે.

નાથદર્શનમાં સૃષ્ટિનો પાયો પ્રકૃતિને નહિ, પરંતુ શિવ-શક્તિ ગણવામાં આવે છે. શિવ અને તેમની શક્તિ, બંને ચિદ્રુપ છે. તેથી સૃષ્ટિ જડ પ્રકૃતિનું નહિ, પરંતુ ચિદ્રુપ શિવશક્તિનું સર્જન છે.

નાથદર્શનની દૃષ્ટિમાં અહીં આ સૃષ્ટિમાં કશું જ જડ નથી. બધું જ ચિન્મય છે. ચિન્મયનું સર્જન ચિન્મય જ હોય આ નાથદર્શનનો સિદ્ધાંત છે.

**૭. આદેશ** : નાથસંપ્રદાયના સાધુઓ અને અનુયાયીઓ અન્યોન્ય અભિવાદન કરવા માટે 'આદેશ' શબ્દનો પ્રયોગ કરે છે.

આ 'આદેશ' શબ્દનો અર્થ શો છે?

'આદેશ' શબ્દનો ઉપનિષદોમાં પ્રયોગ થયો છે. તદનુસાર રહસ્યપૂર્ણ આધ્યાત્મિક સત્યને સંકેત દ્વારા સૂચિત કરવામાં આવે છે. આ રહસ્યપૂર્ણ સંકેતને ઉપનિષદોમાં 'આદેશ' કહેવામાં આવે છે.

ગંગાસતી વીજળીને ચમકારે મોતી પરોવવાની વાત કહે છે. આ રહસ્યપૂર્ણ સંકેત છે તદનુસાર આ આદેશ છે.

નાથસાધુઓ અને અનુયાયીઓ 'આદેશ' શબ્દના પ્રયોગ દ્વારા એક રહસ્યપૂર્ણ સંકેત સૂચિત કરે છે. કયો છે, આ

રહસ્યપૂર્ણ સંકેત?

આ રહસ્યપૂર્ણ સંકેત છે -

''હે જીવ! તું શિવસ્વરૂપ છે! યાદ કર યાદ કર! યોગસાધના દ્વારા તારા શિવસ્વરૂપને પામી લે!

૮. **રહસ્યપૂર્ણ તત્ત્વો** : નાથસંપ્રદાય ગહન રહસ્યવાદી સંપ્રદાય છે. તદનુસાર નાથદર્શન અને નાથસાધનામાં રહસ્યપૂર્ણ તત્ત્વો પણ ઘણાં છે.

(૧) માનવદેહનું રહસ્યપૂર્ણ સ્વરૂપ

(૨) કુંડલિની અને તેનું જાગરણ

(૩) યોગસાધના

(૪) નાદાનુસંધાન

(૫) અજપાજપ

(૬) સમરસી કરણ

(૭) દેહસિદ્ધિ

❑❑❑

સંપર્ક : ૦૨૮ ૨૨-૨૯૨૬૮૮

# મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન

**ડૉ. જિતેન્દ્ર બી. શાહ**

**મ**હાપંડિત રાહુલ સાંકૃત્યાયનનું નામ ભારતીય સાહિત્ય જગતમાં અમર છે. મહાપંડિત (કાશી પંડિત સભા), ત્રિપિટકાચાર્ય (શ્રીલંકા વિદ્યાલંકાર પરિવેણ), સાહિત્ય વાચસ્પતિ (હિન્દી સાહિત્ય સંમેલન, અલ્હાબાદ), ડી. લિટ્ (ભાગલપુર વિશ્વ વિદ્યાલય), ડી. લિટ્ (શ્રીલંકા વિદ્યાલંકાર પરિવેણ), પદ્મભૂષણ (ભારત સરકાર), મહામહોપાધ્યાય આદિ ઉપાધિઓ તેમની બહુમુખી પ્રતિભા, બહુશ્રુતત્વ અને કૃતિત્વને માપવામાં અપર્યાપ્ત પુરવાર થઈ છે. ભાષા, સાહિત્ય, ઈતિહાસ, પુરાતત્ત્વ, દર્શન, રાજનીતિ, સમાજશાસ્ત્ર, માર્ક્સવાદ, કિસાન આંદોલન, રાષ્ટ્રિય આંદોલન આદિ અનેક વિષયોમાં રાહુલ સાંકૃત્યાયનનું યોગદાન અતુલનીય છે. તેમને શ્રીલંકાની વિદ્યાલંકાર પરિવેણ વિશ્વવિદ્યાલય દ્વારા ૧૯૬૨માં પ્રથમ એવોર્ડ વિતરણ ઉત્સવમાં માનદ્ ડી. લિટ્ ની ઉપાધિ એનાયત કરવામાં આવી ત્યારે ડૉ. શાંતિભિક્ષુ શાસ્ત્રીએ સંસ્કૃત ભાષામાં રાહુલજી વિશે બોલતા જણાવ્યું હતું કે ''હું હવે રાહુલ સાંકુત્યાયનનું નામ પ્રસ્તુત કરૂં છું. તેમની પૂર્વ તથા પશ્ચિમમાં પ્રાચ્યવિદ્યાની વિદ્વદ્ મંડળીમાં સવિશેષ પ્રતિષ્ઠા છે. આ મહાનુભાવે ધર્મકીર્તિના પ્રમાણવાર્તિક, સ્વવૃત્તિ, વાદન્યાય આદિ ચિરકાળથી લુપ્ત ગ્રંથોને તિબેટ જઈને લઈ આવ્યા અને સંપાદિત કર્યા. તેઓ એ તિબેટના વિહારોમાં સુરક્ષિત અનેક લુપ્ત ગ્રંથોની તાડપત્રીય ગ્રંથોની ફોટો કોપી લાવી બૌદ્ધ ધર્મના તર્ક તથા ધર્મના સ્વાધ્યાયમાં રત લોકો ઉપર પરમ ઉપકાર કર્યો અને લુપ્ત ગ્રંથોના આવિષ્કારમાં તેમનું અદ્વિતીય યોગદાન છે. તેઓ પહેલાં આ સિંહલદ્વીપની પ્રસ્તુત વિદ્યાલંકાર નામક વિદ્યાલયમાં ભગવાન બુદ્ધના મૂળભૂત આગમોના અધ્યેતા અને હિંદીભાષામાં અનુવાદ દ્વારા ઉત્તર ભારતમાં સંપ્રવર્તક છે. સ્વતંત્ર ભારતમાં વિજ્ઞાન વિષયક પરિભાષાઓનો જ નહીં, રાજશાસન વિષયક પરિભાષાઓનો અભાવ જોઈને શાસન શબ્દકોશના રચયિતા તથા પચાસ હજાર પાનાઓનું મૌલિક, અનુવાદિત, સંપાદિત સાહિત્યના નિર્માતા, પહેલા લેનિનગ્રાદ વિશ્વવિદ્યાલય (રશિયા)માં પ્રાધ્યાપક હતા અને હવે વિદ્યાલંકાર વિશ્વવિદ્યાલય (શ્રીલંકા)માં આચાર્ય(પ્રોફેસર) પદની શોભા વધારી રહ્યા છે.

દર્શન અને પુરાતત્ત્વમાં તેમની દૃષ્ટિ ગંભીર છે. તેઓ બહુજન પ્રિય છે. વિધાવૃદ્ધ અને વયોવૃદ્ધ હોવા છતાં પણ તેમના સ્વભાવમાં બાળકો જેવી સરળતા જોવા મળે છે. આ શ્રીમાન્ રાહુલ સાંકૃત્યાયન પોતાના પાંડિત્યના ગૌરવને કારણે ભારતીય પંડિતો દ્વારા મહાપંડિતની પદવીથી વિભૂષિત કરાયા છે. તેમજ વિદ્યાના ક્ષેત્રમાં મહાન સન્માનને યોગ્ય છે. વધુ શું કહેવું ?

કુલપતિજી, જેમણે ધર્મકીર્તિના ગ્રંથોનો પુનરૂદ્ધાર કર્યો, તથા અન્ય વિદ્વાનોની નષ્ટ થયેલી કૃતિઓનો પણ પુનરૂદ્ધાર કરનાર, વંદનીય રાહુલ સાંકૃત્યાયનને આ ઉત્સવમાં સાહિત્ય ચક્રવર્તી (ડી. લિટ્)ની પદવીથી સંમાનીત કરો.'' આ ટૂંકા વક્તવ્યમાં રાહુલ સાંકૃત્યાયનનો ટૂંકો પરિચય આપ્યો છે. તેમનું જીવન એક અલૌકિક કથાનક જેવું છે અને મહાભારત જેવું વિશાળ છે. તેમણે કરેલા કાર્યોની નોંધ કરવા જતાં પણ એક મોટો ગ્રંથ તૈયાર થાય. તેમણે પોતાના જીવનકાળમાં ૧૫૦થી વધુ ગ્રંથો લખ્યા. તેમાં ઉપન્યાસ, કથા સાહિત્ય, નાટકો, આત્મકથા, ચરિત્રકથાઓ, યાત્રાવૃત્તાંત, નિબંધો, રાજનીતિ, દર્શન, ધર્મ, ઈતિહાસ, સાહિત્યનો ઈતિહાસ, લોકસાહિત્ય, શોધગ્રંથો, કોશ, સંસ્કૃત ભાષા શિક્ષક, તિબ્બતની ભાષા શિક્ષક, સંપાદિત ગ્રંથો, પાલિભાષાના સંપાદનો, મૂળ સંસ્કૃત ગ્રંથો અને તેની ટીકાઓ, અનુવાદોનો સમાવેશ થાય છે. સિંહ સેનાપતિ, જય યૌધેય અને વોલ્ગાથી ગંગા જેવી નવલકથાઓનો ભારત અને વિદેશની અનેક ભાષાઓમાં અનુવાદ થયા છે. આ જ્ઞાન પ્રાપ્ત કરવા, ગ્રંથોનો પુનરૂદ્ધાર કરવા અને વિભિન્ન સંસ્કૃતિઓનો દેશ-વિદેશની યાત્રાઓ કરી ભારતીય સાહિત્યને સમૃદ્ધ કર્યું.

રાહુલજી સને ૧૯૬૩માં મૃત્યુ પામ્યા. તેમનો જન્મ આઝમગઢના નાનકડા ગામ પંદહામાં ૧૮૯૩માં થયો હતો. તેમના પિતા ગોવર્ધન પાંડે અને માતા કુલવંતી દેવી બ્રાહ્મણ ધર્મ પાળતા હતા. તેમનું

જન્મનું નામ કેદારનાથ પાંડે હતું. તેમણે પ્રાથમિક કક્ષાનું શિક્ષણ ગામમાં જ પ્રાપ્ત કર્યું. પરંતુ તેમના મનમાં જુદા જુદા પ્રદેશો જોવાની અને ફરવાની તીવ્ર ઇચ્છા હતી. તેઓ સ્વયં જણાવતા કે બચપણમાં મેં નવાજિન્દા બાજિન્દાની કથા (ખુદરાઈ કા નતીજા) વાંચી. તેમાં બાજિન્દાના મુખમાંથી નીકળેલા શબ્દો

*સૈર કર દુનિયા કી ગાફિલ જિન્દગાની ફીર કહાં ।।*

આ પંક્તિઓએ મારા જીવન ઉપર ઊંડી અસર કરી. ૧૧ વર્ષની ઉંમરે તેમને પરણાવી દેવામાં આવે છે. તેમાંથી તેમનું મન વિદ્રોહ કરે છે અને ગૃહત્યાગ કરી કલકત્તા ચાલ્યા જાય છે. ફરી ઘરે લાવવામાં આવે છે પરંતુ તેઓ લાંબા સમય સુધી ઘરમાં ન રહ્યા વળી પાછા કલકત્તા ચાલ્યા જાય છે. ૧૯૧૦માં તેમના મનમાં વૈરાગ્યના ભાવ ઉત્પન્ન થયા અને તે સમયે તેમણે અયોધ્યા, હરિદ્વાર, ગંગોત્રી, જમનોત્રી, બદરીનાથ, કેદારનાથની યાત્રા કરી પરંતુ વિદ્યાપ્રાપ્તિની તીવ્ર જિજ્ઞાસાને કારણે લાંબો સમય ટકી ન શક્યા. ૧૯૧૧માં સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવા કાશી પ્રસ્થાન કર્યું. ત્યાં તેમણે કઠોર મંત્ર સાધના કરી દેવીને સાક્ષાત્ બોલાવવાનો પ્રયાસ કર્યો પણ સફળતા ન મળી એટલે દેવ-દેવીઓના અસ્તિત્વ વિશે તેમના વિચારો બદલાયા. પણ નિષ્ફળ જવાને કારણે ધતૂરાના ફુલ ખાધા તેની અસરમાંથી શરીરને મહામુશ્કેલીથી બચ્યા. ૧૯૧૨-૧૩માં પરસા મઠમાં વૈષ્ણવ સાધુ રામઉદાર-દાસ બન્યા પણ અહીંનું વાતાવરણ વિદ્યાને અનુકૂળ ન હતું એટલે લાંબો સમય ટકી ન શક્યા. તે સમયે આર્યસમાજ તરફ આકર્ષણ પેદા થયું અને તેમના પ્રચારક પણ બન્યા. તેઓ સ્વયં લખે છે કે 'યસ્તર્કેણાનુસંધત્તે સ ધર્મ વેદ નેતર' અર્થાત્ જે તર્કથી સિદ્ધ થઈ શકે તેનો જ સ્વીકાર કરવો તે જ ધર્મ છે અન્ય નહીં. આ મહામંત્ર સાંભળી તેમના રોમેરોમ આર્યસમાજ અને દયાનંદ તરફ કૃતજ્ઞ બન્યા હતા. તેમણે ભદન્ત આનન્દ કૌસલ્યાયનને એકવાર કહ્યું હતું કે મહાભારત કાળ પછી ભારતમાં બે જ ઋષિ થયાં છે. બાકી તો બધા નાના-મોટા મુનિ છે. તે બે ઋષિ એક ભગવાન બુદ્ધ અને બીજા દયાનન્દ સરસ્વતી. પણ પછી તેઓએ દક્ષિણભારતની યાત્રા કરી અનેક સ્થળોનું પરિભ્રમણ કર્યું અને સંસ્કૃત ભણાવવા શ્રીલંકા વિદ્યાલંકાર વિદ્યાલયનું આમંત્રણ મળ્યું. અહીં તેઓ છ કલાક સંસ્કૃતભાષા ભણાવતા અને બાકીના સમયમાં બૌદ્ધ ગ્રંથોનો અભ્યાસ કરતા. માત્ર આઠ-નવ મહિનાના ટૂંકા ગાળામાં સમગ્ર ત્રિપિટક અને તેની અટ્ઠ કથાઓ, જેનું પરિમાણ ત્રણ મહાભારત જેટલું થાય તેનો સંપૂર્ણ અભ્યાસ કર્યો. તે સમયે તેઓ નોંધ કરતા હતા અને અભ્યાસ પૂર્ણ થયો એટલે તેમણે બુદ્ધના જીવન અને ઉપદેશ વિષયક એક ગ્રંથ બુદ્ધચર્યા તૈયાર કર્યો. આ ગ્રંથ ભારતીય ઇતિહાસની ઉપાદાન સામગ્રીની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ સમયે તેમને વસબંધુનો એક ગ્રંથ અભિધર્મકોશ પ્રાપ્ત થયો તેની ખંડિત કારિકાઓનો ઉદ્ધાર કર્યો અને સરળ સુબોધ સંસ્કૃત ભાષામાં ટીકા રચી.

તેમના મનમાં ત્રિપિટકના અનુવાદનો વિચાર આવ્યો એટલે તેમણે સુત્તપિટકના પહેલા નિકાય દીર્ઘનિકાય, બીજા નિકાય મજ્ઝિમનિકાય અને ત્રીજા નિકાય સંયુક્ત નિકાય જેવા વિશાળ ગ્રંથોનો હિન્દી અનુવાદ કર્યો. તેમની કામ કરવાની ક્ષમતા અદ્ભૂત હતી. રોજના ૧૬ થી ૧૮ કલાક કામ કરતા રોજ રાતના બે-બે વાગ્યા સુધી કામ કરતા. કોઈ તેમને કામ છોડી સુવાનું અને શરીરને સ્વસ્થ રાખવા જણાવતું તો તેઓ કહેતા કે હું પુનર્જન્મમાં માનતો નથી. એથી આ જન્મમાં મને દેહ મળ્યો છે તેનો પૂરો ઉપયોગ કરી લેવામાં માનું છું. આ ગ્રંથોના અનુવાદ માત્ર ૫૦-૫૦ દિવસમાં પૂર્ણ કરતા હતા. જગદીશ કાશ્યપના સહયોગથી અંગુત્તર નિકાયનો અનુવાદ કર્યો. ત્યારબાદ વિનય પિટક અને અભિધમ્મ પિટકનો અનુવાદ કર્યો.

શ્રીલંકામાં રહેતા તેમને બૌદ્ધ ધર્મ પ્રત્યે આકર્ષણ થયું અને તેમણે બૌદ્ધ ધર્મના ભિક્ષુ બનવાનો નિર્ણય કર્યો. હવે તેઓ રામઉદારદાસ મટીને રાહુલ સાંકૃત્યાયન બન્યા. તેમના જીવનમાં હંમેશા નવું નવું થતું રહ્યું. તેઓ સ્વયં કહેતા કે '**નિત્ય નવં નવં**', ભારતમાં બૌદ્ધ ધર્મ ન રહ્યો હું બૌદ્ધ બન્યો. હું સર્વાસ્તિવાદી બન્યો. આમ તેમના જીવનમાં નવા વળાંકો આવતા ગયા. તેમનું શરૂઆતનું જીવન વૈષ્ણવ, પછી આર્યસમાજી ત્યારબાદ બૌદ્ધ અને અંતે માર્ક્સવાદી

આ સમય દરમિયાન તેમની વિચારસરણીને ત્રણ વિભાગમાં વહેંચતા ભદન્ત આનંદ કૌસલ્યાયન કહે છે કે

૧. આત્મવાદી, ઈશ્વરવાદી, અધ્યાત્મવાદી

૨. અનાત્મવાદી, અનીશ્વરવાદી, અધ્યાત્મવાદી

૩. અનાત્મવાદી, અનીશ્વરવાદી, ભૌતિકવાદી

શરૂઆત તેઓ આત્મવાદી, ઈશ્વરવાદી, અધ્યાત્મવાદી હતા. શ્રીલંકામાં બૌદ્ધ ભિક્ષુની દીક્ષા લીધા બાદ તેમના મનમાં ઈશ્વર અને સત્ય વિશે મનોમંથન જન્મે છે. મજ્ઝિમનિકાય ગ્રંથનું અધ્યયન કરતી વખતે તેમણે બુદ્ધવચનો વાંચ્યા. તેમાં જણાવ્યું હતું કે નાવની જેમ મેં તમને ધર્મનો ઉપદેશ આપ્યો છે. તે પાર ઉતરવા માટે છે. માથે ઉંચકીને ફરવા માટે નહીં. આ વાંચતા જ તેમને થયું કે હું જેની શોધ કરી રહ્યો છું તે આ જ છે. તેમના મનમાં ઈશ્વર અને બુદ્ધ વિશે મંથન પેદા થયું. તેમને લાગવા માંડ્યું કે ઈશ્વર અને બુદ્ધ બન્ને એકસાથે રહી ન શકે. ઈશ્વર માત્ર કાલ્પનિક છે અને બુદ્ધ જ યથાર્થ વક્તા છે. આ સમયે તેમના મનમાં ઈશ્વરની માન્યતા છોડવા માટે તુમુલ યુદ્ધ ચાલે છે અંતે ઈશ્વર છૂટી જાય છે અને બુદ્ધ સ્થાયી થાય છે. ત્યારબાદ તેઓ રશિયા જાય છે ત્યાં માર્કસવાદી વિચારધારાના પરિચયમાં આવે છે ત્યારે અધ્યાત્મવાદ પણ છૂટી જાય છે અને ભૌતિકવાદી બને છે.

આમ છતાં તેઓ જ્યારે ધર્મ સંબંધી ચર્ચા કરે છે ત્યારે આલોચનાની સાથે સાથે તેના ગુણોની પ્રશંસા પણ કરે છે. સંકીર્ણ શ્રદ્ધાની કટરતા અને અંધવિશ્વાસની જડતા તેમનામાં ન હતી.

તેમની દૃષ્ટિમાં ધર્મ સતત વિકાસોન્મુખ માનવચેતનાની પ્રગતિનું પ્રતીક માત્ર છે. તેઓ માનતા હતા કે દર્શન ને ધર્મથી મુક્ત રાખવું જોઈએ. તેઓ સમન્વયાત્મ દૃષ્ટિ ધરાવતા હતા.

તેમણે અનેક લુપ્ત ગ્રંથોનો ઉદ્ધાર કર્યો. તેમાં ધર્મકીર્તિનું પ્રમાણવાર્તિક અને દોહોકોશ પ્રધાન છે. તેઓ અનેક ભાષાઓ જાણતા હતા. તો પ્રખર વ્યાખ્યાતા પણ હતા. આવા અન્ય અનેક ગુણો ધરાવતા રાહુલ સાંકૃત્યાયન ભારતીય સાહિત્ય જગતના દેદિપ્યમાન નક્ષત્ર હતા. તેમનું યોગદાન અવિસ્મરણીય અને ચિરસ્થાયી રહેશે. ❑❑❑

સંપર્ક : ૭૦૧૬૯૮૬૮૧૧૩, અમદાવાદ

## ૐ મૈયાના આરાધક વિશ્વવાત્સલ્યના સંદેશવાહક ક્રાંતદૃષ્ટા

# ચિંતક મુનિશ્રી સંતબાલજી

**ડૉ. મધુબેન જી. બરવાળિયા**

વિશ્વની અનેક સંસ્કૃતિ અને દાર્શનિક પરંપરાઓનું પિયરઘર ભારત છે એમ જ્ઞાની પુરુષોનું કથન છે, એવા ભારત દેશના ગુજરાત રાજ્યનાં સૌરાષ્ટ્ર વિસ્તાર એ સંતો અને વીરપુરુષોની ભૂમિ છે. મહાત્મા ગાંધીજી જેવા રાષ્ટ્રભક્ત, શ્રીમદ્ રાજચંદ્ર, દયાનંદ સરસ્વતી જેવી વિભૂતિ આ ધરાની દેન છે એવા સૌરાષ્ટ્રના મોરવી તાલુકામાં આવેલા ટોળ નામના નાનકડા ગામમાં ૨૬-૦૮-૧૯૦૪ના રોજ સંતબાલજીનો જન્મ થયો હતો. પિતા નાગજીભાઈ દેવજીભાઈ ને ત્યાં માતા મોતીબહેનની કૂખે અવતરેલા આ બાળકનું નામ શિવલાલ રાખવામાં આવ્યું અને તેમની નાની બહેનનું નામ મણિબહેન હતું. પિતાની નાની દુકાનથી પૂરતી કમાણી નહોતી તેથી રાજકોટ ગયા. ત્યાં ન ફાવતા ફરી ટોળ આવ્યા. ઘરખર્ચને પહોંચી વળવા ખૂબ મહેનત કરવી પડતી. અતિશ્રમથી પિતાને માંદગી આવી ને ખૂબ જ નાની વયે શિવલાલે પિતાનું છત્ર ગુમાવ્યું.

ટોળમાં શિક્ષણની સુવિધા ન હોવાથી બે માઈલ દૂર અરણી ટીંબા ગામે બે ગુજરાતીનો અભ્યાસ કર્યો અને પછી મોસાળ બાલંભામાં સાત ગુજરાતી ભણ્યા ને થોડું અંગ્રેજી શીખ્યા પછી મામા સાથે મુંબઈ ગયા. પહેલા કપડાના વેપારીને ત્યાં અને પછી પારસીને ત્યાં નોકરી કરી.

શિવલાલને મુંબઈનું દેશભક્તિના આંદોલનનું વાતાવરણ સ્પર્શવા લાગ્યું અને ખાદી પહેરવાની શરૂઆત કરી. રાજસ્થાનથી પધારેલા સૌભાગ્યમલજી મહારાજથી પ્રભાવિત થયા. આધ્યાત્મિક પ્રવૃત્તિમાં રસ વધ્યો. તેમની પાસે દીક્ષીત થવાના ભાવ જાગ્યા. પછી નાનચંદ્રજી મહારાજના વિશેષ પ્રભાવ હેઠળ આવ્યા.

ટોળમાં શિવલાલના માતા મોતીબાએ ઈમામ સાહેબની આગાહીથી ગભરાઈને શિવલાલની સગાઈ કરી. દેશમાં આવી શિવલાલે મણીબહેનનાં લગ્નનું કાર્ય પૂર્ણ કરી કુટુંબની ફરજ પૂર્ણ કરી. મોતીબાની તબિયત નાદુરસ્ત હતી. પેટના વ્યાધિના ઑપરેશન બાદ તેઓનો સ્વર્ગવાસ થયો. વૈરાગ્ય દૃઢ થતાં પૂ. નાનચંદ્રજી મહારાજને પત્ર લખી પોતાની ભાવના દર્શાવી.

પૂ. નાનચંદ્રજી મહારાજે પોતાની પાસે બોલાવી, સંસારત્યાગ પૂર્વેની તૈયારી તથા અભ્યાસ કરાવ્યો.

શિવલાલે કાકા દાદાની રજા-આજ્ઞા મેળવી. શિવલાલની જેમની સાથે સગાઈ થઈ હતી તે દીવાળીબહેન પાસે ગયા અને કહ્યું :

''...મારી ઈચ્છા વીતરાગ માર્ગમાં પ્રવેશવાની છે. ભાગવતી દીક્ષા લેવી છે. આપને આવવું હોય તો સંતો મદદ કરશે અને સંસાર માર્ગે જવું હોય તો મારી એક ભાઈ તરીકે શુભેચ્છા છે'' અને તેને વીરપસલીની સાડી ભેટ આપી. બહેને પણ ગોળની ગાંગડી ખવડાવી શુભમાર્ગે આગળ વધવાની શુભેચ્છા આપી.

મણીબહેનની આજ્ઞા લીધી. પૂ. સૌભાગ્યમલજી મ.સા.ની આજ્ઞા અને આશીર્વાદ પણ મળ્યા. પછી નાનચંદ્રજી મ.સા. સાથે શિવલાલ મોરબી આવ્યા. રાજવી લખધિરસિંહે ત્યાં વૈરાગી ભાવદિક્ષીત શિવલાલના ટૂંકા પ્રવચનથી રાજવી પ્રભાવિત થયા ને મોરબીમાં દીક્ષા થાય તેવા ભાવ દર્શાવ્યા. પરંતુ મોરબીમાં જૈન દીક્ષા પર પ્રતિબંધ છે, તે બાબત રાજવીનું ધ્યાન દોર્યું. રાજવીએ હુકમથી પ્રતિબંધ દૂર કરી સ. ૧૯૮૫ ઈ.સ. ૧૯૨૯ના જાન્યુઆરીમાં રાજ તરફથી બધી જ સુવિધા આપી, દીક્ષા માટે કરવી તેવો હુકમ કર્યો ને તે શિવલાલમાંથી સૌભાગ્યચંદ્ર થયા.

પૂ. ગુરુદેવ કવિવર્ય નાનચંદ્રજી મહારાજના સાન્નિધ્યે સાધનામાં આગળ વધતાં સોભાગ્યચંદ્ર મુનિશ્રી સંતબાલ બન્યા.

સંતબાલજીએ જૈન આગમો, ભારતીય દર્શનો ષટ્દર્શન અને વિશ્વની વિવિધ દાર્શનિક પરંપરા અને અન્ય ધર્મો અને સંસ્કૃતિનો અભ્યાસ કર્યો.

સંતબાલજી એ એમના વિચારોને આદર્શોને ચરિતાર્થ કરવા કેટલીક સંસ્થાઓની સ્થાપના કરી જેમ, ભાલનળ કાંઠા પ્રાયોગિક સંઘ, ગુંદી વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ મુંબઈ, મહાવીરનગર આંતરરાષ્ટ્રિય કેન્દ્ર ચીંચણ, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, અમદાવાદ ભાલનળ કાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ રાણપુર, માતૃસમાજ, ઘાટકોપર, સી.પી.ટેંક-મુંબઈ અને અમદાવાદ સહિત

વીસેક સંસ્થાઓની સ્થાપના કરેલી. સંતબાલજીએ વ્યસનમુક્તિ બલિપ્રથા બંધ કરાવવાનાં, ખેડૂતોના પ્રશ્નો સોલ્વ કરવા, પાણીની સમસ્યાનો ઉકેલ લાવવાના એવાં અનેક કર્યો કર્યાં.

૧૯૩૧ માં દિનકર માસિકમાં 'સુખનો સાક્ષાત્કાર'ના નામે તેઓના લેખોનું સંકલન કરી પુસ્તિકા પ્રકાશિત થયેલ જેમાં વ્યક્તિગત કે સમાજગત સુખ માટે બંધારણીય માર્ગે પ્રયાસ કરવાની વિગતો દર્શાવેલ.

મુનિશ્રી સંતબાલજીએ રાણપુર નજીક નર્મદાના કાંઠે ઈ.સ. ૧૯૩૬-૩૭ નો પૂરો એક વર્ષ મૌન સાધનાનો ગાળ્યો. આ કાળ દરમ્યાન તેમણે બધા ધર્મોનો અભ્યાસ કર્યો ઉપરાંત કાવ્યો - લેખ વિગેરેની લેખન પ્રવૃત્તિ જોરદાર બની ગઈ.

વિશેષમાં ધાર્મિક અને આધ્યાત્મિક સાધના ઉપરાંત સંતે સામાજિક બાબતો અંગે શું કરવું લોકકલ્યાણ માટેની પ્રવૃત્તિઓમાં કેવી રીતે સક્રિય થવું વિગેરે બાબતોના સંપૂર્ણ ક્રાંતિકારી વિચારો ઉદ્ભવ્યા. ૧૯૩૭માં તેમણે મૌન તોડયા પછી એક જાહેર નિવેદન બહાર પાડ્યું. આ નિવેદનથી રૂઢિયુક્ત જૈન સમાજમાં ખળભળાટ મચી ગયો. તેઓએ દર્શાવ્યું કે જૈન સંત તરીકે દીક્ષા લીધા પછી તેઆએ વિશાળવિધ યોજનાનો એક ભાગ બની ગયા છે, જૈન સાધુઓએ સમાજસુધારણા માટે કામ ન કરવું જોઈએ તેવી કોઈ મનાઈ ફરમાવવામાં આવતી નથી. લોકસેવાના કાર્યથી તેઓ સંપ્રદાયથી જુદા થયા. સાધુવેશ ન છોડયો. ગુરુ નાનચંદ્રજી મહારાજે કહ્યું કે સંતબાલ જૈન સાધુ નહિ, જગત સાધુ છે.

અહીં તેમનાં લખાણોમાં ધર્મ આધારિત સમાજરચનાના વિચારો સ્પષ્ટ થયા. તેમના ધર્માનુબંધી વિશ્વદર્શનના ૧૦ પુસ્તકો પ્રગટ થયા.

ધર્મપ્રાણ લોકશાહીની લેખમાળા લખી પાછળથી તે પુસ્તક રૂપે પ્રગટ થઈ જેમાં ધર્મમાં આડંબર, આરંભ-સમારંભ અને ચૈત્યવાદના વિકારો સામે લાલબતી ધરી. આ લેખોની સાધુ સમાજ પર અસર થઈ. સમાજમાં પણ ઘણો ઉહાપોહ થયો.

મુનીશ્રીએ આચારાંગ સૂત્રનો અનુવાદ અને વિવેચના કરી. તેની પ્રસ્તાવનામાં લખેલ કે શ્રી આચરાંગ સૂત્ર પ્રત્યેક સાધક પછી તે ગૃહસ્થ હોય કે સંન્યાસી, ધનિક કે ગરીબ સાધન-સંપન્ન કે સાધન વિહીન એને નવી દૃષ્ટિ અને નવી પ્રેરણા આપી શકે છે.

ઉત્તરાધ્યયન સૂત્ર : ઉત્તરાધ્યયન સૂત્રના ગ્રંથ અંગે મુનિશ્રીના વિચારો હતા કે આજે આપણી પાસે ઉત્તરાધ્યયન સૂત્રની દીપિકા, નિર્યુક્તિ ભાષ્ય, ચૂર્ણિ, ગુજરાતી ટબ્બાઓ અને હિન્દી ટીકાઓ જૂદી જૂદી સંસ્થાઓ તરફથી બહાર પડી છે પરંતુ આ ગ્રંથમાં ખાસ કરીને કેવળ તાત્ત્વિક બુદ્ધિએ જ કાર્ય કરવાનો ઉદેશ કાયમ જાળવી રાખ્યો છે. આ બધા દૃષ્ટિબિંદુઓ રાખવાનું એક જ કારણ એ છે કે આ ગ્રંથમાં રહેલી વિશ્વવંદ્ય ભગવાન મહાવીરની પ્રેરણાત્મક વાણીનો લાભ જૈન જૈનેતરો સૌ લઈ શકે.

ભગવતી સૂત્ર પર મુનિશ્રીએ લખાણ કરેલું પરંતુ તે તેમના જીવનકાળ દરમ્યાન પ્રકાશિત થયેલ નહિ, કારણકે તાજેતરમાં ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ ગુંદીની લાઇબ્રેરીમાંથી આશરે ૪૦૦ પાનાના હસ્તલિખિત ભગવતી સૂત્ર વિવૃત્તિ પ્રત પ્રાપ્ત થઈ છે જે ટૂંક સમયમાં પ્રગટ થશે. દુલેરાય માટલિયા વિવૃત્ત 'સંતબાલજી જીવનસાધના' ભા-૧ એ ભા-૨ પ્રગટ થઈ ગયા છે. ભા-૩ પ્રગટ થઈ રહ્યો છે. સંતબાલજી જીવન સ્વાધ્યાય પ્રેસકોપી તૈયાર છે.

મુનીશ્રી સંતબાલજીએ જૈન રામાયણ અને મહાભારત પર પણ ગ્રંથો લખ્યા છે.

### દાર્શનિક દૃષ્ટિ

ભિન્ન ભિન્ન દર્શનો વિશે મુનિશ્રીએ પોતાની ડાયરીમાં અલગ અલગ વિષયની નોંધ કરેલી જેમાંથી દાર્શનિક દૃષ્ટિ પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું જેમાં, ઋગ્વેદ સંહિતા, મહાભારત, આરણ્યપક ઉપનિષદ, જૈન બૌદ્ધ ઈતિહાસ, પાંચ કોસની સ્પષ્ટતા સ્મૃતિના શ્લોકો, પૂર્વ મીમાંસા, ઉત્તર મીમાંસા, કેવલા દ્વૈતનો સિદ્ધાંત, વિશિષ્ટતા દ્વૈત સિદ્ધાંત શ્રી વલ્લભાચાર્ય શુદ્ધાદ્વૈત નિર્ણાયક, સાંખ્ય દર્શન, યોગ દર્શન, વૈશૈષિક અને નૈયાપક, રામાયણ અને યોગવશિષ્ટ અન્યાન્ય પુરાણો, કબીરના પદોનું રસદર્શન તુલસીદાસ, નાનક, મીરા સૂરદાસ, તથા ચૈતન્ય સ્વામી સહજાનંદ સ્વામીના સર્જન અંગેની સુંદર નોંધો જોવા મળે છે.

રાજારામમોહનરાય, મહર્ષિ દયાનંદ સરસ્વતી, કૃષ્ણમૂર્તિ વિશેના વિચારો અને જૈન આગમ અંગેની નોંધ ઉપલબ્ધ છે.

મીરા બહેને લખેલ પુસ્તક સંતબાલ : મારી મા પુસ્તકમાં સંબાલના વાત્સલ્યભાવનાં દર્શન થાય છે.

**સંતબાલજીની કાવ્યરચનાઓ**

સતબાલજીએ કેટલાંક યાદગાર કાવ્યોનું સર્જન કર્યું છે.

તેમના કાવ્યોમાં ૐ મૈયા એટલે સમગ્ર નારી પ્રત્યે આદરભાવ, વિશ્વવાત્સલ્ય અને સર્વધર્મ સમભાવના વિચારો પ્રતિબિંબિત થાય છે.

સાતવારની પ્રાર્થનામાં રામ, મહાવીર બુદ્ધ, કૃષ્ણ, મહમદ સાહેબ, અશો જરથુસ્ટ અને ઈશુના વિશિષ્ટ ગુણોને સ્મરીને અભિવંદના કરી છે. આ પ્રાર્થના બધા ધર્મો માટેના સ્નેહ અને આનંદનું પ્રતીક છે.

**એમણે રચેલ કુચગીત**

***પગલે પગલે સાવધ રહીને પ્રેમળતા પ્રગટાવ જા...***
***અંતરના અજવાળે વીર પંથતારો કાળેપે.... દુર્ગમપંથ કાપે જા***
***આ કાવ્યને પ્રાર્થમિક શાળાના અભ્યાસક્રમમાં પણ સ્થાન મળ્યું.***
***સર્વ ધર્મના સંરક્ષણને ઉદ્દેશીને કાવ્ય લખ્યું***
***પ્રાણી માત્રને રક્ષણ આપ્યું માન્યા પોતા સમસહુને***

*પૂર્ણ અહિંસા આચરનારા નમન તપસ્વી મહાવીરને*
*તો આત્મચિંત કાવ્યમાં વિશ્વપ્રત્યેનું વાત્સલ્ય.....*
*ધર્મ અમારો એક માત્ર સર્વધર્મ સેવા કરવી*
*ધ્યેય અમારું છે વત્સલતા વિશ્વમહી એને ભરવી*
*સર્વતે સુખી થવાની અભિલસા પ્રગટ કરતી દુભની લોકપ્રિય પંક્તિ*
*સર્વથા સૌ સુખી થાઓ સમતા સૌમા સમાચરો*
*સર્વત્ર દિવ્યતા વ્યાપો સર્વત્ર શાંતિ વિસ્તરો*

**પૂ. સંતબાલજીનું પત્ર સાહિત્ય**

આપણે ત્યાં પત્ર સાહિત્ય ઘણું જ ઓછું પ્રગટ થયું છે તેમાં મુનિશ્રીના પત્રોના પાંચ પુસ્તકો પ્રગટ થયા છે.

૧. અનંતની આરાધના - સાધકોને પત્રો

૨. શ્રીમદ્જી અંગેના સાધકને પત્રો

૩. સંતાલ પત્ર સુધા - સાધક સેવિકા - કાશી બહેનને પત્રો

૪. સંતબાલ પત્ર સરિતા - સાધ્વીજીઓ અને સાધકોને પત્રો

૫. અમરતાના આરાધક પુસ્તકમાં સાધકોને લખેલ પત્રો

અનંતની આરાધનામાં સાધકોને લખેલા પત્રો સાધકોની મૂંઝવણનો ઉકેલ દર્શાવતા સાધકોને માર્ગદર્શન આપતા પત્રો છે.

શ્રીમદ્ રાજચંદ્ર અંગે સાધક અરવિંદભાઈ અને સાધિકા પુષ્પાબહેન મહેતાને લખેલ પત્રોમાં શ્રીમદ રાજચંદ્રજીના જીવન સાહિત્ય અને તેમના વિચારો અંગેનું સંપૂર્ણ વિશ્લેષણ છે.

કાશીબહેને કૌમાર્યવ્રત સ્વીકારી મુનિશ્રીના કાર્યને જીવન સમર્પિત કર્યું તો મુનિશ્રીએ એક કેળવણીકારની અદાથી તેમનું પ્રત્યક્ષ અને પત્રો દ્વારા જીવન ઘટિત કર્યું.

છોટુભાઈ મહેતા અને કાશીબેન મહેતા આ પિતા-પુત્રીએ મુનિશ્રી પ્રેરિત ભાલનળકાંઠા પ્રયોગને પોતાનું જીવન સમર્પણ કર્યુ. આ પત્રો દ્વારા અમૃતપાન કરીને પિતા-પુત્રીએ પોતાના જીવન ધન્ય બનાવ્યા અને જીવન સાફલ્યનો આત્માનંદ અનુભવ્યો.

મુનિશ્રીએ સાધકોને લખેલા વિશ્વચેતના સાથે અનુસંધાન કરાવતા આ પત્રો વાંચતા મુનિશ્રીમાં, ગુરુપદમાં લોકોત્તર પ્રતિષ્ઠાનું ચિંતન કરનાર આત્મ સંતના દર્શન થાય છે. પત્રોમાં લખાયેલ એક એક સૂત્રો પાછળ અનેક સાધકોની વૃત્તિ વિહવળતા સ્પંદનો અને આંખોના આંસુડાનો ઈતિહાસ છે.

**શ્રીમદ્જીના તત્ત્વજ્ઞાનને લગતું સાહિત્ય**

મહાવીરનગર આંતરરાષ્ટ્રિય કેન્દ્રની સ્થાપના કરી તેમાં ચાર વિભાગોની કલ્પના આપી તે વિભાગો સ્થાપવાની પ્રેરણા આપી તેમાં પ્રથમ જ શ્રીમદ્ રાજચંદ્રનો એક વિભાગ છે. આજે પણ ચીંચણમાં પ્રતિ વર્ષ શ્રીમદ્ના સાહિત્ય અને ભક્તિ અંગે શિબિરો થાય છે ને શ્રીમદ્ રાજચંદ્રને લગતા ચાર પુસ્તકોનું પ્રકાશન પણ થયું છે.

શ્રીમદજીના અપૂર્વ અવસર કાવ્યનું વિવેચન જે સિદ્ધિના સોપાન નામે પ્રગટ થયું છે.

સાધક સહચરી : જૈન આગમો દશાવૈકાલિક ઉતરાધ્યયન આચારાંગ સૂયગડાંગ વિગેરે શાસ્ત્રોમાં જે ઉપદેશ આપવામાં આવ્યો છે તેમાંથી તારવેલું નવનીત એટલે સાધક સહચરી. જૈન-જૈનેતર, સાધુ ગ્રહસ્થી તેમ જ સામાન્ય સાધકને પણ ખૂબ ઉપયોગી આ લોકપ્રિય પુસ્તિકાની ચાર આવૃત્તિઓ પ્રગટ થઈ છે.

**ગાંધી વિચારના પુરસ્કર્તા**

કવિવર્ય નાનચંદ્રજી મહારાજ ગાંધીજીના વિચારના પુરસ્કર્તા હતા. તેમના શિષ્ય સંતબાલજી પણ ગાંધી વિચારના રંગે રંગાયેલા હતા. દીક્ષા લીધા પહેલા જ તેઓ ખાદીના વસ્ત્રો પહેરતા હતા. જૈન આગમ (આચારાંગ) ગ્રંથ તેમણે મહાત્મા ગાંધીજીને અર્પણ કરેલ.

ચીંચણીમાં મહાવીર નગર આ.રા. કેન્દ્રની સ્થાપના સમયે જે ચારે વિભાગ સ્થાપવાની પ્રેરણા કરી તેમાં મહાત્મા ગાંધી વિભાગ અંગે મુનિશ્રી જણાવે છે કે આ પ્રયોગમાં ગાંધી વિચાર પાયારૂપ છે ગાંધીજી માત્ર માનસિક ગુરુ રૂપ છે. સામુદાયિક અહિંસાની પ્રવૃત્તિઓ આ વિભાગમાં થશે. નઈ તાલીમનું શિક્ષણ, અર્થકરણના વિકેન્દ્રીકરણના પ્રયોગો અને અભ્યાસ પણ આ વિભાગમાં કરાશે.

સંતબાલજીના અન્યાય સામે લડત અને આંદોલન, વ્યસનમુક્તિ અભિયાન, સત્યાગ્રહ રૂપ શુદ્ધિપ્રયોગ અંગેના લખાણો અને કાર્યોમાં ગાંધીવિચાર પ્રતિબિંબિત થાય છે. આ કાર્યોની સફળતા માટે તેણે સત્યાગ્રહ, શુદ્ધિપ્રયોગ એ ઉપવાસના શસ્ત્રને પણ અપનાવ્યું હતું.

**પત્રકારત્વક્ષેત્રે સંતબાલજીનું યોગદાન**

તેમની પ્રેરણાથી ત્રણપત્રોનું પ્રકાશન ચાલુ થયેલું. નવા માનવી, પ્રયોગ દર્શન અને વિશ્વવાત્સલ્ય.

આ ત્રણે પાક્ષિકોમાં મુનિશ્રી લેખો લખતા. નવા માનવીમાં પ્રાસંગિક લેખો, પ્રયોગ દર્શન અને વિશ્વવાત્સલ્યમાં અગ્રલેખો લખતા.

આ લેખોમાં વર્તમાન સમયના પ્રશ્નોની છણાવટ થતી મુનિશ્રી પોતાના વિચારો સ્પષ્ટ અને પારદર્શક રીતે નિડરતાથી તથા પૂર્વગ્રહરહિત રજુ કરતાં.

આ લખાણોમાં મુનિશ્રીના એક આદર્શ લોકશિક્ષક રૂપે આપણને દર્શન થતાં પત્રકારત્વમાં જૈન દૃષ્ટિ ઝળહળતી હતી.

મુનીશ્રીના જીવનકાળ દરમ્યાન તેમણે સાઈઠ કરતાં વધુ ગ્રંથોનું વિપુલ સાહિત્ય સર્જન કર્યું છે.

તેમના સંસ્થાઓ, જીવન કાર્ય અને સાહિત્ય પર બે પ્રોફેસરે શોધ પ્રબંધ લખી Ph.D. કર્યું છે.

મુનિશ્રી સંતબાલજી વિશે અનેક ગ્રંથો લખાયા છે. તેમના જીવન અને કાર્યને ઉજાગર કરતા પાસાઓ વિશે જસ્ટીસ ત્ર.ઉ. મહેતા, મનુ પંડિત, બળવંત ખડેરીયા, મીરાબહેન અને ગુણવંત

બરવાળિયાના પુસ્તકો પ્રગટ થયા છે. તેમના કાળધર્મ પછી તેમની હસ્તલિખિત નોંધો અને પત્રો સંપાદન કરી વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘે પ્રગટ કર્યા છે.

સંતબાલજીની જીવનસાધના પર દુલેરાય માટલીયા અને પૂ. મુનિશ્રીના વિહાર અંગે સાધુતાની પગદંડી જેવા ગ્રંથો મણિભાઈ પટેલે લખ્યાા છે. તેમાં નોંધે છે કે જ્યારે વીરમગામમાં કોલેરા ફેલાયો ત્યારે ઝાડુ લઈને આ સંતે શેરીઓ સાફ કરી અને મળ પર રાખ છાંટી હતી.

### જૈન દૃષ્ટિએ ગીતાદર્શન

એક જૈન મુનિની ગીતા પર લખવાની આ પહેલ હતી. ગુરુ નાનચંદ્ર મહારાજે એક શ્લોક સંગ્રહ કર્યો હતો. તેમાં ગીતાના શ્લોક પણ હતા. ગુરુદેવે આ શ્લોકો મુનિશ્રીને પણ કંઠસ્થ કરાવેલ, ત્યાંથી ગીતાજી પર તેનું ખેંચાણ થયું હતું.

મુનિશ્રી ગીતાને એક જૈન ગ્રંથની દક્ષતામાં જ મૂકે છે. તેઓ અનુરોધ કરે છે કે ગીતાના પાઠકો આચરાંગને વાંચે અને આચારાંગના પાઠકો જરૂરથી એકવાર ગીતાને વાંચે. એ ગીતાને માતા કહે છે તો આચરાંગને પિતા. એ બન્નેના યોગે જન્મતી સંસ્કૃતિ એ વિશ્વવ્યાપી સંસ્કૃતિ છે. ગીતામાં કોઈપણ વિષય એવો નથી કે જે જૈન સૂત્રોમાં ન હોય. ગીતાને જૈન દૃષ્ટિના જેટલી આકર્ષક ઢબે મૂકી છે એટલી ઢબે એ બીજે ક્યાંય મૂકાઈ નથી. આથી જ ગીતાગ્રંથ વિશ્વમાન્ય થયો છે. જૈન દૃષ્ટિ એટલે જગતના સર્વ મતો, પંથો કે સર્વ ધર્મમાં રહેલા સત્યને આવકારવું તે ખોટો છે એમ ન કહેતા તું અમુક દૃષ્ટિએ સાચો છે એમ સાબિત કરીને અલ્પદૃષ્ટિમાંથી મહાસત્ય તરફ પ્રેરી જવો. ગીતાએ આ દૃષ્ટિમાં અજબ સફળતા મેળવી છે તેથી જ ચુસ્ત મીમાંસકથી માંડીને ચુસ્ત વેદાંતીએ એ માતા આગળ દોડી જઈને બાળક બનવાની ઈચ્છા આપોઆપ થઈ છે.

અલબત ગીતાનું વસ્ત્ર વેદાંત છે અને ભૌતિક યુદ્ધની પીંછીથી ગીતાની શરૂઆત થાય છે મુનિશ્રી કહે છે કે એટલે જ ગીતા જૈન સંસ્કૃતિનો આત્મા છે એમ માનવા અને ગીતાને સર્વાંગે અપનાવવામાં જૈન વર્ગમાં આવતી આ મુશ્કેલી નાનીસૂની નથી જ. તેને આ ગ્રંથમાં વિસ્તારથી સમજાવી છે.

### જૈન પરિભાષા અને ગીતા

મુનિશ્રી કહે છે કે ગીતામાં સમત્વ છે એ જ જૈન સૂત્રોનું સમકિત છે. ગીતાનું કર્મ કૌશલ ત્યાં જૈન સૂત્રોનું ચરિત્ર ઘડતર. જૈન પરિભાષાના બહિરાત્મને ઠેકાણે ગીતાનું સવિકારક્ષેત્ર અને અંતરાત્માને સ્થાને ક્ષેત્રજ્ઞ, પરમાત્માને સ્થાને પરધામ અથવા પરમાત્મા. જૈન સૂત્રોનું શુભાસ્ત્રવને સ્થાને ગીતાનું સકૃત, અશુભ આશ્રવને સ્થાને ગીતાનું દુષ્કૃત્ય, સંવરને ઠેકાણે ગીતાનું સમત્વયોગ જૈન સૂત્રોની સકામ નિર્જરા એ જ ગીતાનો અનાસક્ત યોગ અથવા કર્મફળની આકાંક્ષાનો ત્યાગ.

જૈન સૂત્રોનો કર્મબંધ ગીતાની ભૂત-પ્રકૃતિ જૈન સૂત્રોનો રાગદ્વેષ અને ગીતાનો કામક્રોધ જૈન સૂત્રોનું સિદ્ધસ્થાન એ ગીતાનું પરમધામ. ગીતા એ જૈનત્વનો ભોમિયો છે. કારણ કે ગીતામાં એક પણ તત્ત્વ જૈન ધર્મ વિરોધી નથી.

### સંતસાથીઓ અંતેવાસીઓ અને ભક્તજનો

પૂ. સંતબાલજીની વિવિધલક્ષી પ્રવૃત્તિઓમાં આપણા રાષ્ટ્રના જાણીતા સંતો પૂ. રવિશંકર મહારાજ, મુનિ નેમિચંદજી, માનવમુનિ, જનકવિજયજી અને જ્ઞાનચંદ્રજી આદિ અનેક સંતોનો સર્વાંગી સહયોગ પ્રાપ્ત થયો હતો.

રાષ્ટ્રસંતો જ નહીં, સમાજના વિવિધ ક્ષેત્રમાં અનેક મહાનુભાવો તથા પ્રતિષ્ઠિત નર-નારીઓ પૂ.શ્રી.ના અંતેવાસી તરીકે તથા સહયોગી તરીકે આપેલી સેવાઓનું નોંધ કરીએ તો નામો સો કરતાં વધે પરંતુ આ પ્રસંગે થોડાંક નામો સ્મરણ કરતાં ધન્યતા અને આદરની સ્નેહભર ઊર્મિઓ વ્યક્ત કરીએ છીએ. આમાંના વિશેષ ઉલ્લેખનીય - ડૉ. શાંતિભાઈ પટેલ (સાણંદ), મણિબેન પટેલ, પરિક્ષિતલાલ મજુમદાર, ઉછરંગરાય ઢેબર, છોટુભાઈ મહેતા, કાશીબહેન મહેતા, ગુલામરસુલ કુરેશી, ફલજીભાઈ ડાભી, બળવંતભાઈ ખંડેરિયા, મણિભાઈ પટેલ, બચુભાઈ ગોસલિયા, દીવાનસંગ ચૌહાણ, હરિલાલ દોશી, અંબુભાઈ શાહ, નવલભાઈ શાહ, મીરાબહેન, અનુબહેન, પ્રભાબહેન, વનિતાબહેન, શશિબહેન, લલિતાબહેન, ચંચળબહેન, છબલબહેન, કંચનબહેન, ગલાભાઈ, ભાણજીભાઈ, શીવાભાઈ પટેલ, સુરાભાઈ ભરવાડ, મનુ પંડિત, દુલેરાય માટલિયા, વીરચંદભાઈ ઘેલાણી, પુષ્પાબહેન તથા અરવિંદભાઈ મહેતા, જે.કે. દીવાન, દેવીબહેન અને જયંતીભાઈ શાહ, હરજીવનભાઈ મહેતા - આ નામો પૂ. સંતબાલજીના ગ્રંથ પ્રકાશન અવસરે અવશ્ય સ્મૃતિને અજવાળે અને પુનિત પ્રકાશ અર્પી રહે છે.

ગુરુ આજ્ઞાથી સંતબાલજી અવધાન પ્રયોગોના પ્રદર્શન બંધ કર્યા હતા, સુધારણાના કાર્યક્રમો અને આંદોલનોના ખડાબીડ જંગલો વચ્ચે પણ ધર્માનુબંધ વિશ્વદર્શન અને આગમોની વિવેચના લખી અધ્યાત્મનું નંદનવન સર્જતા મુનિશ્રી સ્વપર સાધના માટે ખૂબ જાગૃત હતા. પ્રત્યેક સાધક માટે એકાત્મતાનો અનુભવ કરતાં તેઓના આ શબ્દો પ્રત્યેક સાધકને પોતાના બનાવી દે છે. સાધકનો વિકાસ મારો પ્રમોદ છે. સાધકોનું સૂક્ષ્મ પતન પણ મારૂં આંસુડુ છે.

ગુજરાત નવનિર્માણ આંદોલન પછી રાજકીય આગેવાન પ્રધાનમંડળની રચના માટે મુનિશ્રીની સલાહ લેવા અમદાવાદથી ચીંચણ આવે છે અહીં પ્રત્યેક વર્ગમાં મુનિશ્રીની લોકચાહનાના દર્શન થાય છે. બંગલા દેશમાં મુજબીર રહેમાનની હત્યા પ્રસંગે ઉપવાસ કરતાં મુનિશ્રીમાં પ્રબુદ્ધ કરુણાના દર્શન થાય છે.

ૐ મૈયાના આરાધક વિશ્વવાત્સલ્યના સંદેશવાહક મુનિશ્રી સંતબાલજીના જીવનમાં નિશ્ચય અને વ્યવહારનો અદ્ભૂત સમન્વય

જોવા મળે છે.

વક્તવ્ય અને કર્તવ્યને એક રેખા પર રાખનાર આ આત્મસ્થ સંતે ૨૬-૦૩-૮૨ના ગુડી પડવાને દિને મુંબઈની ધરતી પર અંતિમ શ્વાસ લીધો. પૂર્વપંતપ્રધાન મોરારજી દેસાઈના અધ્યક્ષ સ્થાને ગુણાનુવાદ શ્રદ્ધાંજલિ સભામાં ચિંતક ચીમનલાલ ચકુભાઈ સહિત અનેક સંઘોના પ્રમુખો શ્રેષ્ઠીઓએ શ્રદ્ધાંજલિ આપી. અંતિમસંસ્કાર-મહાવીરનગર ચીંચણીના દરિયાકિનારે થયા અને ત્યાં જ સમાધિ બનાવવામાં આવી એ આત્મમસ્તીમાં જીવનાર લોક માંગલ્યના કાર્યો કરનાર શતાવધાની ક્રાંતદષ્ટા હતાં.

વિપુલ સાહિત્યનું સર્જન કરનાર શ્રુત સાધક મુનિશ્રીને અભિવંદના.


**સંદર્ભ ગ્રંથ**

(૧) સંતબાલજી જીવન કવન અને પ્રેરક પ્રસંગો

(૨) દાર્શનિક દષ્ટા

(૩) અધ્યાત્મનિષ્ઠ સંતબાલજી - લેખક - ગુણવંત બરવાળિયા

(૪) મુનિ સંતબાલજી લેખક - મનુ પંડિત ❑❑❑



સંપર્ક : ૯૮૨૦૨૧૫૫૪૨

Email : gunvant.barvalia@gmail.com


# ૧૬મી સદીના ચિંતનશિખરે સ્થિત વાચનાચાર્ય શ્રી સમયસુંદરગણિવર્યજી


**ભારતી દિપક મહેતા**


સોળમી સદીના અપ્રતિમ બુદ્ધિમત કર્તા, વિચક્ષણ ચિંતક, ઉત્કૃષ્ટ સંયમી એવા જૈનસાહિત્યકાર-સંવર્ધક તરીકે ગણિશ્રી સમયસુંદરજીનું જ શિરમોર નામ લેવાય છે. તેમનો જન્મ સં. ૧૬૧૦માં મારવાડના સાંચોરમાં પ્રાગ્વાટ જાતિના ખરતરગચ્છીય પિતા રૂપસિંહ અને માતા લીલાવતીના ગૃહે થયેલો. તેમના જન્મ તથા બાળપણના સમયની બહુ ઓછી વિગતો પ્રાપ્ત થાય છે, સિવાય કે તેઓ પોતાની જ રચના 'સીતારામ ચોપાઈ'માં કહે છે તેમ :

*'મુજ જન્મ થયો સાંચોરમાંહી, ચાર માસ જ્યાં રહ્યા ઉચ્છાહિ,*
*લખી ઢાળ આ ત્યાંહી જ છેક, કહે સમયસુંદર ધરી હેજ.'*

...અને તેમના શિષ્ય વાદી હર્ષવર્ધનનંદનજી લખે છે તેમઃ 'ભર યૌવને દીક્ષા લીધી, સઈ હથે શ્રી જિનચંદ.' યુગપ્રભાવક આચાર્યશ્રી જિનચંદ્રસૂરીશ્વરજી પાસે સં. ૧૬૩૦માં ૨૦ વર્ષની યુવાન વયે દીક્ષા લીધા પશ્ચાત્ વિદ્યાગુરૂ વાચક મહિમારાજ તથા સમયરાજ ઉપાધ્યાયજી સમીપે તેમણે બીજા ૨૦ વર્ષ અભ્યાસરત બની પોતાની બુદ્ધિ એવં ચિંતનશક્તિને ખીલવેલી. તેમણે પૂર્વના રચયિતાઓની કૃતિઓ, સિદ્ધાંતો એવં સાહિત્યની અમૂલ્ય પદ્ધતિઓનો બહુવિધ અભ્યાસ કરવાર્થે સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, સિંધ, પંજાબ આદિ જગ્યાએ વિહાર કરેલ. વાચના-પૃચ્છના-પરાવર્તના-અનુપ્રેક્ષા દ્વારા તેમને એવી અજોડ ચિંતનજ્ઞાનની પ્રાપ્તિ થયેલ કે તેઓ જૈનધર્મનો ઉપદેશ અત્યંત ગૂઢ છતાં સરળભાષામાં આપી શકતા. તેમને ૪૨ વિદ્વાન શિષ્યો પણ હતા.

સં. ૧૬૪૦માં કવિત્વશક્તિની મેધા, ગુણગાંભીર્ય આદિ જોઈને તેમને 'ગણિ'પદવી પ્રદાન થયેલ. તેમણે સં. ૧૬૪૧માં ૧૦૦ **સંસ્કૃત શ્લોકોનો અભૂતપૂર્વ ગ્રંથ** 'ભાવશતક' રચેલ, જેમાં કાવ્યશાસ્ત્રી આચાર્ય મમ્મટના ગ્રંથનું અધ્યયન તથા ધ્વનિ જેવા સૂક્ષ્મ વિષયોનું અપૂર્વ નિરૂપણ કરેલ. સં. ૧૬૫૦માં તેમને આચાર્ય પદવી મળેલ. વિશિષ્ટ શ્રેણીના ચિંતક, ત્યાગી, તપસ્વી, સંયમી તથા પરોપકારી શ્રમણભગવંત હોવાને કારણે આ જૈન સાહિત્યકારનું સાહિત્ય પણ અતીવ વિશિષ્ટ કોટિનું સર્જાયું છે. તેમણે સંસ્કૃત, પ્રાકૃત, રાજસ્થાની તથા ગુજરાતી ભાષામાં સોહામણી અર્થપૂર્ણ કૃતિઓ રચી છે. વ્યાકરણ, ટીકા, છંદ, ન્યાય, જ્યોતિષ, ઈતિહાસ, પ્રબંધ, રાસ, ચોપાઈ, સંવાદ, બાલાવબોધ, ચોવીસી, છત્રીસી, સ્તવન, સજ્ઝાય, ગીત આદિ તે સમયના દરેક સાહિત્યસ્વરૂપો તેમણે પ્રયોજેલ. સ્વરૂપવૈવિધ્ય પ્રયોજવામાં તેઓ જેવું કૌશલ્ય ધરાવનાર એ સમયમાં ખાસ કોઈ ન હતું. સીતારામ ચોપાઈ, ચંપક શ્રેષ્ઠી ચોપાઈ, જંબુસ્વામી રાસ, કેશી-પ્રદેશી પ્રબંધ, બ્રહ્મચર્યની ૯ વાડનો રાસ, નેમિનાથ ચરિત, વિદ્યાવિલાસ પવાડું, કર્મ છત્રીસી, ક્ષમા છત્રીસી, પૂણ્ય છત્રીસી, ૪ પ્રત્યેકબુદ્ધ રાસ, દુષ્કાળ વર્ણન, ગુરૂવંદનના ગીતો - એ સર્વ તેઓની મુખ્ય કૃતિઓ ગણાય છે. વળી 'મધ્યાહ્ન વ્યાખ્યાન પદ્ધતિ' ઉપર પણ તેમણે ૧૮ અધ્યાય લખ્યા હતા.

સોળમી સદીના એ સુવર્ણકાળે પરિસર અભ્યાસ કરતા શ્રમણો તથા મુમુક્ષુઓનું વાતાવરણ, ગ્રંથો-પુસ્તકોની સુલભતા તથા જ્ઞાનપ્રાપ્તિનું એકમાત્ર ધ્યેય હોવાથી જ્ઞાનના ક્ષયોપશમ તીવ્રવેગે થાય, એ હકીકત છે. આ ચિંતનકારે યશ, નામ, કીર્તિ કમાવાની લાલચથી ક્યારેય સાહિત્ય સર્જન કરેલ નહીં, કિન્તુ આત્મકલ્યાણ અને પરહિતચિંતા સાધી મોક્ષની પ્રાપ્તિ જ તેઓના વિપુલ સર્જનનો હેતુ રહેલ હતો. છંદ, વ્યાકરણ, સમાસ, સંધિ, અલંકારો, સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ આદિ ભાષાના તલસ્પર્શી અભ્યાસાદિને કારણે તેમની રચેલી કૃતિઓ ભાષાસમૃદ્ધ ને ભાવસમૃદ્ધ બની છે. અનુભૂતિ થકી તલસાટના, વૈરાગ્ય-વિતરાગતાના, મોક્ષની જીજીવિષાના ભાવોને શબ્દમાં અવતારિત કરવાની તેઓ જેવી આવડત બહુ

ઓછા સર્જનકારો કેળવી શકે.

તેઓનું અવલોકન હતું કે ચાતુર્માસ વેળાએ એક જ જગ્યાએ ચાર-પાંચ માસ રહેવાથી તથા નિત્ય ગોચરી માટે સમાજમાં જવું પડતું હોવાથી લોકોના સામાજિક - આર્થિક-આધ્યાત્મિક આદિ સ્તરોનો ખ્યાલ મળી રહે છે. વળી ચાતુર્માસની પૂર્વ-પશ્ચાતની વેળાએ થતાં અનુષ્ઠાનો, ઉજવણીઓ, પ્રતિષ્ઠાઓ, વર્ષીદાન, દીક્ષાપ્રસંગો, તીર્થયાત્રાઓ, ઉદ્યાપનો, વરઘોડા, તપની ઉજવણીઓ, પદવીદાન સમારંભો આદિમાં પ્રત્યક્ષ હાજર રહેવાથી તે પ્રસંગોને પછી પાછળથી શબ્દોમાં ઉતારીને કોઈપણ સર્જક ભાવવાહી રચના અંકિત કરી શકે છે. તેઓએ દરેક સંઘમાં જિનમંદિર, જિનમૂર્તિ, જિનાગમ, સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એમ ૭ ક્ષેત્રોમાં દાન આપવાનું શાસ્ત્રોમાં શ્રાવકનું કર્તવ્ય કેમ ગણાવાયું છે, તેના ચિંતનસભર પ્રવચનો કરી તે સાતે ક્ષેત્રોને ઠેર-ઠેર તરતાં કરી દઈ જૈનશાસનનો પાયો મજબૂત કરેલ. વળી પોતાની ફરજ ગણીને આગમો તથા અન્યો શાસ્ત્રકૃતિઓની જાળવણીની રુચિ પણ પ્રત્યેક સંઘમાં પરિણમાવેલ, જેથી એ સમયનું સુંદર સાહિત્ય આ કાળે પણ યથાતથ પ્રાપ્ત થાય છે.

તેઓની સમસ્ત કૃતિઓનું વિશ્લેષણ કરતા એ વાત અવશ્ય ફલિત થાય છે કે તેઓમાં ફોરેલી અપ્રતિમ ચિંતનશક્તિને કારણે સમસ્યાવિનોદ-પદ્યકૌશલ્ય-અલંકારચાતુર્યની વિલક્ષણતાઓ જાણે ઉત્તમ રીતિએ મ્હોરી ઉઠેલ. તેઓના ત્યાગભર્યા ધર્મલક્ષી સાહિત્યને કારણે જૈનધર્મનું મૂલ્ય તેઓએ અનેકગણું વધારેલ. ભાવિકો જોતાં કે આ સર્જકતા આચાર-વિચાર-લેખન-વાણીમાં એકવાક્યતા હોવાથી જનસામાન્યનો જીવનધબકાર વિશેષ પરિવર્તનો પામ્યા વગર તેમની રચનામાં ઝીલાતો. કર્તા પોતે તટસ્થ હોવાથી સૌને તેમનું સર્જન પણ તટસ્થ થતું દેખાતું. તેઓએ ધર્મસિદ્ધાંતોમાં ક્યારેય બાંધછોડ કરેલ નહીં અને છતાં સાંપ્રદાયિક સીમાઓને વટીને માનવમાત્રના હૃદયને સ્પર્શે તેવું તત્ત્વ તેમની કૃતિઓમાં તેઓ વણતા.

એકવાર રાજા અકબરના આમંત્રણથી ૩૧ શિષ્યોને લઈને ગુરૂવર્ય પરમ પૂજ્યશ્રી જિનચંદ્રસૂરીશ્વરજી લાહોર ગયા, ત્યારે ગણિ સમયસુંદરજી પણ પ્રધાનશિષ્ય તરીકે તેમની સાથે ગયેલા. **'राजानौ ददते सौख्यं।'** આ ૮ અક્ષરના પદવાક્યના તેઓએ પોતાની અંદર રહેલી અપ્રતિમ ચિંતનશક્તિને કારણે ત્યાં ને ત્યાં જ સમસ્ત સભા સમક્ષ ૮ લાખથી પણ વધુ અર્થ કરી દેખાડ્યા હતા, જેનાથી અકબર મહારાજા ઘણા જ પ્રભાવિત થયા હતા તથા જૈનધર્મનો જયજયકાર થયો હતો. તે પછી **अष्टलक्ष्मी** નામના તેઓના ગ્રંથમાં તે જ પદના કુલ ૧૦ લાખ, ૫૬ હજાર અર્થ તેમણે પાછળથી અવતારિત કરેલા આજે પણ સંપ્રાપ્ત થાય છે. આ પછી તેઓને સંઘ તરફથી 'વાચનાચાર્ય'ની પદવી પણ મળેલ. પ્રખર વિદ્વાનપણે વિપુલ તથા સમૃદ્ધ સાહિત્યના રચનાકાર, અસાધારણ કવિ, ઉચ્ચતમ સંયમી અને સમર્થ તેજસ્વી એવા શ્રમણશ્રેષ્ઠ ચિંતકશ્રી સમયસુંદરગણિજી સં. ૧૬૯૬માં અમદાવાદમાં સ્થિરતા કરીને સં. ૧૭૦૩માં રાજા પટેલની પોળના ખરતરગચ્છ ઉપાશ્રયમાં અનશન સહિત સંથારો કરીને ચૈત્ર સુદ ૧૩ દિને કાળધર્મ પામ્યા હતા. ૯૦ વર્ષના દીર્ઘાયુષ્યમાં ૭૦ વર્ષનો અતિ દીર્ઘ કવનકાળ એવં મહોપાધ્યાય સુધીની ઉત્તમોત્તમ પદવીઓ! **તે સમય ખરેખર સુંદર હશે, જ્યારે સમયસુંદર સ્વયં વિદ્યમાન હશે !**

❑❑❑

૮૨, ગૌતમબુદ્ધ એપાર્ટમેન્ટ,
કાનજી સ્વામી માર્ગ, શાસ્ત્રી મેદાનની સામે,
રાજકોટ - ૩૬૦૦૦૧.
સંપર્ક : ૯૮૨૫૨૧૫૫૦૦

# બહિણાબાઈના અભંગો

## ડૉ. સેજલ શાહ

**કો**ઈ પણ સાહિત્યિક કૃતિ તેના ઐતિહાસિક સ્થાનને કારણે મહત્ત્વની નથી બનતી, પરંતુ તે પ્રત્યેક વેળા ભાવકને નવો પડકાર ફેંકે છે. મધ્યકાલીન સાહિત્યને તેનાં મહત્ત્વનાં અંગો ભક્તિ, સમાજ, ઉપદેશ સમર્પણ જેવા અર્થોથી મુક્ત કર્યા પછી પણ આજે નારીવાદ કે નવ્યઈતિહાસવાદ કે આંતરકૃતિત્વ દૃષ્ટિકોણથી મરાઠી સર્જક બહિણાબાઈ (૧૬૨૮-૧૭૦૦) ના અભંગો ભાવકને પડકાર ફેંકવા સક્ષમ છે. મરાઠી સાહિત્યની એક સ્ત્રીસર્જક દ્વારા આલેખિત પ્રથમ આત્મકથા આજે નવો અવકાશ ઉઘાડી આપે છે. આ કૃતિની ચર્ચામાં આત્મકથાનું સ્વરૂપ, સ્ત્રી દ્વારા સર્જન અને તેના આલેખનનો સમય આ ત્રણ મહત્ત્વની બાબત છે. ગુજરાતીમાં સ્ત્રી આત્મકથાનું ચલણ હજુ એટલું પ્રચલિત બન્યું નથી. છેલ્લાં થોડાક વર્ષોથી સ્ત્રી આત્મકથાત્મક કેન્દ્ર કે દૃષ્ટિકોણથી પોતાની વાત રજૂ કરતી થઈ છે, પરંતુ પંડનો ઈતિહાસ રજૂ કરવામાં તેને આપણી સામાજિક સભ્યતા રોકે છે કારણ સ્ત્રીનું સત્ય જીરવવા સમાજ તૈયાર નથી, સમાજ પોતાની વરવી બાજુ કે વાસ્તવિક ચહેરો સ્વીકારવા તૈયાર નથી. બીજી તરફ મરાઠીમાં સ્ત્રી આત્મકથાકારોની સંખ્યા ઘણી મોટા પ્રમાણમાં છે. મરાઠી સાહિત્યનો દૃષ્ટિકોણ પ્રથમથી જ ભિન્ન અને ઉચ્ચ કલામૂલ્યવાળો રહ્યો છે, એમાં કોઈ શંકા નથી. મરાઠી સાહિત્યજગત ઉદાર, પ્રામાણિક બની શક્યું છે એનું એક ઉત્તમ પરિણામ બહિણાબાઈની આત્મકથામાં જ મળે છે.

ભક્તિયુગમાં આત્મચરિત્રાત્મક કે આત્મનિવેદનાત્મક પદો લખતાં તેમાં સંતના જીવનના ચમત્કારો અને જીવનના સંઘર્ષો

વિશેષ આલેખાતા, પ્રભુભક્તિના સંદર્ભો અને ઈશ્વર પ્રત્યેક વેળા કઈ રીતે પોતાના ભક્તને મદદ કરે છે તેનું આલેખન નાટ્યાત્મક, રસકીય રીતે થતું. નરસિંહનાં આખ્યાન કે મીરાંનાં પદોમાં આત્મચરિત્રાત્મક લેખન રહેલું છે, પરંતુ આ સર્જકોએ કોઈ એક સંપૂર્ણ કૃતિમાં પોતાના જીવનને આત્મકથારૂપે નથી આલેખી, કેટલાક છૂટાછવાયા પ્રસંગો મળે છે. ૧૭મા સૈકામાં મરાઠી સાહિત્યમાં પ્રથમ સ્ત્રી આત્મકથાકાર તરીકે બહિણાબાઈ ઓળખાય છે.

બહિણાબાઈ વિશેનું પ્રથમ લેખિત પુસ્તક ૧૯૧૪ માં પ્રકાશિત થાય છે, જેનું સંપાદન ધોંડો વી. ઉમરખાન કરે છે. તેની પ્રત ઉપલબ્ધ ન રહેતાં, બીજી હસ્તપ્રત પરથી સંપાદન વી. એન. કોલ્હારકર કરે છે જે ૧૯૨૬ માં પ્રકાશિત થાય છે. મરાઠી સાહિત્ય પાસે અનેક સ્ત્રીસંતો છે, જેમાં મુક્તાબાઈ, જનાબાઈ, વેણુબાઈ, બાયાબાઈ, બહિણાબાઈ વગેરે થઈ ગયાં. 'બહિણાબાઈ'નો કાળ ૧૬૨૮થી ૧૭૦૦ છે અને પ્રથમ આત્મચરિત્ર લેખન કરનારા તુકારામનાં શિષ્યા બહિણાબાઈનું જીવન તેમના ૪૭૩ અભંગોમાંથી પ્રાપ્ત થાય છે. બ્રાહ્મણ કુળના ઉચ્ચ ગોત્રની કવયિત્રી બહિણાબાઈ શુદ્ર તુકારામને પોતાના ગુરુ તરીકે સ્વીકારે છે. એક તરફ બહિણાબાઈનું ભક્તિમય જીવન અને બીજી તરફ જાતિવાદના પ્રશ્નો તેમના જીવનમાં સંઘર્ષ જન્માવે છે તેની કથા, આક્રોશ અભંગોમાં તેમણે વ્યક્ત કર્યા છે. સ્ત્રીભક્તને ઘરની રોજિંદી ક્રિયાઓ પ્રત્યે અણગમો છે, કુટુંબના સંઘર્ષો, સામાજિક પરિબળો અને આ બધાની વચ્ચે વ્યક્તિત્વની શોધ, અસ્તિત્વની સભાનતા અને અંતે ઈશ્વરને પામવાની વાત કરી છે. બહિણાબાઈ મીરાંની જેમ ઘર છોડવાની નહીં, પરંતુ પતિને છોડીને ઈશ્વરને પામી ન શકાય એમ કહે છે,

**'પતિ ત્યજવો વેદ વિરુદ્ધ, એમ પરમાત્મ પ્રાપ્તિ ન થાય,**
**દ્વાર પર ભુજંગ પ્રજ્વળી રહ્યો છે, ત્યારે જીવન સ્થિતિ કેવી હોય,**
**વેદ કહે છે ફરજ ન ચૂકો, પણ મારો પ્રેમ પ્રભુભક્તિ છે,**
**બહિણી કહે હું મુશ્કેલીના સમુદ્રમાં, હૃદયવ્યથા વર્ણવું કઈ રીતે ?'**

તેમના અભંગોમાં તેમણે પત્નીની ફરજો અંગે પણ લખ્યું છે, 'પતિનાં વચનોને સર્વેસર્વા ગણે અને પતિસેવા એ જ એનો ધર્મ હોય', આવાં કંઈક વચનો લખ્યાં છે અને તેવી જ વ્યક્તિ સ્વર્ગને પામી શકે છે.

સ્ત્રીલિખિત આત્મકથા મોટે ભાગે ફેમિનિસ્ટ બની જવાની, જેમાં સ્ત્રીએ પિતૃસત્તાક મૂલ્યોનો વિદ્રોહ કર્યો હોય, ક્યારેક આત્મકથાકારનું કોમળ હૃદય આત્મકથાને સ્ત્રિયોચિત લેખન સુધી જ સીમિત રાખે, અહીં એવું નથી બન્યું. સમર્પિત, શોષિત કે વીર નારીના ચિત્રને બદલે એક પુખ્ત, વિચારોને સ્પષ્ટપણે વ્યક્ત કરતી અને પેટની વાત કરતાં કરતાં પણ પોતના જ સંકલ્પને આકાર આપવાની ખેવના ધરાવતી સ્ત્રીનું ચિત્ર છે. પાંચ વર્ષની ઉંમરે ૩૦ વર્ષના પુરુષ સાથે લગ્ન, પછી ભક્તિ. પતિ પંડિત ગણાય અને પોતે ભક્તિમાં માને. સામાજિક વિદ્રોહ, ચમત્કારની માત્ર કથા નથી, પંરતુ આતંરકૃતિત્વ, નારીવાદની દૃષ્ટિએ નવાં પરિમાણ ઉઘાડનારી કૃતિ છે. બહુધા બોલકી અને અભિધાના મુખ્ય સૂરમાં નારીવાદી સૂર ભળેલો છે. ભક્તિના સમર્પણભાવ સાથે આમ તો બહિણી પોતાના 'સ્વ' ને શોધી રહી છે.

**'વેદો અને પુરાણોની ગર્જના છે કે સ્ત્રીસંગ હિત નહીં**
**હું તો સહજ સ્ત્રીદેહ હવે પરમાત્મા કેમ મળશે.'**

બહિણીના અભંગમાં સ્ત્રીદેહને ઘાતકી અને પરમાત્માને પામવાની અશક્યતાવાળો વેદાનુસાર કહ્યો છે. સ્ત્રીની ભક્તિ વેદ અનુસાર આદર અને સ્વીકાર્યરૂપ નથી અને એ વાત એમના અભંગોમાં અનેક વાર પુનરાવર્તીત થાય છે. વેદે માત્ર સ્ત્રીભક્તિ નહીં, પરંતુ સ્ત્રીદેહને પણ સ્વીકાર્યો નથી. પોતાના દુઃખનું કારણ પોતાના પાપ અને સ્ત્રીદેહને તે ગણે છે. પતિને સમર્પિત કરનાર વેદ અનુસાર સુખી થાય, પરંતુ અંતે બહિણી વેદની આ બધી જ માન્યતાઓને ખોટી ઠરાવે છે, પોતે શુદ્ર તુકારામની શિષ્ય બની ભક્તિમાર્ગને સ્વીકારે છે અને બહિણાનો પતિ પણ એ જ મારગ સ્વીકારે છે. ત્યાગ, સમાધાન, દાસત્વ જેવી સંજ્ઞાનો છડેચોક વિરોધ ન કરતાં બહિણીએ એનો સ્વીકાર પણ નથી કર્યો અને વેદની વાતને પુનરાવર્તીત કરતા કરતા એનો જ છેદ ઉડાવી દીધી છે. કારણ અંતમાં તો બહિણાબાઈને ઈશ્વર પણ મળે છે, શાંતિનો અનુભવ પણ થાય છે અને સામાજિક સ્વીકારની ભૂમિકા પણ ઊભી થાય છે. એક સંત કવિ માત્ર ભક્તિના વર્તુળની બહાર નીકળી શાંત નારીવાદી સૂર વ્યક્ત કરવાની ક્ષમતા ધરાવે છે. જ્ઞાન, સદ્‌ગુરુ, અધ્યાત્મ, બ્રાહ્મણ, ખરો બ્રાહ્મણ કોણ, જેવા જાતિવાદના પ્રશ્નોને પણ તેમણે છેડ્યા છે, અને સ્ત્રી-પુરુષ સંબંધો અને અંતે શાંતિ અને આનંદના અર્થો પણ અભંગોમાં લખ્યા છે.

બહિણાબાઈની કૃતિ તેના માત્ર ઐતિહાસિક સંદર્ભોને કારણે નહીં, પંરતુ આજના સંદર્ભોમાં, વેદના સંદર્ભે, પુરાણોના સંદર્ભે નારીનું ચિત્રણ આલેખે અને એ જ ચિત્રનો છેદ ઉડાડે છે. આત્મકથા સ્વરૂપ, નારીવાદી ઘોંઘાટ વિનાનો સંકલ્પ અનેક નવાં અવકાશ અને પરિમાણ ઉઘાડવાની ક્ષમતા ધરાવનારી કૃતિ બની શકી છે. આત્મચરિત્રાત્મક પદો મીરાંનાં પદોમાં પણ છે. પરંતુ જેટલી તીવ્રતાથી સ્ત્રીભક્તિ અને બ્રાહ્મણ અને ઈશ્વરને સ્થાપ્યાં છે, એ વિદ્રોહ, એ પોતાનો માર્ગ કંડારી લેવાની વૃત્તિ અને પછી આ બધી વિસંગતિની વચ્ચે ક્યારે પોતાનું સ્થાન, 'સ્વ' પામી લેવાની સંકલ્પશક્તિ તેમની પ્રતિભાનો પરિચય કરાવે છે.

આમ, આંતરકૃતિત્વની વિચારણા, વેદની પરંપરાગત માન્યતા સામેનો આધુનિક અવાજ, આજના સંદર્ભમાં ભક્તિ, અને નારી ભક્તિના સંદર્ભો અને આ બધું ઓગાળ્યા પછી એક અખંડ નવો, અર્થસંદર્ભ સર્જક રચી શકયાં છે. વેદના અને ભક્તિના પરંપરાગત અર્થોને ઓગાળી નારીવાદી દૃષ્ટિકોણથી ભાવક પક્ષે નવા સંદર્ભો,

નવા અર્થો પરત્વે નવા સંકુલ રચના કૃતિ સમક્ષ બની છે. બહિણાબાઈની કૃતિને માત્ર સંતની કૃતિ તરીકે ન પામી શકાય, પણ નારીવાદ અને અન્ય દૃષ્ટિકોણથી વધુ સારી રીતે પામી શકાય, એ આંતરકૃતિત્વના જ ખેલને? ઘોંઘાટ વિનાના નારીવાદનું સબળ ઉદાહરણ આ કૃતિ છે.

મહારાષ્ટ્રના સ્ત્રી સંત તરીકે બહિણાબાઈને આપણે ઓળખીએ છીએ. તેમની આત્મકથા 'આત્મમાનીવેદના' જેમાં એમના આધ્યાત્મિક અનુભવો આલેખવામાં આવ્યા છે. એમના આત્મવિદ્યાનો અનુભવ એમણે વાછરડાના પ્રતીક રૂપે આલેખ્યો છે.

'બહિણાબાઈના' લગ્ન નાનપણમાં જ વિધુર બ્રાહ્મણ સાથે થઈ ગયા હતા. એમણે જે રચના કરી તેમાં તેમના પતિ દ્વારા જે સતામણી આદિ થતી હતી તે વિષય તરીકે વ્યક્ત થઈ છે, તેમના પતિને આ ભક્તિનો માર્ગ પસંદ ન હોતો જેનો સ્વીકાર તે પાછળથી કરે છે. જે રીતે અનેક સ્ત્રી સંતોએ ઘરનો ત્યાગ કર્યા હતો તે રીતે બહિણાબાઈ કરતાં નથી પરંતુ પોતાના જીવન દરમ્યાન ગૃહવાસ અને ઘરસંસાર સ્વીકારે છે.

તેમણે જે પદ્યરૂપે અભંગો લખ્યા તેની ભાષા મરાઠી છે. જેમાં મુખ્યત્વે સાંસારિક જીવનના પ્રશ્નો અને સ્ત્રી તરીકે જન્મવાના અફસોસ જોવા મળે છે.

બહિણાબાઈના લગ્ન પાંચ વર્ષની ઉંમરે ૨૫ વર્ષના વિધુર ગંગાધર પાઠક સાથે કરાવવામાં આવ્યા હતા. નવ વર્ષની ઉંમરે તેમના માતા-પિતા અને પતિ સાથે દેવઘર છોડે છે અને ભિક્ષા માંગી જીવન ગુજારે છે. આ જ સમયમાં જયાં વિઠોબાનું મંદિર હતું. એ શહેર પઢંરપુર પણ જાય છે, અને છેવટે તેમનું કુટુંબ કોલ્હાપુરમાં સ્થાયી થાય છે, ત્યારે તેમની ઉંમર ૧૧ વર્ષની હતી. બહિણાબાઈ વારકરી સંપ્રદાયના અંતિમ સંત કવયીત્રિ હતા.

કોલ્હાપુરમાં તેઓ ભક્તિ-સંગીત અને ભાગવત પુરાણની કથાથી પરિચિત થયા હતા. તેમના પતિએ તેમને એક ગાય ભેટમાં આપી હતી, જેણે એક વાછરડાંને જન્મ આપ્યો. બહિણાબાઈને આ વાછરડા સાથે આધ્યાત્મિક અનુભૂતિનો અહેસાસ થયો. વારકરી સંપ્રદાયમાં વાછરડાનું પ્રતીક આધ્યાત્મિક અનુભૂતિ તરીકે, જેને યોગિક અવસ્થાની અનુભૂતી થઈ હોય, તેને માટે કરાય છે. આ વાછરડું બહિણાબાઈ જ્યાં જતાં, તેની પાછળ જતું હતું. સ્વામી જયારામના કીર્તનમાં પણ બન્ને ગયા હતા, ત્યાં જયારામે તેમના માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા, જેના વિશે જ્યારે બહિણાના પતિ જાણે છે, તે બહિણાબાઈને ખૂબજ મારે છે અને ઘરમાં બાંધી દે છે. અને તેમનું મૃત્યુ થાય છે. એમના અંતિમ સંસ્કારમાં બહિણાબાઈ મૂર્છિત થઈ જાય છે અને જગતાવે તેમને વિઠોબા અને તુકારામના દર્શન થાય છે.

બહિણાબાઈને અમૃત પીવડાવી તુકારામ જાગૃત કરે છે અને હરિમંત્ર આપે છે. ત્યારબાદ બહિણાબાઈ પોતાના ગુરુ તરીકે તુકારામને સ્થાપે છે. તેમને ભક્તિના પથ પરવાળી વિઠોબાનું નામ ભજવા કહે છે. કેટલાક લોકો આ ભક્તિને ગાંડપણનું તો કેટલાક લોકો ભક્તિનું નામ આપે છે.

સંપ્રદાય અને પુરુષ અધિકારને કારણે બહિણાબાઈ એ સહન કરવું પડે છે પણ સાચા ગુરુની શોધથી તેમનો ભક્તિમાર્ગ દૃઢ બને છે. નાનપણની ગરીબી, શિક્ષણના અભાવમાંથી તેમનો ભક્તિભાવ તેમની સર્જનશક્તિને બહાર લાવે છે. તુકારામે સ્વપ્નમાં આવીને પોતાની સર્જનશક્તિને ખીલવી છે એવું બહિણાબાઈ કહે છે. પણ સાથે પતિસેવાને પણ મહત્વની ગણે છે. જ્યારે બ્રાહ્મણ પતિના વિરોધને પોતાના દૃઢ નિશ્ચય અને સેવાથી પીગળાવે છે.

**ભ્રાતારાચી સેવા તોચિ આમ્હા દેવ,**
**ભ્રાતાર સ્વયમેવ પરબ્રહ્મ**

વારકરી સમાજની આ મહત્ત્વની વિશેષતા છે. કોઈપણ બાબતમાં મક્કમ વિરોધ ન કરતાં, સમન્વયનો માર્ગ તેઓ સ્વીકારે છે. વિરોધ કરીએ છીએ કે વિચારોને ઉથલાવી નવો પથ માંડીએ છીએ, એવું જણાવા દેતાં નથી. નામદેવ સંતને જ્યારે ચોખોબાના પાંડુરંગ દેવના મંદિરમાં પ્રવેશ નહોતો મળ્યો ત્યારે તેમણે આંદોલન નહોતું કર્યું. પણ જો મને ભગવાન પાસે જવા ન મળે તો ભગવાનને જ ભક્ત પાસે લઈ જઈશ, એમ તેમણે કહ્યું હતું. એ જ રીતે બહિણાબાઈના તુકારામ સાથેના કીર્તન, તેમના કુટુંબીજનોને સ્વીકાર્ય નહોતા, ત્યારે તેઓને સમજાવટથી એ તરફ વાળે છે અને તેઓ પછી તુકારામ સાથે જઈ રહે છે, સેવા કરે છે, ભક્તિ કરે છે.

બહિણાબાઈ પોતાના સમયના એક આગવા વિચારક હતા. જ્યારે સમાજમાં જ્ઞાતિના ભેદભાવ હતા, સ્ત્રી-શિક્ષણને જગ્યા નહોતી, નાનપણમાં તેમનાં લગ્ન કરાવી દેવાતા ત્યારે બહિણાબાઈ પોતાની ભક્તિ અને સમર્પણથી આધ્યાત્મનો રસ્તો પસંદ કરે છે. આત્મતત્વની વાત સરળ શબ્દોમાં પોતાના અભંગોમાં વ્યક્ત કરે છે.

***હવે મન તારામાં શુ ચાલે છે***
***મને દેખાય છે વિઠ્ઠલના પગલાં,***
***મનમાં જોયું, બુદ્ધિથી ગાયું,***
***ચિત્તમાં ધર્યું વિઠ્ઠલનું નામ,***
***ભેગી કરેલી બધી વાસના ગાળી,***
***શાંત મનમાં વિઠ્ઠલનું નામ***

એમને જીવનના પ્રસંગોને અભંગોમાં ઉતાર્યા છે.

***ભક્તિ, પ્રેમ, સુખ ન સમજાય***
***પંડિતો વાંચીને વેદમાંથી***

બહિણાબાઈના પદોમાં બુદ્ધિના પ્રદેશની પેલે પાર સૂઝમાંથી પ્રગટેલી સહજતા અને ગીતાજ્ઞાનની સરળતા શબ્દોમાં પ્રગટતી જોવા મળે છે.

*સૂર્યપ્રકાશમાં મૃગજળનો ભ્રમ*
*અર્થ તો કેવળ તેને દર્શાવે છે,*
*તેવી જ ભ્રમણા માયાની છે*
*લાગે સ્પર્શ, પણ નથી બ્રહ્મત્વનો*

છેલ્લે તેમનું પદ,

**તે સુખની વાત કરતા બાયા મૌન થઈ ગઈ**
**જાણો તેને ધન્ય ગુરુભક્ત**
**ઈન્દ્રિયોના દ્વારે આનંદ થયો,**
**ચૈતન્ય સાવ લગોલગ થયું**
**ઘડાને જ્યારે કુવામાં ડુબાડીએ**
**પાણી કણેકણમાં ફૂટી જાણે ન નીકળે**
**બહિણી કહે છે તેવું થયું છે મારું મન,**
**તુકારામના સંસર્ગમાં આનો પરિચય થયો.**

આજે મધ્યકાલીન સંત તરીકે આપણે બહિણાબાઈને માત્ર ઓળખીએ તે પૂરતું નથી. પણ વિપરિત સંજોગોમાં બ્રહ્મતત્વના જ્ઞાનને સરળ શબ્દોમાં વ્યક્ત કરનાર એક સ્ત્રી કેવી ઉત્કૃષ્ટ વિચારક હશે. તત્વોનું જ્ઞાન પોતાના વાત્સલ્ય, લલિતા અને સરળતાથી પ્રકાશી અનેકના હૃદયમાં દીવો પ્રગટાવનાર, હૃદયને સ્પર્શનાર આ સ્ત્રી વિચારકના પદોને મરાઠીમાં વાંચવાની એક જુદી જ મજા છે. પોતાના સંજોગોની વેદનાના ગાણા તત્વમાં પ્રગટ્યા, તે જ તેની મહાનતા.

**સંદર્ભ સામગ્રી**


૧. આપણું વિવેચન સાહિત્ય હીરા ક. મહેતા. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ ૧૯૩૯
૨. બહિણાબાઈના અભંગો બહિણાબાઈ અનુવાદ : જસ્ટીસ ઈ. એબોર્ટ, મહારાષ્ટ્ર વિસંતમાલ નં. ૫, ૧૯૨૯
૩. સંરચના અને સંરચન, સુમન શાહ, પાર્શ્વ પ્રકાશન,અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૧૯૮૬
૪. संत बहिणाबाईच्या गाथ्या. संपा. : शालिनी अनंत जावडेकर १९८९ (मराठी)
૫. Desire in Language : A Semiotic Approach to Literature and Art. Julia Kristeva. Ed. Leon S. Roudiez, Tr. Thomas Gora. Columbia University Press, NEw York 1980
૬. E-net - resource : Marathi Santasahitya and Bahinabai


❑❑❑


: +૯૧ ૯૮૨૧૫૩૩૭૦૨
sejalshah702@gmail.com


# GOD'S OWN COUNTRY કેરળના ઉદ્ધારક ગુરુ : શ્રી નારાયણ ગુરુ


**ડૉ. ભદ્રાયુ વછરાજાની**


'Education is the password to liberty and the ladder to equality.'

**ભા**રતભરમાં શિક્ષણ અને વિકાસમાં અગ્રિમ દક્ષિણનું રાજ્ય કેરળ ઉપર અંગ્રેજીમાં લખેલી વાતને સાચી પાડે છે...આ વાક્ય વર્ષો પહેલાં એક અતિ દલિત વર્ગમાંથી આવેલ વ્યક્તિએ ઉચ્ચારેલું. જેના વિષે રોમેન રોનાલ્ડે કહેલું કે : 'તેઓ જ્ઞાની ઑફ એક્શન છે, રિલિજિયસ ઈન્ટલેક્ચ્યુઅલ છે કે જેની પાસે લોકોની જીવંત સુગંધ છે અને સામાજિક જરૂરિયાતોની સમજ છે.' કવિવર રવીન્દ્રનાથ ટાગોરે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું : 'મારે નિખાલસતાથી કબુલવું જોઈએ કે હું મારા જીવનકાળમાં મલયાલમના સ્વામી શ્રી નારાયણ ગુરુની કક્ષાના આધ્યાત્મિક ઊંચાઈના અન્ય વ્યક્તિત્વને મળેલ નથી.'

શ્રી નારાયણ ગુરુ એટલે સામાજિક અને આધ્યાત્મિક ક્રાંતિકારી એમનું એક સૂત્ર જે તેમનો જીવનમંત્ર :

***માણસ માટે એક જ્ઞાતિ, એક ધર્મ અને એક ઈશ્વર.***

***જ્ઞાતિ વિષે પૂછશો નહીં, કહેશો નહીં, વિચારશો નહીં.***

***ધર્મ કોઈ પણ હોઈ માણસને એમની જાતે વિકસવાની તક આપો.***

ધર્મ, પ્રણાલિ, રૂઢિ, પરંપરાના નામે ચાલતી અંધશ્રદ્ધા અને મુર્ખતા પર જનોઈવઢ ઘા કરનાર શ્રી નારાયણ ગુરુ (૧૮૫૪ થી ૧૯૨૯) એ કેરળની સામાજિક ચેતનાને જાગૃત કરી. કેરળના લોકો આજે દેશમાં સાક્ષરતામાં પ્રથમ નંબરે છે તેનું કારણ શ્રી નારાયણ ગુરુએ વર્ષો પહેલાં શરુ કરેલા મોટા શિક્ષણ પ્રકલ્પો છે. કેરળમાં આજે અસ્પૃશ્યતા ભૂતકાળ બનેલ છે તેનું કારણ શ્રી નારાયણ ગુરુએ સ્થાપેલા 'સૌના માટે મંદિરો'છે. કેરળમાં આજે તનાવ-વિગ્રહ-વિદ્રોહ ન્યૂનત્તમ છે કારણ શ્રી નારાયણ ગુરુએ આપેલ એકતાનો ઉપદેશ છે!... શ્રી નારાયણ ગુરુના કાર્યો અને વચનોની મહત્તમ અસર એ સમયમાં થઈ, સમાજના પછાત-દલિત-તરછોડાયેલા અવર્ણ કે અસ્પૃશ્ય લોકો પર..એ લોકોના જીવમાં જીવ આણ્યો નારાયણ ગુરુએ...એ લોકો બેઠા થયા, સ્વમાનથી ઊભા થયા, ભણવા લાગ્યા, કામધંધો કરવા લાગ્યા, આગળ વધવા લાગ્યા...અને એમ કેરળ ખરા અર્થમાં સમરસ થયું શ્રી નારાયણ ગુરુના કારણે..ગુરુએ એ લોકોના હૃદયોમાં રહેલ દારિદ્રય દૂર કર્યું અને તેમને શીખવ્યું કે : ક્યારેય ઉદ્ધત, ઘમંડી અને અપમાનકારી લોકો પાસે ઘુંટણિયે પડશો નહીં...ટાગોર નોંધે છે : 'શ્રી નારાયણ ગુરુ હૃદયને નિર્મળ અને મસ્તકને ઉન્નત કરનાર વિભૂતિ છે.'!! કેરળનો પવિત્ર દિવસ ઓણમ...ઓણમના ત્રીજા દિવસે ૨૬ ઑગસ્ટ ૧૮૫૪ના રોજ ખેડૂત શિક્ષક પિતા અને ધાર્મિક માતાને ત્યાં ત્રણ

દીકરીઓ પછી દીકરો જન્મ્યો. તેના મામા જ્યોતિષ હતા તેમણે તરત જ ભાખ્યું કે, 'આ છોકરો ઈતિહાસ બદલી નાખશે.!' નારાયણને વ્હાલથી સૌ નાનુ કહેતા. એક માત્ર દીકરો કુટુંબમાં એટલે પરવરિશ પ્રમાણમાં સારી થઈ. તોફાનોમાં પણ બુદ્ધિ ચાતુર્ય અને રમૂજ નાનુ ભેળવે એટલે સૌનું ધ્યાન ખેંચે. ભગવાન જે રૂમમાં રાખ્યા હોય તે રૂમમાં ઘુસી ભગવાનને ધરેલો પ્રસાદ નાનુ મોઢામાં મુકી દે. માતા ઉંચા અવાજે સમજાવે કે એ તો ભગવાનના ખાવા માટે છે, તો નાનુ દલીલ કરે : 'વાહ, ટૂંકમાં એ ખાવા માટે જ છે ને? તો એમાં શો ફર્ક પડે પહેલાં હું ખાઉં કે એ ખાય? અને મા, તું મને કહે કે તેનું બાળક પહેલાં ખાય એમાં દેવી માતા તો રાજી જ થાય ને?'..નાનુને અસ્પૃશ્યતાની વાતો પહેલેથી જ મનમાં ન બેસતી. અવર્ણોમાં પ્રથમ આઝવા જ્ઞાતિ, વસતિનો ૩૦ ટકા હિસ્સો આ આઝવા લોકોનો. એક સમયના લડાયક લોકો જે હવે નિરાશ અને નિરસ થઈ ગયેલા, તેથી જ્ઞાતિ પ્રથાના આદેશોને નીચું માથું રાખી સહન કરે. તેમને એ પણ ખબર ન હતી કે આપણને કોઈ ન અડે એ અપમાન ગણાય! અસ્પૃશ્યતા સ્વીકૃત સામાજિક ધોરણ હતું! આઝવાઓના આત્મામાં જ ગુલામી ઘર કરી ગયેલી.. આ હાલતમાં નાનુને કોણ સમજાવે કે તું અસ્પૃશ્ય છો, તારે બધાના ઘરમાં ઘુસી ન જવાય! અછૂતોના ઘરમાં નાનુ ઘુસે અને પછી સવર્ણોને કહે કે હવે તમારા ઘરમાં બધી વસ્તુઓને અડીશ, બોલો તમારું શું થઈ જશે? એકવાર એક અછૂતની ઝૂંપડી પાસેથી નાનુ નીકળ્યો ત્યાં તેણે ચૂલા પર ભાત રંધાતા અને ઉભરાતા જોયા. તરત એ અંદર ઘુસ્યો અને લેશમાત્ર વિચાર કર્યા વગર હાથેથી દેગડી ઉતારી લીધી. વડીલો તેના આ કામથી નારાજ થયા પણ નાનુને તો ગરીબ કુટુંબના ભાત બચી ગયાના આનંદ સિવાય કશું ગાંઠે ન બંધાયું !

ઘર પાસે જ ભગવતી માતાનું મંદિર. નાયર અને આઝવા કુટુંબો સાથે મળી પૂજા માની સાચવે, જો કે તેમને બેસવાના ઓટલા અલગ - અલગ! નાનુનું કુટુંબ અહીં પૂજા-પ્રાર્થના નિયમિત કરે એટલે નાનુમાં ભગવદ શ્રદ્ધા નાનપણથી દ્રઢ. નાનુ સંવેદનશીલ. એકવાર કુટુંબમાં કોઈનું અવસાન થયું. ઘરના સૌ રડયા - શોકમગ્ન બન્યા. પણ બીજા દિવસથી સૌ હળવા થઈ - હસી મજાક કરવા લાગ્યા! નાનુને આ ન ગમ્યું. એમને થયું કે ખરેખરું દુઃખ આટલી ઝડપથી કેમ જતું રહે ને હળવાશ કેમ અનુભવાય?..આ વિચારમાં ને વિચારમાં નાનુ ઊંચા સામાન નીચે ભરાઈ રહ્યો ને ચિંતન કરતો રહ્યો..!!

નાનુ ભણવામાં હોશિયાર. સંસ્કૃત ઘરમાં શીખવાયું. થોડાં જ વર્ષોમાં નાનુએ બધું જ ગ્રહણ કર્યું અને તે આયુર્વેદમાં નિષ્ણાંત, સંસ્કૃતના સ્કૉલર, હિન્દુ શાસ્ત્રો અને દર્શનના સાધક પુરવાર થયા. તેને શિક્ષક થવું હતું. પણ શિક્ષક થાય તો તેણે આઝવાથી પણ નીચી જ્ઞાતિઓ પારયા, પુલાયા અને કુરાવાને પણ ભણાવવા પડે, જે કુટુંબને ન ગમ્યું. નારાયણે વિરોધ કર્યો, પણ તેનું કોઈએ સાંભળ્યું નહીં! કુટુંબે વિચાર્યું કે નારાયણને પરણાવી દઈએ એટલે બધા ઉધામા શાંત થાય..પણ નારાયણે આ બંધન ફગાવ્યું અને તેણે ઘર છોડી દીધું!.. આધ્યાત્મિક ખોજ કરનારને જે પ્રશ્નાર્થો હોય તે તેને પણ થયા. તેમણે સત્યની ખોજમાં ભટકવાનું શરુ કર્યું. ત્રિવેન્દ્રમમાં તામિલ બુક શોપમાં કામ કર્યું અને ત્યાંથી તામિલ શીખી લીધું...તામિલમાં તેમની એવી માસ્ટરી થતી ગઈ કે પછીથી તેમણે તામિલમાં કવિતાઓ પણ રચી. પોતાના પરિભ્રમણ દરમિયાન નારાયણને મનક્કડ વિસ્તારમાં ચટ્ટાભિ સ્વામીને મળવાનું થયું. તેમની સાથે શાસ્ત્રાર્થ થયો અને જીવનભરની દોસ્તી થઈ. ચટ્ટાભિ સ્વામી સાથેની ચર્ચાઓમાંથી નારાયણની વિચારધારા વ્યવસ્થિત ગોઠવાઈ. એ યોગ શીખ્યા  અને અંતઃ શક્તિનો પરિચય થયો. ગરીબો સાથે રહેવું અને અછૂતો આપે તે ખાવું. ક્રિશ્ચયનો અને મુસ્લિમો સાથે તેમણે ધર્મની ચર્ચા કરી. શ્રી નારાયણને સમજાયું કે ઈશ્વર એક જ છે પણ તેને આપણે આપણી માન્યતાઓ અને અંધશ્રદ્ધાઓને કારણે વિભાજીત કર્યો છે. આનો ઉકેલ શો?.. શ્રી નારાયણે ઊંડા ધ્યાન માટે જંગલની વાટ પકડી.

આદિ શંકરાચાર્યની અદ્વૈત ફિલસુફીએ શ્રી નારાયણને સ્પષ્ટ દર્શન આપ્યું કે, 'બધા જ લોકોમાં એક જ દિવ્ય ચેતના પ્રજ્વલિત છે, જીવાત્મા અને પરમાત્મા એક છે તેથી એક માણસ અને બીજો માણસ અલગ નથી પણ એક જ છે. ચામડીનો રંગ, પહેરવેશ, ભાષા કે ધર્મ એ ઉપરછલ્લી બાબતો છે. વર્ણ અને જ્ઞાતિપ્રથા તથા તેને કારણે જન્મેલ અછૂતતા પાયાવિહીન છે, અપ્રાકૃતિક છે અને માનવીય ગૌરવની હત્યા કરનાર છે. તેને તોડી પાડવી જ જોઈએ. લોકોએ જ્ઞાતિ વિષે વિચારવું નહીં, જ્ઞાતિ વિષે કહેવું નહીં અને જ્ઞાતિ વિષે પૂછવું પણ નહીં.'

આજે પણ કેરળમાં જાવ તો ભાગ્યે જ ખ્યાલ આવે કે આ હિન્દુ અને આ મુસ્લિમ, આ ઉચ્ચ અને આ નિમ્ન...આજના કેરળની સામાજિક ધરોહરનો પાયો ધરબાયો શ્રી નારાયણ ગુરુ દ્વારા..'એક જ જ્ઞાતિ - માનવતા, એક જ ધર્મ - માનવતાવાદ અને એક ઈશ્વર - વૈશ્વિક ચેતના'નો ધ્રુવ મંત્ર આપનાર શ્રી નારાયણ ગુરુ.

૧૮૮૮ ની શિવરાત્રી વ્હેલી પરોઢે ત્રિવેન્દ્રથી ચાલીસ કિમી દૂર અરુવીપુરમ ખાતે શ્રી નારાયણ ગુરુ દ્વારા એક ક્રાંતિકારી કાર્ય થયું. એક શિવમંદિરની પ્રાણપ્રતિષ્ઠા થઈ. આ ધાર્મિક વિધિ નિહાળનાર હજારો લોકોને એ ખ્યાલ ન હતો કે આ વિધિ વિસ્ફોટક ક્ષમતા બની રહેશે દલિતોની, અછૂતોની...કારણ એક અવર્ણ - હિન્દુ, એક અસ્પૃશ્ય દ્વારા બધી જ વિધિ અને પરંપરા અનુસાર ભગવાનની સ્થાપના કરવામાં આવેલી ! બ્રાહ્મણ પૂજારીઓ સામે આ પડકાર હતો તેથી તેઓ ઘટનાથી હચમચી ગયા. અત્યાર સુધી તેઓની સત્તાને કોઈએ પડકારી ન હતી. સ્કૉલર બ્રાહ્મણશ્રેષ્ઠીઓએ

રજુઆત કરી કે એક અવર્ણ, એક આઝવા દેવાધિદેવની પ્રતિષ્ઠા કેવી રીતે કરી શકે?.. શ્રી નારાયણ ગુરુએ જે જવાબ આપ્યો તે ભારે પ્રચલિત થયો. શ્રી નારાયણ ગુરુ શાંતિથી બોલ્યા : આ 'બ્રાહ્મણ શિવ' નથી, આ તો' આઝવા શિવ' છે..! આ મંદિરની સ્થાપનાએ નિરક્ષર, અસંસ્કૃત, પ્રાણીના બલિ ચડાવનાર, હિંસક આઝવા અને અવર્ણોને વિચારતા કરી મુક્યા કે, આપણે જે છીએ તે યોગ્ય છે? આપણે જે કરીએ છીએ તે બરાબર છે?.. આ સામાજિક બદલાવે લોકોને ઉચ્ચ આધ્યાત્મિકતા તરફ પહેલું પગલું ભરાવ્યું. એ મંદિર પર ગુરુએ લખાવ્યું : 'આ આદર્શ ગુફા છે, અહીં બધા જ માણસો જ્ઞાતિભેદ વગર અને ધાર્મિક દુશ્મની વગર રહી શકશે'... અસંખ્ય લોકો દર્શને આવવા લાગ્યા, ગુરુને પોતાની વ્યથા - વિતક કહેવા લાગ્યા, ગુરુની વાતો ધ્યાનથી સાંભળવા લાગ્યા. શ્રી નારાયણ ગુરુએ લોકોને સમજાવી આ મંદિરનું મેનેજમેન્ટ કરવા એક સોસાયટી રચવાનું પહેલું કદમ ભર્યું જે વિખરાયેલા અછૂતોનું પહેલું સંગઠન બન્યું!... અહીં ગુરુકુલમ અને સંસ્કૃત સ્કૂલની સ્થાપના થઈ અને તેના દ્વારા શાસ્ત્રોના સહારે ધાર્મિક તાલીમ યુવાનોને અપાવા લાગી. શ્રી નારાયણ ગુરુએ સમગ્ર કેરળ, તામિલનાડુ, કર્ણાટક અને શ્રીલંકામાં કુલ ૬૦ મંદિરો બનાવ્યાં. વિદ્યાની દેવી શ્રી શારદાનું મંદિર ૧૯૧૨માં શિવગિરિ ખાતે બનાવાયું. શારદા મઠમ તરીકે પ્રચલિત આ સ્થાનમાં સ્વચ્છ અને સુંદર, રંગબેરંગી કાચ સાથેની બારીઓવાળું મંદિર છે જેમાં કમળપુષ્પ પર બિરાજમાન શારદા દેવીની નિશ્રામાં ધ્યાન અને મંત્રગાનની વ્યવસ્થા છે. આ શિવગિરિ ખાતે જ શ્રી નારાયણ ગુરુના દેહને સમાધિ આપવામાં આવી છે તેથી આજે ગુરુની વિદાયના નવ દસકા પછી પણ ત્યાં ગુરુની અનુભૂતિનાં સ્પંદનો અખંડ છે અને અવિરત છે.

એક વિચિત્ર છતાં વિશિષ્ટ ઘટના બની શેરથલાઈ પાસેના કાલવનકોડમ ખાતે. એક મંદિરના શુભારંભ માટે શ્રી ગુરુને આમંત્રણ અપાયું. આયોજકોએ એક પ્રાચીન પરંપરાગત મૂર્તિ પ્રતિષ્ઠા માટે તૈયાર રાખેલ. શ્રી ગુરુ પધાર્યા ત્યારે તેમના ભક્તોના બે જૂથો વચ્ચે વિખવાદ થયો. થોડાં આધુનિક ભક્તો માનતા હતા કે આ પરંપરાગત મૂર્તિની સ્થાપના એ પ્રગતિની નિશાની નથી. થોડાં રૂઢિપ્રેમી ભક્તોનું માનવું હતું કે મૂર્તિ તો પ્રાચીન જ હોય. શ્રી ગુરુએ બન્નેની દલીલો સાંભળી પણ કશો પ્રતિભાવ ન આપ્યો. ગુરુની નિજી ખાસિયત પ્રમાણે તેઓ હસ્યા અને એક સારો મોટો અરીસો મંગાવ્યો. બધાને આશ્ચર્ય થયું. અરીસો આવ્યો એટલે શ્રી નારાયણ ગુરુએ તેના પર 'ૐ' નું ચિન્હ કોતર્યું. કોઈ કશું વિચારે કે બોલે તે પહેલાં મૂર્તિના સ્થાને એ અરીસાની સ્થાપના - પ્રતિષ્ઠા શ્રી ગુરુએ કરી દીધી. આ 'પ્રણવ પ્રતિષ્ઠા' એ શ્રી ગુરુ દ્વારા થયેલ છેલ્લી સ્થાપના હતી! શ્રી ગુરુએ કહ્યું : 'ઈશ્વરનાં ત્રણ તબક્કાઓ - મૂર્તિ, દીવો અને ૐ સાથેની આરસી - માણસની આધ્યાત્મિક પ્રગતિના ત્રણ પગથિયાં છે.'

'મંદિરો ચોખ્ખા અને સુંદર હોવાં જોઈએ. જે મંદિરને ગંદુ કરે એવી વિધિ અહીં ન થઈ શકે. શિવગિરિના બ્રહ્મવિદ્યાલયમાં ઘડાયેલ વ્યક્તિ જ અર્ચક (પૂજારી) બની શકે, તેના માટે બ્રાહ્મણ હોવું જરૂરી નથી. મંદિરો સાંસ્કૃતિક ધરોહર છે. ત્યાં લાયબ્રેરી, વ્યાખ્યાન ખંડ, શૈક્ષણિક સંસ્થા અને ઔદ્યોગિક કેન્દ્રો પણ હોવાં જોઈએ. જેને મંદિરમાં ભગવાન મળે તે અંદર ધ્યાન કરે અને જેને પ્રવૃત્તિમાં ઈશ્વર મળે તે બહાર પ્રવૃત્ત રહે. આ મંદિરો આધ્યાત્મિક, સામાજિક અને આર્થિક ઉન્નતિના મથકો બનવાં જોઈએ દલિતો માટે, અછૂતો માટે...મેં મંદિરો એટલે બનાવ્યાં કારણ કે એ સમયમાં મંદિરો અને શાસકો સાથે મળી નબળા લોકોને પરેશાન કરતા હતાં. અવર્ણોને, અછૂતોને મંદિરમાં પ્રવેશબંધી હતી. તેઓને શિક્ષણ લેવાની મનાઈ હતી. તેઓને સરકારી નોકરી પર પ્રતિબંધ હતો. તમારો ભગવાન જેટલો બળવાન, એટલા તમે શક્તિશાળી!!'... શ્રી નારાયણ ગુરુએ વિચાર્યું કે મંદિરમાં પ્રવેશબંધી છે તો આપણે મંદિરને લોકોમાં લઈ જઈએ. શ્રી ગુરુ પોતે બધું જ શીખ્યા, શાસ્ત્રોમાં પારંગત થયા અને પછી મંદિરો દ્વારા જ ક્રાંતિ કરી. અછૂતોને એ જ શિવ મળ્યા. એ જ સુબ્રમણ્યમ મળ્યા, એ જ શારદામાં મળ્યા અને એ પણ પોતે જઈ પૂજા કરી શકે તેવા મંદિરોમાં... શ્રી નારાયણ ગુરુએ મંદિરો દ્વારા સામાજિક સમરસતા માટે જબરું કામ કર્યા પછી માત્રને માત્ર વિચાર કર્યો શિક્ષણનો...' મંદિર તો સમાજમાં પ્રવેશવાનું દ્વાર છે હવે મંદિરો પાછળ પૈસા ખર્ચવાની જરૂર નથી. મોટા હોલ બાંધો મંદિરોમાં ત્યાં બધાને ભેગા કરો. ચર્ચા-સંવાદ કરો તેમની સાથે. શિક્ષણ આપો બરાબર. મંદિરોને શિક્ષણકેન્દ્રો બનાવી દો... માત્ર પૂજાથી કંઈ નહીં વળે. જ્ઞાન હશે તો બૌદ્ધિક સર્વોચ્ચતા મળશે. બૌદ્ધિક સ્તર ઊંચું આવશે તો અને તો જ આર્થિક પ્રગતિ થશે, સામાજિક દૂષણો દૂર થશે.' આવું ક્રાંતિકારી કહેનાર શ્રી નારાયણ ગુરુએ વાસ્તવિકતા વિચારી કહ્યું : 'મંદિરમાં નાણું ખર્ચાયું એ ઘણું થયું. નાણાં દાન કરનારને આ વાત ગળે ન ઉતરે તો સાવ નાનું મંદિર અને સાથે વિશાલ સ્કૂલ બનાવો. મંદિર સ્વચ્છતા શીખવે ને શાળા જ્ઞાન-સંસ્કાર...!'

સૌથી પહેલાં મંદિરના મેનેજમેન્ટ માટે બનાવેલ સંગઠનને જ રૂપાંતરિત કરવામાં આવ્યું અને તે બન્યું 'શ્રી નારાયણ ધર્મ પરિપાલન યોગમ' જે આજે ભારતમાં અને વિશ્વમાં શિક્ષણક્ષેત્રે SNDP ના નામથી પ્રચલિત છે. આ SNDPમાં કોઈ પણ માણસ સભ્ય થઈ શકતો, પણ શ્રી નારાયણ ગુરુ જન્મે આઝવા હોવાથી બધા જ આઝવા લોકો તો તેમાં જોડાયા. નાનામાં નાના ગામમાં SNDPની રચના થઈ અને તેને કારણે તેઓ સંગઠિત, શિક્ષિત અને સુસંસ્કૃત થયા. શ્રી નારાયણ ગુરુનો પવિત્ર સંદેશ તેઓએ દિલમાં ઉતાર્યો : 'કોઈને દુઃખ ન પહોંચાડશો. સૌનું ભલું કરજો.' જેની પાસે પૈસો આવ્યો તે હોશિયાર ગરીબને ભણાવવા લાગ્યા. ઉચ્ચ ડિગ્રી માટે પરદેશ જવા લાગ્યા. ભણવાની જાણે કે એ સ્પર્ધા ચાલી.. SNDP

એ શાળાઓ શરુ કરી, પહેલાં મંદિરોમાં, પછી સ્વતંત્ર. લાયબ્રેરી અને રીડિંદ હોલ્સ બનાવ્યાં. આજે તો બધી જ વિદ્યાશાખાઓની ઉચ્ચ શિક્ષણ આપતી કોલેજો કાર્યરત છે.

મદ્રાસ જતી વખતે ટ્રેનમાં એક યુરોપિયન ડ્રેસધારી ભારતીય શ્રી ગુરુને મળ્યા ને પૂછ્યું : 'નામ શું છે' 'નારાયણ' 'કઈ જ્ઞાતિ?' 'તમે શું માનો છો?' જવાબ મળ્યો : 'દેખાવ પરથી કેમ ખબર પડે?' ગુરુએ હાસ્ય સાથે કહ્યું : 'જો દેખાવ પરથી ન ખબર પડે તો પછી સાંભળવાથી ય કેમ ખબર પડે?'

મહાત્મા ગાંધી શ્રી નારાયણ ગુરુથી ભારે પ્રભાવિત થયેલા. તેઓ વચ્ચેના સંવાદ પછી ગાંધીએ પોતાના સામાયિક 'નવજીવન' નું નામ બદલીને 'હરિજન' રાખેલું. મહાત્માજીએ કહેલું કે : 'અસ્પૃશ્યતા નિવારણ એ અમૂર્ત ખ્યાલ છે. શ્રી નારાયણ ગુરુ દ્વારા મંદિરમાં પ્રવેશ કરવાની ઘટના એ અમૂર્ત ખ્યાલનું નક્કર પ્રતિનિધિત્વ કરનારું પગલું છે. 'પોતાના સાઠમાં જન્મદિવસે શ્રી ગુરુએ ઘોષણા કરી કે 'દારૂ ઝેર છે. દારૂ બનાવશો નહીં, આપશો નહીં કે પીશો નહીં.' આ એક વાક્યએ અનેકની અનેક મુશ્કેલીઓ દૂર કરી. અનેક સામાજિક કુરિવાજોને હાંકી કાઢનાર શ્રી નારાયણ ગુરુ વ્યાખ્યાનો ન આપતા. પણ ગોષ્ઠિ કરતા અને તેમાં વ્યંગમાં સત્ય સમજાવી દેતા... એક કુટુંબમાં મૃતદેહ બાબતે ઝઘડો થયો, મૃતદેહને અગ્નિદાહ દેવો કે દફનાવવો? શ્રી ગુરુએ કહ્યું : બેમાંથી કંઈ ન કરો. મૃતદેહને દળી નાખી ભુક્કો કરો ને તેને નાળિયેરીના ક્યારામાં ખાતર તરીકે નાખી દો..'

થોડામાં ઘણું બધું કહેવા ટેવાયેલા શ્રી નારાયણ ગુરુ આજે પણ કેરળના પ્રત્યેક ઘરમાં સંધ્યાટાણે અચૂક દીવાની જ્યોત બનીને પ્રજ્વળે છે. શ્રી ગુરુએ શીખવેલું કે : 'ઘર મુકીને મંદિરમાં દીવો કરવા જવા કરતાં ઘરઆંગણે દીવો કરીને ઘરને જ મંદિર બનાવો ને!!' કેરળ GOD'S OWN COUNTRY છે કારણ કે ત્યાં શિક્ષણ અને સમરસતાની જ્યોત અખંડ ઝળહળે છે...!

❑❑❑

પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪, અમીન માર્ગ, રાજકોટ.
સંપર્ક : ૦૯૮૯૯૮૨૦૩૩૩, (૦૨૮૧)૨૫૮૮૭૧૧
ઈમેલ : bhadrayu2@gmail.com

# કાજી નજરુલ ઈસ્લામ

**ડૉ. નલિની માડગાંવકર**

*''અંજલિ લહો મોર સંગીતે,*
*પ્રદીપ શિખા સમ કાંપિ છે પ્રાણમમ.''*
(મારી આ સંગીતાંજલિ સ્વીકારો.
પ્રદીપશિખાની જેમ મારાં પ્રાણ કાંપી રહ્યાં છે.)

વિશ્વકવિ રવીન્દ્રનાથ ટાગોર પછી જેમની ગીતરચનાઓ પ્રેમથી ગવાઈ રહી છે એ છે કાજી નજરુલ ઈસ્લામ. ઈશ્વરને સંબોધીને રચાયેલી ઉપરની પંક્તિઓ પણ કવિ નજરુલના ભક્તિગીતની છે. પોતાના કાવ્ય સર્જનમાં, સાહિત્ય સર્જનમાં કવિ નજરુલે હંમેશાં હિન્દુ-મુસ્લિમ એકતાને નિષ્ઠાપૂર્વક ચાહેલી. સંગીત પણ પ્રભુસેવા અને જનસેવાનો એક માર્ગ છે. સંગીતે પ્રેરેલી સત્કર્મની શક્તિને સર્વ માટે સેવાભાવે વાપરેલી. એમણે હજારથીએ વધુ ગીતો રચેલાં એને સ્વરબદ્ધ પણ કરેલાં તેમ જ નવા રાગોનું, મિશ્ર રાગોનું નિર્માણ કરેલું પણ હૃદયમાં તો એ જ માનવતા રમતી હતી. એમનાં ગીતોનું સંપાદન અનેક ભાવપ્રમાણે વિભાજતિ કરવામાં આપેલું જેમ કે કાવ્યગીતિ, રાગપ્રધાન ગીતો, ઈસ્લામી ગીતો, ગઝલ. ભક્તિગીતો, દેશભક્તિ ગીતો, લોકસંગીત પર આધારિત ગીતો, હાસ્યપ્રધાન ગીતો, હિન્દી ગીતો ઈત્યાદિ.

સર્જક તરીકેનું એમનું જીવન ફક્ત બાવીસ વર્ષનું અને વૈવિધ્ય સભર ગીતરચનાઓ લગભગ અગિયાર વર્ષમાં રચી. ભલે દેશઝનૂન એમને 'વિદ્રોહી કવિ'નું બિરુદ આપનાર હોય પણ સામાન્ય જનતા એમનાં ગીતોમાંથી પ્રેરણા લઈ જીવનને સત્પથે વાળતી આ પણ એક પ્રકારની માનવસેવા જ છે. એમણે ઊંચે આસને બેસી જીવનસુધારણાના વ્યાખ્યાનો નહોતાં આપ્યાં પણ પોતાના વિચારોને જ આચારનું સ્થાન આપેલું. એ જનપ્રિય સર્જક હતા; હંમેશાં કહેતા કે ''હું પણ તમારા જેવો જ માણસ છું મારા જીવનમાંય ભાવોનું મેઘધનુષ રચાયું છે. ઈશ્વરદત્ત સ્મિત-વેદનાના રંગો મેં પણ અનુભવ્યા છે.'' અને જનતા આવા સમાનધર્મીને મનોમન વંદતા અને પોતાનાથી વધુ દીનદુઃખીના જીવનને જોઈ સાંત્વના મેળવતા. આવી કર્મની દીક્ષા એમણે લોકોને આપી પોતાનું સેવાવ્રત ઉજાળ્યું.

વિષમ પરિસ્થિતિમાં પણ કવિ પ્રતિભાને વિકસાવી. એમને મન ઈશ્વરનું કલ્યાણકારી રૂપ જ સર્વોપરિ હતું. ગીત-ગઝલમાં પણ એમની ઈશ્વરશ્રદ્ધા જ અનુભવાતી એક ભક્તિગીતમાં કહે છે;

*''તારી પૂજાનું ફૂલ ખીલ્યું, હે મા, મારા મનમાં*
*તું જ આવીને લઈ લે એ ફૂલ તારાં શ્રી ચરણોમાં''*

દેવીની ઉપાસનાનાં ભક્તિગીતો, રાધા-કૃષ્ણના પ્રેમની અનોખી રચનાઓ, ઈસ્લામી ભાવનાં ગીતો જેવી ભક્તિથી રચ્યાં. આવી હતી કવિની હિંદુ-મુસ્લિમ એકતાભાવના. કોમી એકતાને કવિ નજરુલે પોતાની રચનાઓમાં ગૂંથી લીધેલી. એનું એક દૃષ્ટાંત જોઈએ;

*''મુસ્લિમ અને હિન્દુ અમે*
*બંને ભાઈ જેવા.*

*એક છોડ પર ખીલતાં બે ફૂલો જેવાં*
*એક ભારતદેશે સ્થાન*

આવો માનવ-માનવ વચ્ચેનો મૈત્રીભાવ કવિએ સ્થાપ્યો. કોમવાદને ભૂલી જઈ ઘરનાં જ નહીં; હૃદયનાં દ્વાર ખોલાવ્યાં. આવી સેવાનો મંત્ર એમણે આજીવન સેવેલો. એમને મન ધર્મ-સંપ્રદાય આગળ વધવા માટેના માર્ગો હતા. એ ગાતા;

*''અલ્લાહ નામની નાવ હંકારી*
*હું તો મદિના જઈશ.''*

જીવનમાં આર્થિક સમસ્યા કવિએ અવારનવાર અનુભવી. એ ચર્ચામાં આપણે નહીં પડીએ પણ એમણે પોતાના મનને પણ સમજાવી દૃઢ કરવાનો પ્રયત્ન કર્યો છે;

*''અરે મારી હૃદયવેદના*
*વંટોળ-આર્ત મધરાતે*
*કપોતની જેમ વ્યાકુળ*
*આવું રુદન કરો નહીં''*
*એ મિત્રભાવે સતત કહેતા કે;*
*''જેના અંતરમાં ઝળહળતો પ્રેમદીપક,*
*ત્રિભુવનમાં ક્યાંય દેખાય નહીં અંધકાર.''*

કવિનું હુલામણું નામ ''દુખ્ખુ'' હતું. જિંદગીના આઠમે વર્ષે એમણે પિતાની છત્રછાયા ગુમાવેલી. કવિ નજરુલે પ્રમિલા નામની હિન્દુ સ્ત્રી સાથે લગ્ન કરેલાં અને મોટો દીકરો બુલબુલ મૃત્યુ પામ્યો ત્યારે એ આઘાતને સહન કરવા કવિ આધ્યાત્મિકતા તરફ વળ્યા.

''શાક્ત કે વૈષ્ણવ ગીતો, રચ્યા બાદ વેદાંતનો અભ્યાસ એમને આધ્યાત્મિકતા તરફ દોરી ગયો. રહસ્યવાદી ગીતો તરફ મન વળ્યું અને પ્રકૃતિગીતોને પણ માનવ પ્રકૃતિ - સ્વભાવથી સભર કર્યાં. ૧૯૩૦ થી ૪૦ ના દાયકામાં ભક્તિપ્રધાન ગીતોમાં પણ રહસ્યવાદની છાયા દેખાઈ.

*''અંતરે તમે વસ્યાં નિરંતર*
*મારા અન્તર્યામી*
*વૃથા શોધું તને જગતમાંહી*
*તું તો વસ્યો મારે હૈયે.''*

ઉપરાંત શાક્તગીતોમાં પણ પરિવર્તન જણાયું.

*''મારી મા તું સહુ નામોમાં*
*મા છે મારા સર્વ-નામોમાં*
*જે નામે શ્યામા માને પોકારું*
*પૂરાં કરો મનોરથ રે...''*

મૂલ્યબોધમાં પરિવર્તન આવ્યું પણ સેવાનો મંત્ર એવો જ રહ્યો. મૂંગે મોઢે થતાં કર્મોને અનાસક્ત ભાવે, સેવા - અને એ પણ ધનટીનની સેવા સવિશેષ કરી, પોતાની જાતને 'બાઉલ' ગણાવી. ખુદના દેહને દેવળ તરીકે પવિત્ર બનાવ્યાં. જીવન અને મૃત્યુના સ્વરૂપને જાણવા છતાં પોતાની નૌકાને ક્યારેય ફૂલું ફૂલું થવા દીધી નથી. એક ગીતમાં કહે છે;

*''અરે, નાવિક ભાઈ, તું ક્યા દુઃખે*
*કિનારો ભૂલી ગયો !*
*અને કિનારાથી દૂર દૂરની*
*દુનિયામાં ઘૂમી રહ્યો.''*

સ્વદેશી ગીતોમાં વીરત્વનું પ્રાધાન્ય, પ્રકૃતિ અને પ્રણયગીતોમાં જોવા મળતું માનવસંવેદનાનું પ્રતિબિંબ, શાક્તગીતો અને મુસ્લિમ ધર્મની ઉપાસનાના ગીતો. ભલે ગીતોનું વૈવિધ્ય જોવા મળે પણ એના કેન્દ્રની આધ્યાત્મિકતા અસામાન્ય ગીતોની રચના કરે, અનેરું બળ આપે, પોતાની આસપાસ વસતી પ્રજાને એક અનેરું નૈતિકબળ આપ્યું. એ હતું પ્રારબ્ધ અને પુરુષાર્થનું.

અનેક વર્ષોનો કારાવાસ આવા મુક્તિના ઉપાસકને ભાગે આવ્યો એની ચર્ચા કરવી અહીં અસ્થાને છે.

*કવિના જ શબ્દોમાં રહેલું ચિંતન સમજીએ;*
*''હું એક કવિની ભૂમિકા માટે નથી સર્જાયો.*
*હું એક નેતા પણ નથી બન્યો.*
*મારો જન્મ તો પ્રેમ વહેંચવા થયો.*
*પણ સાચા પ્રેમ માટે મારું હૃદય તરસતું રહ્યું''*

આખરે ૧૯૪૨ જુલાઈમાં કવિએ સંપૂર્ણ રીતે માનસિક સંતુલન ગુમાવ્યું. શાસકોએ એમને કારાવાસ આપ્યો પણ કવિ નજરુલના એક હાથમાં અમૃત હતું અને બીજા હાથમાં વેદનાનું વિષ. આ સંત કવિએ વેદનાનો અભિશાપ પોતે વેઠ્યો હોવા છતાં અમૃતના આશીર્વાદ કવિ તરીકે સહુને આપ્યા. જે સન્માર્ગે લઈ જાય એ સંત છે.

કાજી નજરુલ ઈસ્લામે ધર્મ-કર્મની ફિલસૂફી જીવનના આચરણમાં ઉતારી. વ્યક્તિ કેટલું કરતાં પણ કઈ રીતે જીવે છે એનું મહત્ત્વ છે. આજે પણ બંગાળી જ નહીં; સમગ્ર ભારતદેશની પ્રજા ભાષા અને સેવાના મર્મને સમજીને કવિની ઉપાસનાને વંદન કરી રહી છે, સંગીતસાધક કાજી નજરુલ ઈસ્લામનાં કાર્યો અને કવિ ધર્મ-કર્મ સાગર જેવાં છે એમાંથી કેટલાંક બિંદુઓનો સ્પર્શ આનંદની અલૌકિક ભૂમિકા આપનાર છે.

❑❑❑

સંપર્ક : ૯૮૨૦૪૬૮૯૭૩, મુંબઈ

Know the known fully before you
move towards the unknown.
- BKS IYENGAR

# ધ્યાનયોગ અને કર્મયોગનો સંગમ પૂજ્યશ્રી મોટા

**ડૉ. અભય દોશી**

**ભા**રતભૂમિ પર અનેક સંતો, વિચારકો જન્મ્યા છે. આવા સંતોની શ્રેણીનાં ધ્યાનયોગ અને સમાજસેવાનો સુમેળ કરનારા સાધકોમાં પૂજ્યશ્રી મોટાનું નામ નોંધપાત્ર છે. ગુજરાતની ભૂમિ પર જન્મેલા આ મહાપુરુષ પ્રારંભે આઝાદીની ચળવળ અને ગાંધીવિચારથી પ્રભાવિત હતા. તેમના જીવન પર આ વિચારોનો પ્રભાવ તો રહ્યો જ, પરંતુ કેટલાક સદ્‌ગુરુઓનો સંગ થતાં આંતરિક આધ્યાત્મિક વિશ્વ પણ અનોખી રીતે ઊઘડતું રહ્યું.

તેઓનું પ્રારંભે જ 'પૂજ્યશ્રી મોટા' એવું ગુરુત્વવાચક સંબોધન આપણને આશ્ચર્ય જગાડે, પરંતુ તે નામ લોકો દ્વારા અપાયું છે અને તેમણે સહજ રીતે સ્વીકાર્યું છે. તેઓ મૂળ વડોદરા પાસે સાવલી ગામના વતની હતા. ભાવસારજ્ઞાતિમાં તેમનો જન્મ થયો હતો. પિતાનું નામ આશારામ હતું અને માતાનું નામ સૂરજબા હતું. તેઓનું નામ ચૂનીલાલ હતું. ઈ.સ. ૧૮૯૮માં જન્મ થયો હતો. ભાદ વદ ચોથ અને ૪-૯-૧૮૯૮. નાનીવયમાં ઘરમાં અપાર દરિદ્રતા હતી. એકવાર રાત્રે રસ્તે જતાં સિપાઈઓ સાથે વાતચીત કરતા સિપાઈઓએ પિતાજીને પકડી ખૂબ મારઝૂડ કરી. તેમ જ થાણામાં લઈ ગયા. બાળક ચુનીલાલે કુનેહથી ગામના સન્માન્ય વ્યક્તિની મદદથી પિતાજીને છોડાવ્યા, પરંતુ બાળ-ચુનીલાલના મન પર ઘેરી અસર પડી. તેઓ વિચારવા લાગ્યા કે સિપાઈઓએ પિતાજીને માર્યા, કારણકે આપણે ગરીબ હતા. આથી ફરી આવો બનાવ ન બને તે માટે ગરીબી અવશ્ય દૂર કરવી જોઈએ. આ ગરીબી દૂર કેમ કરાય? એ વિશે વિચાર કરતા શિક્ષણથી જ ગરીબી દૂર થાય એવો દૃઢ નિશ્ચય થયો. આથી નાની-મોટી નોકરી કરી તેના માધ્યમથી શાળાશિક્ષણ પૂર્ણ કર્યું. આગળના અભ્યાસ માટે કૉલેજમાં વડોદરા ગયા. અહીં એક કુટુંબ સાથે સંકળાયા. એ કુટુંબના શ્રીમતી પ્રભાબેન (માસીબા) આધ્યાત્મિક પદો ગાતાં. બાળપણથી જ ચૂનીલાલને આધ્યાત્મિક રસ હતો, તે આ ભાવનાશીલ બેનના સંપર્કમાં વધુ ખીલી ઊઠ્યો. કૉલેજ અભ્યાસ દરમિયાન ગાંધીજીના સંપર્કમાં આવવાનું થયું. તેમના પ્રવચનોથી દેશ માટે કશુંક કરી છૂટવાની ભાવના જાગૃત થઈ. કૉલેજ છોડી ગાંધીપ્રેરિત ગુજરાતવિદ્યાપીઠમાં જોડાયા. પોતાના કુટુંબની આર્થિક પરિસ્થિતિ સુધરે તે ધ્યેયથી અનેક પ્રકારના શ્રમોને સ્વીકારી કરકસરપૂર્વક કૉલેજજીવન સ્વીકાર્યું હતું. પરંતુ ભાવનાશીલ ચૂનીલાલે માનસિક સંઘર્ષો બાદ નક્કી કર્યું કે તેઓ રાષ્ટ્રના વિશાળ ધ્યેય માટે કુટુંબના હેતુને ગૌણ કરશે. ગુજરાત વિદ્યાપીઠના અભ્યાસ દરમિયાન પુનઃ એકવાર વિદ્યાપીઠ પર ગાંધીજી આવ્યા. ગાંધીજીએ ફરી હાકલ કરી કે અત્યારે યુવાનોના અભ્યાસ કરતા સેવાકાર્યની વિશેષ આવશ્યકતા છે. એટલે તેઓ હરિજનપ્રવૃત્તિમા જોડાયા. કુટુંબની આર્થિક પરિસ્થિતિ અત્યંત કપરી હોવા છતાં, બીજી સ્વતંત્ર નોકરીમાં વધુ પગાર મળી શકે એમ હોવા છતાં, પોતે જેના દ્વારા રાષ્ટ્રની સેવા થઈ શકે એવી જ પ્રવૃત્તિ સ્વીકારી. નિષ્ઠાપૂર્વક એ કાર્યોને સંભાળતા કાર્યના અતિભારથી કે અન્ય કોઈ કારણથી ફેફરૂં (એપીલેપ્સી)ની બીમારી થઈ. આ બીમારીને લીધે અનેકવાર ફીટ આવે અને માર્ગમાં પડી જવાનું થાય. ૧૯૨૨માં ૨૪ વર્ષની વયે તેમને થયું કે આવું જીવવું એના કરતાં મૃત્યુને વહાલું કરવું તે જ યોગ્ય ગણાય. આથી ગરુડેશ્વરના ઝૂલતા પથ્થર (ફાંસીનો પથ્થર) પરથી નર્મદામાં ઝંપલાવ્યું પણ નર્મદામૈયાને આ યુવાનના ભાગ્યમાં કાંઈક જુદું લખાયું છે એનો સંકેત હશે. એટલે કોઈક દિવ્ય રીતે જ યુવાન ચૂનીલાલનો બચાવ થયો. વેગવંતી નર્મદાના તેજીલા તોખારસમા તરંગોએ ચૂનીલાલને વેગમાં ઊંચે ચઢાવી પુનઃ નર્મદાના કિનારા પર મૂકી દીધો. નર્મદાના વહેણમાં કાંઈક દિવ્ય અનુભવો થયા. કિનારા પર આવેલા ચૂનીલાલને સાધુઓનો સંપર્ક થયો. તેમણે સાધુએ 'હરિ ૐ' નામનો જાપ કરવા કહ્યું. તેને પરિણામે ફીટ આવવાની બીમારી (ફેફરૂં) દૂર થઈ ગયું. ત્યારપછી તેઓ બાલયોગીજીના આદેશથી સ્મશાનમાં સૂવા લાગ્યા અને હરિજનોની અખંડપણે સેવા કરવા લાગ્યા. બાલયોગીજી સાથેની, પ્રથમ મુલાકાત પણ તેઓ તેમને જાણતા નહોતા, છતાં 'નડિયાદથી ચૂનીલાલને મોકલશો' એવા સ્વજન સાથેના સંદેશથી થયેલી. તેઓ બાલયોગીજી મળ્યા, ત્યારે તેઓ બાળકની જેમ મસ્તી કરતા, તો ક્યારેક નદીના પાણીમાં છલાંગ લગાવતા. પ્રથમ મુલાકાત માટે એકદિવસનો સમય લઈને ગયા હતા, પરંતુ ચાર દિવસ લાગી ગયા. બાલયોગીજી સાથે દૃઢ સંબંધ બંધાયા બાદ બાલયોગીજીના આદેશથી મધ્યપ્રદેશના સાંઈખેડાગામમાં તેમના ગુરુ કેશવાનંદજીને મળ્યા. આ જ સમય દરમિયાન 'મન' અને અન્ય કાવ્યો પણ લખ્યા. વિચિત્ર લાગતા આ બાબાઓની હરકતો જોઈ સામાન્ય માણસો છોડી જાય, પણ પૂર્વે અમદાવાદના બાળયોગીજીએ અદ્‌ભુત અનુભવ કરાવ્યો હોવાથી દાદાગુરુ કેશવાનંદજીની હૃદયપૂર્વક સેવા કરી. તેને પરિણામે આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ત્યાંથી પુનઃ નડિયાદ આવ્યા બાદ થોડા સમયે મહારાષ્ટ્રના સાકોરીથી ઉપાસની મહારાજનો આદેશ આવ્યો તેઓ ત્યાં પહોચ્યા અને ૧૧ દિવસની સામધિનો અનુભવ થયો. આ સમાધિના સમય દરમિયાન કેટલાક વિચિત્ર અનુભવો થયા, જે સ્થૂળભૌતિક દેહની શુદ્ધિ માટે પ્રયોજાયા હશે. આ સમાધિની પૂર્ણાહુતિ બાદ ઉપાસનીજીએ આશીર્વાદ આપ્યા કે, હવે આ સમાધિની સ્થિતિ કાયમ રહેશે. તેઓ પુનઃ નડિયાદ આવ્યા.

આ બાજુ બાલયોગીજીએ કહ્યું કે, તમે જેને સેવાકાર્ય ગણો છો, તે લોકોના અહંનું પોષણનું સાધન છે, માટે તે છોડી દેવું. એ થી આજીવિકાનું અન્ય સાધન ન હોવા છતાં પણ હરિજનસેવાની પ્રવૃત્તિમાં થી રાજીનામું આપ્યું, અને આગળ સાધના માટે સંસારની પ્રવૃત્તિ છોડી યોગમાર્ગમાં જોડાયા.

૧૯૩૦માં તેમને મૌનમાં શાંતિ અને બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર થયો. એ પછી ૧૯૩૦-૩૨માં સાધના માટે જેલજીવનના એકાંતને પસંદ કર્યું. એ દરમિયાન પોલીસના મારને પણ પોતાના આત્માની નિર્ભયતાની પરીક્ષા માટે સહજ રીતે સ્વીકાર્યા. આ દરમિયાન તેમણે બાળકો અને સામાન્યજનો સમજી શકે એવી સરળ ભાષામાં 'જીવનગીતા' પુસ્તક લખ્યું. ૧૯૩૦માં જે નિર્ગુણ-સાક્ષાત્કાર થયો હતો. એ જ રીતે ૧૯૩૪માં શ્રીકૃષ્ણના દિવ્યનીલ રૂપનો સગુણ-સાક્ષાત્કાર થયો. ત્યાર પછીના પાંચ વર્ષોમાં હિમાલયની ભૂમિ પણ પરિક્રમણ કરી અનેક અઘોરીઓ, યોગીઓ આદિનો પરિચય કેળવ્યો. એ જ રીતે હિમાલયના આ પ્રવાસની સાથે જ બ્રહ્મચર્યની સિદ્ધિ માટે મધ્યપ્રદેશમાં આવેલા એક ધોધ પાછળ આવેલી ગુંફામાં અનેક છાણાની ધૂણીઓ વચ્ચે ચૈત્રમાસમાં રહીને સાધના કરી. ત્યાંથી કાર્યવશાત્ કરાંચી જવાનું થયું. પૂર્વે બાલયોગીજી, કેશવનંદજી અને ઉપાસની મહારાજનો પ્રત્યક્ષ સંયોગ થયો હતો, અહીં સાંઈબાબાનો આદેશાત્મક પરોક્ષ સંયોગ થયો. સાંઈબાબાના આ સંયોગ દરમિયાન અનેક એવા વિશિષ્ટ અનુભવો થયા કે જે સ્વયં પૂજ્યશ્રી મોટાએ પોતાના આત્મકથનમાં નોંધ્યા છે, માટે જ સ્વીકારી શકાય. ૧૯૪૩માં તેઓ બનારસ કોઈક કાર્ય માટે રોકાયા હતા. આ કાર્ય એવું આવશ્યક હતું કે છોડીને જઈ શકાય એમ નહોતું. આ દરમિયાન નાનાભાઈનો તાર આવ્યો કે માતાની છેલ્લી બીમારી છે, માટે ઝડપથી આવવું. પરંતુ અહીંના સંયોગોને લીધે ત્યાં જઈ શકાય એમ નહોતુ. મોટાના અંતરમાં અપરંપાર વેદના હતી કે, સંસારત્યાગ સમયે માતાને વચન આપેલું કે, તારા અંતિમ સમયે હું હાજર રહીશ, પરંતુ અત્યારે જાણે ભગવાન અગ્નિપરીક્ષા લઈ રહ્યો હતો. તેમણે ભગવાનને ઘણી વિનંતી કરી કે આમાંથી કાંઈક માર્ગ કાઢ. પરંતુ જીવનની આ કપરી પરિસ્થિતિમાં જાણે ભગવાન પણ મોઢું ફેરવી ગયો હોય, એમ માર્ગ દેખાડતો નથી. ત્રણેક દિવસ ગયા, ત્યાં માતાના મૃત્યુનો તાર આવ્યો. એ સમયે તેમણે જોયું કે, તારમાં નોંધાયેલા સમયે પોતે ધ્યાનસ્થ હતા અને દીવો અચાનક બૂઝાયો હતો, ત્યારે જ અનુભવાયું હતું કે માતાનું આયુષ્ય પૂર્ણ થયું છે, એ સંકેત સાચો હતો. બે-ત્રણ દિવસ પછી નાનાભાઈનો પત્ર આવ્યો. તેમાં ભાઈએ લખ્યું કે, મૃત્યુના સમય પહેલાં થોડાંક સમયપૂર્વે માતા કહેવા લાગી કે બનારસથી ચૂનીઓ આવ્યો છે. મેં કહ્યું કયાં? તો કે આ જો આવ્યો. હમણાં જ મારા પગમાં માથું મૂક્યું. આમ, આ પ્રસંગે શ્રી મોટાને સર્વવ્યાપી પ્રભુની કૃપાનો અનુભવ કરાવ્યો. જેમ, નરસિંહની ગેરહાજરીમાં પ્રભુએ સ્વયં આવી પિતાનું શ્રાદ્ધ પૂર્ણ કર્યું હતુ એ રીતે જાણ શ્રી મોટાનું વચન પૂર્ણ કરવા ભગવાને શ્રી મોટાનું રૂપ લઈ તેમની માતાને અંતકાળે પુત્રનું મિલન કરાવ્યું. આ સૂક્ષ્મરૂપી દિવ્યકૃપાના અનુભવે પૂજ્યશ્રી મોટાને પોતાની સાધનાની સિદ્ધિની પ્રતીતિ કરાવી.

ઈ.સ. ૧૯૪૯ આજુબાજુના અરસામાં શ્રી મોટાના મનમાં પ્રેરણા થઈ કે, ભગવાનની ચેતનાશક્તિ આશ્રમના માધ્યમથી બધે ફેલાવવી. સર્વપ્રથમ શ્રી મોટાના પરમસ્નેહી અને અંતેવાસી શ્રી નંદુભાઈ અને અન્યોના પ્રયત્નથી કુંભકોણમ્‌માં આશ્રમ સ્થપાયો. પૂજ્યશ્રી મોટાના આશ્રમની વિશેષતા એ હતી કે, આ આશ્રમમાં મૌનધ્યાન પર ખૂબ ભાર મૂકવામાં આવતો. જનસંપર્કથી દૂર, નાની-અંધારી ઓરડીમાં સાધકોએ 'હરિ ૐ'નો જાપ કરવો. નડિયાદમાં કુબેરદાસભાઈ આદિના પ્રયત્નોથી આશ્રમની સ્થાપના થઈ. આ આશ્રમોમાં મૌનસાધના પર વિશેષ ભાર હોવાથી આ આશ્રમો 'મૌનમંદિર' તરીકે ઓળખાય છે. એ જ રીતે સુરતમાં તાપી કિનારે આશ્રમની સ્થાપના થઈ.

પૂજ્યશ્રી મોટાના ગુરુઓમાંથી ઘણા ગુરુઓ ગુપ્ત-સાધનાવાળા અને જાહેર જીવનનો ત્યાગ કરનારા હતા, પરંતુ શ્રી મોટાને તેમણે જ આદેશ કર્યો કે, તારે આશ્રમ સ્થાપવો અને આશ્રમના માધ્યમથી પ્રજામાં ભક્તિ, સત્સંગ અને સદ્‌ગુણો ફેલાવવા. ગુરુના આદેશને ચરિતાર્થ કરવા તેમણે ૧૯૫૦માં કુંભકોણમ્‌માં, ૧૯૫૪માં સુરત-કુરુક્ષેત્રમાં અને ૧૯૫૫માં નડિયાદમાં આશ્રમની સ્થાપના કરી. બાળપણમાં અત્યંત અજ્ઞાન અવસ્થામાં જીવનાર પૂજ્યશ્રી મોટાને કોઈકે કહ્યું; નડિયાદમાં આ જગા પર તમારો આશ્રમ થશે. ત્યારે શ્રી મોટાને મજાક જેવું લાગ્યું હતું, પરંતુ આજે તે વાસ્તવ બન્યું હતું. પૂજ્યશ્રી મોટાના આશ્રમમાં જે રૂમો બનાવી હતી, તે નાની અને અંધારી હતી. બાહ્ય જગત સાથેનો સંપર્ક છૂટી જતાં સાધકને પોતાના અંતરતનમાં પ્રવેશવાની ઘણી સહાય રહેતી હતી. આ મૌન દરમિયાન 'હરિ ૐ' યા અન્ય નામસ્મરણથી સાધકના રાગદ્વેષ મંદ પડે એ આ સાધનાનો મુખ્ય હેતુ હતો. પૂજ્યશ્રી મોટાની આ સાધનાપદ્ધતિનો અનેક ગણમાન્ય, નામાંકિત વ્યક્તિઓએ લાભ લીધો હતો. લોકો ૨૧ દિવસથી ૭ દિવસ શક્તિ મુજબ મૌન-સાધના કરતા. પૂજ્યશ્રી મોટાના આશ્રમોની ખ્યાતિ દિનપ્રતિદિન વધતી ગઈ. દૂરદૂરથી અનેક લોકો આ શાંતિભરી સાધનાનો લાભ લેવા માટે આવતા રહ્યા. આ આશ્રમમાં કોઈ પથકે સંપ્રદાયનું બંધન રાખવામાં આવ્યું નથી. સાધક ઈચ્છે તો પોતાના ઈષ્ટદેવનો ફોટો રાખી શકે.

મોટા હંમેશા કહેતા, તમે બધા નિમિત્તો છો. તમારા નિમિત્તથી આ આશ્રમો ચાલે છે. પરંતુ ચલાવવાવાળો તો હજાર હાથવાળો છે. પરમતત્ત્વ પ્રત્યેની દૃઢશ્રદ્ધા એ મોટાના જીવનની વિશેષતા છે. શ્રી મોટા માનતા, પૃથ્વી અને જળ આ બે તત્ત્વો સાધકને ઉર્ધ્વગમનમાં વિક્ષેપ કરનારા છે. આકાશ, અગ્નિ, વાયુ તત્ત્વ ઉર્ધ્વગમનમાં

સહાય કરે છે, પરંતુ સાધકે ઉર્ધ્વગમન કરવું હોય તો પૃથ્વી અને જળને સાધનામાં સહાયક બનાવવા જોઈએ. આ મૌનસાધના નામમંત્રની સાધના દ્વારા તેઓ આ પૃથ્વી અને જળને અનુકુળ બનાવવા ઈચ્છતા હતા.

પૂજ્યશ્રી મોટાએ આશ્રમમાં રહેવાનું સ્વીકાર્યું એટલે સ્વચ્છ લુંગી અને પહેરણ એવા વસ્ત્રો ધારણ કરતા. આશ્રમમાં સૌ સાથે પ્રેમથી વર્તતા અને નાના-મોટા સૌને પ્રેમથી સાધનામાં જોડતા. તેમણે ખૂબ સરળ ગુજરાતીમાં, બોલચાલના ગદ્યમાં બોધ આપવાનું કામ કર્યું છે.

તેમણે ૭૫થી વધુ પુસ્તકો લખ્યા. આ પુસ્તકોમાં પોતાના સાધનાના અનુભવોને રજૂ કર્યા છે. તેમના આ અનુભવની વૈજ્ઞાનિક લેખનપદ્ધતિએ તે જમાનાના ઘણા મહાનુભાવોને આકર્ષી હતી. સ્વયં ગાંધીજીએ પણ તેમને લખેલ નામસ્મરણની વૈજ્ઞાનિકતાવાળા મુદ્દાની પ્રસંશા કરી હતી. તેમની સાધનાને વૈજ્ઞાનિક પદ્ધતિએ મૂકવાની અંતરની ઈચ્છા અંગે કહે છે; ''આ જીવ તેની જાતને તમારા બધા પર ઠોકી બેસાડવા માગતો પણ નથી. એવી મરજી પણ નથી. કિંતુ આ પ્રશ્નને કે હકીકતને એક આધ્યાત્મિક માર્ગના પ્રયોગ તરીકે પણ જો આ જીવને લેખવાનું કરી શકતા હો તો, યુરોપાદિ દેશોમાં કોઈ વૈજ્ઞાનિક શોધખોળના પ્રયોગ કરનારને જેમ ત્યાંનો સમાજ ઉત્તેજન, મદદ, સહાનુભૂતિ, પ્રેરણા, હૂંફ, ઓથ, સગવડ, સાધનો પ્રેમથી કરી આપે છે, તે રીતે પણ આ જીવને લેખવા વિનંતી છે. આ જીવનો પણ જીવનવિકાસના પ્રયોગનો યજ્ઞ તેની પ્રત્યેક ભૂમિકામાંથી પસાર થતો અખંડપણે શ્રી પ્રભુકૃપાથી ચાલ્યા કરે છે.'' આમ, શ્રી મોટા પોતાને એક પ્રયોગશીલ સાધક તરીકે ઓળખાવે છે.

તેઓ મૌનધ્યાનની સાથે જ પરમાત્માને સમર્પિત પરમભક્ત હતા. તેમનો ધ્યાનાદિ પ્રવૃત્તિ સિવાયના સમયમાં નિરંતર ભજન અને પદો લખ્યા કરતા. આ પદો અને ભજનોમાંના અનેક નષ્ટ થયા છે. એમ છતાં જે ઉપલબ્ધ થયા. છે, તેમાં પણ પ્રભુને પામવાની અપૂર્વ આરત તેમ જ પ્રભુ પ્રત્યેના આભારની અભિવ્યક્તિ જોવા મળે છે.

''મહા ઉપકાર કેવા તે કર્યા મુજ પર રહમ કરીને[૧]
ગણાવ્યે પાર નાંવે કૈં, કૃપાસાગર પ્રભુ તું છે.''

''હરિ શો એકલો માત્ર જીવનસંગાથી પળપળ છે![૨]
હરિ વિના બીજું કંઈ મનાદિમાં કશું ના છે.''

આમ, સરળ ગુજરાતીમાં તેમણે અનેક પદો-કાવ્યો અને પુસ્તકો લખ્યા. આમ છતાં, પૂજ્યશ્રી મોટાની સાધનામાં સાધક માટે નામસ્મરણ અને મૌનનો મહિમા વિશેષ રહ્યો છે તેઓ સમાજના લોકો ભાવનાત્મક દૃષ્ટિએ ઊંચા આવે, લોકોની આંતરિક-આધ્યાત્મિક શક્તિ જાગૃત થાય એ માટે પ્રયત્નશીલ હતા. તેઓ નામસ્મરણનો મહિમા કરતા કહે છે;

લોભીને ધન વ્હાલું છે જ્યમ વળી છે કામીને કામના[૩]
તેવું હું તવ નામ વ્હાલું કરવા હૈયે ધરું ભાવના

તેઓ પોતે આ જગતમાં વિશિષ્ટ કાર્ય કરવા અવતર્યા છે એવી દૃઢ પ્રતીતિ ધરાવતા હતા, જેનું આલેખન પણ એક પદમાં કર્યું છે,

'જીવો અસંખ્ય જગમાં જીવીને મરે છે,[૪]
કીડા જ કાદવ તણા સમ સૌ તે
તે પંકમાં કમળ કોઈ કદી ઊગે છે,
તું શોભશે અવર સર્વથી તેવી રીતે (નર્મદાપદે)

પોતે જ્યારે ફેફરૂં (એપિલેપ્સી)ની પીડાને કારણે આત્મહત્યા કરવા ગયા અને બચ્યા બાદ સ્ફૂરેલી આ પંક્તિઓમાં જે દૃઢવિશ્વાસ છે, તે સ્વ પરની અને પ્રભુ પરની શ્રદ્ધાને તેમણે યથાર્થ કરી.

તેમણે આશ્રમસ્થાપના બાદ અનેકવિધ રીતે સમાજસેવાના કાર્યો કર્યા. પરંતુ, આ કાર્ય પાછળ એક જ દૃષ્ટિબિંદુ રહ્યું હતું તેમણે એક સ્થળે કહ્યું છે;

''ભગવાન તો રૂપ વગરનો છે. એની સેવા કેમ થાય? તો ભગવાન આખા સમાજમાં, સકળ બ્રહ્માંડમાં અણુએ અણુએ પ્રસરેલો છે. આજના વાતાવરણમાં 'સમાજ' શબ્દ પ્રચલિત છે એટલે સમાજ શબ્દ વાપરું છું. બાકી મારા મગજમાં તો મારો ભગવાન જ બિરાજેલો છે. હું મારા ભગવાનની જ સેવા કરી રહ્યો છું.''[૫]

પોતાના પુસ્તકોના વેચાણમાંથી કે અન્ય રીતે આવતા પૈસાને તેમણે કેવળ આશ્રમ માટે ન વાપરતાં સમાજ અને ખાસ કરીને વિદ્યાકાર્ય માટે ઉદાર હાથે વાપર્યા. ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓને પુષ્કળ યોગદાન આપ્યું, તો સાથે જ 'વિશ્વકોશ'નું સ્વપ્ન સેવી તે મૂર્ત કરવા માટે દાન આપ્યું. વિજ્ઞાનમાં ઊંડો રસ લીધો અને વૈજ્ઞાનિક સંશોધનો માટે પણ દાન આપ્યું. સાધુ તરીકેના તેમના આ કાર્યો ક્રાંતિકારી કહી શકાય એવા હતા. તેમણે સમાજમાં વિવિધ સ્થળે લોકઉદ્બોધન કરી પરમાત્મા પર વિશ્વાસવાળું, સાદું અને વિદ્યામય જીવન જીવવાની હાકલ કરી. તેમને અનેક રોગો થયા, પણ વેદનામાં પણ આનંદપૂર્વક રહ્યા.

વારંવારની મુસાફરી અને શારીરિક શ્રમને લીધે તેમ જ વયને કારણે શરીર રોગોથી ઘેરાઈ ગયું. તેમણે ૧૯૭૬માં ૭૮ વર્ષની વયે દેહત્યાગ કરવાનું નક્કી કર્યું. વડોદરા પાસે ફાજલપુરમાં કેટલાક અંગત વ્યક્તિઓની હાજરીમાં ૨૩ જુલાઈના દિવસે રમણભાઈ અમીનના ખેતરમાં દેહત્યાગ કર્યો. અત્યારે પણ સુરત અને નડિયાદ ખાતેના આશ્રમો મૌનધ્યાન તેમ જ સમાજસેવાની પ્રવૃત્તિમાં સક્રિય છે.

પૂજ્યશ્રી મોટાનું જીવન અનેક આરોહ-અવરોહથી ભરેલું, ઉતાર-ચઢાવનો અનુભવ કરાવનારૂં છે. મોટાની વૈચારિક સંપત્તિ કહીએ તો મૌન અને નામસ્મરણનો પ્રત્યક્ષ અનુભવ એ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. એ વિજ્ઞાનીની અદાથી તેમણે આ વસ્તુના પ્રયોગો

કરી જગત સમક્ષ તેના પરિણામો રજૂ કર્યા છે. બીજું, સમાજમાં ભગવાનના દર્શન કરવા એ પણ એક મહત્ત્વપૂર્ણ કાર્ય છે. સમાજસેવકોમાં ઘણીવાર અહમ્‌નો સ્પર્શ થઈ જતો હોય છે, પરંતુ 'પૂજ્યશ્રી મોટા' ના દૃષ્ટિબિંદુનો સ્વીકાર કરી સમાજસેવા કરનાર અહમ્‌નો સ્પર્શ પામ્યા વિના વાસ્તવમાં સમાજસેવા કરી પોતાના આત્માને ઉજ્વળ બનાવી શકે છે.

### શ્રી મોટાનાં કેટલાંક વિચારસ્ફૂલિંગ

સાધકે બને તેટલી શાંતિ, સમતા, તટસ્થતા, પ્રસન્નતા આદિ ગુણોને, એ બધાંને ખૂબ ખૂબ સાચવવાનાં છે. જીવન વિકાસની ભૂમિકા રચાવવાને કાજે તે ઘણાં ઘણાં મહત્ત્વનાં છે, પરંતુ તેને જ જો મહત્ત્વ આપ્યા કરીને માત્ર ગુણોને મેળવવામાં મથ્યા કરીએ, તો તેનો અંત નહિ આવે. એના કરતાં તો હૃદયમાં એકનિષ્ઠાથી ચેતનસ્મરણની ભાવના જો આપણે કેળવી શકીએ તો તેવા ગુણો આપણામાં પ્રકટતા જતા આપણે અનુભવીશું.

આદર્શની સંપૂર્ણતાની ટોચે પહોંચતાં પહોંચતાં તો આદર્શનું સ્વરૂપ પણ વિસ્તાર ને વિશાળતા પામતું જતું હોય છે તે આદર્શની રૂપરેખા પણ બદલાતી જતી હોય છે.

જ્ઞાનક્રિયામાં પ્રત્યક્ષ થયા વિના મોક્ષ નથી.

સાધકે પોતાની ટેવો, મંતવ્યો, સમજણો, આગ્રહો, મતમતાંતરો, દોષો, કુટેવો, આશા, ઈચ્છા, કામના, તૃષ્ણા, કામ, ક્રોધ, મદ, મોહ, મત્સર ઈત્યાદિનો સ્વીકાર કરવાનો છે, પણ તે સ્વીકાર એમનાથી પર થવા કાજે છે.

**સંદર્ભ :**


(૧) 'ભગતમાં ભગવાન' - (આત્મકથન) શ્રી મોટા - સં. રમેશ ભટ્ટ પ્ર. હરિૐ આશ્રમ, જહાંગીરપુરા, સુરત - ૩૯૫૦૦૫.

(૨) પૂજ્યશ્રી મોટા-જીવન અને કાર્ય સં. ઈશ્વર પેટલીકર, રમેશ ભટ્ટ, રતિલાલ મહેતા.


❑❑❑


સંદર્ભ : ૯૮૯૨૬૭૮૨૭૮
abhaydoshi9@gmail.com


# જે. કૃષ્ણમૂર્તિ


**કનુભાઈ લ. શાહ**


**બ**હુમુખી પ્રતિભાશાળી વ્યક્તિત્વના ધારક જે. કૃષ્ણમૂર્તિ અધ્યાત્મ અને મનુષ્ય જીવનને લગતા એમના ક્રાંતિકારી વિચાર અને શિક્ષણથી આજે વિશ્વભરમાં તે જાણીતા છે. ૨૦ મી સદીના તે મહાન યુગપુરુષ હતા. એમણે અંગ્રેજીમાં આપેલા વાર્તાલાપ અને લેખનકાર્યને મૂળ અંગ્રેજીમાં પ્રગટ કરવામાં આવ્યા છે. એમના પુસ્તકોનો અનુવાદ વિશ્વની અનેક ભાષામાં થઈ રહ્યો છે અને થયો છે. એ જ રીતે ગુજરાતીમાં પણ એમના પુસ્તકોનું ભાષાંતર થયું છે.

આવા મેધાવી જે. કૃષ્ણમૂર્તિનો જન્મ ઈ. સ. ૧૮૯૫ના મે માસની ૧૧ મી ને શનિવારે મધરાતે આંધ્ર પ્રદેશના ત્રિચુર જિલ્લાના મદનાપલ્લી કસબામાં તેલુગુ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. કૃષ્ણમૂર્તિ તેમના માતા-પિતાનું આઠમું સંતાન હતા. તેમના પિતાનું નામ નારાયણૈયા અને માતાનું નામ હતું સંજીવમ્મા. કૃષ્ણમૂર્તિની નાની વયે એટલે કે પાંચ-છ વર્ષની વયે તેમનાં માતાનું અવસાન થયું હતું. તેમના માતા કૃષ્ણભક્ત હતાં. તેમના પિતા મદ્રાસ ઈલાકામાં તહેસીલદાર તરીકે મહેસૂલ ખાતામાં નોકરી કરતા હતા. ઈ.સ. ૧૯૦૭માં નોકરીમાંથી નિવૃત્ત થયા પછી પોતાનાં નવ સંતાનો સાથે ગરીબાઈમાં દિવસો પસાર કરતા હતા.

નારાયણૈયા થિયોસૉફિસ્ટ હતા. એની બેસન્ટ તેમને મદ્રાસ પાસે આવેલા અધારમાં થિયોસૉફિસ્ટ સોસાયટીના હેડ ક્વાર્ટર્સમાં કામમાં રોકેલા. તેમના ચાર નાના પુત્રો સાથે તેઓ ૧૯૦૯માં અધાર આવ્યા.

કૃષ્ણમૂર્તિ અને તેમના નાનાભાઈ નિત્યાનંદ અધાર નદીના કિનારે રમતા હતા ત્યારે થિયોસૉફિકલ સોસાયટીના મુખ્ય મથકના ગ્રંથપાલે તેમને સોસાયટીના પ્રમુખને બતાવવાનો વિચાર આવ્યો. આ સમયે સોસાયટીનાં પ્રમુખ શ્રીમતી એની બેસન્ટ હતાં. કૃષ્ણમૂર્તિ અને નિત્યાનંદને કાર્યાલયમાં લાવવામાં આવ્યા. ત્યારે શ્રીમતી એની બેસન્ટ અને એમના સહકાર્યકરતા શ્રી લેડ બીટર એમ બંનેએ અલગ-અલગ રીતે જોયા અને એમનો ભૂતકાળ તપાસ્યો. શ્રી લેડબીટર દૂરદર્શી હતા. શ્રીમતી એની બેસન્ટ અને લેડબીટરને અહેસાસ થયો કે કૃષ્ણમૂર્તિ ભવિષ્યના જગદ્‌ગુરુ છે. તેઓએ જોયું કે વિશ્વને નવો સંદેશો આપવા માટે ભગવાને આ બાળકના શરીરને પસંદ કર્યું છે. સમય આવશે ત્યારે ભગવાન મૈત્રેય આ બાળકના શરીરનો કબજો લેશે અને તેના દ્વારા વિશ્વને પોતાનો સંદેશ આપશે.

શ્રીમતી એની બેસન્ટે આ બે બાળકોને તેમના પિતાની સંમતિથી ૧૯૦૯માં દત્તક લીધાં. તેઓ ૨૧ વર્ષના થાય ત્યાં સુધી પાછા નહિ લેવાનું નારાયણૈયાએ કબૂલ કર્યું. ૧૯૧૦ માં જાન્યુઆરીની ૧૧મીએ કૃષ્ણમૂર્તિએ કુટીચક્ર નામની પહેલી આધ્યાત્મિક દીક્ષા લીધી અને આ વર્ષની આખરે 'ગુરુચરણે' (At the feet of the master) પ્રગટ કર્યું. બાળક કૃષ્ણમૂર્તિને લેડબીટર અને એની બેસન્ટ પોતે વિવિધ વિષયોનું જ્ઞાન આપતા હતા. કેવળ ભૌતિક વિષયોનું નહિ પરંતુ આધ્યાત્મિક વિષયોનું પણ જ્ઞાન આપતા.

સને ૧૯૧૨ થી ૧૯૨૨ સુધી કૃષ્ણમૂર્તિ વિલાયતમાં રહ્યા. એમનો સ્વભાવ સરળ અને વાણી મીઠી હતી. એમની મુલાકાતે જે

કોઈ આવે તે એમનું મિત્ર બનીને જ જતું. મોટા પંડિતો અને વિદ્વાનો કહેતા કે આટલી ઉંમરે આટલું જ્ઞાન અમે કયાંયે જોયું નથી. એમનું પ્રવચન સાંભળવું એ એક ગૌરવપ્રદ બીના ગણાતી. ફ્રાન્સના લોકો તો એમની પાછળ ગાંડા બન્યા હતા. ફ્રેન્ચ ભાષામાં એમના વિશે જેટલાં પુસ્તકો લખાયાં છે તેટલાં પુસ્તકો અન્ય ભાષામાં લખાયાં નથી એમ કહી શકાય.

સને ૧૯૨૩ માં કૃષ્ણમૂર્તિએ હંસ નામની ત્રીજી અધ્યાત્મ દીક્ષા લીધી. આ સમય દરમિયાન એમના ભાઈ નિત્યાનંદને ક્ષયરોગની બિમારી લાગુ પડી હતી. ૧૯૨૪માં પોતાના ભાઈ સાથે તેઓ ભારત આવ્યા અને ડિસેમ્બરમાં મુંબઈના થિયાસૉફિકલ કન્વેનશનમાં જાહેર વ્યાખ્યાન આપ્યું. ૧૯૨૫ ની શરૂઆતમાં નિત્યાનંદને તેડીને ફરીથી અમેરિકા ગયા. આ અરસામાં કૃષ્ણમૂર્તિએ પરમહંસની ચોથી અધ્યાત્મ દીક્ષા લીધી. ૧૯૨૫માં ભાઈ નિત્યાનંદનું અવસાન થયું. કૃષ્ણમૂર્તિ ખૂબ ઊંડા દુઃખમાં ગરકાવ થઈ ગયા. કૃષ્ણમૂર્તિએ આ ઘટનામાંથી એવું તારતમ્ય તારવ્યું કે 'મેં મારો મિત્ર અને બંધુ ગુમાવ્યો છે એમ નથી, પરંતુ મેં માનવશોક અને દુઃખના ઝરાનું જળ પીધું છે અને એમાંથી મેં મહાન બળ મેળવ્યું છે.

ડૉ. બેસન્ટની દૃષ્ટિએ કૃષ્ણમૂર્તિ પુનર્જિવિત ક્રાઈસ્ટ છે એટલે તેમના આગમનની તૈયારી કરવા માટે એની બેસન્ટે ૧૯૧૧માં બનારસમાં 'પૂર્વના તારક સંઘ' (The order of the star in the East) નો પ્રારંભ કર્યો. આ સંઘનો હેતુ જગતને સંક્રાન્તિકાળ માટે તૈયાર કરવાનો અને જગદ્‌ગુરુના આગમનનું સ્વાગત કરવાનો હતો. આ સંઘને કોઈ નિયમો ન હતા, તેની કોઈ સભ્ય ફી ન હતી. આ સંઘના સભ્યો માનતા કે થોડા સમયમાં જગદ્‌ગુરુના દર્શન થશે. તેમના આગમન અને સત્કાર માટે યોગ્ય વાતાવરણ સર્જવું જરૂરી છે. આ સંઘના વડા કૃષ્ણમૂર્તિ હતા.

સને ૧૯૨૫ ના ડિસેમ્બર માસની ૨૮મી તારીખે સારા વિશ્વમાંથી આવેલા ભાવિકો અધારમાં ભેગા ગયા હતા. આ ભાવિકો સમક્ષ કૃષ્ણમૂર્તિ ભાષણ કરતા હતા કે જગદ્‌ગુરુ પધારવાના છે અને આપણે તેમનો સંદેશો ઝીલવા લાયક થવાનું છે. 'બોલતાં બોલતાં એક પળ કંઈક ઝબકારો થયો અને 'તે' ને બદલે 'હું' થઈ ગયું. તેમના મુખમાંથી આ શબ્દો નીકળ્યા : હું આવું છું, જેમને સહાનુભૂતિની જરૂર છે, જેમને સુખ જોઈએ છે, જેઓ મુક્ત થવા તલસે છે, જેઓ વસ્તુ માત્રમાં સુખ શોધવા ચાહે છે, તેમના માટે હું આવું છું. હું આવું છું સુધારવા, નહિ કે તેડવા! હું આવું છું. હું આવું છું સુધારવા, નહિ કે તેડવા! હું આવું છું સર્જવા, નહિ કે નાશ કરવા!'? સાત હજાર શ્રોતાઓ આશ્ચર્ય સાથે દિંગ્મૂઢ બનીને સાંભળી રહ્યા. ભાવિકોને લાગ્યું કે કૃષ્ણમૂર્તિના શરીરમાં જગદ્‌ગુરુ ભગવાન મૈત્રેયનું અવતરણ થયાનો આ પ્રથમવારનો ચમત્કાર છે. આ ઘટના બાદ તેમણે વિશ્વભરમાં પ્રવચનો આપવાનું ચાલુ કર્યું.

૧. સંતસાગર : રમણલાલ સોની પૃ. ૫૫૧

કૃષ્ણમૂર્તિ અપરિણિત છે. એમને ભેટ મળતી મિલકત એમણે પોતાની માની નથી. તેમની જીવન જરૂરિયાતો થોડી છે, તે તેમનાં પ્રકાશનો અને મિત્રો દ્વારા તેમની જરૂરિયાતો પૂરી પડે છે. હોલેન્ડમાં એરડે કિલ્લો એમને ભેટ મળ્યો છતાં લાખો રૂપિયાના એ મહેલમાં રહેવાનું પસંદ ન કરતાં કેલિફોર્નિયામાં એક કુટિર બાંધીને રહ્યા. તે પરિવ્રાજક છે અને દેશ-વિદેશમાં પ્રવાસો ખેડતા રહ્યા છે.

કૃષ્ણમૂર્તિનું અંગ્રેજી તેજસ્વી છે. શૈલી સરળ છે. વક્તવ્યમાં તે કોઈ ગ્રંથને ટાંકતા નથી, ઉદાહરણો આપતા નથી. બોધક કથાઓ કહેતા નથી. કોઈ કપોળકલ્પિત વાત કરતા નથી. તેમની પરિભાષા આગવી છે. થોડા, સરળ અને સાદા શબ્દોમાં એ વિશ્વનું રહસ્ય છતું કરી નાખે છે. તે કોઈ તાર્કિક ફિલસૂફી રચતા નથી. તેમણે એક વાર કહેલું કે 'લોકોને ઉપદેશ આપવાનો નથી, જાગૃત કરવાના છે.' તેઓ વર્તમાનમાં જીવવાની વાત કરે છે, જીવન હમણાં જ જીવવાનું છે. તેને કોઈ મંઝિલ નથી, દરેક ક્ષણ શાશ્વતી છે. એ ક્ષણમાં જ મોક્ષ છે. એ ક્ષણમાં જ આદિ છે, અંત છે. એ ક્ષણને જ પર્યાપ્તપણે જીવી જવાની છે.

કૃષ્ણમૂર્તિ પ્રત્યેક ક્ષણને જીવી લેવાનું કહે છે તેની સાથે એ પણ કહે છે કે સમાજના માળખાનો, તેના અન્યાયને, તેની ત્રાસદાયક નૈતિકતાનો, મનુષ્ય મનુષ્ય વચ્ચે તેણે ઊભા કરેલા ભાગલાને, યુદ્ધોને, જગતનો વિનાશ સર્જતા સ્નેહ અને પ્રેમના તદ્દન અભાવને આપણે બદલવા પડશે.

કૃષ્ણમૂર્તિ માનતા કે વ્યક્તિ કોઈ સંઘમાં, સંસ્થામાં કે મંડળમાં તેના હેતુથી બંધાય છે ત્યારે તે પાંગળા બની જાય છે. તેથી તેમણે સને ૧૯૨૯ની ૩જી ઑગસ્ટે 'તારક સંઘ'નું વિસર્જન કર્યું અને સંઘની મિલકત સર્પ કાંચળી ઉતારે તેમ ક્ષણાવારમાં છોડી દીધી.

કૃષ્ણમૂર્તિએ કોઈ ધર્મ / સંપ્રદાયના સાધુ કે સંન્યાસીનો વેશ ધારણ કર્યો નથી કે ભગવાં કપડાં પણ પહેર્યાં નથી. તેઓ ભારતમાં ભારતીય પોષાક અને વિદેશમાં વિદેશના વસ્ત્રો પહેરતા. તેઓશ્રીએ દેશ કે વિદેશમાં પોતાનો પંથ કે સંપ્રદાય સ્થાપ્યો નથી, પોતાનાં શાસ્ત્રો રચ્યાં નથી, પોતાના અનુયાયીઓ ઊભા કર્યા નથી. તેઓ પોતાના વક્તવ્યમાં સબળ ટેકા માટે શાસ્ત્રવચનને ટાંકતા નથી તેમની વાણી જ ખુદ પ્રભાવક છે કે જેને શાસ્ત્ર વચનના સમર્થનની જરૂર નથી. તેઓએ કોઈને ગુરુપદે સ્થાપ્યા નથી કે તેઓ પોતે કોઈના ગુરુ બન્યા નથી.

કૃષ્ણમૂર્તિએ તા. ૧૯-૨-૧૯૮૬ ના રોજ અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં ઓજાઈ ખીણ મુકામે દેહ ત્યાગ કર્યો. અને પેસિફિક સાગરના કિનારે જાહેર સ્મશાનગૃહમાં કોઈપણ જાતના ક્રિયાકાંડ વિના તેમને અગ્નિદાહ આપવામાં આવ્યો.

એક વિરલ અને અનોખો આત્મા જીવન જીવી ગયો અને

જીવનની ક્ષણેક્ષણને માણવાનો કીમિયો બતાવતા ગયા!


સંદર્ભ :

૧. સંતસાગર : રમણલાલ સોની પૃ. 547-59

૨. જીવનમીમાંમાસા : જે. કૃષ્ણમૂર્તિ, અનુ. હિરાલાલ બક્ષી

૩. ધ્યાન : જે કૃષ્ણમૂર્તિ, અનુ. શિવલાલ મોદી,

૪. જે કૃષ્ણમૂર્તિ : વ્યક્તિચિત્ર લીના મંગલદાસ

૫. જે કૃષ્ણમૂર્તિ : જીવન અને દર્શન બબાભાઈ પટેલ (સંપા)


❑❑❑


અમદાવાદ, સંપર્ક : ૯૭૨૫૮ ૯૩૩૫૫


# મહર્ષિ અરવિંદની સાધનાનુ ફળ પૂર્ણ યોગ


**તત્ત્વચિંતક વી. પટેલ**


**મ**હર્ષિ અરવિંદ પોતાના જ અસીમ પુરુષાર્થ દ્વારા અને દીર્ઘ દ્રષ્ટિ, ધૈર્ય ધરીને શુદ્ધ મન અને બુદ્ધિ દ્વારા આંતરિક સાધના કરીને શુદ્ધ થઈને દેવર્ષી અને બ્રહ્મર્ષી સ્તરે પહોંચેલ છે, તેની આપણે મન અને બુદ્ધિ દ્વારા કલ્પના પણ કરી શકીએ તેવી સ્થિતિમાં નથી, કારણ કે આપણને આપણી સંકુચિતતાનું અભિમાન હોય છે. જેથી વિશાળતાથી વિચારી પણ શકતા નથી, અને આપણે આપણા જ અસ્તિત્વને દીવાલ વિનાનુ કેદખાનું બનાવીને જીવતા હોઈએ છીએ, અને આપણા અસલ સ્વ ને આપણે જ ઉભી કરેલી સંકડામણ જ કનડતી રહે છે, જેથી વિશાળતાથી વિચારણા પણ કરવા દેતી નથી. તેઓએ આંતરિક સાધના દ્વારા એટલી બધી અદ્‌ભુત અને અલૌકિક શક્તિ પ્રાપ્ત કરી છે જે આપણી બુદ્ધિ શક્તિ, કલ્પના શક્તિ અને વિચાર શક્તિની જ બહાર છે.

મહર્ષિ અરવિંદ ખરેખર દેવર્ષિ અને બ્રહ્મર્ષિ બની પરમાત્મા સ્વરુપ બની રહ્યા અને બ્રહ્મર્ષિ તરીકે દિવ્ય જીવન જિવ્યા ને પરમ તત્વની અનુભૂતી કરી અભયી અને વિશાળ પરમાત્મા સ્વરૂપ બન્યા તો પણ પોતે જ માનવ સ્તર પર રહી મોટું આશ્ચર્ય સર્જેલ છે, આનું નામ જ ખરેખર બ્રહ્મર્ષી, દેવત્વ અને પરમાત્મા સ્વરૂપતા છે, અને આનું નામ જ શુદ્ધિ દ્વારા સિદ્ધિ છે.

દરેક માણસ આ પૃથ્વી પર આવી જ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે જ આવ્યો હોય છે, અને દરેકમાં આ શક્તિ પરમાત્માએ મુકેલ જ છે, રહેલી જ છે, પણ આપણે સ્વયં ઓઢી લીધેલી લાચારીને કાળજી પૂર્વક સાચવી રાખવા જ ટેવાયેલા છીએ, તેમ જાણીને, અનુભવીને તેનો સત્ય સ્વરૂપ થઈને ઉપયોગ કરતા નથી, જ્યારે મહર્ષિએ ઉપયોગ કરી બતાવેલ છે, જેમાંથી પ્રેરણા લઈએ ને જીવનમાં પદાર્થની પકડમાંથી બની શકે તેટલા મુક્ત થઈને રહીએ, સાક્ષી ભાવનો સ્વીકાર કરીએ તો આનંદ કદાચ ન પ્રાપ્ત કરી શકીએ, પણ જીવનમાં શાંતિ તો જરૂર મળે.

જ્યારે દેવર્ષિ અને બ્રહ્મર્ષિ અરવિંદે પોતાનામાં રહેલી અદભુત શક્તિ જાણી અનુભવી આત્મસ્થ થઈને સત્યમા સ્થિર થઈ ઉપયોગ કરેલ છે, એટલો જ આપણામાં અને તેમનામાં ફેર છે, જેથી આપણે જન્મ મરણના ચક્રમાં ફર્યા જ કરીએ છીયે ને અજ્ઞાનીઓની પગ ચંપીકરવામાંથી નવરા જ થતા નથી, જેથી આંતરિક શુદ્ધિ કરવાનો સમય જ મળતો નથી, અજ્ઞાનીઓ નવરા પણ થવા જ દેતા નથી, જ્યારે મહર્ષિ અરવિંદે આ બધાથી દૂર રહી આંતરીક સાધના કરી, જેનું ફળ દેવર્ષિ અને બ્રહ્મર્ષિ સ્વરૂપતા છે, અને પુર્ણતા છે આ જગતમાં કેટલાક યુગ દ્રષ્ટાઓ યુગો યુગોના સમયને વિંધીને બહુ જ લાંબુ જોઈ શકતા હોય છે. તેમાંના એક બ્રહ્મર્ષિ અરવિંદ છે, અને બીજા છે, મહાત્મા ગાંધી.

બ્રહ્મર્ષિ અરવિંદ અને ગાંધી બન્ને, માનવ સમાજને સ્પષ્ટ કહે છે. કે તમારે સૌએ માત્રને માત્ર સત્ય નિષ્ઠ જ થવાનું છે, અને જીવન વ્યવહાર અને આચરણમાં વિશુદ્ધ થવા માટે શુદ્ધ મન અને બુદ્ધિથી અભીપ્સા જ રાખવાની, અને તમારા પોતાનામા અંદર જે કાંઈ અસત્ય, અહંકાર, અને પદાર્થ વગેરેની પકડ હોય તેનો પ્રસન્ન ચિત્તે ત્યાગ અને ઇન્કાર જ શુદ્ધ મનથી કરવાનો છે, એટલે કે અસત્ય, ને છોડીને સત્ય નિષ્ઠામાં સ્થિર થવાનું છે, અને જીવનમાં અંતરથી નિઃશેષ, શુદ્ધને ખુલ્લા થાવ, મનને સંશય અને ભયથી મુક્ત કરો.

બ્રહ્મર્ષિ અરવિંદ કહે છે, તમારા જીવનના એક થોડા સમય પુરતો પરમાત્માના કોઈ કામ માટે ઉપયોગ કરવો અને થોડો જ સમય આપવોઅને બીજા વિશાળ ભાગને પરમાત્માથી અળગો રાખી બીજા સ્વાર્થ યુક્ત કામમાં જોડી રાખવો, અને તેમાં જ પરોવવો, એવુ જો જીવનમાં તમારા પોતાના જ જીવનનો ઉપયોગ કરશો તો કદી પણ પરમાત્મા સુધી પહોંચી શકશો જ નહી, દિવ્ય જીવન અને પૂર્ણ યોગ ફલીત થાય નહી. જ્યા તમો પૂર્ણ રીતે અંતરની દિવ્ય જીવન પ્રાપ્તીની અભિપ્સા સાથે પરમાત્મા મય છો, ત્યાં જ દિવ્ય જીવનની અને પૂર્ણ યોગની પ્રાપ્તિ શક્ય બને જ છે, પૂર્ણ યોગ એ પરલોક લક્ષીનથી જે કાંઈ જીવનમા પ્રાપ્ત કરવાનું છે, તે કર્મ છોડ્યા વિના આ જીવનમાં જ પ્રાપ્ત કરવા મથવાનું છે.

આમ બ્રહ્મર્ષિ અરવિંદ આપણને સૌને કોઈપણ પ્રકારની આંતરિક સાધનામાં અસત્ય, અપ્રમાણિકતા, દંભ, સ્વેચ્છાચાર, બ્રહ્માચાર અને અહંકાર યુક્ત, વ્યવહાર કે આચરણ કરવાની સાધનામાં છુટ આપતા જ નથી, અને આવી આંતરભાલ સાથેની સાધનાને દિલ

ચોરી ગણાવે છે. અશુદ્ધ દંભ યુક્ત સાધના કહે છે.

આપણે તો આપણા અહંકારને પોષણ મળે તે ફાલી ફુલી મોટો થાય તેવી જ સાધના કરવા ટેવાયેલા છીએ, જેથી દિવ્ય જીવન કે આનંદ પ્રાપ્ત થતો નથી, કારણ કે આપણે આપણા અસ્તિત્વના લયને પરમતત્ત્વના લય સાથે મેળવવા અને જોડવા આંતરિક સાધના દ્વારા મથવુ જોઈએ તે મંથન કરતા નથી.

બ્રહ્મર્ષિ સ્પષ્ટ કહે છે કે આ સૃષ્ટિ અને પરમાત્મા વચ્ચેનો સેતુ બનવાની ક્ષમતા મનબુદ્ધિ અને ઈંદ્રિયો પાસે નથી, એ ક્ષમતા તો માત્ર ને માત્ર અતિમનસ સુપર માઈંડ પાસે જ છે. મન બુદ્ધિ અને ઇન્દ્રિયોં ની મર્યાદા સમજાવતા તેઓ કહે છે, કે અખિલાઈને સમજવા અને જાણવા માટે મન, બુદ્ધિ વગેરે અસમર્થ છે, એ તો માત્ર ને માત્ર સરવાળા કરી શકે, પણ તે સમગ્રતાને પામી શકે જ નહી. માટે અખિલાઈ પ્રાપ્ત કરવા માટે તો મન વગેરેથી પાર પહોંચી પરમ ચેતનાની જાગૃતિ પૂર્વક અતિ મનસમાં સ્થિર થવું જ પડે છે, તે માટે યોગ એ ઉત્તમ સાધના છે.

યોગ સભાન પણે, પરમ ચેતનાની જાગૃતતા પૂર્વક સ્વની શોધ કરવાની કળા છે, વિજ્ઞાન છે, જેના દ્વારા આપણી અંદર પડેલી શક્તિનો આવિર્ભાવ કરવો, આપણી મર્યાદાઓને જાણીને પુરા જોમથી વળગી રહેવું અને પરમ શાંતિમા, પરમ ચેતનામાં જાગૃતિ પૂર્વક પોઢી ને આનંદના ધુંટડા પીવા તે છે, યોગનું ફળ બ્રહ્મર્ષિની સ્થિતિ.

બ્રહ્મર્ષિ એટલે જેની પાસે જગતને જોવા માટે આગવુ સત્ય સ્વરૂપ દર્શન છે. જેની પાસે સત્ય વાણી, વિચાર અને આચરણ છે, પર્મ ચેતનામા જાગૃતિ પૂર્વકની સ્થિરતા અને સાથે સાથે પુરા સ્વસ્થ અને કુટસ્થ છે. તેનું નામ બ્રહ્મર્ષિ છે, રસ્તે ભટકતા કોઈ સાધુ બ્રહ્મર્ષિ નથી, એટલું જાણો.

આપણો સમાજ પંથ પ્રપંચમા જોડાઈ જ જાય એવી ધૃષ્ટતા માટે જાણીતો છે, કોઈ શુદ્ધ બુદ્ધિ અને મનથી જાણી અનુભવીને ચાલવા ટેવાયેલો નથી, તેવી ટેવ પાડવામાં જ આવી નથી, પણ માનીને ચાલવા ટેવાયેલો છે, આ ધરેડ માંથી નીકળવા માંગતો હોય, તો આમાંથી નીકળવા માટે આત્મ શ્રદ્ધા અને આત્મ વિશ્વાસ જોઈએ જેનો અભાવ છે.

દેવર્ષિ બ્રહ્મર્ષિ અરવિંદ વધુમાં સ્પષ્ટ કહે છે, કે જો તમારે તમારા અંતરના, આત્માના અને હૃદયના મંદિરમા પરમાત્માની હાજરા હજુર સન્નિધિ સ્થાપના કરવી હોય તો, તમારા અંતરના, આત્માના અને હૃદયના મંદીરને સ્વચ્છ,પવિત્ર શુદ્ધ રાખવું જ જોઈએ.

જ્યાં જીવન મંદિરમા, ગંદકી રુપ અહંકાર, રાગ- દ્વેષ, વાસના-કામના, ઇચ્છા-અપેક્ષા અને પદાર્થની પકડથી વગેરેના ભાવથી જીવન મંદિર ભરેલુ હોય ત્યાં પરમાત્માને રહેવાની જગ્યાજ કયા બચે છે, કે પરમાત્મા રહે, માટે આ બધાથી પ્રસન્ન ચિત્તે, વિવેક સાથે શુદ્ધ મનથી નિવૃત્ત થઈ જીવન મંદીરને વાળી ચોળીને શુદ્ધ કરી તેમને રહેવા લાયક જગ્યા કરવી જરૂરી છે, તો જ પરમાત્માનો વાસ થાય અને દિવ્ય જીવન જીવી શકીએ, આ કોઈ પણ સાધનાની પાયાની વાત છે.

આપણી મુશ્કેલી એ છે કે પરમાત્મા સ્વરુપ થવુ છે, પણ આંતરિક શુદ્ધતા, સત્યતા અને આંતરિક પરિવર્તિત થયા વિના, તે આ જગતમાં શક્ય જ નથી.

દેવર્ષિ અને બ્રહ્મર્ષિ અરવિંદ સ્પષ્ટ કહે છે, કે માણસો પાસે ધન હોય તેટલા ખાતર તેમને મોટા ગણો મા , તેમના ઝાક ઝમાલ પાછળ દોડો નહી, તેમના અનુયાયી થાવ નહી, ત્યાં કાઈ જ મળવાનું નથી. કે તમોને મળી જાય, અથવા તો તેમના ઠાઠ માઠથી સત્તાથી, વિચારથી, વાણીથી, વેશથી, ત્યાગથી વગેરે પ્રકારના બાહ્ય પ્રભાવથી તમારી જાતને અંજાવા દેશો નહી, જો અંજાયા કે ફસાયા, આમ આજા ફસાજાની ટોળીમા ફસાવ નહી, તેમ સ્પષ્ટ કહે છે, તે જ સત્ય છે, તેમા કોઈ શંકા જ નથી. માણસ પાસેના ધનમા, જે ઉપભોગની કાળી મૅશ લાગેલી છે. તેને અનુસરીને તમારી બુદ્ધિ અને મનને ઉપભોગની વૃત્તિથી કાળી મૅશ યુક્ત તમારી જાત, મન બુદ્ધિ વગેરેને કરશો નહી, જો તમો તેનાથી મુક્ત હશો, અને સાથે સાથે ત્યાગીની ધન પ્રત્યેની ધૃણાથી પણ મુક્ત હશો, તો તમોને પરમાત્માના દિવ્ય કાર્ય કરવા માટેની વધારે મહાન શક્તિ તમારી પોતાની અંદરથી જ પ્રાપ્ત થશે જ, અને દિવ્ય જીવન સહેલાઈથી જીવી શકશો જ અને પૂર્ણતાનો અનુભવ કરી જ શકશો, પૂર્ણતા અંદર જ છે, ત્યાથી જ શોધવાની છે, જે શોધે છે તે પ્રાપ્ત કરે જ છે, બહાર ફાંફાં મારવા વ્યર્થ છે.

દેવર્ષિ અને બ્રહ્મર્ષિ અરવિંદે વધુમા કહ્યું છે, આદર્શ સાધક એ છે, કે જે ગરીબાઈમાં રહેવાની જરૂરિયાત ઉભી થતા પણ તે સ્વસ્થ મનથી પ્રસન્ન ચિત્તે ગરીબ તરીકે જીવે જાય, અને આ રીતે ગરીબાઈમાં જીવવા છતા પોતાના જીવનમા ઉણપ છે, એવું લેશ પણ પોતાના મનથી મહેસુસ કરે જ નહી અને આત્મવાન થઈ, પરમ ચેતનામાં જાગૃતતા પૂર્વક જીવે જાય અને મનમા એવું ભાન જાગૃત ન થાય કે હું ગરીબ છું અને બીજા ધનવાન છે, માટે જીવનમાં ધનવાન બનવા માટે અપ્રમાણિક માર્ગ અખત્યાર કરે જ નહી અને તેવું મનથી વિચારે પણ નહી અને આત્મવાન બની, આત્મ શ્રદ્ધા, આત્મસ્થ અને હૃદયસ્થ થઈને, પરમ ચેતનામાં જાગૃતતા પૂર્વક સ્થિર થઈને દિવ્ય જીવન જીવે જ જાય અને તેના મનમા કોઈ ઉણપનો ભાવ ન હોય, તે જ પરમાત્માને પામી શકે છે.

જો સાધકને ધનવાન રીતે જીવન જીવવાનું અને ગાળવાનું પ્રાપ્ત થાય તો ધનનો ઉપભોગ ન જ કરે, પણ ઉપયોગની વૃત્તિમાં સ્થિર થઈને સાધક પ્રસન્નચિત્તે સ્વસ્થતા સાથે ધનવાન રહી શકે, આમ સાધકે તો વિજ્ઞાનમય સૃષ્ટિની અંદર લક્ષ્મી ને પરમાત્માની મહા શક્તિના હાથમા ફરીથી મુકવાની છે, એમ માની ને લક્ષ્મીનો

ઉપયોગ જાગૃતતા કરવાનો છે, ઉપભોગ હરગીજ નહી, આ છે બ્રહ્મર્ષિ અને દેવર્ષિ અરવિંદના વિચારો, તેને જાણો અનુભવો અને અમલમા મુકો એજ દિવ્ય જીવન સુધી અને પૂર્ણતા સુધી લઈ જશે.

આ પૃથ્વી ઉપર દેવર્ષિ અને બ્રહ્મર્ષિ અરવિંદ આ સત્ય માનવોને સમજાવવા અને શિખવવા આવ્યા હતા. તેમણે સ્પષ્ટ કહ્યું કે માનવમાં ફક્ત ને ફક્ત એક વચગાળાની શુદ્ધ માનસિક ચેતનામાં જાગૃતતાપૂર્વક જીવન ધારણ કરી જીવન જીવવાની સત્તા છે, અનાસક્ત અલિપ્ત અસંગ બનીને, મોહ, અહંકાર અને વાસના વગેરેથી મુક્ત થઈને સાક્ષી ભાવમાં, શુન્યતા, સ્થિર થઈ કર્તુત્વ રહીત થઈને દિવ્ય જીવન જીવવાથી માણસમા એક નુતન આંતરિક ચેતના, દ્વારા સત્ય ચેતના, પ્રાપ્ત કરવાની દિવ્ય શક્યતા રહેલી છે, આમ આથી જ આ જીવન દિવ્ય અને પૂર્ણ બની રહે છે.

આ રીતે માણસ લાભ, લોભ અને સ્વાર્થથી મુક્ત થઈને આંતર સત્યને સાથે રાખીને સંપૂર્ણ સંવાદીવાદ વિવાદથી પર એવું વિવેક પૂર્ણ, શુભ, સત્યસ્વરુપ, સુંદર, સુખી, આનંદ સાથે, પૂર્ણ અને સભાન એવું દિવ્ય જીવન જીવવા માટે પૂર્ણ રુપે શક્તિમાન બને છે, આ કહેવા અને સમજાવવા જ દેવર્ષિ બ્રહ્મર્ષિ અરવિંદ આ ધરતી પર આવ્યા હતા.

બ્રહ્મર્ષિ અરવિંદે પોતાનો બધો જ સમય જે માણસમા પરમ ચેતના રહેલી છે, તેને અતિમાનસ ચેતના કહેતા હતા. તે અતિમનસ ચેતનાને પોતાનામા પ્રસ્થાપિત કરવામાં અને તેમની આસપાસ દિવ્ય જીવન જીવન જીવીને આ અતિમનસ ચેતનાનો સાક્ષાત્કાર કરી દિવ્ય જીવન જીવી ગયા, છે ને પૂર્ણતા પ્રાપ્ત કરેલ છે, તે સત્ય હકીકત છે.

આપણે ત્યાં વાદ પ્રતિવાદ, પંથ - પેટા પંથ, જ્ઞાતિ - પેટા જ્ઞાતિ, ધર્મ-ધર્મના ફાંટાઓ, પૂર્વગ્રહો-અભિગ્રહો વગેરે કોઈ સીમા નથી, તેમા ફસાયેલા છીએ તેથી સત્યની ઉપલબ્ધી થતી નથી.

મહર્ષિ અરવિંદ જેવી જ સિદ્ધિ રામકૃષ્ણ પરમહંસ, રામતીર્થ વગેરેએ પણ પ્રાપ્ત કરેલ અને પુરાણ કાળમા ઋષિઓએ, મહાવીર ભગવાને, બુદ્ધ ભગવાને, મહમ્મહ પૈગમ્બરે અને ઇશુએ પણ આ જ સ્થિતિ પ્રાપ્ત કરી જ હતી, એટલે આ સ્થિતિ પ્રાપ્ત કરવી શક્ય જ છે, તે તો આથી સાબિત થાય છે, તેમાં કાળનો કોઈ દોષ નથી, જો કોઈ દોષ છે, તો આપણો જ છે, તેનો સ્વીકાર તો કરવો જ રહ્યો.

આપણે આપણી લાયકાત સાબિત કરવામાં જ નિષ્ફળ જઈએ છીએ, તે સત્ય હકીકત છે, પરમાત્મા તો સદા તૈયાર છે. આપણી તૈયારી નથી, બાહ્યાચારોથી કદી કશુ પણ પ્રાપ્ત થાય જ નહી, તેમ છતાં આપણે તેમાં ચોટ્યા છીએ.

જે કાઈ ખામી છે, તે આપણી જ છે, આપણે અહંકાર, રાગ, દ્વેષ, વાસના, સ્વાર્થ, લાભ, લોભ, અસત્ય અને પદાર્થની પકડથી મુક્ત થવુ જ નથી. આંતરિક રીતે પુરેપુરી શુદ્ધતા પ્રાપ્ત કરીને વિતરાગી, નિર્ગ્રથી, નિર્વિચાર, પ્રજ્ઞામા અને અમનમા સ્થિર થવા માટે કોઈ આંતરિક સાધના કરવી નથી ને, પરમ આનંદ મેળવવો છે, પરમાત્મા સ્વરુપ થવુ છે, તો તે આ સૃષ્ટિમાં શક્ય જ નથી, ટુંકમા આંતરિક શુદ્ધતા, સ્થિરતા અને પરમ ચેતનાની જાગૃતિ વિના બધું જ જીવનમાં નકામું છે.

આ જગતના માણસનું જો કોઈ મોટામાં મોટું આશ્ચર્ય હોય તો તે છે, કોઈને કોઈ ખુણેથી માનવને સંતાપ, દુઃખ, તનાવ, ચિંતા વગેરેથી દુર કરવાને પરમાત્મા સ્વરુપ બનાવવા અને અનુભૂતી કરાવવા માટે માનવને પરિવર્તિત કરવા માટે કોઈને કોઈ રીતે મહામાનવ દ્વારા સતત પ્રયત્ન થતો જ રહ્યો છે અને થતો જ રહેવાનો.

બ્રહ્મર્ષિ અને દેવજ્ઞ અરવિંદ સ્પષ્ટ કહેતા કે સરળ બનો, સહજ બનો, સત્ય બનો, પરંતુ આ ખુબજ અઘરું છે, પણ બ્રહ્મર્ષિ અરવિંદ આપણામાં પડેલી અનંત શક્યતાઓને ઉત્ક્રાતિના નવા પરિમાણો દર્શાવીને આપણી સમક્ષ છતા કરે છે, તેતો કબૂલ કરવું જ પડશે.

માણસ ભયમાં કેમ જીવે છે, તો તેનું કારણ તેનામાં અહંકાર છે, અને મૃત્યુનો સતત ભય સતાવે છે, જેથી તમારી પોતાની નિજતામા અને નિયતિમા વિશ્વાસ નથી, જે વસ્તુ સાબિત થઈ શક્તિ હોય અને મન સાબિત ફરી શકતુ હોય છે, ત્યા સુધી જ મન પહોંચે છે, મનમાં અલૌકીક સુધી પહોંચવાની તાકાત નથી, ઉત્ક્રાંતિ એ છેવટનું પગથીયું નથી.

જગતમાં વિકાસ ક્રમ ચાલુ જ છે, તેમાં અતિક્રમિને આપણે આગળને આગળ જવાનું છે, તે આપણે વધતા જ નથી, પરિવર્તિત થતા જ નથી, તે જ જીવનમાં મુશ્કેલીઓ ઉભી કરે છે, ને આપણે સહન કર્યે જ જઈએ છીએ. તેમાથી બહાર નીકળવના અનેક આંતરિક રસ્તાઓ છે, તેનો સ્વીકાર કરીને સ્વસ્થ ચિત્તે શુદ્ધ રસ્તે ચાલતા જ નથી અને અંધશ્રદ્ધા અને અંધવિશ્વાસમાંથી બહાર જ નીકળતા નથી, ત્યાંજ બધી તકલીફો છે.

આપણા જીવન સંગ્રામમાં આંતરિક સંબંધોનો બાહ્ય સબંધો સાથે સતત સધાતો સુમેળ એટલે જ સુખપૂર્ણ જીવન છે, જીવનનું પૂર્ણત્વ આ મેળના આંતરિક આધાર પર જ આધારિત છે, આપણી ભીતર પરમ શાંતિ હોય તેજ દિવ્ય જીવનની ઉપસ્થિતિ નો સંકેત છે.

બ્રહ્મર્ષિ અરવિંદ કહે છે કે તમો જાણે આપણે પોતાના જ નથી, એ રીતે વિચારો અને એ રીતે એક પ્રેક્ષક તરીકે આઘા ઉભા રહીને તમારી મનોભુમીમાંથી પસાર થઈ રહેલા વટેમાર્ગી વિચારોને જોયા જ કરો, જોયા જ કરો તેની સાથે જોડાવ જ નહી, એજ સાક્ષી ભાવ છે, આ સાક્ષી ભાવ જ શાશ્વત સાથે જોડાવાનો ઉત્તમ માર્ગ છે, તે માર્ગ પસંદ કરીને ચાલવા જ માંડો ચાલે છે, તે જ પહોંચે છે.

યોગ એટલે પુનર્જન્મ આપણા બુદ્ધિ પ્રધાન અને ભૌતિક જીવનમાંથી ઉંચી પરમ ચેતનામાં જાગૃતતા પૂર્વક જઈને અતિવ્યાપક દિવ્ય શક્તિરુપ બનવું એ જ નવો જન્મ ગણાય, જેમાં સત ચિત્ત આનંદ હોય તે સ્થિતિ તે છે, યોગની ફળશ્રુતિ.

માણસ એ પરમાત્માની સર્જન યાત્રાનું આખરી સ્ટેશન નથી, હજી તો એના અસ્તિત્વમાં પડેલી અપાર શક્યતાઓનું અનાવરણ થવાનુ બાકી છે, અને જીવનમાં અપૂર્ણતા એ શાપ નથી. એની નિંદા ન થવી જોઈએ, એ તો માનવ જીવનનો વિશેષાધિકાર છે, અને પરિવર્તિત થવાની ગેરંટી પણ એમાં જ છુપાયેલી છે.

જીવનમાં ભુલ વગર અને પાપ વગર તો આપણે માત્ર ગત વિહીન અને પ્રાણીઓ જેવા જ બની રહેશુ. જીવનમાં પાપ અને ભૂલ કર્યા જ કરો, પણ એકનુ એક પાપ કે એકની એક ભૂલ બીજી વાર ન જ કરો, એટલું જ જીવનમા પ્રતિજ્ઞા પૂર્વક ખ્યાલ રાખીને જીવો એમા જ પરિવર્તનના બીજ સંઘરાયેલા છે.

આપણી આખી માનવજાત એ માપ અને અમાપની મીલન ભૂમિ છે, અને શારિરીક જન્મમા અનંત તરફ વધુને વધુ ઝૂકવુ એ તો આપણો વિષેશાધિકાર છે, પરંતુ માણસની મહાનતા એ શુ છે, તો તે તેની પાસે કેટલી મિલકત, પદાર્થ, સત્તા છે, વગેરે છે, તેના પરથી હરગીજ અંકાય નહી, આંકી શકાય પણ નહી, પણ તે પોતે આંતરિક રીતે પોતાની પરિવર્તિત થવાની શક્યતાઓને કેટલી આંબેલ છે, પહોંચેલ છે અને પરિવર્તન કરેલ છે, આંતરિક રીતે શુદ્ધ થયેલ છે, સત્યમા સ્થિર થયેલ છે, તેના પર જ અવલંબે છે અને માણસને અપૂર્ણતામાંથી બહાર નીકળવા કે છુટવા માટેની જે શક્તિ જોઈએ છે, તે તો માત્ર ને માત્ર યોગ અને સાધના દ્વાર જ પ્રાપ્ત થઈ શકે છે.

મહર્ષિ અરવિંદની કલ્પનાનો અતિમાનવ એટલે આજના જ્ઞાન, શક્તિ, બુદ્ધિ, પ્રેમ, સાધુતા, શુદ્ધતા અને ચારિત્રની તો પહોચેલો માણસ હરગીજ નહી, પણ અતિમાનસ એટલે પોતાના મનને અતિક્રમીને પેલે પાર પરમ ચેતનાની જાગૃતતા સાથે પહોચેલો માનવ જે પોતાના મનની મર્યાદાઓથી પર હોય, ટુકમાં એમ કહી શકાય કે અતિમાનવ્ય એટલે પોતાના આંતરિક સદ્ગુણોના સત્યતા પુર્વકના વિકાસની ચરમ અવસ્થા હરગીજ નહી પરંતુ પોતાના મનની ભૂમિકાઓથી મારેલી છલાંગ પછીની સામુહિક ઉત્ક્રાંતિ, મહર્ષિ અરવિંદ ના ઉત્ક્રાંતિ ભાવમા કોઈ એકાદ માણસ છલાંગ મારીને મહાત્મા બનીને પોતાના જ જીવનને સાર્થક કરે, તેવો તેનો ભાવ હરગીજ નથી, તે તેની આખી સાધનાની આગવી વિષેશતા છે.

માણસની સૌથી મોટી અને મહાન આકાંક્ષા પુર્ણત્વની પ્રાપ્તિ જ છે, એ સ્વતંત્રતા, પ્રભુતા, અપ્રદુશિત સત્ય અને નિરપવાદ આનંદ માણસ ઝંખે છે, પણ પરિસ્થિતિ સાવજ જુદી છે, તેથી આ ઝંખનાનો પરિસ્થિતિ કે અનુભવ સાથે મેળ ખાતો જ નથી, તે તો સ્વીકારવું જ પડશે. અરવિંદની ઉત્ક્રાંતિ ની પ્રક્રિયાએ વિરોધાભાસને દૂર કરી સમાધાન પ્રાપ્ત કરવાની પ્રક્રિયા છે. તેઓ સ્વરૂપોની ઉત્ક્રાંતિ અને આત્માની ઉત્ક્રાંતિ કરવાનો ઉદ્દેશ રાખે છે અને આપણા અસ્તિત્વનું સાર્થક્ય આવા રુપાંતરણ વગર શક્ય જ નથી તેમ તેઓ માને છે.

બ્રહ્મર્ષિ અરવિંદ કોઈ નવો ધર્મ સ્થાપવા માગતા જ નહોતા પણ નવો માનવ નિર્માણ પામે તેવું તેઓ માનતા હતા. માનવાનું આંતરિક સ્વરુપ કેવું હોય તે સમજાવવા માગતા હતા, તેઓને વ્યક્તિગત કે અંગત મોક્ષની ચિંતા હતી નહી.

બ્રહ્મર્ષિ અરવિંદનો મુખ્ય ઉદ્દેશ્ય અને સમગ્ર સાધનાનો ઝોક માત્ર ને માત્ર માનવ જાતના આંતરિક મૂળભૂત રુપાંતરણ કરવાનો હતો, તેને આજના ધર્માત્માઓ અને જોશીઓની જેમ ચમત્કારોમાં કોઈ જ રસ હતો નહી, કે બાહ્યચારોમાં રુચી હતી નહી, તે તેમના જીવનની આગવી વિશેષતા હતી, અને તેઓ માનતા કે જગતમાં કોઈ ચમત્કારો થતા જ નથી, તેતો માણસને શિશામાં પુરવાની વિધિ છે.

આમ તેઓએ, સામુહિક ઉત્ક્રાંતિ પર જ ભાર મુક્યો છે, તેઓ માનતા હતા કે આધ્યાત્મિકતા એ બૌધિકતા નથી, બુદ્ધિનો ઉદય એ એક સંકેત છે, કે મનથી વધારે શક્તિશાળી એવી કોઈ સત્તા ઉદય પામી રહી છે અને શરીર, પ્રાણ અને મનથી ભિન્ન એવી આત્મ શક્તિની પરમ જાગૃતિ એક આધ્યાત્મિકતા છે.

મહર્ષિ અરવિંદ યોગને સાવજ નવી દૃષ્ટિએ જુએ છે, અને અનુભવે છે, અને કહે છે, કે યોગ એવું સાધન છે, જેની યોગ્ય રીતે પરમ ચેતનાની જાગૃતિપૂર્વક અંતરને જોડીને સાધના કરવામાં આવે તો વધુને વધુ શક્તિશાળી આંતરિક સ્પંદનો પ્રાપ્ત થઈ શકે છે, આંનુ નામ જ માણસનું અવરોહણ, રુપાંતરણ, પરિવર્તન છે, એજ માણસને પરમ આનંદમાં સ્થિર કરે છે, જ્યાં જીવનમાં આંતરિક પરિવર્તન નથી. ત્યાં આનંદ નથી.

યોગ દ્વારા સ્વનું રુપાંતરણ એ જ સત્યમ, શિવમ અને સુંદરમ સાથે મિલન છે. જ્યારે આધ્યાત્મિક રુપાંતરણ દ્વારા સ્વનો પરિચય થાય છે, જે પરમ આનંદ અને પરમ શક્તિની પ્રતિતી થાય છે, જ્યારે અતિમનસમા રુપાંતરણ એ આપણા અજ્ઞાનને સાવજ નાબુદ કરવામાં ખુબજ ઉપયોગી પુરવાર થાય છે, પછી જ સ્વનો પ્રાદુર્ભાવ બની શકે છે અને પ્રજ્ઞામાં સ્થિરતા શક્ય બને છે.

યોગની સાધનાને પરીણામે સત્યની ભાળ મળે, અથવા સત્યનો સાદ સંભળાય, કે સત્યની પ્રાપ્તિ કે એનો ઝબકારો થાય અને સહજ વિવેકની, પ્રજ્ઞાની શક્તિ પ્રાપ્ત થાય તો સમગ્ર જીવન ધન્ય બની જાય. એટલે કે સંપૂર્ણ આધ્યાત્મિક માનવની નિષ્પત્તિ એટલે જ પ્રાજ્ઞ પુરુષ છે.

પ્રજ્ઞા તો આત્માની અસ્તિત્વની પ્રતિકૃતિ, પ્રતિશ્રુતી કે પ્રતિભાનો જ સંકેત છે. પ્રાજ્ઞ પુરુષ એટલે પરમ પિતા પરમાત્માની સમીપે

પહોંચવા ઉત્સુક, એવો આધ્યાત્મિક પુરુષ, આજ બ્રહ્મર્ષિ અરવિંદનો અતિમાનસનો મહાન નિયમ તેજ પરમ એકતા, આ એકતા એટલે સરખાપણું નહી, પણ વિવિધતામાં સાર્થક થતી, ચરમ અને પરમ એકતા છે.

પ્રાજ્ઞ પુરુષને માટે આ દુનિયામા કર્મ કરવું એ પરમ એકતાનું સ્ખલન નહિ હોય, પણ એને માટે તો અંદરનું વિશ્વ અને બહારનું વિશ્વ એબે બાબતો વિરોધાભાસી પણ નહી જ હોય, આ પ્રાજ્ઞ પુરુષ સમીપે એકલો હશે. જ્યા શાશ્વતિ અને અનંતતાનો વાસ હશે. એ અંધકારમાંથી પ્રકાશ તરફ ગતિ કરનારો નહી હોય. પણ પ્રકાશમાથી વધુને વધુ પ્રકાશ તરફ ગતિ કરનારો પ્રાજ્ઞ પુરુષ હશે. આ છે, બ્રહ્મર્ષિ અરવિંદનો સ્પષ્ટ ખ્યાલ.

આવા પ્રાજ્ઞ પુરુષના જીવનમાં વિવિધતા અને એકતા વચ્ચેની આંતરક્રિયાની આંતર સમજમાંથી મળતો આનંદ હશે, તે પરમ આનંદ હશે, જે આપણે સદા ઝંખીએ છીએ તે પ્રાપ્ત થશે. અને પ્રાજ્ઞ પુરુષનું શરીર એના જ આત્માનું અત્યંત વફાદાર અને સમર્થ ઉપકર્ણ બની રહેશે.

આવો પ્રાજ્ઞ પુરુષ શાશ્વત અનંત અનંત શાંતિ, અને શાશ્વત અનંત આનંદનું ધામ જ બની રહેશે, અને પ્રાજ્ઞ પુરુષ વ્યક્તિ નિરપેક્ષ હશે, એજ પ્રાજ્ઞ પુરુષનો પોતાનો સ્વ હશે, પ્રાજ્ઞ પુરુષનુ મન, બુદ્ધિ અને ઈંદ્રિયો ખરી પડશે એટલે કે મન, બુદ્ધિના તમામ વ્યાપારો આપો આપ ખરી પડશે, અને મન બુદ્ધીના તમામ વ્યાપારો સાવ જ સમાપ્ત થશે, અને દિવ્યતા સાથેના સાયુજ્યમાંથી દિવ્ય જીવનની સંવાદીતા ફલીત થશે. પછી દિવ્ય સ્વ એટલે કે પરમ પિતાના સ્વની સતતમા બધી જ વ્યક્તિતા નિરંતરતા ઓગળતી જ જશે પછી ત્યાં વિસંવાદિતાને કે કોઈ વાદ વિવાદને સ્થાન રહેશે જ નહી, ત્યાં પછી પરમ આનંદ જ ફલીત થાય તેમાં નવાઈ પામવા જેવું કયા છે. આમાં જ બ્રહ્મર્ષિ અરવિંદની ખરી મોલિકતા રહેલી છે, એ વાત આપણા સૌના ખ્યાલ બહાર જવી જોઈએ નહી.

બ્રહ્મર્ષિ દેવજ્ઞ અરવિંદના પ્રાજ્ઞ પુરુષનું દિવ્ય જીવન શુષ્ક કે કંટાળા જનક કે હતાશાયુક્ત કે નિરાશાથી ભરેલુ નહી જ હોય. એમનું જીવન તો વધારે પૂર્ણ, વધારે સત્યવાન અને વધારે અર્થપૂર્ણ હશે, વધારે આનંદપૂર્ણ અને એમાં તો જીવનના રસની, સૌંદર્યની, આનંદની, અનંતતાની, શાશ્વતીની, આંતરિક અનુભૂતિનો પરિતોષ હશે. આમ પ્રત્યેક માણસમાં પલાંઠી વાળીને બેઠેલા પરમ પિતા પરમાત્માને જગાડવાનું ભગીરથ કામ બ્રહ્મર્ષિ અને દેવજ્ઞ અરવિંદે કરી બતાવેલ છે.

આપણે તેમના માર્ગને બરબર સ્વસ્થ ચિત્તે જાણી સમજી અનુભવીને અનુસરીયે તો તેમા કલ્યાણ છે, માનીને ચાલવુ તે તો અંધ શ્રદ્ધા અને અંધ વિશ્વાસનો સ્વીકાર છે, માટે બ્રહ્મર્ષિ અને દેવજ્ઞ કહ્યા છે, તેથી પુજવા માંડવાનું નથી, મૂર્તિ ઉભી કરી દેવાની નથી, પણ તેમના સિદ્ધાંતો ને જાણી અનુભવી આત્મસાત કરી આચરવા કહુ છું, કોઈ પણની મૂર્તિ ખડી કરી દેવી એટલે તેના સિદ્ધાંતોનો મૃત્યુ ઘંટ વગાડવાની ક્રિયા જ છે, એટલું બરાબર શુદ્ધ અંતરથી જાણો અને અનુભવો.

❑❑❑

સંપર્ક : sarujivan39@gmail.com

# ભારતીય ચિંતક : લીરબાઈ

**ડૉ. ભાનુબેન જે. શાહ (સત્રા)**

**મ**ધ્યકાલીન ભારતીય યુગ ભક્તિયુગ હતો. આ યુગનો વિશિષ્ટ ગુણધર્મ તેની તળપદી ચેતનામાં રહેલો છે. એ સમયે જનસાધારણની તળભૂમિએથી જે માનવતાવાદી ક્રાંતદર્શન અલગારી સંતો, ફકીરો અને યોગીઓ દ્વારા જન્મ્યું, એનો પ્રકાશ આજ સુધી અખંડપણે પથરાતો આવ્યો છે. આજના ભોગવાદી યુગમાં આપણી ચેતનાને ભરખી જાય, ક્ષતવિક્ષત કરે એવા નિમિત્તોની ભરમાર હોવા છતાં, આપણને ઝીંક ઝીલતાં ટકાવી રાખ્યાં છે આ ધર્મના સનાતન મૂલ્યોએ !

ઈતિહાસદષ્ટિ એવું શીખવતી આવી છે કે, મધ્યયુગ એ એક પ્રકારનો અંધકારયુગ હતો. ઉજળિયાત સામંતી સભ્યતાને ઉગારવા માટે તે સમયના અધ્યાત્મ જગતે પગપેસારો કરી કામ હાથ ધર્યું હતું; પરંતુ સમગ્ર સંત આંદોલન તેમજ પરંપરિત નિર્ગુણ આધ્યાત્મિક જ્ઞાન પ્રવૃત્તિ નિહાળીએ તો થાપ ખવડાવતી આ ઈતિહાસ દષ્ટિ ભ્રમિત કરે છે. સાધારણ જનસમુદાય તેમજ સ્ત્રી જાતિને હાંસિયામાં ધકેલી રાખતું, જે સંસ્કાર જગત વાસ્તવમાં પરંપરાગત રૂઢિગ્રસ્ત થયેલું હતું એના પાયા એ જીવનનિષ્ઠ આધ્યાત્મિક આંદોલને હચમચાવી નાખ્યા હતા.

સમન્વયાત્મક લોક સંસ્કૃતિના પ્રણેતા સંતો, ફકીરો, અને યોગીઓએ સધિયારો બાંધી ખભેખભા મિલાવીને લોકચેતનાના ઉત્કર્ષને ઉજાગર કરવાનું ભગીરથ કાર્ય કર્યું. તે સમયે ફક્ત પુરુષ સંતો જ મોખરે રહ્યા એવું નથી, નારી જાતિ પણ પડદાની પાછળ નથી રહી. એ યુગમાં અધ્યાત્મ અને લોકશિક્ષણના ક્ષેત્રે નારીઓએ પણ ગૌરવવંતુ સ્થાન મેળવ્યું હતું તેથી લોકોએ તેમને ગુરુપદે નવાજ્યા હતા. તે યુગની આ ઘટના વિશેષ નોંધપાત્ર લેખી શકાય.

ભક્ત કવિ નરસિંહ મહેતા પૂર્વે થઈ ગયેલાં તોરલ, લોયણ, નીરલબાઈ, રૂપાંદે, દેવલદેથી માંડીને છેક ઓગણીસમી-વીસમી સદીના ગંગાસતી, રામબાઈ, ઈમામ બેગમ, યોગિની, આનંદલહરી આદિ નારી ચિંતકો સુધી આ પ્રવાહ વણથંભ્યો ચાલ્યો આવે છે.

ખૂણે ધકેલાયેલા, અલ્પ પરિચિત લીરબાઈ આવું જ એક અણમોલ રતન! આ વિચક્ષણ ગુર્જર નારી સંત મૂળે પોરબંદર તાલુકાના મોઢવાડ ગામના વતની હતા. તેઓ મેર પરિવારમાં જન્મ્યા હતા. તેમણે સંસાર પણ માંડયો હતો. સંસાર અવસ્થામાં જ અધ્યાત્મ તરફ વધુ ઢળેલા હતા. ઘર-પરિવારની જવાબદારી સંભાળતાં સંભાળતાં જ સંસારના સીમાળા ઓળંગી જ્ઞાન જગતમાં પ્રવેશ્યાં. સંત દેવીદાસનો સત્સંગ થયો. જીવનમાં અધ્યાત્મના રંગોની રંગોળી પૂરાણી. ગુરુના સંગે અંતર જગતનાં ઊંચા ચઢાણો પાર કર્યાં. સંત દેવીદાસ પાસે દીક્ષિત થઈ તેમના શિષ્યા બન્યા.

આ વીરલ નારીએ આંતરિક ઉત્ક્રાંતિના ઉચ્ચ દરજ્જે પહોંચીને પણ પલાંઠી વાળી નિરાંતનો શ્વાસ લીધો નથી. આ કર્મઠ નારી સંતે આપખુદી વલણ છોડી હવે જનમાનસની ચેતનાને જાગૃત કરવાના શ્રીગણેશ માંડયાં, સાથેસાથે સમાજમાં લોકશિક્ષણ અને માનવ એકતાનું વ્યાપક કાર્ય શરૂ કર્યું. આમ, લીરબાઈનું વ્યક્તિત્વ આધ્યાત્મિકથી પરિવૃત્ત, સમાજ કલ્યાણ અને પરોપકારી તાસીરનું ત્રિવેણી સંગમ હતું. તેઓ ઈ.સ. ૧૮૭૬ માં રાણા કંડોરણા મુકામે સમાધિસ્થ થયાં.

લીરબાઈ પરબ પરંપરાના કાર્યનિષ્ઠ કવયિત્રી સંત હતા. પરબ પરંપરા એટલે મહાપંથી સંતમાર્ગ. લીરબાઈની રચનામાં આવતી પારિભાષિક શબ્દાવલીને જોતાં તેમનો દાર્શનિક સંબંધ મહાપંથની તાત્ત્વિક પરંપરા સાથે છે એવું સ્પષ્ટ થાય છે. આ માર્ગના મૂળભૂત શિક્ષણો, તત્ત્વદર્શન અને જીવનશૈલી નિર્ગુણ નામ સાધનાનાં તત્ત્વો દર્શાવે છે. દાર્શનિક લીરબાઈએ માનવ કલ્યાણલક્ષી સામાજિક કાર્યો કર્યાં. તેમની આવી બેવળી પ્રવૃત્તિને કારણે ભારતીય સંત આંદોલનમાં તેમની ગણના થવા પામી.

લોક સુલભ બોલીમાં તેમના મુખેથી પ્રસ્તુત ભજન સરળ છતાં માર્મિક તથ્યોની સમજનું સબળ ઉદાહરણ છે જેમાં સંગત અને સંબંધના વિવેકનો સેતુ વ્યક્ત થયો છે. એમનાં શબ્દોની ઉર્જા સત્યપંથના પથિકોને દિશાચીંધણું કરી અગમચેતી આપે છે. તેમના ઉપલબ્ધ એક ભજનનું આચમન કરીએ.

*''અધૂરિયા સે નો હોય દલડાંની વાતું મારી બાયું રે!*
*નર પૂરા મળે તો રાવું રેડીએ રે.*
*એવા ખાડા રે ખાબોચિયા કેરી દેડકી રે;*
*'ઈશું જાણે સમદરિયાની લહેરું? મારી બાયું રે...!*
*દૂધને સાબૂએ ધોયા કોયલા રે;*
*ઈ કોયલા કોઈ દી ઉજળા નો થાય મારી બાયું રે..!*
*એવાં દૂધડાં પાઈને વખંભર સેવિયા રે;*
*ઈ મૂકે નઈ મુખડાં કેરાં ઝેર. મારી બાયું રે...!*
*એવા દુરજનિયાની આડે મોટા ડુંગરા રે;*
*એજી, મારા હરિજનિયાની સંગ હાલું મારી બાયું રે...!*
*ગુરુ પ્રતાપે 'લીરબાઈ' બોલિયાં રે;*
*એજી મારા સાધુડાનો બેડલો સવાયો રે. મારી બાયું રે...!''*

તળપદી ગુર્જર ભાષાની સરવાણીમાં સત્ત્વ આધારિત સંબંધની આકાંક્ષાને રજૂ કરતાં તત્કાલીન સમાજની ધાર્મિકતાની ઉણપ છતી થાય છે. પ્રસ્તુત ભજનમાં ઉપદેશાત્મક શૈલીમાં કવયિત્રી સત્યપંથના રાહબરને સંબોધી કહે છે કે, ''સંગની પરખનો વિવેક કદી ન ચૂકવો. જેઓ અધૂરિયા એટલે કે કુપાત્ર (ભ્રાન્ત, દર્શની, ઠગ, પાખંડી, ધર્મના ધુતારા ધર્મગુરુઓ) છે, તેમની પાસે અંતરના ભેદ (જ્ઞાન)ની વાતો કદી ખોલવી નહીં, કેમ કે એવું કરવામાં મોટો ખતરો-જોખમ છે. નવો નવો અંતર્યાત્રી પરિપક્વતાની ઉણપ હોવાથી ઘણી નાજુક સ્થિતિમાંથી પસાર થતો હોય છે. એવી સ્થિતિમાં સામે પક્ષે અણસમજુ, અશુદ્ધ આશયવાળો, શક્તિશાળી વાદી આક્રમક પ્રતિક્રિયાથી અંતર્યાત્રીનું મન આંજી નાખે છે. પોતાનો પક્ષ તાણી યાત્રિકનું સત્ત્વ (જ્ઞાન) ખંડિત કરે છે. ક્યારેક વાદી વિષયની ઠેકડી ઉડાડી, ક્યારેક અહંકારનો ઉન્માદ જગાવી યાત્રિકને પરાભવ પણ કરી શકે છે. આવી સઘળી સંભાવનાઓ ફલિત થઈ શકે છે. વળી, કુપાત્ર અજ્ઞાનમય સ્તરો રચવામાં જ આનંદ માનતો હોય છે. ઉપરોક્ત કારણે અંતર્યાત્રીની અસ્તિત્વ ખીલવનારી ભાવનાઓ અસ્તિત્વ વિરોધી મૂલ્યમાં ફેરવાઈ જાય છે અને જીવનની ઉચ્ચતર ઉર્જા પછડાટ ખાય છે, મલિન ઉર્જા પુષ્ટિ પામે છે. આમાં સત્યપંથીને ન ભરપાઈ થઈ શકે એવી ખોટ વેઠવી પડે છે. તે સત્ત્વહીન અને કંગાલ બને છે.

કચ્છ માંડવીના પ્રસિદ્ધ સંત દેવાસાહેબે એવો જ સ્વર પૂરાવ્યો છે.

*''ભેદુ રે મળે તો વાતું કીજિયે, ભેદુ મરમને જાણે;*
*અણસમજુને શું કહીએ ? પક્ષ પોતાનો તાણે.''*
*કબીર સાહેબે પોતાની સાખીમાં એ જ વાત દોહરાવી છે.*
*''જ્ઞાની સે કહિયે કહા, કહત કબીર લજાય;*
*અંધે આગે નાચત, કલા અકારથ જાય.''*

સંગદોષથી નિજ તત્ત્વ મૃત્યુ પામે છે, તેથી જ લીરબાઈ ધર્મપથિકોને સહેજ પણ ગફલતમાં ન રહેવાની તાકીદ કરે છે. જેમણે ઉચ્ચકક્ષા હાંસલ કરી છે, અનુભવ માર્ગનું ખેડાણ ખેડી ભાથું બાંધ્યું છે, પૂર્ણતાને પામ્યા છે એવા અનુભવી લોકો સાથે સંગત કરવામાં કોઈ જોખમ નથી. એવા સંગથી મનની મૂંઝવણો, સંશયો, જીવનના સંઘર્ષો ટાળવાનો ઉપાય જડી જાય છે.

પ્રસ્તુત ભજનમાં લીરબાઈ કટુ આપવીતીની મનોવ્યથા ઠાલવતાં હોય એવા ઢંગથી ભાતીગળ બોલીમાં વાત રજૂ કરે છે. ભલે, દેખાવમાં સાવ સામાન્ય જણાતી સમસ્યા પણ આકાશમાંથી ઠેઠ નીચે ખીણમાં પટકવા જેવી હોનારત સર્જે છે. જો વિવેક ચૂકાય, સમજ-અણસમજની પરખ ખોટી ઠરે તો ભીતરની વિકાસની

વ્યવસ્થાના ચૂરેચૂરા થઈ જાય. આમ, સુપાત્ર અને કુપાત્રની ઓળખ કરવી એ જટિલ કોયડો છે.

કવયિત્રી સરળ શબ્દોમાં જ્યાં જ્યાં આંતરિક વિકાસની પ્રતિક્રિયાઓને નુકશાન પહોંચાડનારી ગતિવિધિઓ રહેલી છે, તેવાં સ્થાનોનો પરિચય આપે છે. એક તરફ સમસ્યા છે, તો બીજી તરફ તેમાંથી ઉગરવાની કૂંચીઓ પ્રસ્તુત ભજનમાં નોંધાઈ છે.

ભજનની પ્રત્યેક કડીમાં કવયિત્રીએ પ્રતીકાત્મક રીતે સમીક્ષા કરી છે. જેઓ બેહોશી, અજ્ઞાની અને બનાવટી ભમરાળી વૃત્તિમાં અટવાયેલાં છે તેમનાં લક્ષણો આરંભથી જ ચીંધ્યાં છે. તેવો લોકોની માનસિકતાના લક્ષણો તેમણે ઉજાગર કર્યાં છે. જેમ કે 'ખાડા ને ખાબોચિયાની દેડકી (સંકુચિત માનસિકતાનું બંધારણ ધરાવનારા); દૂધ ને સાબૂએ ધોયેલ કોયલો (અંતઃકરણ જેનું મેલું છે તેમજ ગંદી માનસિકતા ધરાવનારા); દૂધ પાઈને ઉછરેલા વિષધર નાગ (કૃતઘ્નજનો અને ધૂર્ત ગુરુઓ); જેમની આંખો આગળ મોટો ડુંગર છે (આંધળાભીંત, દુર્જનો). આ સર્વ અધૂરિયા (ઠગ, પાખંડી કુગુરુ)ના પ્રકારો છે.

'દુરજનિયા' શબ્દપ્રયોગ પણ ધૂર્ત, પાખંડી પથદર્શકો માટે ખાસ રૂઢ થયેલો છે. જેઓ સ્વયં ભટકેલા છે, પથભ્રષ્ટ છે, ચલિત છે; તેઓ બીજાને પણ ચલિત કરે છે. આવા ઢોંગીજનો છળાત્મક છે. ભલા, ભોળા લોકો તેમના ઝાંસામાં ફસાય છે. અસલ કરતાં નકલીનો ચળકાટ વધુ હોય છે, તેમ આવા ઢોંગી ધર્મગુરુઓ અધ્યાત્મની હાટડીઓ માંડીને સિફતથી બેઠા હોય છે.

*હોથી સાહેબ મજાકમાં તેમને 'નટવા' કહી સંબોધે છે.*

***''નટવા હોકર નાટક ખેલે રે, ઊભે વાંસ ચઢી;***
***આ પલ ચૂક્યો આતમા રે, અધવચ રહીશ અડી;***
***એવો જોગ ન સાધ્યો રે, ખેલ છે ખરાખરી.''***

ભક્ત કવયિત્રી લીરબાઈએ તેમના ભજનમાં એક તરફ ભયજનક સ્થાનોની દાહક સમસ્યા નોંધી છે, તો સમાંતરે સમાધાનને નિર્દેશતી અસરકારક વાતો પણ ટાંકી છે. જેમાં જાણકાર અનુભવીઓનું સાંનિધ્ય; આત્માનુભૂતિની વાતો સંકીર્ણ માનસિકતા ધરાવનારાને કહેવાનો નિષેધ; કૃતઘ્નીઓની હિંસક વૃત્તિઓને નવ ગજ દૂરથી જ નમસ્કાર; ધૂર્ત લોકોને બદલે સત્માર્ગે ખેડાણ કરનાર સાથે જ સંગત. આવી આંતરિક અને બાહ્ય, સત્લક્ષી અને વ્યવહારિક બન્ને પક્ષની અત્યંત ઉપયોગી અને માર્મિક બાબતોની બારી ઉઘાડી છે. લીરબાઈએ પોતાના ભજનમાં.

અંતમાં તેઓ કહે છે કે, આંતરિક વિકાસના પંથે અગ્રેસર થયા છે, તેઓનો મનુષ્ય જન્મ સફળ છે. સંત કવયિત્રી લીરબાઈ અધ્યાત્મના યાત્રી હોવાથી પ્રસ્તુત ભજનમાં દુરિત આધારિત સ્તરમાં જ તેમનું વિચરણ છે. તેમના પ્રત્યે આશાવિહીન બનીને ઉપેક્ષા ભાવ ધારણ કરવાનું સૂચન થયું છે. માર્ગના જાણકારોનો જ સંગ ઉચિત છે, અન્ય કશું જ નહીં એવો નિષ્કર્ષ અપાયો છે.

❑❑❑ સંપર્ક : ૯૮૯૨૪૨૨૫૩૫

# કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા

**ડૉ. કાન્તિભાઈ બી. શાહ**

**ભા**રતીય ચિંતકો પૈકીના એક નિર્ભીક ચિંતનકાર અને ગાંધીજીના અંતેવાસી એવા શ્રી કિશોરલાલ મશરૂવાળાનો જન્મ તા. ૫-૧૦-૧૮૯૦ના રોજ મુંબઈ ખાતે થયો. એમના પિતાનું નામ ઈચ્છારામ હતું, પણ પિતાના નામને સ્થાને ઘનશ્યામલાલ લખાતું હતુ અને તે પણ ખુદ પિતાના નિર્ણયથી. આ જાણી સૌને આશ્ચર્ય થાય કે આવું કેમ? આને માટે કિશોરલાલની બાળવયની ઘટેલી એક ઘટના નિમિત્તરૂપ છે.

કિશોરલાલ નાના બાળક હતા ત્યારે એક દિવસ ઘોડિયામાં સૂતા હતા ત્યારે ઘોડિયા પર ધસી આવેલા અળસીના ઢગલામાંથી એમનો આબાદ બચાવ થયેલો. થોડીક ક્ષણો પહેલાં જ એમનો ગોવિંદ નામનો ઘાટી બાળ કિશોરને ઘોડિયામાંથી ઊંચકીને બીજે સ્થાને લઈ ગયેલો. આ ઘટના બનતાં દ્રવી ગયેલા પિતાએ પુત્રનું જીવન ઘનશ્યામને - ઈશ્વરને સમર્પિત કર્યું. ત્યારથી કિશોરલાલના નામ પાછળ પિતાનું નામ ઘનશ્યામલાલ લખાતું રહ્યું.

એમનો પ્રાથમિક શિક્ષણનો પ્રારંભ અકોલામાં મરાઠી ભાષામાં થયો. ૮ વર્ષની ઉંમરે માતાનું અવસાન થતાં તેઓ મુંબઈ ખાતે માસીને ત્યાં આવીને રહ્યા. ત્યાં એમનું શિક્ષણ ગુજરાતીમાં આરંભાયું. મુંબઈની વિલ્સન કૉલેજમાંથી તેઓ ૧૯૦૯માં સ્નાતક થયા. તે પછી ૧૯૧૩માં એલ.એલ.બી. થયા. આશ્રમની રાષ્ટ્રીય શાળામાં ૧૯૧૭થી '૧૯ દરમ્યાન શિક્ષક તરીકે સેવા આપી. ગાંધીજીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠમાં પહેલા મહામાત્ર તરીકે જોડાયા. આમ ગાંધીજીના અંતેવાસી બનવાનું નિમિત્ત એમને પ્રાપ્ત થયું. તે સાથે આશ્રમ ખાતે રહેલા કેદારનાથજીના ગાઢ પરિચયમાં આવ્યા. આ રીતે ગાંધીજી અને કેદારનાથજી એમના જીવનમાં પ્રભાવક પરિબળો બની રહ્યા.

ગાંધીજીની વિચારધારાને વેગ અને સમર્થન આપવાની મહત્ત્વની જવાબદારી કિશોરલાલે સંભાળી, ગાંધીજીના અવસાન પછી લગભગ સાડા ચાર વર્ષ સુધી 'હરિજન' પત્રની જવાબદારી પોતાના સ્વાસ્થ્યની પ્રતિકૂળતાઓ વચ્ચે પણ એટલી તો નિષ્ઠાપૂર્વક સંભાળી કે આ પત્રના વાચકોને ગાંધીજીની ખોટ સાલવા દીધી

નહીં. અવસાન પામતા સુધી આ ફરજ એમણે નિભાવી. ગાંધીવિચારધારાનું ઉત્તમ દોહન એમણે 'ગાંધીવિચારદોહન' પુસ્તકમાં આપ્યું છે.

કિશોરલાલ કેદારનાથજીને પોતાના ગુરુ તરીકે ઓળખાવે છે. એમની પાસેથી એમને જે જીવનદૃષ્ટિ પ્રાપ્ત થઈ છે એનો જાહેરમાં ઋણ સ્વીકાર પણ એમણે કર્યો છે.

કિશોરલાલે ધર્મ, સમાજ, તત્ત્વજ્ઞાન, કેળવણી, અર્થકારણ, રાજકારણ, સ્ત્રી-પુરુષ સંબંધો જેવા વિષયો પરત્વેનું ચિંતન નીડરતાપૂર્વક અને પોતાના આગવા દૃષ્ટિકોણથી રજૂ કર્યું છે. ગાંધીજીની છાયામાં રહેવા છતાં અને એમની વિચારધારાનું સમર્થન કરવા છતાં એમના અનેક વિચારો સાથે કિશોરલાલે અસંમતિ અને મતભેદ પણ પ્રગટ કર્યાં છે. સ્વામી આનંદે કહ્યું છે કે કિશોરલાલે એમના ગુરુજન (કેદારનાથજી) પાસેથી ભલે પ્રેરણા લીધી હોય પણ એમના ચિંતનની ખરી લાક્ષણિકતા એમનું પોતીકું સ્વવિચારબળ છે, એ જ એમની સાચી કમાઈ છે. 'જીવનશોધન', 'અહિંસાવિવેચન', 'ગીતમંથન', 'સંસાર અને ધર્મ', 'સમૂળી ક્રાન્તિ', 'સ્ત્રી-પુરુષમર્યાદા', 'કેળવણીના પાયા', 'કેળવણીવિવેક', 'કેળવણીવિકાસ', 'ગાંધીજી અને સામ્યવાદ' – એમનાં આ ચિંતનાત્મક પુસ્તકોના વિષયો ઉપર નજર નાખતાં જ કિશોરલાલના જીવનલક્ષી ચિંતનના વ્યાપનો અંદાજ આવી જાય છે. વળી વ્યાપની સાથે ચિંતનનું ઊંડાણ અને પોતીકો દૃષ્ટિકોણ તો ખરો જ.

એણે 'રામ અને કૃષ્ણ', 'ઈશુ ખ્રિસ્ત', 'બુદ્ધ અને મહાવીર', 'સહજાનંદ સ્વામી' જેવાં ચરિત્રાત્મક લખાણોમાંય ખરું પ્રયોજન એમાંથી સંપ્રાપ્ત વૈચારિકતાને ઉજાગર કરવાનું રાખ્યું હોય એમ જ લાગે. 'વિદાયવેળાએ' અને 'ઉધઈનું જીવન' જેવાં પુસ્તકોના અનુવાદની પસંદગી પણ એમના વૈચારિક વિશ્વને જ પુષ્ટિ આપનારી છે. 'સમૂળી ક્રાન્તિ' જેવા પુસ્તકમાં તો જે સઘન વિચારણા થઈ છે તે જોતાં કિશોરલાલની વૈચારિક, ક્રાન્તિના સર્જક તરીકે સાચી ઓળખ પ્રાપ્ત થાય છે.

પ્રાચીન શાસ્ત્રોને હંમેશ માટે સ્વીકારી લેવાનું તેઓ જરૂરી નથી ગણતા. વિજ્ઞાનદૃષ્ટિને કારણે એ શાસ્ત્રોથી જુદા પડવાનો અર્વાચીનોનો અધિકાર છે એ મતની તેઓ તરફેણ કરે છે. કિશોરલાલ ઈશ્વરનો સ્વીકાર કરે છે, પણ લોકોની જડ અવતાર-ભક્તિની ટીકા કરે છે. સંપ્રદાયો-અનુયાયીઓ પોતાની કલ્પનાના રામ-કૃષ્ણ આદિ અવતારોને પૂજે છે પણ એમના ચરિત્રને અનુસરવાળો પુરુષાર્થ નથી કરતા. આવી ભક્તિએ આપણને અંધશ્રદ્ધા અને પાંગળા બનાવી દીધા છે.

વળી, આપણાં ધર્મશાસ્ત્રોમાં, પુરાણગ્રંથોમાં અવતારી ચરિત્રોની જે વાતો મળે છે તેમાં કેટલીક તો કેવળ ક્ષેપક જ હોય છે. કેટલાક ધર્મપ્રચારકો કેટલીક વાતો પોતે લખી પ્રસિદ્ધ ઋષિ-મુનિઓને નામે ચડાવી દે છે. આવી ઘણી અપ્રમાણભૂત વાતો ઉપર એમણે ચાબખા લગાવવાની નીડરતા દાખવી છે. 'જીવનશોધન'માં તેઓ સ્પષ્ટ લખે છે કે ''કોઈપણ ખંડનમંડન કરવાનો મેં પ્રયત્ન કર્યો છે તો તે જીવનને બદલવાની દૃષ્ટિથી; કેવળ માન્યતાને બદલવાની દૃષ્ટિથી નહીં.'' આ દર્શાવે છે કે એમનું ચિંતન એમને માટે કેવળ બૌદ્ધિક વિલાસ નથી.

સંસ્કૃતિ અંગેનું મશરૂવાળાનું ચિંતન અત્યંત મૌલિક અને વિચાર પ્રેરક છે. પૂર્વ-પશ્ચિમની સંસ્કૃતિ કે હિન્દુ-મુસ્લિમ સંસ્કૃતિ એવા ભેદ એમને અભિપ્રેત નથી. તેઓ જે બે પ્રકારની સંસ્કૃતિ ગણાવે છે તે છે ભદ્ર સંસ્કૃતિ અને સંત સંસ્કૃતિ. ભદ્ર સંસ્કૃતિ તે ભદ્ર લોકોની - ઉજળિયાત લોકોની. કલાકારો, વકીલો, તબીબો, ઉસ્તાદો, અધ્યાપકો- આ બધા આ ભદ્ર સંસ્કૃતિના પ્રતિનિધિઓ છે. આ સંસ્કૃતિ સમાનતાના સિદ્ધાંત પર રચાયેલી નથી. સૈદ્ધાંતિક રીતે ભલે આ બધો વર્ગ સમાનતાની વાત કરતો હોય પણ માણસ માણસ વચ્ચેના ભેદને તો આ ઉજળિયાત વર્ગ સ્વીકારે જ છે. ઉજળિયાતોની રુચિ ફુરસદવાદ પ્રત્યે હોઈને ભેદની જાળવણી માટે હિંસા અનિવાર્ય બને છે.

ભદ્ર સંસ્કૃતિથી ઉચ્ચતર કક્ષાની અન્ય સંસ્કૃતિ છે સંત સંસ્કૃતિએ એને વિકલ્પે ઓલિયા સંસ્કૃતિ પણ કહી છે. પ્રાચીન કાળથી આ પરંપરા ચાલી આવે છે. આ સંતો ભદ્ર અને ભદ્રેતર બન્ને વર્ગમાંથી પેદા થયા છે. ભદ્ર વર્ગમાં જન્મ્યા હોય છતાં ભદ્રેતરો સાથે એમણે પોતાના જીવનને જોડયું છે. મશરૂવાળા ગાંધીજીને આવી સંતસંસ્કૃતિની પરંપરાના પુરુષ ગણે છે. આ સંસ્કૃતિ મનુષ્યમાત્રની સમાનતાનો સ્વીકાર કરે છે અને તેને પરિશ્રમ તેમજ અહિંસા ઉપર ઊભેલી ગણાવે છે. ભદ્રવર્ગનો ફુરસદવાદ એમને સ્વીકાર્ય નથી. એમણે પરિશ્રમ અને અહિંસાને ભાઈ-બહેન કહ્યાં છે.

જીવનનું ધ્યેય વ્યક્તિલક્ષી નહિ પણ સાર્વજનિક હોવું જોઈએ એમ મશરૂવાળા માને છે. નદીનું દૃષ્ટાંત આપીને આ વાત તેઓ સમજાવે છે. નદીનું એક ટીપું સમુદ્ર સુધી નથી પહોંચતું, પણ બીજાં અસંખ્ય ટીપાં સાથે ભળીને, ચાલતાં રહીને સમુદ્ર સુધી પહોંચે છે.

આમ શ્રી મશરૂવાળાએ જીવનલક્ષી અનેક પાસાંઓ ઉપર વિશદતાથી અને તર્કબદ્ધ રીતે પોતાનો મૌલિક દૃષ્ટિકોણ રજૂ કર્યો છે. તેથી જ તેઓ 'શ્રેયાર્થી'ના બિરુદના અધિકારી બન્યા છે.

વૈચારિક ક્રાન્તિના આ સર્જકનો ૬૨ વર્ષની વયે તા. ૯-૯-૧૯૫૨ ના રોજ સ્વર્ગવાસ થયો.

❑❑❑

એ/૪૦૨, સત્ત્વ ફ્લેટ્સ,
શાંતિવન, નારાયણનગર રોડ,
પાલડી, અમદાવાદ -૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯) ૨૬૬૦૯૭૯૨

# ગાંધીયુગના વિવેકશીલ ચિંતક શ્રી કેદારનાથજી

ડૉ. માલતી શાહ

વિવેક અને સાધના' પુસ્તકથી પ્રસિદ્ધિ પામેલ ચિંતક કેદારનાથજીનું પોતાનું જીવન પણ વિવેકથી ભરપૂર અને સાધનાસભર હતું. ભારતીય સંસ્કૃતિને સમયે સમયે સમર્થ નેતાઓ-વિચારકો મળતા રહ્યા છે, જેથી તેનું મૂળ સત્ત્વ જળવાઈ રહ્યું છે. મહાત્મા ગાંધીની સ્વતંત્રતાની ચળવળમાં એક પછી એક વિચારકો જોડાતા ગયા અને આ કાફલો વિસ્તૃત થતો ગયો. આમાંના એક આગવા વિચારક તરીકે આપણે શ્રી કેદારનાથજીને અવશ્ય મૂકી શકીએ. શ્રી કેદારનાથજીના જીવનની વિગતોથી ટૂંકમાં માહિતગાર થઈને તેમના વૈચારિક પ્રદાનને આલેખવાનો અહીં ઉપક્રમ છે.

શ્રી કેદારનાથજીનો જન્મ, બાળપણ અને જીવનના પાછલા વર્ષો મહારાષ્ટ્રમાં વીત્યા, પરંતુ તેમની કર્મભૂમિ મહારાષ્ટ્ર અને ગુજરાત બની રહી. તેઓનું સાહિત્ય મરાઠી અને ગુજરાતી બંને ભાષામાં મળે છે. ૯૫ વર્ષ જેટલું સુદીર્ઘ જીવન જીવનાર કેદારનાથજીને મહારાષ્ટ્રીય જ્ઞાની સંત તરીકે ઓળખાવી શકાય અને ભારતભરના સંતપુરુષોમાં તેઓનું આગવું સ્થાન છે. તેઓ 'નાથજી'ના હુલામણા નામે પણ ઓળખાય છે.

જીવન - શ્રી કેદારનાથજીનો જન્મ ઈસુ જયંતી એટલે કે ૨૫મી ડિસેંબર ૧૮૮૩ના રોજ થયેલ. કોલાબા જિલ્લાનું પાલી ગામ તેમના પૂર્વજોનું નિવાસી ગામ. તેઓના પિતાજી શ્રી અપ્પાજી બળવંત કુળકર્ણીની સરકારી નોકરીના કારણે તેમનું બાળપણ થાણા, રત્નાગિરિ, ખાનદેશ વગેરે જિલ્લાઓમાં વીત્યું. તેઓ કુલ છ ભાઈઓ અને ત્રણ બહેનો હતા. કુટુંબની સ્થિતિ મધ્યમ અને રહેણીકરણી સાદી હતી. ચાર-પાંચ વર્ષની ઉંમરે રત્નાગિરિની ગુહાગરની ધૂળી નિશાળમાં તેમના શિક્ષણનો પ્રારંભ થયો અને માધ્યમિક શિક્ષણ તેઓએ રાજાપુર અને ધૂળિયામાં પ્રાપ્ત કર્યું.

તેઓની નવ-દસ વર્ષની ઉંમરે તેમનાં માતા નાના ભાઈને જન્મ આપીને પ્રસૂતિ દરમ્યાન જ મૃત્યુ પામ્યાં. આ બનાવની ઘેરી અસર તેમના બાળમાનસ ઉપર પડી. માતાના મૃત્યુ પછી ઈ.સ. ૧૮૯૩થી '૯૭ દરમ્યાન તેઓ પૂનામાં રહ્યા. ૧૯૦૧માં દેશ સેવા માટે શાળા છોડી. રાષ્ટ્રીય ઉત્થાન અને સમાજસુધારો તેમના જીવનધર્મ બન્યા. રાષ્ટ્રસેવા માટે ચારિત્રની દૃઢતા જરૂરી લાગવાથી પોતાના વતન પાલીમાં વ્યાયામ અને ખેતીનું કાર્ય કરી આત્મવિશ્વાસ વધાર્યો.

માતાના મૃત્યુને કારણે તેઓએ નિશ્ચય કર્યો હતો કે કોઈના જીવનમાં પ્રસૂતિ કે વૈધવ્યના દુઃખનું નિમિત્ત ન બનવું. આ વિચારથી તથા વૈરાગ્યભાવથી તેઓ આજીવન અવિવાહિત રહ્યા. પિતાના મુખે સાંભળેલાં પદ્યો અને શ્લોકોની અસરથી તેમની ઈશ્વરભાવના દૃઢ થઈ હતી. દાસબોધ, જ્ઞાનેશ્વરી, તુકારામ વગેરેના સાહિત્યના વાચનની તેમની ચિત્ત ઉપર પ્રબળ છાપ હતી. અંગ્રેજી બીજા ધોરણમાં ઈતિહાસમાં આવતા ગૌતમ બુદ્ધના ગૃહત્યાગના વર્ણનની, શંકરાચાર્ય, જ્ઞાનેશ્વર, રામદાસ વગેરેના જીવનચરિત્રોની તેમના મન ઉપર ઘેરી અસર થઈ હતી. ઈ.સ. ૧૯૦૪માં પોતાના સંકલ્પની સિદ્ધિ માટે તેઓએ ગૃહત્યાગ કર્યો; પણ પિતૃસેવાની ભાવના, પિતાના મનદુઃખની કલ્પના, સતારા જિલ્લાના સજ્જને છોડાવેલ સાધુવેશ અને પાલીમાં મિત્રની માંદગીના સમાચાર વગેરે કારણોથી પિતા પાસે પાછા આવી ખેતીનું કામ શરુ કર્યુ.

ઈ.સ. ૧૯૦૮માં બંગભંગના આંદોલન સમયે તેમનું નામ સરકારની ખેપાનીઓની ચોપડી (બ્લેક લીસ્ટ)માં હતું. થોડો સમય પોતે સતારા, ખાનદેશ, ભાજેની ગુફા વગેરે જગ્યાએ અજ્ઞાતવાસમાં રહ્યા. ઈ.સ. ૧૯૧૧ દરમ્યાન તેઓએ હૃષિકેશ જઈને એકાંતમાં આસન, પ્રાણાયમ વગેરે દ્વારા સાધના કરી, પણ જ્ઞાનપ્રાપ્તિનો મુખ્ય હેતુ સિદ્ધ ન થયો. સાથે સાથે તેમને સંન્યાસીઓમાં પણ દંભ, ભ્રમ વગેરેનો અનુભવ થયો. ઈ.સ. ૧૯૧૩માં પિતાની આજ્ઞા લઈ હરદ્વાર ગયા, ત્યાં પણ સાધુવર્ગથી નિરાશા થઈ. અનુભવે તેમને લાગ્યું કે વિવેકદૃષ્ટિ જ સૌથી શ્રેષ્ઠ છે. તે દરમ્યાન હૃષિકેશમાં તેઓને શ્રી કાકાસાહેબ કાલેલકર, સ્વામી આનંદ જેવા વિચારકો સાથે ગાઢ મૈત્રી થઈ. હરદ્વારના કુંભમેળામાં ગાંધીજીનો પરિચય થયો. ગાંધીજી સાથે અમુક વૈચારિક ભિન્નતા હોવા છતાં તેમના પ્રત્યે નાથજીને માન હતું. ઈ.સ. ૧૯૧૬માં તેઓ અમદાવાદમાં ગાંધીજીએ સ્થાપેલ 'સત્યાગ્રહ આશ્રમ'માં આવીને રહ્યા. ગાંધીજી અને બીજાઓને પણ નાથજી માટે માન હતું. શ્રી કિશોરલાલ મશરૂવાળાના મનમાં ત્યારે સાધન-સાધ્ય વિષે ગૂંચવાડો હતો અને બીજી કેટલીક બાબતો માટે ગડમથલ હતી. કેદારનાથજીના સાન્નિધ્ય અને માર્ગદર્શનથી શ્રી મશરૂવાળાને 'વિવેકદૃષ્ટિ' પ્રાપ્ત થઈ, જેથી તેઓને નાથજી પ્રત્યે ગુરુભાવ થયો.

નાથજી પોતે પ્રસંગોપાત લેખો લખતા શ્રી કિશોરલાલ મશરૂવાળા સાથે તેમનો પત્રવ્યવહાર ચાલ્યા કરતો. પચાસેક વર્ષની સાધના પછી બીજાના આગ્રહથી તેઓએ 'વિવેક અને સાધના' પુસ્તકરૂપે (ઈ.સ. ૧૯૫૧) પોતાના વિચારો વ્યક્ત કર્યા. આ પુસ્તક સમાજ માટે ખૂબ ઉપયોગી નીવડયું. અનેકની સેવા-શુશ્રુષા કરનાર નાથજીની વિનોદવૃત્તિ પણ નોંધપાત્ર હતી. સાદું, પરિશ્રમી, સેવાપરાયણ જીવન પસાર કરતાં તેઓ પાછલા વર્ષોમાં મુંબઈમાં રહ્યા. ૧૫મી ઓગસ્ટ ૧૯૭૮ના રોજ પરોઢિયે ચાર વાગે તેઓ બોલ્યા કે ''અબ પ્રાણ જા રહા હૈ.'' અને સવાચાર વાગે દેહ છોડયો. છેલ્લા દિવસોમાં 'મારી ખાસ વિનંતી'માં તેમણે થોડીક સૂચનાઓ લખી હતી કે અંત સમયના ફોટા ન પાડવા, ફૂલહાર ન ચઢાવવા

(એકાદ ફૂલ ચાલે), અંતિમ યાત્રામાં આડંબર ન કરવો, કોઈ ધાર્મિક વિધિ ન કરવી વગેરે. નાથજી ક્ષર દેહે વિદાય થયા, પણ અક્ષરદેહે પોતાના સાહિત્ય દ્વારા તેમજ પોતે કરેલા સત્કાર્યોની સુવાસ દ્વારા સમાજ ઉપર અમીટ છાપ મૂકતા ગયા છે.

સાહિત્ય - શ્રી કેદારનાથજી પ્રસંગોપાત મરાઠી અને ગુજરાતી ભાષામાં લેખો લખતા. તેમનો પત્રવ્યવહાર પણ બહોળો હતો. ગુજરાતીમાં તેમના નીચે દર્શાવેલ પુસ્તકો પ્રકાશિત થયેલ છે. (૧) 'વિવેક અને સાધના' ઈ.સ. ૧૯૫૧માં સૌપ્રથમ વખત પ્રગટ થયું, જેમાં તેઓએ પોતાને જે કાંઈ જ્ઞાનની પ્રાપ્તિ થઈ તે વિચારણા ખૂબ પરિપક્વ છતાં સરળ શૈલીમાં રજૂ કરી છે. (૨) 'સુસંવાદ' પુસ્તક પણ ઈ.સ. ૧૯૫૧માં પ્રકાશિત થયેલ. શ્રી કિશોરલાલ મશરૂવાળાના ભત્રીજા શ્રી નીલકંઠ મશરૂવાળા સાથેના પરિચય અને સંવાદોને આધારે આ પુસ્તક રજૂ થયું છે. (૩) 'વિચારદર્શન' ભાગ-૧ ઈ.સ. ૧૯૫૫ માં અને ભાગ-૨ ઈ.સ. ૧૯૫૯માં બહાર પડયા. (૪) 'કેદારનાથ (જીવનનાં કેટલાક સંસ્મરણો)' તેમના મૃત્યુ પછી બહાર પડેલ. (૫) 'કેદારનાથજી અને કિશોરલાલ ઘ. મશરૂવાળા વચ્ચેનો પત્ર-સંવાદ' પુસ્તક ઈ.સ. ૨૦૦૪માં પ્રકાશિત થયેલ છે. આ પુસ્તક મૂળ મરાઠીમાં લખાયેલ, તેનો ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. ઈ.સ. ૧૯૨૧ થી'૨૩ ના વર્ષો દરમ્યાન બંને વચ્ચે થયેલ પત્રવ્યવહાર આ પુસ્તકમાં ગ્રંથસ્થ થયો છે. નાથજીના મરાઠી સાહિત્યની વિગતો મળે તો તેમના બીજા પુસ્તકોનો ખ્યાલ આવી શકે પણ ગુજરાતીમાં તેમના ઉપર દર્શાવ્યા તે પુસ્તકો દ્વારા ગુજરાતના વાચકો, સાધકો, વિચારકોને બહુ અમૂલ્ય ભાથું મળ્યું છે. માનવ અને માનવધર્મને સમજવા માટે તેમનું સાહિત્ય ખૂબ ઉપયોગી નીવડયું છે.

નાથજીના જીવનના પ્રસંગો અને તેમના આ પ્રકાશિત સાહિત્યમાંથી તેમની વિચારણાના કેટલાક તાત્ત્વિક મુદ્દાઓ તારવી શકાય તેમ છે.

વ્યાયામનું મહત્વ અને સ્વદેશપ્રેમ - યુવાનીથી નાથજીને દેશ માટે કંઈક કરી છૂટવાની ભાવના હોવાથી શરીર સુદઢ કરવાની જરૂરત સમજાઈ ગઈ હતી. ઈ.સ. ૧૯૦૯માં મહારાષ્ટ્રના મહાડમાં જાહેરમાં ઘણાં ખેલ કર્યા. મલખંભના ખેલ, લાકડીનું દ્વંદ્વયુદ્ધ, ભાલાફેંક, લાઠીદાવ, દાંડપટ્ટા, તલવાર, અગ્નિચક્રના ખેલ એમ અનેક રમતોમાં તેઓ કુશળતાથી ભાગ લેતા. નિરોગી રહેવા, ચપળતા અને સ્ફૂર્તિ મેળવવા, સ્વરક્ષણ કરવા માટે તેઓ લોકોને વ્યાયામનું શિક્ષણ પણ આપતાં. બીજા માટે જરૂર પડે કષ્ટ સહન કરવાની પણ તેમની વૃત્તિ હતી એટલે તે માટે પણ શરીર કસાયેલું હોય તે તેઓ જરૂરી માનતા.

'વિવેક અને સાધના' પુસ્તકમાં 'દઢ શરીર અને પવિત્ર મન', 'વિચારદર્શન' પુસ્તકમાં 'આધુનિક વ્યાયામ-પદ્ધતિની અપૂર્ણતા', 'વ્યાયામ વિષે જીવનોપયોગી દૃષ્ટિ' વગેરે પ્રકરણોમાં પરિશ્રમ, સદાચાર વગેરેનું મહત્ત્વ દર્શાવ્યું છે.

કરુણાદષ્ટિ - કોઈના દુઃખમાં આપણે કારણભૂત ન બનવું એ વિચાર તો પોતાની મા ના મૃત્યુ સમયે નાની ઉંમરમાં જ દઢ થઈ ગયો હતો. આગળ જતાં તેમની કરુણાદષ્ટિ ખૂબ વિકસી અને અનેક પ્રસંગોએ તેમણે ઘણાંની સેવાસુશ્રુષા કરી. ઈશ્વર કે આત્માનો સાક્ષાત્કાર, નિર્વિકલ્પ સમાધિ જેવા ધ્યેયોમાં રમમાણ રહેવાને બદલે સમાજને ઉન્નત કરવા, મનુષ્યતાનો વિકાસ કરવા માટે પ્રયત્નશીલ રહેવાનું મહત્ત્વ તેમને મન વધારે હતું. સગાં-સ્નેહીઓના સુખના પ્રસંગે તેઓ જાય કે ન જાય, પણ કોઈની માંદગીની ખબર પડે તો માની જેમ કાળજીથી ચાકરી કરતા અને તે માટે તો તેઓ સંસ્થા ચલાવવાની કે બીજી કોઈ મોટી પ્રવૃત્તિ સાથે ન જોડાયા.

'અનુભવ' એ જ્ઞાનપ્રાપ્તિનો મુખ્ય આધાર - જ્ઞાન મેળવવા માટે અનુમાન, તર્ક, કલ્પના, શ્રદ્ધા નહીં પણ પોતાને જે અનુભવો થાય તેનું મહત્વ ઘણું વધી જાય છે. ''यस्य नास्ति स्वयं प्रज्ञा शास्त्रं तस्य करोति किम् ?'' અર્થાત્ ''જ્યાં પોતાની પ્રજ્ઞા એટલે બુદ્ધિ ન હોય ત્યાં શાસ્ત્રો પણ શું મદદ કરી શકે?'' પોતાની બુદ્ધિ તથા અનુભવની એરણ ઉપર તપાસીને જ કોઈપણ વિચારને સ્વીકારવાનો કે તેનો નિષેધ કરવાનો નિર્ણય કરવો જોઈએ. જ્ઞાન મેળવવાના અન્ય સૌ માર્ગોને ગૌણ કરીને અનુભવને પ્રાધાન્ય આપવાની વાતમાં તેમની વિકસિત પ્રજ્ઞાના દર્શન આપણને થાય છે.

અનુભવના પૃથક્કરણમાંથી વિવેકદષ્ટિની પ્રાપ્તિ - યુવાનીમાં દસેક વરસ ઘણી જાતની સાધના કરી. ઉપવાસ, પારાયણ, અનુષ્ઠાન, ચિંતન, શ્રદ્ધા, ધ્યાન, એકાગ્રતા વગેરે બધું કરી જોયું પણ તેમને લાગ્યું કે માત્ર વ્યક્તિગત લાભ અને હિતનો વિચાર કરવાને બદલે સામુદાયિક લાભ અને હિતનો વિચાર કરવો જોઈએ. જીવનમાં સંયમશક્તિ, પ્રેરણાશક્તિ, વિવેકશક્તિ - આ ત્રણ શક્તિઓના વિકાસમાં જ માનવીનો પોતાનો અને સમાજનો વિકાસ થઈ શકે આ બાબતની તેમને પોતાને દઢ પ્રતીતિ હતી. આ વિવેકદષ્ટિ કેવી રીતે મેળવી શકાય એ માટે તેમણે પોતાના સાહિત્યમાં ખૂબ માર્ગદર્શન આપ્યું છે.

સામાજિક ઉત્થાનનું ધ્યેય - ભારતના ભવ્ય ભૂતકાળની વાતો કરનારને એ પણ ખબર હોવી જોઈએ કે આપણો વર્તમાનકાળ કંગાળ છે. પવિત્ર, પ્રામાણિક જીવન જીવીને સત્ય, દયા, ક્ષમા, ઉદારતા, સેવા પરોપકાર વગેરે સદ્ગુણો વિકસાવવા ઉપયોગી છે. ધ્યાનાભ્યાસથી ચિત્તમાં જે દઢતા, સૂક્ષ્મતા, પૃથક્કરણશક્તિ આવે છે તેનો ઘણો મોટો લાભ આપણને અને સમાજને પ્રાપ્ત થાય છે. જનસેવા કરવા માટે પોતે સુથારીકામ, સીવણકામ, વણાટકામ પણ શીખ્યા હતા. પુરુષાર્થ વગરની પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંને નિષ્પ્રાણ અને નિસ્તેજ હોય છે. પરલોકના કાલ્પનિક સુખ કરતાં ઈહલોકનું કર્તવ્ય અને તેમાંથી મળતો સાત્ત્વિક આનંદ જનસમુદાય માટે ઉન્નતિકારક અને કલ્યાણમય બની રહે છે.

ગુરુ-શિષ્ય સંબંધની વિલક્ષણતા - શ્રી નાથજીએ ધાર્યું હોત તો કોઈ સંપ્રદાય સ્થાપીને અનેક શિષ્યો કરી શક્યા હોત, પણ પોતાની વિવેકદષ્ટિથી તેઓએ આવી કોઈ પ્રવૃત્તિ શરૂ ન કરી. પરંતુ પોતાની આગવી સૂઝના કારણે અનેક લોકોના માર્ગદર્શક બની રહ્યા. ગાંધીયુગના એક અગ્રગણ્ય ચિંતક શ્રી કિશોરલાલ મશરૂવાળાના જીવનમાં ઘણાં આધ્યાત્મિક પ્રશ્નો શ્રી નાથજીના સત્સંગ અને સંપર્કથી ઉકલી ગયા.

ગાંધીજીએ અમદાવાદમાં સાબરમતી આશ્રમ સ્થાપ્યો ત્યાં મશરૂવાળાને શ્રી નાથજીની ઓળખાણ કાકાસાહેબ કાલેલકરના મહારાષ્ટ્રી મિત્ર તરીકે થઈ હતી. ગાંધીજી અને નાથજી વચ્ચે અમુક વૈચારિક મતભેદ હોવા છતાં તેઓ બંનેના સંબંધોમાં ઘર્ષણ નહોતું આવ્યું. ગાંધીજી સાબરમતી આશ્રમમાં પોતાની ગેરહાજરીમાં નાથજીને આશ્રમવાસીઓના વિશ્વાસુ માર્ગદર્શક ગણીને આશ્રમ ઉપર નજર રાખવાનું કામ સોંપતા.

ઈ.સ. ૧૯૨૧ થી ૨૩ ના સમયગાળામાં શ્રી નાથજી અને શ્રી મશરૂવાળા વચ્ચે જે પત્રવ્યવહાર થયો તે પુસ્તકરૂપે ગ્રંથસ્થ થયો છે, તેમાંથી બંને વચ્ચેના વિલક્ષણ સંબંધની પ્રતીતિ થાય છે. શ્રી નાથજી સાથેના સંબંધથી મશરૂવાળાની બુદ્ધિમાં સ્પષ્ટટા આવી, ભાવનાઓમાં શુદ્ધિ આવી. એકવાર શ્રી મશરૂવાળા વ્યાકુળતાથી ઘેરાઈને આબુ ગયા, ત્યારે નાથજી પણ ત્યાં ગયા. પરલોક, પુનર્જન્મ, પરમધામ, ઈશ્વર, આત્મા, પરબ્રહ્મ, જીવ, શિવ, મોક્ષ વગેરેને લગતાં મશરૂવાળાના પ્રશ્નો અંગે નાથજીએ તેમની સાથે વાર્તાલાપો કર્યા. આ રીતે ૩-૪ દિવસ પસાર થયા પછી એક દિવસ સાંજે ચાર-પાંચ વાગ્યે બંને એક ટેકરી ઉપર આમને સામને પથ્થરના આસને બેઠા હતા. આજુબાજુના પ્રાકૃતિક વાતાવરણમાં નાથજીની વાણીનો અસ્ખલિત ધોધ વહેતો હતો અને મશરૂવાળાની વ્યાકુળતા શમતી ગઈ હતી પછી બંને નિસ્તબ્ધ અવસ્થામાં મૌન રહ્યા અને આ જ અવસ્થામાં ધર્મશાળામાં આવીને સુઈ ગયા. આવો વિલક્ષણ હતો શ્રીનાથજી અને શ્રી મશરૂવાળાનો સંબંધ!

ઈશ્વરનિષ્ઠા - ઈશ્વર વિષે નાથજીએ પોતાનો મત નિર્ભયતાપૂર્વક રજૂ કર્યો છે. માનવસમાજે સમયે સમયે ઈશ્વર વિષેની પોતાની નવી નવી કલ્પનાઓ રજૂ કરી છે. જ્ઞાન અને સદ્‌ગુણોની વૃદ્ધિ થઈ તેમ તેમ ઈશ્વર વિષેની કલ્પના સુધરતી આવી છે. વર્તમાનમાં ઈશ્વરનો કેવો ખ્યાલ જરૂરી છે તે અંગે તેઓ જણાવે છે કે જેને કારણે જગતમાં નીતિયુક્ત વહેવાર તૂટે અને ભ્રમ, દંભ, આળસને પ્રોત્સાહન મળે તેવી ઈશ્વર વિષેની કોઈપણ કલ્પના આપણે માન્ય ન કરવી જોઈએ. માનવતાને અનુરૂપ, સદ્‌ગુણોને પોષક, સંયમને સહાયક, ધર્મ તથા કર્તવ્યને પ્રેરક એવી ઈશ્વરની કલ્પના વર્તમાનમાં જરૂરી છે.

તત્ત્વજ્ઞાનનું સાધ્ય છે જીવનશુદ્ધિ અને જીવનસિદ્ધિ - તત્ત્વજ્ઞાનીઓએ સત્યજ્ઞાનની જિજ્ઞાસા અને તે માટે લીધેલો પરિશ્રમ કાબીલે દાદ છે. પણ દાર્શનિકે કેવળ શ્રદ્ધાથી કશુંક માની લેવાને બદલે અનુભવસિદ્ધ કરીને સત્યજ્ઞાન પ્રાપ્ત કરવાનું હોય છે. તત્ત્વજ્ઞાનમાં તાત્ત્વિક ચર્ચાઓનો અતિરેક પણ નુકસાનકારક છે. ખરેખર તો તત્ત્વજ્ઞાનનો સંબંધ જીવનશુદ્ધિ અને જીવનસિદ્ધિ સાથે છે. સિદ્ધાર્થ ગૌતમની જેમ દાર્શનિકે કોઈપણ જાતનો સંકોચ કે ભય રાખ્યા વગર પોતાના અનુભવો કરુણાદષ્ટિથી પ્રેરાઈને જગતને સ્પષ્ટપણે કહેવા જોઈએ. બિનજરૂરી લાંબી તાત્ત્વિક ચર્ચાઓના બદલે સારા વિચારોનું આચરણ અને સમાજમાં તેનું પ્રસ્થાપન વધારે ઉપયોગી નીવડે છે.

આવા વિચારક, જ્ઞાની સંત શ્રી કેદારનાથજીએ પોતાના જીવન દ્વારા સૌને માટે એક આદર્શ પૂરો પાડયો છે અને સમાજને વહેમ, અંધશ્રદ્ધા, ખોટી લાગણીના પૂરમાં તણાવાને બદલે પ્રામાણિકતા, નિષ્ઠા, વ્યવહાર-શુદ્ધિના માર્ગે લઈ જવાનો જે પ્રયત્ન અને પુરુષાર્થ કર્યો છે તે માટે તેઓને હંમેશા યાદ રાખવામાં આવશે.

❑❑❑

૨૨, શ્રી પાલ ફ્લેટસ્, દેરી રોડ, કૃષ્ણનગર,
ભાવનગર - ૩૬૪૦૦૧. સંપર્ક : ૯૮૨૪૮૯૪૬૬૯

# પ્રખર ચિંતક વાડીલાલ મોતીલાલ શાહ

**ડૉ. પાર્વતી નેણશી ખીરાણી**

વિચારોની પરંપરા અનાદિકાલીન છે. એ વિચારો ક્યારે ઊંડાણ પ્રાપ્ત કરીને ચિંતન-મનન રીતે ઊભરીને નિખરી ઉઠે એ ચિંતનકારની રજૂઆત પર નિર્ભર છે. કારણ કે કેટલાક ચિંતન આવકારદાયક હોય છે તો કેટલાક વિરોધનો જૂવાળ ઊભા કરનારા હોય છે. વિરોધાભાસવાળા ચિંતનો રજૂ કરવા એટલે ખાંડાની ધાર પર ચાલવા જેવું અઘરૂ છે. બહુ ઓછા જણ એને રજુ કરી શકે છે તો કેટલાક એને લેખનરૂપે પ્રસ્તુત કરી શકે છે. બધા એને પુસ્તકરૂપે પ્રગટ કરી શકે એવા સૌભાગ્યશાળી હોતા નથી. પરંતુ જેમણે પોતાના વિચારોનું ચિંતન મનન કરી. વિવિધ પત્રરૂપે, કથારૂપે, સુધારકરૂપે, તત્ત્વરૂપે રજૂ કરવાની હામ ભીડી હતી એ ફિલસૂફ પત્રકાર વાડીલાલ મોતીલાલ શાહ જે વા.મો. શાહના નામથી પ્રખ્યાત થયા હતા. એમના વિચાર વલોણને અહીં પ્રસ્તુત કરવાની તક ઝડપી લઉં છું.

વિચારનું વાતાવરણ ઊભુ કરનાર વા.મો. શાહ એક ઊર્મિશીલ, લાગણીશીલ હોવાની સાથે સમાજની અંદર પડેલી ખોખલી રીતિ-નીતિ પ્રત્યે પડકાર ફેંકનાર હતા. વિશેષ કરીને તો ધર્મ-પંથ મત કે

વાડામાં પ્રવેશેલી કુરીતિઓનો કોઈના પણ શેહશરમમાં આવ્યા વગર ધજાગરો ઊડાવ્યો હતો જેના કારણે હાંસિયામાં ધકેલાઈ જવું પડયું હતું. છતાં એમની નિર્ભીકતા નીડરતાને કારણે એમનું કાર્ય અટક્યું નહોતું એમણે એમની કલમ દ્વારા સમાજ-ધર્મ-રાજકારણ આદિ પ્રત્યેના રોષ-આક્રોશ વ્યક્ત કરવામાં પાછી પાની નહોતી કરી.

એમના સાહિત્યનું પ્રકાશન ખૂબ જ ચકચાર જગાડનારૂં હતું. એનાથી અનેક વાચકો પ્રભાવિત થયા હતા. જે વિવેચકો વા. મો શાહના સાહિત્યની ગણતરી નહોતા કરતા તેઓ પણ પ્રભાવિત થયા હતા. સ્વ. બ.ક. ઠાકોરે ત્યારના શ્રેષ્ઠ ગુજરાતી ગદ્યકારોમાં એમને છઠ્ઠા સ્થાને મૂક્યા હતા. જો કે એમનું ઘણું સાહિત્ય અપ્રકાશિત રહ્યું છે જે પ્રકાશિત થયું છે એ પણ એમના ક્રાંતિકારી મનોવ્યાપારને રજૂ કરે છે.

એમનું આ પૃથ્વી પર આગમન ૧૧-૭-૧૮૭૮ ના થયું અને ગમન ૨૧-૧૧-૧૯૩૧ના થયું એમના ૫૩ વર્ષના જીવન કાળમાં અંદાજે ૩૦ વર્ષ લેખનકાર્યમાં વ્યતિત થયા હતા જે પાછળ એમની સાહિત્યસૂચિ મળી છે તે વાંચતા ખ્યાલ આવશે.

પોતે સ્થાનકવાસી જૈન હતા એટલે જૈનદર્શનના પ્રશ્નો પર વિશેષ પ્રકાશ પાડયો છે છતાં એ માત્ર જૈનોના નહિ પણ જૈનેતરોના દિલમાં પણ વસેલા હતા.

વા.મો. શાહ યૌવનના ઊંબરે પગ મૂકી રહ્યા હતા. હજી તો કોલેજમાં અભ્યાસ કરતા હતા. ત્યારે સ્થાનકવાસી સંપ્રદાયના ગુરુવર્ય પ.પૂ. છગનલાલજી મ. સાહેબે સમાજ, સાહિત્ય અને ધર્મની અનોખી સેવા કરવાના મહામહામંત્રની ઉચ્ચ કક્ષાની પ્રેરણા આપી હતી જેના પરિણામે યુવાન વા. મો. શાહ ક્રાંતિકારી, ફિલ્સૂફ પત્રકાર તરીકે ઊભરી આવ્યા. જૈન હિતેચ્છુ, જૈનપ્રકાશ દ્વારા પોતાના વિચારોને વાચા આપી હતી.

વા.મો. શાહ કોઈ વિષય કે ઘટનાનું લખાણ વાંચતા એમની આગવી સુઝ બુઝ સાથે એમની એ વિષયને વ્યાપક ભાવથી સ્પર્શવાની તેમ જ સર્વોપયોગી બનાવવાની ખાસિયત દેખાઈ આવે છે. ત્યારના સમાજમાં પ્રવર્તતી ગેરસમજો, દૂષણો વગેરેને ડામવાની ઝુંબેશ ઉપાડી હતી જે સંકુચિત માનસ ધરાવતા લોકો પચાવી ન શક્યા એ એક અલગ વાત છે. એમનું ધ્યેય જીવનવિકાસના અવરોધક પરિબળોનો નિર્ભિડ બની દૂર કરવા અને અલ્પજ્ઞાની જનતા પર વર્ચસ્વ જમાવનાર સાધુસંસ્થાને ઉઘાડી પાડીને જનજાગૃતિ દ્વારા નવો પંથ ચિંધવતું હતું. જેને કારણે સાધુઓની ખોફગી વહોરી દુશ્મનો વધાર્યા હતા. જેના માટે એમણે પોતે જ લખ્યું છે કે વાડીલાલ તે વખતે ખોટો નહોતો પણ ઘણો વહેલો હતો. કાં તો વાડીલાલને લાયક સમાજ ન હતો અગર તો સમાજને લાયક વાડીલાલ નહોતો (જૈન હિતેચ્છુ ૧૯૬૧ પૃ. ૨૨૦)

પત્રકારત્વ ઉપરાંત એમણે તત્ત્વજ્ઞાનની વાર્તાઓ, તત્ત્વવિવેચનો આત્મકથા, કાવ્ય, તત્ત્વજ્ઞાન આદિ ઉપર પણ કલમ ચલાવી છે. એમની બહુ પ્રખ્યાત 'મસ્ત વિલાસ' નામની કૃતિમાં એમણે વાર્તાઓ દ્વારા આધ્યાત્મિક વિભાવના રજૂ કરી છે. જે એક વખત વાંચવાથી નહિ સમજાય માટે પોતે જ પ્રસ્તાવનામાં લખે છે 'બાળકો, યુવાનો, વૃદ્ધો સર્વનો માટે આ ખોરાક છે કોઈ વિરલને માટે પુષ્ટિની 'માત્રા' છે. એમાં ત્રણ અંતરંગ છે. વાચકે તેથી દરેક કથા ત્રણ ત્રણ વખત વાંચથી જોઈશે. પહેલી વખત બાળક માફક, બીજી વખત યુવાન માફક ત્રીજી વખત વૃદ્ધ માફક અને દરેક વાચન નવો અર્થ બતાવશે - નવા અનુભવમાં ખેંચી જશે. શૈલી જ એવી રખાઈ છે કે પ્રથમ વાચન બુદ્ધિને બારીક કરે. બીજું વાચન હૃદય-વિસ્તાર-ભાન વિસ્તાર કરે. ત્રીજું વાચન શક્તિ (will) ને પ્રદીપ્ત કરે અને એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય કે, આનંદ તો શક્તિમાં જ છુપાયેલો રહે છે. ટૂંકમાં આનંદ મેળવવો એ જ આશય છે.

'ચેતનવાદની શોધમા' - આ ગ્રંથની પૂર્વ ભૂમિકામાં પ્રસ્તાવનાની પૂર્વે શું કહેવા માંગે છે એનો નિર્દેશ કરવામાં આવ્યો છે કે જૈન દીક્ષાના પ્રશ્નનો દરેક મનુષ્ય જાતે જ ઉકેલ કરી શકે એવો પ્રકાશ ફેંકવાનો તથા જાહેર પ્રજાને તેમ જ જૈન કહેવાતાઓને જૈનધર્મ તથા સમાજની સ્થિતિનો ખ્યાલ અને જૈન તાલીમનું રહસ્ય બતાવવાનો અને તે દ્વારા સઘળી કોમોને પોતાનું ઘર તપાસવા અને સુધારવાની કલા શીખવવાનો એક પ્રયત્ન છે. ત્યારના બહુચર્ચિય જૈનદીક્ષાના લેખોને આધારે 'ચૈતન્યવાદની શોધમાં' પુસ્તક અસ્તિત્વમાં આવ્યું છે.

વ્યક્તિની તંદુરસ્તી, સમાજની તંદુરસ્તી, ધર્મશાસનની-પ્રજાશાસનની- ગૃહશાસનની તંદુરસ્તી કે નાની-મોટી સભા - સોસાયટીની તંદુરસ્તી વ્યક્તિના અંતઃકરણ (આંતરિક મશીનરી - મન, બુદ્ધિ ચિત્ત અહંકાર)ની તનદુરસ્તી કે વ્યક્તિના બાહ્યકરણ (જ્ઞાનેન્દ્રિયો-કર્મેન્દ્રિયો)ની તંદુરસ્તી બધે એક જ કાનૂન રાજ કરે છે 'સાદી સમજ' જે તંદુરસ્તીને જાળવે છે અને ગુમાવેલીને પાછી મેળવી આપે છે. 'સાદી સમજ' ગુમાવી બેસવાથી તંદુરસ્તી અદશ્ય થાય છે.

સાદી સમજ ગુમાવવા છતાં સાદી સમજનો ઈજારો પોતાની પાસે છે એવું માનનાર મનાવનાર માનસિક બિમારી -માનસની વિકૃતિ જ છે. સાદી સમજ અને પરિણામે તંદુરસ્તીને પાછી મેળવતાં અટકાવે છે.

ગ્રેજ્યુએટ અને ગામડીઓ, પોપ અને પાપી, મૂડીવાદી અને મજૂર સુધારક અને સ્થિતિચુસ્ત, રાજા અને પ્રજા, લેખક અને વાચક, કર્મયોગી અને જ્ઞાનયોગી સર્વ કાંઈક ભૂલે છે એ છે 'સાદી સમજ'નો અવાજ Universal Harmony નો અવાજ! મન-બુદ્ધિ-ચિત્ત અહંકારની એકતારતાનો અવાજ! સ્થૂલ અને સૂક્ષ્મ એકતારતાનો

અવાજ! વ્યક્તિ અને સમષ્ટિની એકતારતાનો અવાજ! હું કહી દઉં : ઈશ્વરનો અવાજ : ઐશ્વર્યમાંથી ઝરતો અવાજ?

એ એકતારતા (Harmony) જ 'આત્મા', એ જ ઈશ્વર એ જ મુક્તિ એ જ મનુષ્યનો જન્મસિદ્ધ હક!

અને એ જ મનુષ્યની -વ્યક્તિની તેમ જ સમાજની તંદુરસ્તી આની ગેરહાજરીનું નામ જ બીમારી, વિકૃતિ, સડો, ભ્રમતા, પાપ, પતન, નરક!'' આમ ચેતનવાદનો સાર બતાવ્યો છે. જો કે પુસ્તકમાં ચેતનવાદની શોધમાં નીકળેલો મિ શો નામનો મુસાફર જુદા જુદા ધર્મના અંતર્ગત તત્ત્વોનો સૂક્ષ્મ અભ્યાસ કરવા ઈચ્છે છે એને મિ. પાતક નામનો જૈન પત્રકારનો ભેટો થાય છે. એટલે જૈનધર્મના શાસ્ત્રોના સિદ્ધાંતોની ચર્ચામાં ઊંડો રસ ધરાવવાનું તે શરૂ કરે છે. એનું પરિણામ તે આ પુસ્તક.

આમાં સમાજશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને વિજ્ઞાન આદિ વિદ્યાઓને લગતી અદ્ભૂત સામગ્રી વ્યવસ્થિતરૂપે દલીલ પુરઃસર મૂકવામાં આવી છે. એ દ્વારા લેખક જે કહેવા માંગે છે તે નોંધપાત્ર છે કે - ''તત્ત્વજ્ઞાનમાં ધર્મની કુમાશ અને સાયન્સની નિષ્ઠુરતાનો સમાવેશ થાય છે'' તે ઉપરાંત જૈનધર્મની ઉત્પત્તિ, વિકાસ અને પતનની વાત સમજાવતા કહ્યું છે કે ''દિગમ્બર જૈનો જ્ઞાનને વધુ અગત્ય આપે છે જ્યારે શ્વેતામ્બર જૈનો ક્રિયાને વધુ અગત્ય આપે છે એટલે કે મૂર્તિપૂજક શ્વેતાંબર જૈનો સ્થુલ ક્રિયાને 'પૂજન','વરઘોડા', 'યાત્રા', 'ભોજન' ઈત્યાદી ધર્મની રીતે થતી ક્રિયાને વધુ અગત્યતા આપે છે. જ્યારે અમૂર્તિપૂજક શ્વેતાંબરો એટલે સ્થાનકવાસી જૈનૌ 'તપ', 'વ્રત'ને લગતી નિયમાવલી અને સૂક્ષ્મક્રિયા તરફ વધારે ધ્યાન આપે છે.''

આમ આ ગ્રંથમાં જૈન હિંદુ તથા બીજા ધર્મોના સિદ્ધાંતોની ચર્ચા કરવામાં આવી છે.

મસ્તવિલાસના પ્રથમ પ્રકરણ - તું પોતા પ્રત્યે વફાદાર થા માં મક્કમતા અને વિકાસનો રામબાણ ઈલાજ બતાવ્યો છે જેમ કે - ચેતવણીના સૂરમાં કહે છે કે ''કોઈથી અંજાઈ જવું નહિ. સલાહ આપનાર મોટો દેવ, મહાવિદ્વાન કે સર્વશાસ્ત્રોમાં પારંગત હોય એ એની કીર્તિ છે એ એને જ કામની છે એમાં ઈર્ષ્યા કે દ્વેષ નથી કરવાનો તો મોહ પણ ન થવા દેવો. એમના શબ્દ, વર્તન, ગુણ કે સિદ્ધાંત તમને સ્વીકારવા યોગ્ય છે કે નહિ તે પોતાની શક્તિ અનુસાર નક્કી કરવું.

''એ જ રીતે વડીલ, પંડિત, ધર્મગુરુ વગેરે તમને કહેશે કે અરે! તું અજ્ઞાની છે. ખોટે રસ્તે જાય છે. ખુવાર થશે, નરકમાં જશે! વગેરે પણ એ સાંભળીને ખેદ ન પામતા પોતાના પર અવિશ્વાસ ન કરતા. એ જ રીતે કહેનાર પર ગુસ્સો કે મોહ એકેય ન થવા દેતા.'' આમ હિતશિક્ષા આપી છે. ''વા.મો. શાહ'' જૈન નામને જીવનભર એટલે મૃત્યુ પર્યંત શા માટે વળગી રહ્યો? શું તે પંથમોહ નથી?'' એ બાબતની રસભરી છણાવટ કરતાં ૫૦ પૃષ્ઠનો વિસ્તારવાળો લેખ જેમાં તેમણે જૈનોની વિશિષ્ટ ભાવમાં અને મહર્ષિ અરવિંદ ઘોષની આર્યની ભાવના બંને સમાનાર્થક છે અને નિત્સેના 'સુપરમેન'ની ભાવના તેમાં સૂર પૂરાવે છે. એવું પુષ્કળ અવતરણોથી સમજાવ્યું છે. ડૉ સુધાબેન પંડયા લખે છે કે 'માસ લખાણ એ મારો તરજૂમો' કહેનાર વા.મો. શાહ જૈન શબ્દ માટે ઘણો મોટો પક્ષપાત હતો. જેને માથે જ્ઞાન ક્રિયાની બે માત્રા લાગે એ સામાન્ય જનમાંથી જૈન બને. સાચા જૈન કાયરતા, નિર્માલ્યતા, તુચ્છતા કે હલકા સ્વાર્થ અને હિચકારાપણ સામે હંમેશા યુદ્ધ વહોરી લે. જે સમયનો દ્રવ્યનો, શરીરબળનો, આબરૂનો, પ્રસિદ્ધિનો સારામાં સારો ઉપયોગ કરે; જે સત્યપ્રિય, દયાળુ અને ન્યાયી હોય; જે આત્મભોગ માટે હંમેશા તૈયાર રહે અને જે કોઈના પણ વિચારોથી દોરવાઈ ન જતાં દરેકના વિચારો, ટીકાઓ અને સલાહો ઉપર પોતાની સ્વતંત્રબુદ્ધિથી અભિપ્રાય બાંધી શકે તથા પોતે શું માનવું કરવું તેનો સ્વતંત્ર નિર્ણય લઈ શકે તે જૈન. એમના આ વિચાર જાણ્યા પછી ભાગ્યે જ કોઈ એમને સંપ્રદાયવાદી કહી શકે. જૈન શબ્દનો અર્થ જૈનધર્મના સિદ્ધાંતોનું અનુસરણ કરનાર એવો કર્યો નથી તો પુસ્તકના મથાળે જૈન શબ્દના ઉલ્લેખ કરવાનું કદી ટાળ્યું પણ નથી. સામાન્ય જન તો શું પણ ગુજરાતી સાહિત્યના સાક્ષરોએ પણ કદાચ એમના જૈન શબ્દના અત્યાગ્રહના કારણે જ અવગણ્યા હોય એમ બને. છતાં એ અવગણના સહન કરીને પણ 'જૈન' શબ્દને વળગી રહેવાની એમની પ્રબળ ઈચ્છા તો ખરી જ!

ખ્યાતનામ વિવેચક તપ્તસિંહજી પરમારે; વા. મો. શાહનો સંસારસુધારો'નું અવલોકન કરીને મૂલ્યાંકન કર્યુ છે કે - ''એ નિત્શે અને શોપનહોરના સમાન ધર્મી છે એમ આ લેખો વાંચતા લાગે છે. એમનાં ઘણાં વિધાનો મશરૂવાળા અને ગાંધીજીની યાદ આપે છે અને આ લખાણો એ બંનેના લેખની પહેલા થયા છે એ યાદ કરીએ છીએ ત્યારે આપણી તત્ત્વવિચારણામાં શ્રી વા.મો. શાહને ઐતિહાસિક ક્રમે જે સ્થાન આપવું જોઈએ તે આપણે આપ્યું નથી. એવો ખ્યાલ આ પુસ્તક વાંચતા આવ્યા જ કરે છે. આજ સુધી એ લખાણો જૈન પત્રોમાં દટાઈ રહેલાં એટલે જ કદાચ સાહિત્યના ઈતિહાસમાં એમને સ્થાન મળ્યું નહિ હોય. -અલબત્ત ગુજરાતી વિદ્વતાને તે કલંકરૂપ છે.''

(નવચેતન : ૧૯૬૧, જૂન : પૃ. ૩૫૩)

એ કલંક દૂર કરવારૂપે 'વા.મો. શાહ જન્મશતાબ્દી ગ્રંથ' પ્રગટ થયો જેના સંપાદક ત્રિભુવન વીરજીભાઈ હેમાણી હતા. જોકે એ પ્રગટ કરવાની પ્રેરણા ૧૯૫૯ના પંડિતવર્ય મુનિશ્રી નાનચંદ્રજી મ.સા. પાસેથી મળી હતી. એમના મતે એ સમાજસેવકે જૈનસમાજના ઉત્થાન માટે, ધર્મપ્રચાર તેમ જ જૈનસેવા માટે વિચારોના ગંજના ગંજ ઠાલવી દીધા હતા. પરંતુ સમાજસેવાનું એ વિચારક -પત્રકારનું

કાર્ય સમાજે જોઈએ તેવો અને તેટલો સાથ ન આપવાને પરિણામે અધૂરું રહ્યું હતું. તેથી તેમના પ્રગટ અપ્રગટ સાહિત્યને મેળવી તેને ફરીથી સંશોધન સ્વરૂપે કરવું અને એ સાહિત્યના વાંચનથી એક પ્રકારની પ્રેરણા મેળવીને એક વિચાર વાતાવરણ ઊભું કરવું અને એની જવાબદારી ત્રિભુવનભાઈને સોંપવામાં આવી.

ત્રિભુવનભાઈએ એના સંકલન અને સંશોધનની કામગીરી સંભાળી. એમણે વા.મો. શાહના ઉપલબ્ધ સાહિત્યમાંથી વા.મો. શાહનો જીવનસંદેશ-તત્ત્વકથાઓ - ધર્મસંદેશ - સંસાર સુધારો - રાજકરણ એમ પાંચ પુસ્તકો પ્રગટ કર્યા. જેનો સારો એવો પ્રભાવ વાચકવર્ગ પર પડયો.

દરમિયાન પૂ. નાનચંદ્રજી મ.સા. કાળધર્મને વર્યા પછી એ પ્રવૃત્તિ પર પૂર્ણવિરામ મૂકાયું પરંતુ ત્યારબાદ એમના આર્યનારીધર્મ, 'સંસારમાં સુખ કયાં છે', તત્ત્વજ્ઞાનમયી નવલકથા 'એકડે એક' અનોખી વિચારધારા ધરાવનારૂં 'મહાવીર Superman'; ઈશ્વરનું બીજું નામ વગેરે પુસ્તકોનું પ્રકાશન થયું અને અધુરું રહી ગયેલું કાર્ય ફરીથી શરૂ થયું અને એમના જન્મશતાબ્દિ વર્ષના સમાપ્તિ સમયે વા.મો. શાહ જન્મશતાબ્દિ ગ્રંથ પ્રગટ થયો.

જો કે એ દરમિયાન વડોદરા નિવાસી સુધાબેન નિરંજન પંડયાએ વા.મો. શાહના જીવન અને સાહિત્ય પર મહાનિબંધ લખીને Ph.D. ની ડિગ્રી મેળવી એ રીતે વા.મો.શાહના જન્મશતાબ્દિની સાચી-ઉજવણી તો સુધાબેન તથા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીએ કરી ગણાય.

ઘણા ઓછા લોકો જાણતા હશે કે એમણે 'કૈવલ્ય તખલ્લુસ 'વિજયગીત' નામના કાવ્યના રચયિતા તરીકે વાપર્યું હતું. આ કાવ્યમાં એમનું ચિંતન વ્યક્ત થયું છે. જે નીચે મુજબ છે. -

### વિજયગીત

હૃદય કહે તે કરવું, હો સજ્જન!
હૃદય કહે તે કરવું;
વિચારીને જ વિચરવું, હો સજ્જન!
ભય ત્યાગીને ફરવું......(ટેક)
આ કે પેલા સૂણ્યા સિદ્ધાંતો
માટે ન બાઝી મરવું;
શાસ્ત્ર, અનુભવ અને તર્કને
સમય મુજબ અનુસરવું....હો સજ્જન
'વિજયેચ્છા' જ્યાં ત્યાં શું 'શંકા'?
લોકટીકાથી ન ડરવું;
વિઘ્ન હજારો આવી નડે પણ —
પાછું ન પગલું ભરવું .....હો સજ્જન!
હાથે ધરેલાં કાર્યો પૂરાં—
કરતાં કરતાં મરવું;
કાંઈ કદાપિ બાકી રહે તો
મરતાં મરતાં કરવું ......હો સજ્જન!
અત્ર વિજય છે, તત્ર વિજય છે,
વિજયમાં જ અવતરવું;
હાર્યા ઢોરના જીવન કરતાં
ભલું વિજયમાં મરવું......હો સજ્જન!
વિજય 'ધર્મ' છે, વિજય 'દેવ' છે.
વિજય જ 'જીવનહેતુ'!
વિજયાદશમી દશે દિશામાં
બાંધો વિજય-સેતુ......હો સજ્જન!

— **'કૈવલ્ય'**

એમના તખ્ખલ્લુસોના સંદર્ભમાં ત્રિભુવન ભાઈ લખે છે કે,

પત્રકાર વા.મો. શાહે તેમના લેખકજીવન દરમ્યાન એકલે હાથે જ 'જૈનહિતેચ્છુ'ના પહેલા પૃષ્ઠથી છેક છેલ્લા પૃષ્ઠ સુધીનું સઘળું લખાણ મોટે ભાગે પોતે જ લખવાનો આગ્રહ રાખેલો હોવાને કારણે પોતાને માટે કેટલાય અવનવાં તખલ્લુસો યોજવા પડયાં હતાં આ રહ્યા તે 'અર્હન્નક', 'આશક, ઉમેદવાર જૈન એનાર્કિસ્ટ, 'કહાણીપતિ', 'જિજ્ઞાસુ','જુના વિચારનો સુધારક' 'ઝોળીવાળો' 'નંદકુમાર','પેશન્સ' (patience) 'બિમાર અભ્યાસી', 'ભમતો ભૂત' 'ભારતવાસી', 'ભેદુ', 'યુવક','યોગનો વિદ્યાર્થી', 'રાહુથી ઘેરાયેલો સૂર્ય', 'લફ્જે દર્દ','વનિતાનો વકીલ', 'વિહારીદાસ સ્વયંભૂ પંડિત','વિદ્યાનંદ''વીરતનય', 'વૈશમ્પાયન', 'શાહ', 'શો(show),'શોધક','સફરીતાલ', 'સમયધર્મ', 'સવીર્યધ્યાન', 'સુહૃદ', સ્થાનક સ્ટેકપેટર ઈત્યાદી. એમને એમના 'જૈન હિતેચ્છુ'ના અંકોને એકલે હાથે તૈયાર કરવાની એટલી બધી લગની તેમ જ ધૂન લાગી હતી કે વિષયવિવિધતા તેમ જ લેખક વિવિધતા દર્શાવવા માટે તેમણે અનેક તખલ્લુસોને યોજી બતાવવાની કળાનો ઉપયોગ કર્યો હતો. ગુજરાતી સાહિત્યક્ષેત્રે અન્ય કોઈ એક લેખકે પોતાના માટે તખ્ખલુસોની આટલી હદ સુધીની ભરમાર ભાગ્યે જ યોજી બતાવી હશે. એમના ગુજરાતીમાં ૪૫ હિંદીમાં ૧૪ મરાઠી અને અંગ્રેજીમાં એક-એક પુસ્તકો પ્રગટ થયા છે. આવી તો અનેક ખૂબીઓ એમનામાં ભરેલી હતી પરંતુ વિસ્તારભયથી અહીં જ અટકું છું.


| **સંદર્ભ સૂચિ** | **લેખક** |
|---|---|
| (૧) ચેતનવાદની શોધમાં | - વાડીલાલ મોતીલાલ શાહ |
| (૨) વા.મો. શાહ કૃત મસ્તવિલાસ | - સંપાદક સુધા પંડ્યા |
| (૩) વા.મો. શાહ જન્મશતાબ્દિ ગ્રંથ | - ત્રિભુવન વીરજીભાઈ હેમાણી |


❑❑❑


સંપર્ક : ૯૮૨૧૦૫૦૫૨૭

# પ્રભુપાદસ્વામી અને કૃષ્ણભાવના

ડૉ. રશ્મિબેન ભેદા

**શ્રી**મદ્ ભક્તિવેદાંત પ્રભુપાદસ્વામીનો જન્મ ઈ. સ. ૧૮૯૬ના કોલકાતામાં થયો. તેઓ પોતાના આધ્યાત્મિક ગુરુ શ્રીલ ભક્તિસિદ્ધાંત સરસ્વતી ગોસ્વામીને પ્રથમ વાર ૧૯૨૨માં કોલકાતામાં મળ્યા. ભક્તિસિદ્ધાંત સરસ્વતી ચોસઠ ગૌડીય મઠો (વૈદિક સંસ્થાઓ)નો પાયો નાખનાર વિદ્વાન મહાપુરુષ હતા. તેમણે પ્રભુપાદસ્વામીને અંગ્રેજી ભાષામાં વૈદિક જ્ઞાનના પ્રચાર માટે પ્રેરણા કરી. શ્રીલ પ્રભુપાદ એમના અનુયાયી બન્યા અને સન ૧૯૩૩માં અલાહાબાદમાં તેમના શિષ્ય તરીકે ઔપચારિક દીક્ષા ગ્રહણ કરી. તેમણે ભગવદ્ગીતા પર ભાષ્ય લખ્યું. ગૌડીય મઠને તેના કાર્યમાં સહાય કરી અને ઈ.સ. ૧૯૪૪માં એક અંગ્રેજી પાક્ષિક શરૂ કર્યું. તેઓ તેનું સંપાદન કરતા, હસ્તપ્રતો ટાઈપ કરતા અને પ્રૂફરીડિંગ પણ કરતા. અત્યારે એ ત્રીસથી વધુ ભાષાઓમાં પ્રકાશિત થઈ રહ્યું છે.

શ્રીલ પ્રભુપાદના તત્ત્વજ્ઞાનની વિદ્વતા અને ભક્તિની કદર કરીને ગૌડીય વૈષ્ણવ સમાજે ૧૯૪૭માં એમને 'ભક્તિવેદાંત' પદવી આપીને બહુમાન કર્યું. ૧૯૫૦ પછી વધારે સમય અધ્યયન અને લેખનકાર્ય માટે આપવા વાનપ્રસ્થાશ્રમ સ્વીકાર્યો. મધ્યકાલીન ઐતિહાસિક રાધા-દામોદર મંદિરમાં રહે કેટલાંય વર્ષો સુધી અધ્યયન અને લેખનકાર્ય કર્યું. ઈ.સ. ૧૯૫૯માં સંન્યાસ લીધો. અહીં શ્રીલ પ્રભુપાદે પોતાના જીવનની સર્વોત્તમ કૃતિ શ્રીમદ્ ભાગવતમ્ (ભાગવત પુરાણ)ના અઢાર હજાર શ્લોકોનું અનેક ગ્રંથોમાં ભાષાંતર અને વિસ્તૃત ભાષ્ય રચવાનું ભગીરથ કાર્ય શરૂ કર્યું. ઈ.સ. ૧૯૬૫માં તેઓ અમેરિકા ગયા. જુલાઈ, ૧૯૬૬માં એમણે ISCON (ઈન્ટરનૅશનલ સોસાયટી ફૉર કૃષ્ણ કૉન્શિયસનેસ)ની સ્થાપના કરી. ઈ.સ. ૧૯૬૮માં એમણે અમેરિકામાં ISCONની પ્રથમ ફાર્મ વસાહત શરૂ કરી જેમાં ગોરક્ષા, ખેતી પર નિર્ભર સાદું જીવન, કૃષ્ણની પ્રકૃતિ એ મુદ્દાઓ પર ખાસ ભાર મૂકવામાં આવતો તેમના અનુયાયીઓએ ત્યાર પછી અમેરિકા અને અન્ય દેશોમાં તેવી જ વસાહતો સ્થાપી છે. ઈ.સ. ૧૯૭૨માં શ્રીલ પ્રભુપાદે ડલાસ-ટેક્સાસમાં ગુરુકુળની સ્થાપના કરી. પશ્ચિમમાં પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ વૈદિક પદ્ધતિનું શિક્ષણ શરૂ કર્યું. ઈ.સ. ૧૯૯૦ સુધી દુનિયાભરમાં ૧૫ ગુરુકુળો સ્થાપવામાં આવ્યા છે, જેનું મુખ્ય કેંદ્ર વૃંદાવનમાં આવેલું છે.

શ્રીલ પ્રભુપાદનો સૌથી મહત્ત્વપૂર્ણ ફાળો તેમનાં પુસ્તકો છે. વિશ્વની ઘણી મુખ્ય યુનિવર્સિટીઓના અભ્યાસક્રમમાં તેમના ગ્રંથોનો ઉપયોગ આધારભૂત પુસ્તકો તરીકે કરાય છે. તેમનાં લખાણોનું ૫૦ થી વધારે ભાષાઓમાં ભાષાંતર થયું છે. તેમનાં લખેલ પુસ્તકો પ્રસિદ્ધ કરતું 'ભક્તિવેદાં બુક ટ્રસ્ટ' સૌથી વધારે વેદાંત પુસ્તકોનું પ્રકાશન કરનાર સંસ્થા છે.

સ્વામી પૂજ્યપાદ શ્રીકૃષ્ણના શ્રેષ્ઠતમ ભક્ત હતા. એમણે દુનિયાભરમાં કૃષ્ણભાવનાના પ્રચાર દ્વારા આધ્યાત્મિક ક્રાંતિ સર્જી. બાર વર્ષના ગાળામાં તેમણે વિશ્વનાં તમામ મુખ્ય શહેરોમાં એકસો વીસ જેટલાં શ્રીકૃષ્ણના મંદિરો (ISCON) ની સ્થાપના કરી. આ કૃષ્ણભાવનામૃતનો પ્રચાર એમણે ભગવદ્ગીતાની સત્તાના આધારે જ કરેલો છે. કૃષ્ણમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને અન્ય બધા જ સમાયેલા છે. જે મનુષ્ય પોતાના મનમાં હંમેશાં કૃષ્ણનું ચિંતન કરે છે તે પ્રથમ કક્ષાનો યોગી છે. ભગવાન કૃષ્ણે ભગવદ્ગીતાની શરૂઆતમાં આ જ વાત અર્જુનને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે તે પોતે શરીર ન હતો. ''સૌપ્રથમ એમ સમજવાનો પ્રયત્ન કર કે તું કોણ છે? તું આ દેહ છે કે નહીં? તું જીવનમાં દૈહિક ખયાલમાં શા માટે દુઃખી થાય છે?' આ ઉપદેશ માત્ર અર્જુનને સમજાવવા માટે જ નહીં, પણ બધાના માટે જ હતો. સૌપ્રથમ આપણે એ શીખવું જોઈએ કે, ''હું દેહ નથી'' તેમ જ ''હું આત્મા છું'' આ વૈદિક ઉપદેશ છે. ''તમે આ દેહ નથી'' એવી દૃઢ સમજણના સ્તરે જ્યારે તમે આવો ત્યારે તે આત્મ-સાક્ષાત્કારનો બ્રહ્મભૂત સ્તર કહેવાય તે જ સાચું જ્ઞાન છે. આહાર, નિદ્રા અને મૈથુનના જ્ઞાનમાં પ્રગતિ કરવી એ પશુઓનું જ્ઞાન છે. વૈદિક સંસ્કૃતિ મુજબ બ્રાહ્મણ એ એવો વિદ્વાન મનુષ્ય હોય છે કે જે આત્માનું જ્ઞાન ધરાવતો હોય છે.

યોગનો અર્થ છે, આત્મા અને પરમાત્મા અથવા સર્વોપરીને અને સૂક્ષ્મ જીવાત્માને જોડતી કડી. ભગવાન શ્રીકૃષ્ણ એ જ એ સર્વોપરી પરમેશ્વર છે. આમ કૃષ્ણ યોગના અંતિમ લક્ષ્ય હોવાથી તેમનું નામ યોગેશ્વર છે, જેનો અર્થ છે, 'યોગીઓના સ્વામી'. યોગનો અર્થ છે એક પદ્ધતિ અને યોગીનો અર્થ છે એક વ્યક્તિ જે એ પદ્ધતિને અનુસરે છે. યોગનું ધ્યેય, અંતિમ લક્ષ્ય કૃષ્ણને સમજવા તે છે. તેથી કૃષ્ણભાવનાનો અર્થ છે, સર્વોત્કૃષ્ટ યોગપદ્ધતિ અપનાવવી. આ સર્વોપરી યોગપદ્ધતિ કૃષ્ણ દ્વારા ગીતામાં તેમના સૌથી અંગત મિત્ર અર્જુન સમક્ષ સમજાવવામાં આવી હતી.

પ્રભુપાદસ્વામી કહે છે, કૃષ્ણ વિશેનું જ્ઞાન ભગવદ્ગીતા અને વેદો જેવાં પ્રમાણભૂત શાસ્ત્રોના આધારે આપીએ છીએ. વેદનો અર્થ છે જ્ઞાન અને વેદાંતનો અર્થ છે જ્ઞાનનો અંતિમ સાર. જ્ઞાનનો અંતિમ સાર શું છે? તે કૃષ્ણ છે સર્વ વેદોને જાણ્યા પછી, તેના અંતિમ સારરૂપ કૃષ્ણ હોવા જોઈએ. અનેક જન્મો સુધી જ્ઞાનનો વિકાસ સાધ્યા પછી મનુષ્ય આ નિષ્કર્ષ પર આવે છે. ત્યારે તે કૃષ્ણનું શરણ ગ્રહણ કરે છે. તે જાણે છે કે વાસુદેવ અર્થાત્ કૃષ્ણ એ જ સર્વસ્વ છે. આપણે જે કાંઈ જોઈએ છીએ એ કેવળ વાસુદેવની

શક્તિનું પ્રગટીકરણ છે.

કૃષ્ણભાવના એ પણ યોગ છે. એ પરિપૂર્ણ યોગ, સર્વ યૌગિક પદ્ધતિઓમાં સર્વોચ્ચ યોગ છે અને તે અત્યંત સરળ પણ છે. કૃષ્ણભાવનામાં તમે થાકનો અનુભવ કરતા નથી. જો તમે ખરેખર શાંતિ પામવા, સુખી થવા ઈચ્છતા હો તો કૃષ્ણભાવનાનો વિકાસ કરો. આની શરૂઆત કૃષ્ણ પ્રત્યે અનુરાગનો વિકાસ કરવાથી થાય છે.

ભગવદ્ગીતામાં વર્ણવેલી યોગપદ્ધતિ આજકાલ ચાલી રહેલ (ખોટી) યોગપદ્ધતિઓથી જુદી છે. યોગ અઘરો છે. સૌથી પ્રથમ યોગમાં વાત આવે છે ઈન્દ્રિયોને નિયંત્રિત કરવાની. શ્રીમદ્ ભાગવતમાં યોગનો અર્થ છે પરમાત્મા વિષ્ણુ પર ધ્યાન એકાગ્ર કરવું. તેઓ તમારા હૃદયમાં રહેલ છે. તમારું ધ્યાન કેન્દ્રિત કરવા માટે તમારે ઈન્દ્રિયો પર કાબૂ મેળવવો જરૂરી છે.

આ જગતમાં આપણી સ્થિતિ, આપણાં દુઃખો આપણા દેહના કારણે છે. આ દેહ જ સર્વ આપત્તિઓનુ મૂળ છે અને જીવનનો અંતિમ હેતુ એ છે કે આ ભૌતિક દેહમાંથી છુટકારો મેળવવો અને આધ્યાત્મિક દેહમાં સ્થિત થવું. આધ્યાત્મિક રીતે આત્મા મુક્ત છે અને ભૌતિક વાતાવરણના લીધે બદ્ધ બન્યો છે. આપણો દેહ પણ આ ભૌતિક પદાર્થનો બન્યો છે. ભગવદ્ગીતા કહે છે કે જેવી રીતે આપણાં વસ્ત્રો બદલાઈ જાય છે તેવી જ રીતે આપણું શરીર પણ બદલાઈ જાય છે. યોગનો અર્થ છે, આ ભૌતિક દેહની બદ્ધાવસ્થામાંથી મુક્ત થવાની પ્રક્રિયા. આ ભૌતિક દેહના બંધનમાંથી બહાર નીકળવું એનો અર્થ છે, પોતાની જાતને જાણવી. હું શુદ્ધ આત્મા છું. જેનો આરંભ નથી અને તેનો અંત નથી. તેનું અસ્તિત્વ સનાતન છે, માત્ર શરીર બદલાયા કરે છે, પણ ભગવદ્ગીતામાં કહ્યું છે, આત્મા ભગવાનનો અંશ છે. ભગવાન, પરમવ્યક્તિ, પરમેશ્વર સનાતન છે, આનંદથી ભરપૂર છે અને આપણે બધા પરમેશ્વરના અંશો હોવાથી આપણે પણ આંશિક રીતે આનંદમય અને સનાતન છીએ તેમ જ આપણે આપણા સૂક્ષ્મ પરિણામની માત્રા અનુસાર જ્ઞાનથી ભરપૂર છીએ. ભગવાન અર્થાત્ કૃષ્ણ છે અને આપણે સહુ કૃષ્ણના અંશ છીએ, પરંતુ આ ભૌતિક વાતાવરણમાં ફસાઈ ગયા છીએ. આપણી પાસે આ મનુષ્યજીવન મળેલું છે તો કૃષ્ણભાવનાનો વિકાસ કરીને ભૌતિક શરીરના બંધનમાંથી બહાર નીકળી શકાશે. કૃષ્ણભાવનામાં પૂર્ણતા સાધો, તેની પાછળ રહેલા તત્ત્વજ્ઞાનને સમજવાનો પ્રયત્ન કરો. આ પ્રક્રિયા આધ્યાત્મિક છે; તેના માટે કોઈ દુન્યવી લાયકાતની જરૂર નથી, જ્યારે મનુષ્ય સર્વ વાસનાઓથી મુક્ત બને છે, ત્યારે યોગપદ્ધતિમાં એ સર્વોચ્ચ પૂર્ણતા પ્રાપ્ત કરે છે, જે છે કૃષ્ણભાવના. કૃષ્ણમાં જ નિમગ્ન રહેવું એ જ પૂર્ણતાનો સ્તર છે. પ્રભુપાદ સ્વામી ભગવદ્ગીતામાં વર્ણવેલા સર્વ યોગોનું અંતિમ તારણ આપતા શ્લોક ૬.૪૭ ટાંકીને કહે છે, ''સર્વ યોગીઓમાંથી જે યોગી અત્યંત શ્રદ્ધાપૂર્વક પોતાના અંતઃકરણમાં મારું જ (કૃષ્ણનું) ચિંતન કરે છે અને મારી દિવ્ય પ્રેમમય સેવા કરે છે, તે યોગમાં મારી સાથે અત્યંત ગાઢ રીતે સંકળાયેલો છે અને તે બધામાં સર્વોચ્ચ છે.'' આ પરથી એમ ફલિત થાય છે કે, સર્વ પ્રકારની યોગપદ્ધતિઓ અંતે ભક્તિયોગમાં પરિણમે છે. અર્થાત્ ભગવાન કૃષ્ણની ભક્તિમય સેવા કરવી. કર્મયોગની શરૂઆતથી માંડીને ભક્તિયોગના અંત સુધીનો માર્ગ એ વિસ્તારથી આત્મસાક્ષાત્કાર માટેનો લાંબો માર્ગ છે. નિષ્કામભાવે કરવામાં આવતો કર્મયોગ એ આ માર્ગની શરૂઆત છે. જ્યારે કર્મયોગના લીધે જ્ઞાન અને ત્યાગમાં વૃદ્ધિ થાય છે ત્યારે તે વખતની ભૂમિકા જ્ઞાનયોગ તરીકે ઓળખાય છે. જ્ઞાનયોગમાં વૃદ્ધિ થતાં મન પરમાત્મા પર કેન્દ્રિત થાય છે ત્યારે તેને અષ્ટાંગ યોગ કહે છે. અષ્ટાંગ યોગને પાર કરીને પૂર્ણ પુરુષોત્તમ ભગવાન કૃષ્ણની પૂજા કરવા લાગે છે ત્યારે યોગની પૂર્ણતા અથવા ભક્તિયોગ કહેવાય છે. ભક્તિયોગ જ અંતિમ ધ્યેય છે.

કૃષ્ણભાવના એ યૌગિક શૃંખલાની છેલ્લી કડી છે, જે આપણને પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ સાથે જોડે છે, જે લોકોને યોગની પૂર્ણતા પ્રાપ્ત કરાવે છે. તેમણે કૃષ્ણભાવનામાં અર્થાત્ ભક્તિયોગમાં જોડાઈને વિકાસ કરવો જોઈએ તો જ એ બીજી સર્વ પદ્ધતિઓને આંબીને યોગનું અંતિમ ધ્યેય એટલે કે કૃષ્ણપ્રેમ હાંસલ કરી શકશે.


| **સંદર્ભ** | **લેખક** |
|---|---|
| ૧. કૃષ્ણભાવનામૃત સર્વોત્તમ યોગપદ્ધતિ | - એ.સી. ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ |
| ૨. યોગની પૂર્ણતા | '' |
| ૩. આધ્યાત્મિક યોગ | '' |


❑❑❑


૬૦૨ રીવર હેવન, ઈકોલ મોન્ડીયલ સ્કૂલ,
ગુલમહોર ક્રોસ રોડ નં.૬, જુહુ સ્કીમ, વિલેપારલે (વેસ્ટ),
મુંબઈ - ૪૯. સંપર્ક : ૯૮૬૭૧ ૮૬૪૪૦


"The intellect needs to be humbled for the body to become the temple of God."

- BKS IYENGAR

# કવિવર્ય નાનચંદ્રજીની સર્જનસૃષ્ટિની ચિંતનધારા

ડૉ રતનબેન ખીમજી છાડવા

અગરબત્તી પોતે બળી બીજાને સુગંધ આપે છે, મીણબત્તી પોતે બળી બીજાને પ્રકાશ આપે છે. શેરડી પોતે પીલાઈ બીજાને મીઠો મધુર રસ આપી તૃપ્ત કરે છે. આ તો થઈ લૌકિક પદાર્થોની વાત પરંતુ આવા લૌકિક જગતમાં જીવી અલૌકિક બનનાર વિભૂતિઓ પરમાર્થની ખેવના કરતાં કરતાં જગતના પરમ કલ્યાણ માટે શુભ ચિંતક બને છે.

સૌરાષ્ટ્રના એક નાનકડા ગામમાં જન્મ લઈ પોતાના જીવન અને વિચારોના આંદોલનો ફેલાવી વિશ્વને વાત્સલ્યના પાઠ શીખવનાર મહાન વિભૂતિ એટલે પૂજ્ય શ્રી કવિવર્ય નાનચંદ્રજી મહારાજ. તેમનો જન્મ ઝાલાવાડ પ્રાંતમાં આવેલ સાયલા ગામમાં સંવત ૧૯૩૩નો રોજ થયો હતો. નાનપણમાં માતા-પિતાની છત્ર છાયા ગુમાવી દેતા નાનકડા નાગરને માતાતુલ્ય ભાભીએ મોટો કર્યો. સમયના વહેણમાં મોટાભાઈનું અકાળે નિધન થતાં ઘરની જવાબદારી નાગરના માથે આવી. ત્યાં તો તેમના વિવાહ સંબંધી વાતો ચાલુ થઈ પરંતુ સગાઈમાં કપટ થયું છે એવું જાણતાં સંસાર પ્રત્યે નાગરને વૈરાગ્યભાવ જાગ્યો. પૂર્વના ઋણાનુબંધે ગુરુ દેવચંદ્રજી સાથે તેમનો પરિચય થયો. ગુરુવાણી સાંભળતા જ એમનામાં વૈરાગ્યભાવ વધુ પ્રબળ બન્યો. આખરે કુટુંબીજનોની સંમતિ મેળવી સ. ૧૯૫૭માં ગુરુદેવ પાસે દીક્ષા લઈ નાગરમાંથી મુનિ જ્ઞાનચંદ્રજી બની મહામુનિ બનવાની દિશામાં પ્રયાણ કર્યું. ગુરુ સાથે રહીને અભ્યાસ અને સ્વયં પુરુષાર્થ દ્વારા જ્ઞાનોપાસના કરી.

તેઓશ્રી ગાંધીયુગના અહિંસક ક્રાંતિકારી યુગદૃષ્ટા બન્યા એટલું જ નહિ મધુરકંઠી એવા નાનચંદ્રજી મુનિમાં કુશાગ્રબુદ્ધિ અને વૈચારિક પરિપક્વતા હોતા તેઓશ્રી માનવમાત્રના પથદર્શક શુભચિંતક રહ્યાં. જે તેમના સાહિત્ય સર્જન દ્વારા સમજાય છે.

**પૂજ્ય કવિવર્ય શ્રી નાનચંદ્રજી મહારાજનું સાહિત્ય સર્જન :**

'કવિ જન્મે છે, થતાં નથી' એ કવિ વ્યાખ્યા ગણીએ કે વેદોની ઋચાઓમાં કવિમુનીષી પરિભૂ: સ્વયંભૂ:' એ આર્ષદષ્ટારૂપ કવિનું સ્વરૂપ જોઈએ, એ બંને વાતો પૂજ્ય ગુરુદેવ નાનચંદ્રજીના સાહિત્ય સર્જનમાં મળે છે. એમના મુખ્ય પુસ્તકો પ્રાર્થના મંદિર, પ્રાર્થનાપદ, ભજનપદ પુષ્પિકા, સુબોધ સંગીતમાળા, આધ્યાત્મિક ભજનપદ પુષ્પમાળા વગેરે છે. તેઓએ લગભગ ૪૦૦ ઉપર પદ પુષ્પોની રચના કરેલ છે. જેમાં પ્રાર્થના, સ્તુતિ, ગઝલ, ભજન વગેરે વિવિધ પ્રકારે સાહિત્ય સર્જન કરી પોતાના આત્મિક ભાવોની અભિવ્યક્તિ કરેલ છે. એટલું જ નહિ સામાજિક અને આધ્યાત્મિક વિચારધારાને પણ તેમની રચનાઓમાં સ્થાન આપ્યું છે.

પૂજ્ય મુનિશ્રીના 'ભજનપદ પુષ્પિકાના' પદોમાં ભરપૂર આધ્યાત્મક રસ ભર્યો હોવા છતાં એ પદોમાં જ્ઞાનની શુષ્કતા જરાપણ દેખાતી નથી. જન સમાજના ધર્મસંસ્કાર, જ્ઞાન સંસ્કાર ઝીલી શકે એવાં એ સરળ, હળવા અને રસાળ છે. એવી જ રીતે એ પદોનું સાફલ્ય એના વિવિધ રાગોને આભારી છે અને રાગોનું સાફલ્ય મુનિશ્રીના પૂર્વ સંસ્કારના સંગીત પ્રેમને આભારી છે. કેટલાંક રાગ તો પચાસ વર્ષ પૂર્વના નાટકમાંથી લીધેલ હોવા છતાં એમાં રસની ઉચ્ચતા જળવાઈ રહી છે. આ ઉપરાંત એમણે શાસ્ત્રીય રાગોમાં પણ ઘણા પદો રચ્યાં છે. એમની પદ રચનાઓમાં એક કવિ-ગાયકનું કૌશલ્ય ઉપરાંત ભક્તિની નિર્મળતા ભળી હોવાથી ઉત્તમ કક્ષાનું સાહિત્ય સર્જન થયું છે. તેમણે કેટલાંક જૂનાં ભજનોના લોક ઢાળો લઈને પદો રચ્યાં છે. એટલે જ જ્યારે આ ભજન પુષ્પિકાને પહેલેથી છેલ્લે સુધી વાંચીએ ત્યારે એવું નથી લાગેતું કે આ કોઈ જૈન મુનિની રચના છે. કારણ કે આ પદોની ભાવના સાંપ્રદાયિકતાના સીમાડા ભેદી સર્વધર્મ - સમભાવ સુધી પહોંચી છે.

તેમની રચનાઓમાં વૈવિધ્યપૂર્ણ પ્રાર્થનાઓનો સમાવેશ પણ થયેલ છે. તેમાં કેટલીક પ્રાર્થનાઓ ગઝલના રાગમાં સર્જી છે. આ ગઝલોમાં આજે પણ ભવ્ય આત્માઓને માનવ જીવન કૃતાર્થ કરવા માટે સચોટ જીવનશૈલી અને સમ્યક્દૃષ્ટિનો પરિચય મળે છે. વિશેષમાં તો એમની ગઝલોનું આસ્વાદન કરવાથી જીવનનું સત્ય પામી શકાય છે કે ચોર્યાસી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરતાં આત્માને માત્ર મનુષ્યભવમાં જ પ્રભુ ભક્તિ અને પ્રભુને પામવાની સુવિધાઓ રૂપે દેવ, ગુરુ અને ધર્મ પ્રાપ્ત થાય છે. તેથી જ તેમની રચનાઓમાં માનવજન્મની સાર્થકતા, અહિંસા, પ્રેમ, સમાજધર્મ, રાષ્ટ્રધર્મ, યુગધર્મ, નીતિમત્તા, માનવતા વગેરે વિચારો કેન્દ્ર સ્થાને રહેલાં છે. તેમણે આ ભૌતિક જગતમાં જ દિવ્યતા પ્રગટાવવાનો સંદેશ ભજન, પદો, પ્રાર્થના દ્વારા આપ્યો છે. આત્મલક્ષી માનવતાનું એટલે કે સ્થૂલ અને સૂક્ષ્મને આવરી લેતી સાચી અને અખંડિત આધ્યાત્મિકતાનું સ્વરૂપ સામાન્ય માનવી સમજી શકે તેવી શૈલીમાં દર્શાવ્યું છે.

પૂજ્ય મુનિશ્રીના રચનાત્મક પદોમાં મનનીય અને ચિંતનાત્મક ભાવો સાથે અનેક વિષયોની વિવિધતા જોવા મળે છે. જેમ કે - એમના કાવ્યોમાં ઈશ્વરકર્તૃત્વવાદનો ઈન્કાર હોવા છતાં સાચા સમર્પણ માટે એક યા બીજી રીતે ઈશ્વરીય પ્રેરણાવાદનો સ્વીકાર તો છે જ, અને તે અતિશય જરૂરી પણ છે. તેના દ્વારા વ્યક્ત-અવ્યક્તની ભક્તિ પણ આવી જાય છે અને સમાજ સેવાની સમતુલા જળવાય છે. તેઓએ એકલા કર્મકાંડ પર જોર આપનારા ધર્મઘેલાઓની મીઠી ભાષામાં ઝાટકણી કાઢી છે, તો અધર્મ અને પાપની સાથે પુણ્યનો અને આવશ્યક કર્ત્તવ્યવાદ કે સેવાધર્મનો નિષેધ કરતા

ધર્મોપદેશકોના હાથ પકડીને સાચો માર્ગ બતાવ્યો છે. તેમણે શુદ્ધ ધર્મના બન્ને નિષેધાત્મક અને વિધેયાત્મક સ્વરૂપને ઉજાગર કર્યા છે. નિષેધાત્મક સ્વરૂપમાં નિંદા, માન, કૃપણતા, વ્યસન આદિ ત્યાગ સૂચવે છે. જ્યારે વિધેયાત્મક ધર્મમાં વિનય, વિવેક, દાન, શીલ, માનવસેવા વગેરે પર જોર આપી ધર્મને સર્વાંગી વ્યવહારુ અને સમાજ વ્યાપી બનાવવા પ્રેરે છે. વળી સમાજના આગેવાનોને જવાબદારીનું ભાન થાય એવી ચીમકી આપે છે, તો સાથે ગાંધીજીને અંજલિ પણ આપે છે. એટલું જ નહિ, ''પુરુષો તણા અવિચારથી સંકટ સહ્યાં સતીએ ઘણાં' એવું ગાઈને તેમણે નારી જગતના કુશળ ધારાશાસ્ત્રીનું અદ્‌ભૂત કાર્ય પણ કાવ્ય-પદોમાં બજાવી લીધું છે.

પૂજ્ય કવિવર્ય શ્રી નાનચંદ્રજી મહારાજે સાહિત્ય સર્જનમાં કાવ્યતત્ત્વ જેટલાં પ્રમાણમાં સ્વાભાવિકપણે આવ્યું એટલું જ આવવા દીધું છે. તેઓ કાવ્યતત્ત્વની શાસ્ત્રીય માથાકૂટમાં પડયા નથી. કાવ્ય એમના માટે ભાવનાઓનાં વહનનું સાધન છે. એમના શબ્દોમાં કહીએ તો, ''ગઝલ, ભજન કે પદ બનાવવા એ કાંઈ વ્યવસાય (ધંધો) નથી હોતો, એ તો અમુક જાતની સાત્ત્વિક અને ઉદાત્ત રસવૃત્તિ સાથે આત્માએ કેળવેલી તન્મયતાનું મૂર્ત્ત સ્વરૂપ છે.'' આમ અમુક પ્રસંગે સામાજિક સુધારણાની ઝંખના થઈ, અમુક પ્રસંગે આધ્યાત્મિક ભાવનું સ્ફુરણ થયું, ક્યારેક અંતર્યામી પરમાત્માની આરાધના કરવાની વૃત્તિ જાગી, આ બધી રસવૃત્તિનો પરિપાક તે જ આ પુષ્પ સંચય પુષ્પિકા.

પુષ્પ પરાગના રસનો ભોગી ભમરો બગીચામાં ઘૂમી ઘૂમીને દરેક પુષ્પના મધ્યભાગ પર બેસી તેના સત્ત્વરૂપી પરાગરસનું આસ્વાદન માણે છે, તેમ અહીં તેમના ભજન-પદ-ગઝલનું મધુકરવૃત્તિથી આસ્વાદન માણીએ...

પ્રભુના દર્શન, કૃપા અને ભક્તિથી જીવન સફળ થાય એવી સર્વસાધારણ વિચારસરણી ભક્તિમાર્ગની છે. અહીં ભક્ત કવિશ્રી વીતરાગી એવા પ્રભુ મહાવીર પાસે લઘુતાદર્શક પોતાના ભાવ રજુ કરતાં કહે છે -

૧. 'મહાવીર અમને પાર ઉતારો, અમને સેવક તરીકે સ્વીકારો.'

તેમનું ભક્ત હૃદય પ્રભુની કૃપા ચાહે છે,

''તમારી જ્યાં દયા દૃષ્ટી અહાહા!

૨. ત્યાં અમી વૃષ્ટિ બને સ્નેહી સકળ સૃષ્ટિ, સદા હૃદયે વસો વાલા.''

પ્રભુના વિરહની વ્યથા જગત શું જાણે? જેને વિત્યું હોય તે જ જાણે.

વિલાપ જાનકીનો હોય કે મીરાંનો, દર્દ દમયંતીના દિલનું હોય કે સતી ચંદનાનું, ભક્તિ સુલસાની પ્રભુ મહાવીર સિવાય કોણ જાણી શકે? આવી પ્રભુ વિરહની ભાવના વ્યક્ત કરતા તેઓ કહે છે કે,

૩. ''તું હી તું હી નાદ ઘાયલના, ઘવાયા હોય તે જાણે
રહી દૂરે નિરખનારા, કદી એ મોજ ના જાણે.''

ભક્ત હૃદયી કવિશ્રી આગળ કહે છે કે, તું તો સર્વ વ્યાપી છો, સર્વ જ્ઞાની છો, નિરાકાર છો. કોઈ વસ્તુ એવી નથી કે જેનાથી હું તારી સેવા કરી શકું.!

૪. ''અઝબ હૈરાન હોં ભગવાન, તુઝે કયું કર રિઝાવું મૈં!
કોઈ વસ્તુ નહિ ઐસી, તેરી સેવા મેં લાવું મૈં।''

ગુરુવિના સાચો માર્ગ કેમ જડે? અને સાંચી શાંતિ આપે તે સાચા સંત, ગુરુ પોતે તરે અને બીજાને તારે.. આવા સાચા ગુરુ કવિને મળતાં તેમનું હૃદય બોલી ઉઠે છે.

૫. ''સદ્‌ગુરુ સાચા મળિયા રે, દુઃખ મારા લીધાં હરી,
પિયાલો મને પાયો રે...પ્રવચનો ભાવે ભરી.''

ખરી રીતે સ્વ-પર કલ્યાણ માટે સાધુ દીક્ષા લે છે, છતાં માત્ર વેશધારી થઈ પોતાનું અને પરનું બૂરૂ જ કરે એવા વેશધારીઓને ચાબખા ફટકારવા તેઓ કહે છે કે,

૬ ''વેષ પહેર્યાથી શું વળ્યું? દ્વેષ ભર્યો દિલમાંય
પોતે જે સુધર્યો નહીં, પરને કરે શું પસાય?''

તેઓ માનવને ઉદ્‌બોધે છે કે હે માનવી! આ માનવ ભવ વારંવાર મળતો નથી ભવાન્તરોના પુણ્ય ભેગા થાય ત્યારે જ મનુષ્ય ભવ મળે છે, જેમ કે,

૭. મિલતી હૈ મનુષ્ય કાયા કભી કભી,
જરૂર પુણ્યકા જમાવ હોતા હૈ જભી જભી

ત્યાર પછી તેઓ કહે છે કે આ મનુષ્યભવ તો મળી ગયો પણ હવે શું કરવું જોઈએ એનો વિચાર કર્યો છે?

૮. ''કયા ઉદ્દેશથી નરનો, જન્મ ધારણ તમે કીધો?
અને આ શા થકી પામ્યા, તમે શું તે વિચાર્યું છે?''

કવિશ્રી નીતિપ્રધાન ધર્મ અને માનવતા પ્રધાન ધર્મ તરફ ખાસ જગતનું ધ્યાન ખેંચે છે. લોકોમાં નીતિ ન હોય તો આવા લોકો પૃથ્વી પર ભારરૂપ છે. એટલે જ કહે છે કે

૯. ''ગરીબોને ફસાવીને, દુઃખો માંહે દબાવીને,
અવનિ પર એહ આવીને, ખલકમાં કોઈ નહિ ખાટ્યા''

એટલું જ નહિ માનવધર્મ ઉપર પણ એટલું જ જોર આપે છે. સ્વધર્મ કે આત્માધર્મનો પાયો માનવધર્મ છે. માનવ સેવા એ જ પ્રભુ સેવા છે, માટે જ કહે છે કે,

૧૦. ''ગરીબોની ખબર લેવા, દિલાસો એહને દેવા,
બજાવી રંકની સેવા, જીવન તેનું સફળ જાણો.''

વ્યસનથી, સામાજિક કુરીતિ-કુરિવાજોથી, ધાર્મિક રુઢીઓથી કે રાજકીય ગુલામીથી એમણે જન સમુદાયનાં દેહ-પ્રાણને જકડતાં જોયા હતાં, એટલે જ એમણે પોતાની રચનામાં ગઝલોમાં સુધારક અને ઉદ્ધારક ગીતોને સ્થાન આપ્યું છે. સૌથી પ્રથમ તેઓ નાનામાં નાના 'ચા' જેવા વ્યસન છોડવાની વાત કરી વિષય કષાય ત્યાગ પર આવે છે. મોહ, માયા, અભિમાન પણ મહા વ્યસન જ છે. આદર્શ ગૃહસ્થાશ્રમી કે સંયમી માટે વિષય કષાય ત્યાગ ખૂબ જ જરૂરી છે

કેમ કે,

૧૧. ''ભલા વૈરાગ્યને ભાખે, છતાં મન મોહમાં રાખે,
દયામય વાતને દાખે, જીવનને જોખમે નાંખે.''

સમાજમાં કાં તો લાજે દાન દેવાય છે, અને કાં તો કંજૂસાઈ સેવાય છે, તેથી તેઓ કહે છે કે,

૧૨. ''કંજૂસોના બન્ને ભવ બગડે છે, ન ખાયે, ન ખાવા આપે,
કૈંકના સુખોને કાપે, પેટને પૂરે છે સદા પાપે રે.''

ભારતીય સંસ્કૃતિનો અથવા અધ્યાત્મવાદનો પાયો 'ઈશ્વરકર્તૃત્વ' નથી પણ 'કર્મવાદ' છે. ઈશ્વરને જરૂર માનો પણ પ્રેરણા માટે, કર્મવાદનોને માનો પણ સત્પુરુષાર્થ માટે પુણ્ય, પાપ અને પરલોક વગેરે કર્મવાદને લીધે જ છે. એટલે જ કવિશ્રીએ આસ્તિક લક્ષણની સમીક્ષા કરતાં કહે છે કે,

૧૩. ''એક ને વળગિયા એટલાં જ ઊગર્યા રે,
દાણાઓ બીજા દળાયા રે વહાલા!
સંત શિષ્ય એક સાધ્ય સર્વને સાધિયાંરે''

આ એક એટલે 'આત્મા'ને ઓળખવા માટે પ્રથમ માનવતાની જરૂર છે નહીં કે 'શુષ્ક આત્મજ્ઞાન' તેથી જ તેઓ કહે છે -

૧૪. ''ચર્ચા કરી ગગન ગજાવ્યું રે,
બહુ અન્યને બોલી બતાવ્યું રે!
શઠ મનને નવ સમજાવ્યું રે,
અતિ લૂખું રે... ભીતર હજી ન ભિજાયું રે,''

મુક્તિને માટે સત્પુરુષાર્થની અને આત્માને શુદ્ધ, બુદ્ધ, નિરંજન બનાવવાની સત્પ્રેરણા લેવા માટે તેઓ કહે છે કે હજુ મોડું થયું નથી, હે માનવ! બાજી તારા હાથમાં જ છે, ભગવાનને ભજી લે. કારણ કે શુદ્ધ આત્મા જ પોતે પરમાત્મા રૂપે રહેલ છે. એટલે જ શાશ્વત સુખની ચાવી બતાવતા તેઓ કહે છે કે, 'તમારું છે તમારામાં' અર્થાત્ શાશ્વત સુખ અંતરમાં જ છે, પોતાનામાં જ છે. સહજ સુખ કે સ્વયંભૂ આનંદ એ જીવ માત્રનો - ચેતનનો ગુણ છે. પરંતુ જીવ ઉપર મોહ-અવિદ્યાનું કે અજ્ઞાનનું આવરણ ફરી વળવાથી સહજ સુખ કે આનંદ વિપરીત રૂપે અનુભવાય છે. વસ્તુતઃ શાશ્વત સુખને જીવ માત્ર ઝંખે છે. તે સુખ પોતાનામાં જ છે પરંતુ તેનાથી તે અજ્ઞાન છે. આ ધ્વનિનો રણકાર તેમના પદોમાં સહજતાથી આવેલ છે જેમ કે,

''તમે છો શોધમાં જેની, અનુભવીને ખબર એની,
નથી તમને ખબર તેની, મઝા સમજ્યા વિના શેની?''
અવરમાં કે અમારામાં, તમારું છે તમારામાં......''

એટલું નહિ પરમ સાધકને પરમ આનંદની મસ્તીમાં તરબોળ કરાવતાં કહે છે કે,

ભિન્ન નથી ભગવાન તુજથી, ભિન્ન નથી ભગવાન

તુજમાં તે છે તેનામાં તું, ભૂલી ગયો શું ભાન...તુજમાં તે છે તેનામાં તું...., કેવી અદ્ભુત અને અમર કાવ્ય પ્રસાદી કવિશ્રીની રચનામાં કંડરાયેલી મળે છે. એટલું જ નહિ કવિવર્ય નાનચંદ્રજી મહારાજનાં વ્યાખ્યાનનો સંગ્રહ અર્થાત્ ''માનવતાનું મીઠું જગત' જેમાં આત્મલક્ષી માનવતાનો સંદેશ તેમ જ જીવન મૂલ્યોને સ્પર્શતા વિવિધ વિષયોની છણાવટ કરવામાં આવી છે. સમાજમાં જીવનનાં મૂલ્યોનું અત્યારે જાણે-અજાણે સારું એવું ધોવાણ થઈ રહ્યું છે. સંપત્તિ અને સંપત્તિની સૃષ્ટિની આજે જાણે બોલબોલા દેખાય છે. મૂલ્ય પરિવર્તનનો આ ઝોક સાચી દિશામાં છે કે કેમ એ ગંભીર અભ્યાસનો વિષય છે. ત્યારે પૂજ્ય કવિવર્ય નાનચંદ્રજીએ જીવનનું રહસ્ય, મનુષ્યની સુખની શોધ, શક્તિનું મૂળ, અહિંસા, સમાજધર્મ જેવાં બાબતોની છણાવટ કરી સાચી દિશા બતાવી પથદર્શક બન્યા છે. એટલું જ નહિ મુનિશ્રી જૈનોના સ્થાનકવાસી સંપ્રદાયના હોવા છતાં તેમના વ્યાખ્યાનોમાં સંકુચિત સાંપ્રદાયિકતા કે એકાંગી દૃષ્ટિનો અભાવ છે. જે તેમની વિશાળ હૃદયી ભાવનાનાં દર્શન કરાવે છે. તેમણે વીતરાગ પ્રભુના કરુણામય વચનોનું અમૃતપાન કરીને જગતના જીવોને પોતાની સુંદર શૈલીથી વ્યાખ્યાનો આપી, માનવતાને સ્પર્શતા ચિંતનાત્મક પુસ્તકો પ્રગટ કરી. કાવ્યો રચી સમાજની સામે વીતરાગ પ્રભુના માર્ગની સુંદર રજુઆત કરી છે.

**આખરી વિદાય** : ઈ.સ. ૧૯૬૪માં કવિશ્રીનું ચાતુર્માસ સાયલામાં હતું. દૈનિક ક્રિયાવિધિ પછી સાંજની પ્રાર્થનામાં ગયા નહિ. છાતીમાં સહેજ દુઃખાવો થયો. ડૉક્ટર આવે તે પહેલાં અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળી પ્રરૂપિત ધર્મનું શરણ સ્વીકારી તેમણે રાતના ૧૦.૨૫ વાગે વિદાય લીધી. એ દિવસ હતો. તા. ૨૭-૧૨-૧૯૬૪. આકાશમાંથી કેસર વૃષ્ટિ થઈ. બે દિવસ સુધી કાયા જાણે કાંચન વરણી એવીને એવી જ રહી. તા. ૨૯-૧૨-૧૯૬૪ ના રોજ દસ હજારની માનવ મેદનીએ જય જય નંદા, જય જય ભેદાના ધ્વનિ સાથે ભવ્ય વિદાય આપી. તેમણે જન્મભૂમિથી સ્વભૂમિ તરફ પ્રયાણ કર્યા. જોનારા રડતાં રહ્યાં પણ તેઓ રડતાં આવ્યા અને હસતાં હસતાં દિવ્ય સંદેશ આપતા ગયા. નશ્વર દેહથી ભલે તેઓ મૃત્યુને વર્યા પરંતુ અક્ષર દેહથી આજે પણ અજર-અમર છે. પૂજ્યશ્રીના ક્રાંતદ્રષ્ટા શિષ્ય મુનિશ્રી સંતબાલજી એ તેમની ચિંતનધારા આગળ ચલાવી.

અસ્તુ.

**પુસ્તક સૂચિ સંદર્ભ**

૧. પૂ. ગુરુદેવ કવિવર્ય પં. નાનચંદ્રજી મહારાજ જન્મશતાબ્દિ સ્મૃતિગ્રંથ
સંપાદક - મુનિ ચુનિલાલજી 'ચિત્તમુનિ'

❑❑❑

૩૦૨, ગુંદેચા ગાર્ડન,
લાલબાગ, મુંબઈ - ૪૦૦૦૧૨.
સંપર્ક : ૯૮૯૨૮૨૮૧૯૬

# જ્ઞાનયોગી તથા કર્મયોગી સહૃદય શ્રી મોતીચંદભાઈ ગીરધરભાઈ કાપડીયા

**હીંમતલાલ ગાંધી**

ધાર્મિક સંતો, યુગપુરુષો, સમાજ સુધારકો, આગેવાનો, મહાપુરૂષો, ધર્મ-ગુરુઓની જીવન કથાઓ, પ્રસંગો - એ એક અગત્યની ઓપન -યુનિવર્સિટી છે, જેમાંથી જીવન ઘડતર, સમાજ અને સંસ્કાર અને ધર્મ અંગેના અતિ મહત્વના પાઠો શીખવા મળે છે; છતાં પણ તેમાં પ્રવેશ મેળવવા નથી એન્ટ્રન્સ પરિક્ષા આપવી પડતી કે નથી ડોનેશન આપવું પડતું. ફક્ત થોડો સમય કાઢીને એવા ઉચ્ચ સાહિત્યનું વાંચન તથા મનન અત્યંત જરૂરી છે. આ માટે સદ્‌ગુરૂઓના વ્યાખ્યાન, સત્સંગ અને સ્વાધ્યાય અને ગ્રંથોનું વાંચન, ઉંડો અભ્યાસ તથા મનન આવશ્યક અંગો છે.

એવીજ એક બહુમુખી પ્રતિભા, વિરલ વ્યક્તિત્વ ધરાવતાં, જેમણે સમાજનાં-જીવનનાં દરેક મહત્વના ક્ષેત્રમાં જેવા કે અધ્યાત્મ, ચિંતન અને લેખન, કેળવણી, ધર્મ અને સાહિત્ય, સામાજીક પ્રશ્નો કાર્યો અને સંસ્થાઓની સ્થાપના અને સંચાલન તથા દેશભક્તિ સાથે રાજકારણ વિ. માં પોતાનું અતિ મુલ્યવાન પ્રદાન આપ્યું છે તેવા સૌહાર્દમૂર્તિ, જ્ઞાનયોગી તથા કર્મયોગી શ્રી મોતીચંદભાઈ ગીરધરભાઈ કાપડીયાનાં જીવનની ઝલકમાંથી પ્રેરણાનું આચમન લેવાનો નાનો એવો નમ્ર પ્રયત્ન કરીને એ વિસરાયેલી વિભૂતિને આદરાંજલી આપવાનું કાર્ય કરવાનો પ્રયાસ કરીશું.

શાશ્વતા તીર્થ શત્રુંજયની છાયામાં વસેલ ભાવનગર શહેરનાં પ્રજાપ્રેમી, વિદ્વાન, બહાદુર, ધર્મ-પ્રિય, સિદ્ધાંતનિષ્ઠ વિરલ નરેશ આદરણીય, સૌ પ્રથમ પોતાનું રાજ્ય પ્રજાસત્તાકને ચરણે ધરનાર મહારાજા શ્રી કૃષ્ણકુમાર સિંહજીના એ સુવર્ણકાળનો સમયે, ભાવનગર જૈન સમાજનાં અગ્રણી શેઠ આણંદજી પરશોતમનાં વિખ્યાત પરિવારમાં ધર્મ-પ્રેમી સુશ્રાવક ગીરધરભાઈનાં ઘરે સુશ્રાવિકા સમરથ બેનની કુખે તા. ૭-૧૨-૧૮૭૯ નાં શુભદિને શ્રી મોતીચંદભાઈએ જન્મ લીધો. શેઠ આણંદજી પરશોતમનાં પરિવારમાં ધર્મના સંસ્કાર, વ્યવહાર કુશળતા, દિર્ઘ-દ્રષ્ટાપણું અને સેવાભાવના ભરપૂર છવાયેલા હતા, જે શ્રી મોતીચંદભાઈની રગેરગમા વણાયા હતા અને તેમનું સમસ્ત જીવન એજ રંગે રંગાયેલું હતું.

બાળવયથી તેમનો જ્ઞાન-યોગ પ્રગટ થવાનો સુયોગ થયો. ધર્મ અને તત્ત્વજ્ઞાનનાં સાહિત્ય તરફ તેઓ બાળપણથી વિશેષ આકર્ષાયા અને તેમાંય જૈન ધર્મનાં ગ્રંથો -સાહિત્યનું ઝીણવટપુર્વક અધ્યયન કરવાનો એમને વિશેષ સુયોગ સાંપડયો, કારણ કે એ બધો સમય તેમણે જૈન ધર્મનાં મર્મજ્ઞ વિદ્વાન એવા એમના કાકાશ્રી કુંવરજી આણંદજીના સતત સંપર્કમાં રહ્યા હતા. તેમણે સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનો પણ ઉંડો અભ્યાસ કર્યો હતો અને તેમાં પ્રભુત્વ મેળવ્યું હતુ. તેઓ વિદ્યાર્થી અવસ્થાથી જ લેખન પ્રવૃત્તિ તરફ વળેલા હતા. ભાવનગરમાં તેમનાં કાકાશ્રી કુંવરજીભાઈએ શરૂ કરેલ ''જૈન ધર્મ પ્રસારક સભા'' મારફત પ્રકાશીત થતાં ''જૈન ધર્મ પ્રકાશ'' માસિકમાં તેઓ ''મૌકતિક'' નાં ઉપનામથી વિદ્વાતાભર્યા લેખો નિયમિત લખતાં.

સંવંત ૧૯૩૮ના શિયાળાની વહેલી સવારના ભાવનગરના મોટા દેરાસરની સામેની શાળામાં એક દિવસ જ્ઞાનદાતા વિદ્યવર્ય કુંવરજીભાઈ ઉપમિતિ ભવ પ્રપંચાગ્રંથ (શ્રી સિદ્ધર્ષિ ગણિ વિરચિત સંસ્કૃત ગ્રંથ) ઉપર રોચક શૈલીમાં ઉપદેશ વચનો સંભળાવી રહ્યા હતા. શ્રોતાઓમાં નવ વર્ષનો એક બાળક પણ ધ્યાનપૂર્વક એ સાંભળી રહ્યો હતો. કાંઈક વિશેષ ભાવો તેના મનમાં આવી રહ્યા હતા. હાસ્યનો પ્રસંગ હતો. સાંભળનારા રસમગ્ન હતા, પરંતુ બાળકનાં મનમાં કંઈક જુદુ જ ચાલતુ હતુ, તેણે મનોમન સંકલ્પ કર્યો કે આ ઉપમિતિ ભવ પ્રપંચા ગ્રંથનો હું ગુજરાતીમાં અનુવાદ કરીશ અને તે પણ વિરતીમાં એટલે કે સામાયિકમાં જ કરીશ. એમણે ફક્ત વીસ વર્ષની વયે શ્રી સિદ્ધર્ષિ ગણિવિરચિત સંસ્કૃત મહાગ્રંથનાં પીઠબંધરૂપ પહેલા પ્રસ્તાવનો અનુવાદ કર્યો જે સર્વ અનુવાદોમાં સૌથી વધારે વંચાય છે - એ બાળક એ કથાનાયક મોતીચંદભાઈ ગીરધરભાઈ કાપડીયા.

ઉપમિતિ ભાવ પ્રપંચ કથા - ભાગ ૧ થી ૩ નો અનુવાદ સન ૧૯૨૧ માં, ભાગ ૪ અને ૫ નો અનુવાદ સને ૧૯૨૪માં અને ભાગ ૬ થી ૮ નો અનુવાદ સને ૧૯૨૬માં - ભાવનગર જૈન ધર્મ પ્રસારક સભાએ પ્રકાશીત કર્યા હતા.

આ ગ્રંથોની તો અભ્યાસી પૂ. આચાર્ય ભગવંતોએ પણ મુક્ત કંઠે પ્રશંસા કરી છે. નવ વર્ષની બાળવયે લીધેલ સંકલ્પ પૂર્ણ કર્યો. બાળવયથી જ તેઓ નિયમિત વ્યાખ્યાનો, સ્વાધ્યાયોમાં જતા તેમજ નિયમિત સામાયિક કરતા અને લેખન કાર્ય કરતા જે તેમના જીવનની અંતિમ ક્ષણો સુધી ચાલુ રહ્યું.તેઓનું મોટા ભાગનું લેખન કાર્ય સામાયિકમાંજ થયેલ છે. વિદેશમાં પણ તેઓ સામાયિક ચુકતા નહીં. તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ફાર્બસ સાહિત્ય સભા જેવી સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. તેમજ તેમાં સક્રિય હતા. મુખ્યત્વે તેઓએ જૈન પૂર્વાચાર્યોની વિશિષ્ટ કૃતિઓનાં સવિસ્તર વિવેચનો કરેલા છે.

સૌથી પ્રથમ ઈ. સ. ૧૯૦૯ માં પૂજ્ય મુનિસુંદરસૂરિએ રચેલ અધ્યાત્મજ્ઞાનનો દ્રવ્યાનુ યોગ ઉપરનો ગ્રંથ 'અધ્યાત્મકલ્પદ્રુમ' ઉપર અભ્યાસપૂર્ણ વિવેચન તથા ટ્રાંસલેશન બહાર પાડયું જેની

ચાર ચાર આવૃત્તિઓ બહાર પડી ચુકી છે. જેનું પ્રકાશન કાર્ય શ્રી શ્વે. મૂ.પુ. જૈન સમાજની અગ્રણી કેળવણી સંસ્થા, જેનાં તેઓ આદ્ય-સ્થાપક હતાં તે શ્રી મહાવીર જૈન વિદ્યાલયે કરેલ છે.

આ ગ્રંથ-કર્તા શ્રી મુનિસુંદરસૂરિનો જન્મ ઈ.સ ૧૩૮૦માં થયો હતો અને તેમણે સાત વર્ષની વયે જ સંયમમાર્ગ ગ્રહણ કર્યો હતો. તેમનાં રચેલા આ ગ્રંથ સમજવા, વૈરાગ્યનો વિષય, તેની જરૂરિયાત, તેનું અંતિમ સાધ્ય, અધ્યાત્મ શબ્દનો અર્થ, તેના વિષયો, ગ્રંથની ભાષા, શૈલી, વિભાગો, ગ્રંથ કર્તાનું ચરિત્ર વિ. જાણવા આવશ્યક છે. જે અંગે શ્રી મોતીચંદભાઈ એ ઉંડો અભ્યાસ તથા સંશોધન બાદ જ વિવેચન લખેલ છે. ગ્રંથમાં અધ્યાત્મનું સ્થાન, અને અધ્યાત્મનાં વિષયો, આત્માનું સ્વરૂપ, આત્માનો વિકાસ, અધ્યાત્મશાસ્ત્રનું સાધ્ય - વિ. વિષયો અંગે તત્ત્વજ્ઞાન છે.

આનંદઘનજી એક મહાન વિભુતિ હતા તેમના પદો દેખીતી રીતે સરળ લાગવા છતાં એના અર્થો અને ભાવો સમજવા માટે ગહન છે. આ દ્રષ્ટિએ શ્રી મોતીચંદભાઈએ દરેક પદનો શબ્દાર્થ, અક્ષરાર્થ અને ભાવાર્થ આપેલ છે. આ પદોમાં દાન, દયા, જ્ઞાન, માનવસેવા, પરોપકાર, તપશ્ચર્યા, જિનભક્તિ, સ્વાર્થત્યાગ વગેરે ગુણોનાં દર્શન થાય છે, વળી પદનાં શબ્દે શબ્દે શ્રી આનંદઘનજીની યોગસાધનાનાં ભવ્ય દર્શન થવા સાથે તેમની અધ્યાત્મદ્રષ્ટિનો પયગામ પણ જાણવા મળે છે. શ્રી મોતીચંદભાઈ વિરચિત શ્રી આનંદઘનજીનાં પદો (પચાસ પદોનો શબ્દાર્થ, ભાવાર્થ અને તે પર વિવેચન) ભાગ પહેલામાં - જેનું પ્રકાશન પણ શ્રી મહાવીર જૈન વિદ્યાલયે કરેલ છે.

વિક્રમની ૧૭મી સદીમાં થયેલ વિદ્વાન ગણિવર્ય પૂ. શ્રી વિનયવિજયજી ઉપાધ્યાય રચિત ''શાંતસુધારસ'' ગ્રંથ એક અદ્ભુત રચના છે. એમાં શાંતરસ ગેયરૂપે છલોછલ ભરેલો છે અને પ્રત્યેક ભાવના સાથે ગુજરાતમાં સુપ્રસિદ્ધ દેશી રાગોમાં સાદી પણ માર્મિક સંસ્કૃત ભાષામાં ગાઈ શકાય તેવું એક એક અષ્ટક આપ્યું છે. આ પ્રથમ વિભાગમાં નવ ભાવનાઓ આવે છે. અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ, સંવર અને નિર્જરા. પ્રથમની પાંચ ભાવના આત્માને ઉદ્દેશીને છે. છઠ્ઠી શરીરને ઉદ્દેશીને છે અને સાતમી, આઠમી અને નવમી ભાવનામાં તત્ત્વચર્ચા ખાસ કરીને તત્ત્વ-દ્રષ્ટિએ કરી છે. આ ગ્રંથ ઉપરનું વિવેચન તથા અનુવાદ શ્રી મોતીચંદભાઈએ તેઓ જ્યારે દેશભક્તિનાં કારણે ૧૯૩૦ થી ૧૯૩૨ દરમિયાન જેલમાં હતા, ત્યારે લખેલ છે. આ ગ્રંથની બે આવૃત્તિઓ ભાવનગરની જૈન ધર્મપ્રચારક સભાએ પ્રગટ કરી હતી. ત્રીજી આવૃત્તિ રાજસ્થાન શિવગંજના શ્રી વર્ધમાન જૈન તત્ત્વજ્ઞાન પ્રચારક વિદ્યાલયે પ્રકાશિત કરી હતી. ચોથી, પાંચમી તથા છઠ્ઠી આવૃત્તિ શ્રી મહાવીર જૈન વિદ્યાલયે પ્રકાશિત કરેલ છે.

કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રાચાર્યનું જીવન વૃત્તાંત જર્મન વિદ્વાન ડૉ. બુહલરે અંગ્રેજીમાં લખેલ જેનો ગુજરાતી ભાષામાં અનુવાદ શ્રી મોતીચંદભાઈએ કરેલ જેનું પ્રકાશન જૈન સાપ્તાહિક, ભાવનગરે કરેલ. છે.

ભારતીય સાહિત્યમાં અવતૂત યોગીશ્રી આનંદઘનજીનો સમૃદ્ધ વારસો અમર છે. શ્રી મોતીચંદભાઈ શ્રી આનંદઘનજીના સમસ્ત સાહિત્ય અને ખાસ કરીને આત્મભાવથી સમૃદ્ધ એવા આધ્યાત્મિક પદોનાં મર્મભાવી અભ્યાસી હતા. એમના ઉંડા ચિંતન અને મનનનાં ફળસ્વરૂપે શ્રી આનંદઘનજીના ૧૦૮ પદો વિશદ વિવેચન સાથે સાદી સરળ ભાષામાં બે ભાગમાં પ્રગટ થયેલા છે. પ્રથમ ભાગ-૧ થી ૫૦ પદ અગાઉ પ્રગટ થયેલ તે આગળ આપણે જાણ્યું. બીજો ભાગ ૫૧ થી ૧૦૮ પદોનું પ્રકાશન પણ શ્રી મહાવીર જૈન વિદ્યાલયે કરેલ છે.

શ્રી આનંદઘનજીએ પોતાની શાંત, એકાંત, ઉત્કટ આત્મ-સાધનાને બળે પોતાના જીવનમાં જાણે ભક્ત અને ભગવાનની એકરૂપતા પ્રાપ્ત કરી લીધી હતી. આ શબ્દો સાથે શ્રી મોતીચંદભાઈએ શ્રી આનંદદામચોવિશીનું ભાષાંતર તથા વિવેચન લખેલ છે. આ લખાણનું સંપાદન જૈન સાહિત્યનાં વિદ્વાન શ્રી રતીલાલ દીપચંદ દેસાઈએ કરેલ છે, તથા પ્રકાશન શ્રી મહાવીર જૈન વિદ્યાલયે કરેલ છે. આ ગ્રંથમાં તીર્થંકર ભગવંતો ઉપર ભક્તિભાવ પૂર્ણ સ્તવનો અંગે વિવેચન છે.

પરમ પૂજ્ય વાચકશ્રી ઉમાસ્વાતિ મહારાજે રચેલ 'પ્રશમરતિ' ગ્રંથ જૈન આચારનો મહત્વનો ગ્રંથ છે. તે ૩૧૪ સંસ્કૃત ગાથાઓમાં રચાયેલો છે. તેમાં દુઃખનાં કારણભૂત રાગદ્વેષને જીતવાનાં જિનોપદિષ્ટ ઉપાયોનું વિશદ નિરૂપણ છે. આ નિરૂપણ સરળ અને બુદ્ધિગમ્ય છે, હૃદયસ્પર્શી અને વિચારપ્રેરક છે, વૈરાગ્યજનક અને આત્મભાવપ્રબોધક છે. પ્રધાનપણે આચારનો ગ્રંથ હોવાથી તેમાં તાર્કિક ચર્ચાઓ અને ખંડન-મંડન નથી. આગમોમાં પ્રતિપાદિત સમગ્ર આચારનું તેમાં આલેખન છે. જૈનદર્શન આચારપ્રધાન છે એ હકિકત જો ધ્યાનમાં રાખીએ તો જૈનદર્શનનાં ખરા હાર્દનું પ્રતિનિધિત્વ કરતો આ ગ્રંથ ગણાય. આગમમર્મજ્ઞ ઉમાસ્વાતિ મહારાજે જેમ તત્ત્વાર્થસુત્રમાં જૈન આગમોનાં પદાર્થોનો સંગ્રહ કર્યો છે તેમ પ્રશમરતિમાં જૈન આગમો-આચારનો - ખાસ કરીને આચારાંગ સુત્રનાં આચારનો સંગ્રહ કર્યો છે. આ મનનીય કૃતિ ઉપર શ્રી મોતીચંદભાઈએ, જ્યારે માંદગીના કારણે તેમણે અન્ય પ્રવૃત્તિઓ છોડી દીધેલ ત્યારે માંદગીને બિછાને થી, ભાષાંતર અને વિવેચન લખ્યા હતા. શ્રી ઉમાસ્વાતિજી જૈન ધર્મની બધી શાખાઓને પહેલેથી આજસુધી સરખા માન્ય છે. આ ગ્રંથનું પ્રકાશન પણ શ્રી મહાવીર જૈન વિદ્યાલયે કરેલ છે.

ઉપરના મહત્વનાં ગ્રંથો ઉપરાંત શ્રી મોતીચંદભાઈ લખેલ કેટલાક ગ્રંથો અંગે સંક્ષિપ્તમાં જોઈએ :-

તેમણે 'જૈન દ્રષ્ટિ અને યોગ' ઉપર ખૂબજ મનનીય પુસ્તક

લખેલ છે. જેનું પ્રકાશન જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગરે કરેલ છે.

વિદ્વાન મુનિ શ્રી વીરવિજયજી ગણી વર્યનું જીવન વૃત્તાંત પણ તેમણે લખેલ જેનું પ્રકાશન જૈન ધર્મપ્રસારક સભા, ભાવનગરે કરેલ છે.

''આત્મનિરીક્ષણ'' ૨૨ વર્ષની ઉંમરે લેખમાળા લખેલ જે 'શ્રી જૈન ધર્મ પ્રકાશ'માં પ્રકાશીત થયેલ, ત્યારબાદ ગ્રંથસ્થ થયેલ છે.

ઉપમિતિભાવપ્રપંચ કથાના કર્તા ''સિદ્ધહસ્ત યુગપ્રધાન શ્રી સિદ્ધર્ષી'' અંગે અભ્યાસપૂર્ણ સંશોધનાત્મક ગ્રંથ-લખેલ. જે ચરિત્ર ગ્રંથ માટે શ્રી મોતીચંદભાઈને સન ૧૯૪૯નો શ્રી વિજયધર્મસૂરિ જૈન સાહિત્ય સુવર્ણચંદ્રકથી બહુમાનિત કરાયા હતાં.

ચરિત્ર ગ્રંથઃ ''યશોધર ચારિત્ર'' મુનિશ્રી ક્ષમાકલ્યાણજીએ સંસ્કૃતભાષામાં ગદ્યમય ગ્રંથની રચના કરેલ. શ્રી મોતીચંદભાઈએ તેનું ભાષાંતર કરીને ૧૯ વર્ષની નાની વયમાંજ તેનું અવતરણ કર્યું હતું.

''શેઠ મોતી શાહ'' જેઓ ધર્મભાવનાશીલ, જાહેર જીવનમાં પણ ઉત્કૃષ્ટ યોગદાન આપનાર, દાનવીર હતા. તેમના જીવન ચરિત્ર ઉપર આવતી પેઢીને પ્રેરણારૂપ બને તેવો ગ્રંથ લખેલ. તેનું પ્રકાશનકાર્ય તીર્થ-સ્વરૂપ શ્રી ગોડીજી જૈન દેરાસર, પાયધુની એ કરેલ. શ્રી મોતીચંદભાઈએ આ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે ઉમદા સેવા આપેલ.

''બહુત ગઈ થોડી રહી યાને દાક્ષિણ્યનિધિ ક્ષુલ્લક'' નવલકથા ભાગ-૧.૨ ધ્યેયલક્ષી અને ઉપદેશ પ્રધાન લખી. જેનું પ્રકાશન કાર્ય સંસ્કૃતીરક્ષક સસ્તુ કાર્યાલય, વડોદરાએ કરેલ છે.

''યુરોપના સંસ્મરણો'' જ્યારે પણ વાંચીએ ત્યારે તાજુ લાગે તેવું આ પુસ્તક શ્રી મોતીચંદભાઈની નિરિક્ષણ શક્તિ અને સચોટ વર્ણન શક્તિનો પરિચય કરાવે છે, જેનું પ્રકાશન પોતેજ કરેલ છે.

''નવયુગ નો જૈન'' જ્યોતિ કાર્યાલય, અમદાવાદ દ્વારા પ્રકાશિત આ પુસ્તક મૌલિક રચના છે. સદા ગતિશીલ રહેવાની પ્રેરણારૂપ આધુનિક વિજ્ઞાન અને આધ્યાત્મિક જ્ઞાન વારસાનો જીવનમાં કેવી રીતે સમન્વય કરાય તેની સચોટ રજુઆતનું આમાં દર્શન થાય છે.

''સાધ્ય ને માર્ગે'' ધર્મ સાધનાનો ખ્યાલ આપતા ''જૈન ધર્મ પ્રકાશ''માં પ્રગટ થયેલા ૨૫ લેખોનું સંપાદન તથા પ્રકાશન શ્રી મોતીચંદભાઈએ કરેલ.

''ધર્મ-કૌશલ્ય'' અધ્યાત્મમાર્ગની પ્રાપ્તિની પુર્વભૂમિકારૂપ સદાચાર, નીતિ, વગેરેની કેળવણી દ્વારા ધર્મ માર્ગમાં કૌશલ્ય કેવી રીતે પ્રાપ્ત થાય તે વાત પ્રાચીન, અર્વાચીન સંસ્કૃત-અંગ્રેજીને વિવેચનથી સભર છે. જેનું પ્રકાશન 'જૈન આત્માનંદ સભા' ભાવનગરે કરેલ છે.

''કોલેજ જીવન અને ધાર્મિક શિક્ષણ''પશ્ચિમી શિક્ષણ પદ્ધતિ પહેરવેશ, ખાણીપીણી અને અન્ય માધ્યમોની વચ્ચે પણ યુવા પેઢીને સાંસ્કૃતિક વારસાનો પરિચય, ગૌરવ જળવાય અને ધર્મ શિક્ષણ અને ધર્મક્રિયાઓમાં જૈન તત્ત્વ અને સત્ય જાળવવાની કળા શીખવતું, યુવા પેઢીને માર્ગદર્શક પુસ્તક, પ્રકાશક શ્રી મહાવીર જૈન વિદ્યાલય. આ ઉપરાંત વ્યવહાર જીવન અને વ્યાપાર ક્ષેત્રનાં ઉપયોગી વિષયો ઉપર - ''વ્યવહાર કૌશલ્ય'' ભાગ ૧-૨ તથા ''વ્યાપાર કૌશલ્ય'' નામનાં પુસ્તકો પણ લખ્યા છે.

તેઓનાં અપ્રગટ ગ્રંથોની સુચિ નીચે મુજબ છે :

(૧) કર્મગ્રંથનો બે ભાગનું વિવેચન :- ૮૪ લાખ યોનિમાં જીવોની ગતિ અને જૈન ધર્મમાં કર્મનો સિદ્ધાંત શાસ્ત્રીયરૂપે સમજાવતું વિવેચન.

(૨) મહાવીર ચરિત્ર : ભગવાન મહાવીરનાં ચરિત્રને સવિસ્તાર, આદર્શ અને ઐતિહાસિક દ્રષ્ટિએ સમગ્ર સામગ્રી સાથે, પ્રભુ મહાવીરનાં પૂર્વ ભવનો ભાગ અને સત્તાવીશમાં ભવનો ભાગ માંદગીના બિછાનેથી લખી રાખેલ છે. જે આજ સુધી પ્રકાશિત થયેલ નથી.

શ્રી મોતીચંદભાઈનાં જ્ઞાન-યોગ વિષે જાણ્યા બાદ તેમનાં કર્મ-યોગ વિશે પણ અતિ સંક્ષિપ્તમાં જાણવા પ્રયત્ન કરશું. તેમણે બી.એ. સુધીનો અભ્યાસ ભાવનગરમાં પુરો કર્યો. કાનુની અભ્યાસ માટે તેઓ મુંબઈ આવ્યા. એલ.એલ.બી. થયા પછી સને ૧૯૧૦માં સોલીસીટરની પરિક્ષામાં ઉત્તીર્ણ થયા. તેમના મિત્ર દેવીદાસ જેક્સિનદાસ દેસાઈ સાથે મેસર્સ મોતીચંદ એન્ડ દેવીદાસ નામની સોલીસીટરની પેઢીની સ્થાપના કરી. વકિલાતનાં ક્ષેત્રમાં ઘણી વિદ્વતાભરી ઉન્નત કક્ષાની નામના મેળવી.

વ્યવસાય ઉપરાંત જાહેરજીવનનાં અનેક ક્ષેત્રોમાં તેમણે પ્રવેશ કર્યો. તેઓ સાચા અર્થમાં એક નિષ્ઠાવાન-સમાજ -ચિંતક પણ હતાં. જૈન સમાજની એક પણ એવી પ્રવૃત્તિ કે સંસ્થા નહોતી કે જેમાં તેમનું મહત્વનું યોગદાન ન હોય. શ્રી શ્વે.મુ.પૂ. જૈન સમાજની અગ્રણી ત્રણ સંસ્થાઓમાં તેમનું યોગદાન અત્યંત ઉપયોગી અને મહત્વનું હતું. (૧) ધી જૈન એસોસીએશન ઓફ ઈંડિયા (૨) શ્રી શ્વે. મુ.પૂ. જૈન કોન્ફરન્સ અને ત્રીજી અગ્રણી કેળવણી સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલય, જેનાં તેઓ આદ્ય-સ્થાપક, પ્રથમ મંત્રી તથા ટ્રસ્ટી હતાં. યુગ પ્રધાન આચાર્યશ્રી પંજાબ કેસરી વિજય વલ્લભસૂરિશ્વરની પ્રેરણાથી, દાનવીર શેઠશ્રી દેવકરણ મુળજી તથા અન્યોનાં સહકાર થી સને ૧૯૧૫માં સંસ્થાની સ્થાપનાથી ૧૯૪૮ સુધી તેઓએ સંસ્થાની સેવા કરી એટલુંજ નહીં પણ પોતાની કુનેહ તથા દીર્ઘદ્રષ્ટિથી એટલી મિલ્કતો મેળવી કે જેનાં કારણે જ વિદ્યાલય આટલી પ્રગતિ કરી શક્યું. આજે સંસ્થા પાસે જે મિલ્કતો છે - તેમાંની ૮૦% તો શ્રી મોતીચંદભાઈની મેળવેલ છે. તેમણે સંસ્થાનું બંધારણ પણ એટલું વિદ્વતાપૂર્ણ બનાવેલ કે સ્થાપના થી ૭૩ વર્ષ સુધી સરળ વહીવટ ચાલ્યો : એમણે બનાવેલ

બંધારણ સેવા લક્ષી હતું, જેમાં સત્તા કે અધિકારની વાત ન હતી. પરંતુ ૧૯૮૮માં તેમાં સુધારા કરીને સત્તાનાં કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા, જેના કારણે સત્તાનું રાજકારણ અને વાદ-વિવાદથી વહીવટ ઘેરાયો, તેઓએ શ્રી ગોડીજી જૈન દેરાસર, પાયધુની તથા અન્ય કેટલીયે સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે સેવા આપેલ છે.

ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત ભાષા ઉપર પ્રભુત્વ મેળવેલ, સાથોસાથ વિશાળ વાંચન, મનન અને અધ્યયનનાં હિસાબે સતત વિકાસશીલ તેમનું માનસ હતું. દેશની પરિસ્થિતિનાં અભ્યાસના કારણે તેઓ રાજકીય ચિંતક બન્યા. તેઓ ૧૯૨૮ની સાલમાં તે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચૂંટાયા તથા છુટક છુટક ૧૫ વર્ષ કોર્પોરેટર તરીકે સેવા આપી. ત્રણ વર્ષ મ્યુનિસીપલ કોંગ્રેસ પક્ષના નેતા તરીકે પણ ફરજ બજાવી. તેઓ સામાજિક સેવામાં વધારે રસ લેતા, પરંતુ દેશમાં ઉઠતા ઉગ્ર રાજકીય આંદોલનોથી તેમનાં જેવો સેવાનિષ્ઠ આત્મા કેમ અલિપ્ત રહી શકે? પરિણામે ૧૯૩૦-૩૨ની લડત દરમિયાન તેમના ભાગે બે વર્ષનો જેલવાસ આવ્યો, જે તેમણે સહર્ષ ભોગવ્યો. મુંબઈની પ્રાંતિક કોંગ્રેસ કમિટીમાં પણ તેઓ અવાર નવાર ચુંટાતા રહ્યા.

તેમનાં ગુણોનો વિચાર કરીએ ત્યારે સૌથી મોટો ગુણ અપ્રતિમ આશાવાદ. તેમનાં સર્વ પુરૂષાર્થનું ઉગમસ્થાન તેમનો એ અસાધારણ આશાવાદ જ હતો. જ્યારે કોઈપણ પરિસ્થિતીમાં સર્વ નિરાશ થઈને બેઠા હોય, ત્યારે તેઓ કોઈ નાનુ સરખું આશાનું કિરણ પકડીને આગળ વધતા, અને તેમાંથી જ આગળ વધવાની પ્રેરણા મેળવતા.

તેમનો બીજો વિશિષ્ટ ગુણ તેમની પ્રકૃતિને વરેલું ઉમદા પ્રકારનું સૌહાર્દ હતું. નાના મોટા સૌને ઉમળકાથી બોલાવે. કોઈનું પણ કામ કરી છુટવામાં આનંદ માને, જ્યાં જેટલો પણ પોતાનો હાથ લંબાવી શકાય ત્યાં તે લંબાવવામાં પાછી પાની ન કરે. જૈન ધર્મ પ્રત્યે અપ્રતિમ અનુરાગ તથા શ્રદ્ધા હોવા છતાં અન્ય ધર્મ પ્રત્યે લેશ પણ અનાદર ન ચિંતવે.

ત્રીજું, અવિરત પરિશ્રમ લેવાની તાકાતજ તેમનાં જીવનની સફળતા ની મોટામાં મોટી ચાવી હતી. સવારનાં છ વાગેર ઉઠે ત્યારથી રાતના અગિયાર વાગે સુવે ત્યાં સુધી પ્રવૃત્તિઓ ચાલુ. વ્યવસાયિક, સામાજીક, રાજકીય, વહેવારીક દરેક કાર્ય માટે સમય ફાળવે. ઉપરાંત છાપાઓ, પુસ્તકોનું વાંચન તથા લેખન પ્રવૃત્તિ પણ ચાલુ જ.

સંતો, સાધુઓ અને સમાજ સેવકો આવે છે, જાય છે અને સમાજ ધોરણની નિત્યનૂતન પરંપરાઓ નિર્માણ કરતા જાય છે. આવી એક ઉત્તમ પ્રેરણાદાયી પરંપરા શ્રી મોતીચંદભાઈ આપણા માટે મુકતા ગયા છે. તેને અનુસરીને આપણા જીવનને કૃત્તાર્થ કરતા રહીએ એ શુભભાવનાપૂર્વક તેમના નામનિર્વિશેષ આત્માને વંદન કરીએ.

આ લેખમાં માહિતીદોષ રહી ગયો હોય તો ક્ષમા ચાહું છું.

❑❑❑

૪૦૪, સુંદર ટાવર, ટી. જે.રોડ,
શીવરી, મુંબઈ - ૪૦૦૦૧૫.
સંપર્ક : ૯૩૨૩૩૩૧૪૯૩

# મહાન ચિંતક પકુડ કાત્યાયન

**ડૉ. હેમાલી સંઘવી**

વિશ્વના ઈતિહાસમાં ઈ.સ. પૂર્વે છઠ્ઠી શતાબ્દીનો સમય બૌદ્ધિક ચર્ચા અને સંક્રાન્તિનો કાળ માનવામાં આવે છે. દુનિયાના જુદા જુદા ખૂણામાં આ કાળમાં નવી વિચારધારાઓ, વિચારકો અને વ્યક્તિવિશેષનો પ્રભાવ જોવા મળે છે. આ યુગને માનવજાત માટે નવી આશા, નવી ચિનગારી કે નવજાગરણનો તબક્કો જરૂરથી કહી શકાય. ઈરાન, ચીન, ગ્રીસ વગેરે દેશોમાં જીવન સંબંધિત પ્રશ્નોને વિશિષ્ટ અભિગમથી ઉકેલવાના પ્રયાસો થયા. દુનિયાની બીજી પ્રાચીનતમ સંસ્કૃતિઓની જેમ ભારતમાં પણ આવા બૌદ્ધિક વમળોનો પ્રભાવ જોવા મળ્યો.

આ સમયે ભારતમાં બ્રાહ્મણ અને શ્રમણ પરંપરાનો પ્રભાવ મુખ્યત્વે હતો. બ્રાહ્મણ પરંપરાનું કેન્દ્ર વેદો હતા. શ્રમણ પરંપરામાં વૈરાગ્યનું વિશિષ્ટ સ્થાન હતું. સમકાલીન ગ્રંથોમાં અંદાજે ૬૩ જુદી જુદી તત્ત્વપરંપરાના અસ્તિત્ત્વના સંદર્ભો જોવા મળે છે. આનો અર્થ કે આ ચોક્કસપણે જબરદસ્ત વિચારમંથન અને ચર્ચા-વિચારણાનો તબક્કો હતો. આમાંથી સંવાદ, વાદ-વિવાદ અને સમન્વય બધા પ્રકારના પ્રતિસાદો ઉદ્ભવ્યા. એ સમયની જુદી જુદી તત્ત્વપરંપરા અવૈદિક કે અબ્રાહ્મણ સ્વરૂપની હતી. એટલે કે સૈદ્ધાંતિક રીતે એ પરંપરાથી વધુ વિકટ હતી.

આ તત્ત્વપરંપરામાંથી જૈન અને બૌદ્ધ ધર્મો એ કાળમાં સૌથી વધારે લોકપ્રિય બન્યા. એટલું જ નહિ જૈન ધર્મ શ્રમણ પરંપરામાં સૌથી લાંબા સમય સુધી - આજ દિવસ સુધી સાતત્ય સાથે અસ્તિત્વ ધરાવવાનું સૌભાગ્ય ધરાવે છે. મહાવીર અને ગૌતમ બુદ્ધની સમકાલીન એવી આ વિચારધારામાંથી મોટાભાગની અત્યારે વિલુપ્ત થઈ ગઈ છે. પણ એની માહિતી આપણને સમકાલીન ગ્રંથોમાંથી મળી આવે છે. આમાં આપણને પૂરણ કશ્યપ, પકુડ કાત્યાયન, ગોશાલક અજીત કેશકાંબલી અને સંજય બેલાટ્ઠિપુત્રના નામો મળી આવે છે. દરેકે જીવનના સત્યો અને જગતના તત્ત્વો વિષે પોતાના મતો વ્યક્ત કર્યા હતા. પકુડ કાત્યાયન (કાચ્ચાયન)એ સમયની

કોઈ ધાર્મિક પરંપરામાં મુખ્ય સ્થાને હતો અને લોકોમાં એનું માનભર્યું સ્થાન હતું. સત્ કાયવાદની વિચારધારા એના નામ સાથે સંકળાયેલી છે. આ માન્યતાનો પાયો છે કે આ વિશ્વમાં સાત પદાર્થો છે - પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, સુખ, દુઃખ અને આત્મા. એના મત અનુસાર આ સાત પદાર્થો ન કોઈએ બનાવ્યા છે અને ન કોઈ બનાવી શકે. તેઓ પર્વત અને થાંભલાની જેમ અડગ અને અચલ છે. આ પદાર્થોમાંથી બીજા કોઈ પણ પદાર્થોનું સર્જન થઈ શકતું નથી. આ પદાર્થો ન બદલાઈ શકે છે, ન એનું રૂપાંતર થઈ શકે છે. આ પદાર્થો એકબીજાને સુખ-દુઃખ દેવા માટે અસમર્થ છે.

આમ મોટાભાગના શ્રમણ મતની જેમ પકુડ કાત્યાયને સર્જનહારની સંકલ્પનાનો અસ્વીકાર કર્યો છે. એણે જગતમાં સાત પદાર્થોને મુખ્ય અને શાશ્વત માન્યા છે. આથી એના મતને શાશ્વતવાદ પણ કહેવામાં આવે છે.

સૂત્રકૃતાંગ અને બૌદ્ધ સૂત્રોને આધારે પકુડ કાત્યાયનના મત માટે આપણને શાશ્વતવાદ શબ્દ મળે છે. પકુડના મતે તત્ત્વો એકબીજાથી એટલા અલગ વિપરીત છે કે તેમનું એકબીજામાં રૂપાંતર કે સંક્રમણ થવું શક્ય નથી. સૂત્રકૃતાંગમાં એના મતને આત્મષષ્ઠવાદ એટલે કે આત્માને છઠ્ઠા તત્ત્વ તરીકે માનનારી પરંપરા કહેવામાં આવી છે. પકુડ કહે છે કે તત્ત્વો અવિનાશી છે અને એમનું સ્વરૂપ શાશ્વતપણે એક જ પ્રકારનું રહે છે.

મહાવીરના સમયમાં ક્રિયાવાદ, અક્રિયાવાદ, અજ્ઞાનવાદ, નિયતિવાદ વગેરે મતો વિસ્તૃત ચર્ચાનો વિષય બન્યા હતા. ક્રિયાવાદના ચિંતનનું કેન્દ્ર આત્મા છે. ક્રિયાવાદ આત્મા અને લોકના અસ્તિત્વને સ્વીકારે છે અને આત્માના કર્તૃત્વ અને પુર્નજન્મને માને છે. બીજી બાજુ અક્રિયાવાદ આત્માના અસ્તિત્વ, કર્તુત્વ અને પુર્નજન્મને નકારે છે. આ સંદર્ભમાં પકુડ કાત્યાયનનો મત સમજીએ. એણે આત્માને એક તત્ત્વ તરીકે સ્વીકાર્યું છે. એ આત્માના અસ્તિત્વને સ્વીકારે છે. એ અર્થમાં એ ક્રિયાવાદી છે પણ એ કર્મ કે ક્રિયાના આત્મા પરના પ્રભાવને નકારે છે. એના મતે આત્મા સારા કે ખરાબ કર્મોથી પર છે. આમ અહીં આપણને અક્રિયાવાદની ઝલક દેખાય છે.

પકુડ કાત્યાયને પોતે રચેલું સાહિત્ય આપણી પાસે ઉપલબ્ધ નથી. આથી આપણે એના કર્મફળ અને આત્માના સંબંધ વિષેના મત વિષે સ્પષ્ટપણે કહી શકીએ એમ નથી. ક્રિયાવાદ સામાન્યપણે કર્મફલ અને પુર્નજન્મના સંબંધને માને છે. પકુડના અક્રિયાવાદના સિદ્ધાંત અને એના સમકાલીન પૂરણ કશ્યપ વચ્ચે સમાનતા જોવા મળે છે. પકુડની મત ક્રિયાવાદ અને અક્રિયાવાદના સંગમ અને સરહદ પર માની શકાય.

પકુડની તત્ત્વો વિષેની ચર્ચા અણુવાદ તરીકે પણ સંબોધવામાં આવે છે. અણુવાદનો સ્વીકાર જૈન પરંપરામાં કરવામાં આવ્યો છે. પકુડ કાત્યાયનના વ્યક્તિગત જીવન વિષે આપણને કોઈ ખાસ માહિતી મળતી નથી. એનું નામ પકુડ અને ગોત્રનું નામ કાત્યાયન અથવા કાસ્યાયન હતું. એનું નામ પ્રકૃદ્ધ શબ્દ પરથી પડયું લાગે છે. પ્રકૃદ્ધ શબ્દનો અર્થ ક્રોધી સ્વભાવનો એમ કરી શકાય.

આત્મા સુખ-દુઃખથી પર છે અથવા સુખ-દુઃખનો આત્મા પર પ્રભાવ થતો નથી એવો પકુડ કાત્યાયનનો મત છે. જીવને સંસારમાં થતા સુખ-દુઃખના અનુભવને પકુડ નકારે છે. કાત્યાયન બ્રાહ્મણ કુટુંબનો હતો. તે ગરમ પાણીનો વપરાશ કરતો અને ઠંડા પાણીને ટાળતો તે પાણીમાં જીવના અસ્તિત્ત્વને માનતો હતો. એણે સ્થાપિત કરેલા ધાર્મિક સંઘમાં બાહ્ય આચારમાં વ્રતપાલનની સખ્તાઇ નહોતી. પછીના સમયમાં જનમાનસમાંથી આ પરંપરાની સ્મૃતિ ભૂંસાઈ ગઈ છે. ભગવદગીતા, સાંખ્ય પરંપરા અને પકુડ કાત્યાયનના સિદ્ધાંતો વચ્ચે ઐતિહાસિક સંબંધ જોવા મળે છે.

અમુક વિદ્વાનોના મતે પકુડ કાત્યાયનની સરખામણી ગ્રીક તત્ત્વચિંતક એમ્પેડોકલ્ય સાથે કરી શકાય. બંનેની સૃષ્ટિના તત્ત્વોના સ્વરૂપ વિષેની ચર્ચામાં સમાનતા જોવા મળે છે. હા, પણ એમ્પડોકલ્યે પ્રેમ અને સંઘર્ષનો પણ તત્ત્વોમાં સમાવેશ કર્યો હતો.

અંતમાં એટલું કહી શકાય કે બૌદ્ધિક ચર્ચાઓના યુગમાં પકુડ કાત્યાયનની વિચારધારામાં સમકાલીન મતોનો પ્રભાવ ચોક્કસપણે જોવા મળે છે એના ચિંતનને કોઈ એક વાદના સીમાડામાં સીમિત ન માની શકાય.

❑❑❑

૧૯૬, પંતનગર, ઘાટકોપર, મુંબઈ - ૭૫.
સંપર્ક : ૨૫૦૧૪૮૫૯

Awareness must be like the rays of the sun,
extending everywhere, illuminating all.

- BKS IYENGAR

# શ્રી રતિલાલ દીપચંદ દેસાઈની વહેતી ચિંતનાત્મક ધારા

**અનિતા આચાર્ય**

**મા** શારદાની અસીમ કૃપા પામનાર ચિંતક શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ ના ચિંતનશીલ જીવન અને તાત્ત્વિક કવનને આત્મસાત કરી શબ્દ દેહ આપવો એટલે 'સાગરને ગાગરમાં સમાવવાનું બીડું ઝડપવું.' આ માટેનો સુવર્ણયોગ 'પ્રબુદ્ધ જીવન' વિશેષાંક રૂપે સાંપડયો છે, તેમના માટે હું આપ સર્વની આભારી છું. અમે પ્રસ્તુત લેખની શરૂઆત ચિંતક શ્રી રતિલાલ દેસાઈના ચિંતન પ્રવાહથી ઓતપ્રોત પુસ્તકરત્નો વાંચતા વાંચતા સ્ફૂરેલી પંક્તીઓથી કરીશ...!

*''મનખા દેહના રતીભાર મુઠ્ઠી ઉંચેરા માનવી,*
*ગુણગ્રાહી અને રસગ્રાહી ચિંતનાત્મક કૃતિઓના ધણી,*
*જ્ઞાન-દર્શન-ચારિત્રના ગૌરવથી શોભાયમાન,*
*ચિંતક શ્રી રતિભાઈ દીપચંદ દેસાઈને સાદર સમર્પણ..''*

સમ્રાટ નેપોલિયને કહ્યું છે તેમ, વિશ્વમાં બે શક્તિ છે. તલવાર અને કલમ. તલવારની શક્તિ છે પણ અંતમાં તો તે કલમથી હારી જાય છે. વિષમય સમયમાંય અમૃત સમીપે દોરે તેવા ચિંતનને કાગળ પર ઉતારીને સર્જનની બધી જ સંભાવના મૂર્ત કરનાર ચિંતક શ્રી રતિલાલ દીપચંદ દેસાઈનો જન્મ તા. ૧૨મી સપ્ટેમ્બર ૧૯૦૭ના રોજ ખેરાળી ગામે થયો હતો. તેમનું મૂળ વતન સાયલા.

તેમને બાળપણમાં ભક્તિના સંસ્કાર માતા શિવકોરબેન અને પિતા દીપચંદભાઈ પાસેથી સાંપડેલા. પિતાશ્રી દીપચંદ દેસાઈની નોકરીના સ્થળાંતરને કારણે પ્રાથમિક શિક્ષણ યેવલામાં, ધૂળિયામાં, વઢવાણમાં ફરી પાછા ધુળિયામાં અને સુરેન્દ્રનગરમાં થયું હતું. તેમની ૧૪ વર્ષની ઉંમરે માતાનું મૃત્યુ થયું. પત્નીના મૃત્યુને રતિભાઈના પિતા સતત ઘૂંટયા કરવાને બદલે બાળકોને માની ખોટ ન સાલે, એમ ઉછેરવા લાગ્યા. કાશીવાળા આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની સલાહથી રતિબાઈને મુંબઈમાં વિલેપાર્લામાં આવેલ 'શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ'નામની પાઠશાળામાં અભ્યાસ માટે મૂક્યાં.

શ્રી રતિભાઈના જીવનમાં સ્થળાંતરોના ચક્રો તો ગતિમાન રહ્યાં. વિલેપાર્લાની પાઠશાળામા સ્થાયી ન થયા ત્યાં જ આખી પાઠશાળાનું વિ.સં. ૧૯૭૮ના અંતમાં બનારસ ખાતે સ્થળાંતર થયું. ત્યાં સાથે ભણવામાં તેમના પિતરાઈભાઈ બાલાભાઈ દેસાઈ (જયભિખ્ખુ)નો યોગ સાંપડયો. બે ચઢી વર્ષ સુધી પાઠશાળાને બનારસ અને આગ્રામાં ચાલુ રાખ્યા બાદ શિવપુરીમાં આ પાઠશાળા સ્થિર થઈ. અહીં તેમનો સ્થિરતાથી અભ્યાસ સાધનાનો જ્ઞાનયજ્ઞ મંડાણો. આ જ્ઞાનયજ્ઞના ફળ સ્વરૂપ તેઓશ્રીએ ઈ.સ. ૧૯૨૮માં સંસ્કૃત એસોસિએશનની 'ન્યાયતીર્થ'ની પદવી પ્રાપ્ત કરી. આવી પદવી પ્રાપ્ત કરનાર તેઓશ્રી તે પાઠશાળાના પ્રથમ વિદ્યાર્થી હોવાથી પાઠશાળાએ તેમને 'તાર્કિક શિરોમણિ'ની પદવી આપવાનું નક્કી કર્યું પણ પોતે એ પદવી માટે યોગ્ય નથી તેમ અનાસક્ત ભાવે કહી તે પદવી ન સ્વીકારી. આખરે પાઠશાળાએ તેમને 'તર્કભૂષણ'ની પદવી આપી. પોતાની આવડત કરતા પણ હંમેશા ઓછું જ સ્વીકારવું તે જીવનદષ્ટિના મૂળ અહીં પડેલા દેખાય છે.

દરમ્યાન તેમના પિતાશ્રી બે-અઢી વર્ષની દીક્ષા પર્યાય બાદ (મુનિ શ્રી દીપવિજય) કાળધર્મ પામ્યાં. પૂ. ધર્મસૂરિજીની પાઠશાળાના ઘણાં ઊંડા સંસ્કારે તેમને અને સંપૂર્ણ દેસાઈ કુટુંબને સુસંસ્કૃત કરેલ છે. જેના દર્શન આપણને તેમની પછીની પેઢી પરથી સુપેરે પ્રાપ્ત થાય છે. શ્રી રતિભાઈ ભણતર કરતાંય વધારે મૂલ્યવાન ગણતર પણ અહીં સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત કરતા ગયા. જીવનના પ્રત્યેક બનાવને અને આજુબાજુ બનતા બધા પ્રસંગોને તટસ્થપણે, ન્યાયપૂર્વક મૂલવવાની જે દૃષ્ટિ અહીં પ્રાપ્ત થઈ તે પણ સમય જતા ખીલતી જ ગઈ. કોઈપણ વ્યક્તિના વ્યક્તિત્વમાં તેના બાળપણ અને યુવાનીના વર્ષો ખૂબ મૂલ્યવાન છે તે વાસ્તવિકતા છે.

જ્ઞાની ચિંતક શ્રી રતિભાઈના જીવનયાત્રાના ચઢાણમાં શિવપુરીની પાઠશાળા તથા અન્ય અભ્યાસ દરમિયાન પંડિત શ્રી જગજીવનદાસ, નૃહપતિ નાગરદાસ કસ્તૂરચંદ શાહ, ન્યાય અધ્યાપક રામગોપાલાચાર્ય, મુનિરાજ શ્રી જયંતવિજયજી મ.સા. શ્રી, પં. શ્રી સુખલાલજી, પં.શ્રી બેચરદાસજી, પ્રોફે. ફિરોજ કાવસજી દાવર, પં. શ્રી દલસુખભાઈ માલવણિયા, કાશીવાળા વિજયધર્મસૂરિશ્વરજી મ.સા., પૂ. દર્શનવિજય મ.સા., આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મ.સા. વગેરેના સંસ્કાર અને સાધનાનો અમૂલ્ય ફાળો છે. તેમાંય પૂ. શ્રી પુણ્યવિજયજી મ.સા. પ્રત્યેની ભક્તિ અને શ્રદ્ધા તો અવર્ણનીય હતી.

ત્યાર પછી તેઓશ્રી મુનિ સંમેલનના મુખપત્ર ''જૈન સત્યપ્રકાશ''ના સંપાદનમાં જોડાયા. તેર વર્ષ સુધી સંપાદન કાર્ય કર્યું. તે દરમ્યાન તેઓને પૂ. એ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.સા. તથા પૂ.આ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા. તેમજ તેઓના શિષ્યોનો ગાઢ સંપર્ક થયો. સાથે સાથે ભાવનગરમાં શ્રી બેચરભાઈ શાહ અને ભાઈચંદભાઈ જેવા મિત્રો મળ્યા. એ પછી વિ.સં. ૨૦૦૦માં તેઓ માસિક સો રૂપિયાના પગારથી અમદાવાદ સીડ્ઝ ટ્રેડર્સ એસોસિએશન નામના વાયદાના વેપારની સંસ્થામાં જોડાયા છતાં આર્થિક સંકડામણમાં પણ સટ્ટાથી તો દૂર જ રહ્યા. અહીં ૧૪ વર્ષ બે મહિના સુધી કર્તવ્યનિષ્ઠાથી બોર્ડ ઓફ ડિરેક્ટર્સના વિશ્વાસપાત્ર બન્યા. અહીં મેનેજમેન્ટને કરકસરના પગલાં તરીકે એક માણસ

ઘટાડવાની જરૂરિયાતમાં શ્રી પોપટભાઈને છૂટા કરવાનો નિર્ણય થયો. શ્રી રતિભાઈએ સરળતાથી તોડ કાઢ્યો કે ''તેમને છૂટા નથી કરવા, મારો પગાર અમને બંનેને વહોંચી આપજો. આવકની જરૂરત તો હોય જ, પણ તે માટે બીજું વધારાનું કામ કરતા'' નામ તેવા ગુણ પ્રમાણે પૈસાની ઘણી જરૂરીયાત હોવા છતાં સામેથી કામ માગી લેતા અને ઋણ અદા કરતા. ટૂંકી આવકમાં ઘર ચલાવવામાં તેમના સહધર્મચારિણી મૃગાવતીબહેનને તકલીફ તો પડી જ હોય પરંતુ તેણે પૂરી કરકસરથી બે છેડા ભેગા કરવાનો પ્રયત્ન કરીને પૂરો સહકાર આપ્યો.

પોતે જે કામ કરતા તેનું જે મહેનતાણું મળતું તે પોતાને કામ કરતા રતીભાર વધારે લાગે તો પગાર ઓછો કરવા માટે સંસ્થાને અરજી કરતા. આ રીતે જ્ઞાનોદય ટ્રસ્ટમાં, મહાવીર જૈન વિદ્યાલયમાં, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં તેમણે પગાર ઓછો લેવાનું સ્વીકાર્યું હતું.

વિ.સ. ૨૦૦૩માં ભાવનગરમાં સુપ્રસિદ્ધ 'જૈન' સાપ્તાહિકમાં લેખક શ્રી સુશીલની નાદુરસ્ત તબિયતને કારણે આપતકાલિન પ્રસંગે શ્રી રતિભાઈએ અગ્રલેખો લખવાનું કામ સ્વીકાર્યું પણ પછી તો ૩૨ વર્ષ પર્યંત તંત્રી-લેખો લખ્યાં. તે લેખોની પ્રાસંગિકતા, વિવિધતા અને ઘટનાના હાર્દ સુધી પહોંચવાની તીક્ષ્ણ દૃષ્ટિની સાથે તેમની રજૂઆતની કુનેહ, વૈચારિક સ્પષ્ટતા વગેરેને કારણે જન ગણમાં પ્રસિદ્ધિ પામ્યાં. શિવપુરીમાંથી જે ઉત્કૃષ્ટ પામ્યા, તેને સર્વોત્કૃષ્ટ બનાવી સૌ સુધી પહોંચાડયું.

જ્યારે શ્રી રતિલાલ દીપચંદ દેસાઈની ગૌરવવંતિ કલમ દાર્શનિક સાહિત્ય સૃષ્ટિમાં આરૂઢ થઈ ત્યારે તેમના ખેડાણમાં ચરિત્રકૃતિઓ, વાર્તાસંગ્રહ, પત્રકારત્વ ઈતિહાસગ્રંથ, અનુવાદ, સંપાદન કાર્ય વગેરેનું સર્જન સહજ મૂર્ત થયું છે. જેના ટૂંકમાં દર્શન કરીએ.

પ્રાચીન સાહિત્યની સમકાલીન આરસી સ્વરૂપ 'ચરિત્રકૃતિ'ઓમાં 'ગુરુગૌતમસ્થી' જેવું પુસ્તકરત્ન નોંધપાત્ર છે. આ સિવાય તેમણે 'સ્વ. શાન્તમૂર્તિ મુ. શ્રી જયંતવિજયજી', 'પૂજ્યપાદ બાપજી મહારાજ' (આચાર્ય વિજયસિદ્ધિસૂરિજી) 'મુનિરાજ શ્રી ગુણભદ્રવિજય', 'પં. સુખલાલજી', 'પં. બેચરદાસજી', 'પુરાતત્ત્વાચાર્ય મુનિશ્રી જિનવિજય', 'પ. શ્રી દલસુખભાઈ માલવણિયા', 'પંડિતવર્ય શ્રી લાલચંદ ભગવાનદાસ ગાંધી', 'શ્રી જયભિખ્ખુ' વગેરે જેવા વ્યક્તિઓના ચરિત્રને ટૂકમાં અલેખ્યા છે.

તેમની રચનાઓમાં તેમણે સત્વશીલ અને સંસ્કારપ્રેરક ૧૦ વાર્તાસંગ્રહો આપ્યા છે, - 'અભિષેક', 'સુવર્ણકંકલ', 'રાગ અને વિરાગ', 'પદ્મપરાગ', 'કલ્યાણમૂર્તિ', 'હિમગિરીની કન્યા', 'સમર્પણનો જય', 'મહાયાત્ર', 'સત્યવતી' અને 'મંગલમૂર્તિ'. આ ૧૦ વાર્તા સંગ્રહોનો સમાવેશ બીજી આવૃત્તિમાં પાંચ પુસ્તકો અનુક્રમે - 'મંગલમૂર્તિ', 'અભિષેક', 'માનવની-મહાયાત્રા', 'રાગ અને વિરાગ', 'દિલનો ધર્મ' સ્વરૂપે રજૂ થઈ ગયા છે. આ કથા સાહિત્યની પસંદગીમાં પ્રાચીન જૈન ધાર્મિક, ઐતિહાસિક ગ્રંથોમાંથી પ્રાપ્ત થતાં બીજ સમકાલીન સમયના પ્રતિબિંબમાં પ્રસ્થાપિત થતા થતા અત્માનુભૂતિના દ્વાર ખખડાવી નાખે છે.

તેઓશ્રીના વાર્તા સંગ્રહનાં નવસંસ્કરણ વખતે વિદ્વાન આ શ્રી શીલચંદ્રસૂરિજીનું કથન છે કે - ''એમની વાર્તાઓ વાંચતા હોઈએ ત્યારે અગાધ પરંતુ શાંત સાગરમાં નૌકાવિહાર કરતાં હોઈએ તેવો અહેસાસ થયા કરે. ક્યાંય તોફાન નહિ, કોઈ આછલકાઈ કે છીછરાપણું નહીં. અનૌચિત્ય તો ફરકે જ શાનું? સરળ શૈલી, વાક્યે વાક્યે ઝબકતી મૂલ્યપરસ્તી અને સંવેદનશીલતા આ તેમની વાર્તાઓનું પ્રાણતત્ત્વ છે.'' ઈતિહાસ, પુરાણ આગમસાહિત્ય, પોતાના અનુભવો, સંશોધનો, કલ્પનાઓ, અવલોકન, ચિંતન, મનન આ વાર્તાઓના ઉદ્‌ગમસ્થાન છે. બધી વાર્તાઓનું મૂળ બહુધા 'જૈનદર્શન'થી પ્રભાવિક છે.

તેમના સાત્ત્વિક અને નિડર 'પત્રકારત્વ'ની વાત કરીએ તો તેર વર્ષ સુધી મુનિ-સંમેલનના માસિક મુખપત્ર 'જૈન્ય સત્યપ્રકાશ'નું તથા ઈ.સ. ૧૯૩૯ આસપાસ 'વિદ્યાર્થી' માસિકનું સંપાદન (શ્રી જયભિખ્ખુ સાથે) અને ઈ.સ. ૧૯૪૮ થી ઈ.સ.૧૯૭૯ દરમ્યાન 'જૈન' અઠવાડિકમાં અગ્રલેખો, 'સામાયિક સ્ફૂરણ'ની નોંધોમાં તેમનું પ્રદાન નોંધપાત્ર છે.

'જૈન' પત્રના તંત્રી તરીકે તેમણે ત્રણ દાયકા સતત શ્રમ અને નિષ્ઠાયુક્ત, નીડર અને સાત્ત્વિક વિદ્યાની ઉપાસના કર્યા કરી હતી. ત્રણ દાયકા અર્થાત્ બત્રીસેક વર્ષમાં દર અઠવાડિયે લેખો મોકલે તેમાં માત્ર એક વખત લેખ નહીં પહોંચેલો. તેમણે એક પ્રસંગે કહેલું કે, - ''પોતાની જાતનું અને વિશ્વનું સત્યદર્શન પામવાનો મુખ્ય ઉપાય છે નિષ્ઠાભરી, નિસ્વાર્થ, નિર્દંભ અને નિર્મળ જ્ઞાનસાધના'' તેમના અન્ય એક પ્રસંગની વાત કરીએ તો ઓગસ્ટ ૧૯૮૪માં એક યાદગાર સન્માન સમારોહમાં તેમના આ લેખો ગ્રંથસ્થ કરવાની જાહેરાતના પ્રત્યુત્તરમાં કહ્યું કે, - ''ના, ના, એ તો રોટલા માટે લખાયેલા; એને એમ છાપશો નહિ.'' કેવું ભર્યું - ભાદર્યું આત્મનિરીક્ષણ! તેમના જીવનમાં જ્ઞાનસાધના અને સાહિત્યદર્શનની સાધનાના સમન્વય અને વિષમ અર્થ તંત્ર નિર્વાહને કેટલો દોહયતૌ કર્યો છે, એવી ઉત્કૃષ્ટ રજૂઆત પણ એમાં ગર્ભિત છે.

શ્રી રતિભાઈએ લખેલ પટના તંતુના કાંતણ સમાન 'ઈતિહાસ' ગ્રંથોનું આલેખન નોંધપાત્ર છે. - 'શ્રી મહાવીર જૈનવિદ્યાલયની વિકાસકથા'નું નિર્માણકાર્ય પૂર્ણ કર્તવ્યનિષ્ઠાથી પાર પાડેલું. શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ધાર્મિક શિક્ષણ પ્રવૃત્તિ સાથે બાર (૧૨) વર્ષ સંકળાઈને ૧૯૭૨માં નિવૃત્તિ સમયનું કથન, - ''મને સોંપવામાં આવેલ કાર્યો માટે જે રીતે ન્યાય આપવો જોઈએ એ રીતે હું આપી શક્યો નથી.'' એમ કહી રાજીનામુ આપેલ પણ સંસ્થાએ રાજીનામાના સ્વીકાર સાથે શ્રી રતિભાઈના સંસ્થા પ્રત્યેના ઋણ

સંદર્ભે ઠરાવમાં કહ્યું કે, આપે જિનાગમ અને સાહિત્ય પ્રકાશન, ધાર્મિક શિક્ષણ પ્રવૃત્તિ અને વિદ્યાલયનો અન્ય કાર્યો પૂર્ણ ઉત્સાહ અને ન્યાયથી પાર પાડી સંસ્થાની પ્રતિભા સમાજમાં વધારવા અમૂલ્ય ફાળો આપેલ છે. અહીં આપણને શ્રી રતિભાઈની કાર્યસિદ્ધિમાં સંસ્થા પ્રત્યેની તેમની ભક્તિ અને અનાસક્ત ભાવના દર્શન થાય છે.

ભારતની ચારે દિશાઓમાં એક એકથી ચડિયાતા એવા પ્રાચીન અને અર્વાચીન જૈન તીર્થો શોભી રહ્યા છે. પરંતુ એ બધાની વચ્ચે પણ પોતાની કેટલીક આગવી વિશેષતાઓના કારણે, કચ્છનું શ્રી ભદ્રેશ્વર મહાતીર્થ જુદું જ તરી આવે છે. તેના પુલકિત ઈતિહાસને દાર્શનિક શબ્દદેહ આપી વિષયની છણાવટ, રજૂઆતની સુગમ, સરળ શૈલી અને પ્રાસાદિકતાથી 'શ્રી ભદ્રેશ્વર-વસઈ મહાતીર્થ' ગ્રંથને વિદ્વત ભોગ્યની સાથે લોકભોગ્ય બનાવ્યો છે. આવી હતી તેમની સરળ શૈલી!

ભદ્રેશ્વરનો ઈતિહાસ લખવાનું કામ ચાલતું ત્યારે 'આ ઈતિહાસમાં આટલો સુધારો કરો' એવી વાત આવી ત્યારે ખૂબ દઢતા પૂર્વક વિરોધ કર્યો. ''હું ઈતિહાસ લખવા બેઠો છું, ભાટાઈ કરવા નહીં. પુસ્તક એ જીવતું બાળક છે. મારા હાથે તેનું ગળું દાબવાનું પાપ હું નહીં કરું'' આમ દઢતા પૂર્વક પોતાની વાતને વળગી રહ્યા. વાત કોર્ટે ગઈ પણ અંતે તેમની વાત સાચી સાબિત થઈ. પોતાના પાછલા વર્ષોમાં પોતે પોતાના વિરોધીને પણ ભાવ પૂર્વક ખમાવ્યા હતા.

ગિરિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થ પર દાદાની મુખ્ય ટુંકમાંથી ઉત્થાપન કરેલ પાંચસોથી પણ વધુ જિનપ્રતિમાઓને બાવન જિનાલયવાળા નૂતન જિન પ્રસાદમાં પુનઃ પ્રતિષ્ઠિત કરતી વખતે જે અવિસ્મરણીય મહોત્સવ ઉજવાયો તેની તલસ્પર્શી માહિતીનો ચિતાર આપતો 'પ્રતિષ્ઠાનો અહેવાલ' (શ્રી શત્રુંજયગિરિ) સુંદર રીતે આલેખ્યો છે.

પૂજ્ય આચાર્ય વિજયવલ્લભસૂરિજીના શતાબ્દી સમારોહ માટે 'જન્મશતાબ્દીનો અહેવાલ'નું ચિત્રણ પણ સુપેરે પાર પાડેલ છે.

આધાર વગર કશું જ લખી શકાય નહીં એ તેમનો મત ઈતિહાસ ગ્રંથોમા દેખાય છે. ત્રણ સૈકા કરતાંય લાંબા સમયથી તીર્થરક્ષા, શાસનપ્રભાવના, જીર્ણોદ્ધાર વગેરે ક્ષેત્રોમાં કામ કરી રહેલ અને શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘનું પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની કામગીરીનું મૂલ્યાંકન કરીને ઈતિહાસ તૈયાર કરવાનું ભગિરથકાર્ય કરેલ છે. આ ગ્રંથનું નામ 'શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનો ઈતિહાસ' છે, જે બે ભાગમાં પ્રકાશિત થયેલ છે.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની પ્રાચીનતા અને નામની મહત્તાના દર્શન પર દષ્ટિપાત કરતા જણાશે કે, એનુ નામ વ્યક્તિવિશેષના નામ ઉપરથી નથી પડયું પણ સંઘનું નામ અને કામ સદા આનંદકારી અને કલ્યાણકારી જ હોય, એવા ભાવદર્શનને ધ્યાનમાં લઈને 'આનંદ' અને 'કલ્યાણ' એ બે શબ્દો અહીં યોજવામાં આવ્યા છે. શ્રી રતિભાઈ માટે બીજા ભાગના લેખનનું કાર્ય કોઈ તપસ્વીના આકરા તપ જેવું બન્યું. કારણ કે ત્યારે તેઓની નાદુરસ્ત તબિયતના કારણે એ લેખન કાર્યમાં તેમને સુપુત્રી શ્રીમતિ માલતીબેન (જે હાલમાં લેખનકાર્યોમાં પ્રવૃત છે) અને પૌત્રી શ્રી શિલ્પાના સાથથી બીજા વિભાગનું કાર્ય પૂર્ણ કર્તવ્યનિષ્ઠાથી પાર પાડયું અને એની સાથે સાથે જીવનલીલા પણ સંકેલી લીધી.

જન્મ સાથે મૃત્યુ જોડાયેલું છે. વિષમ પરિસ્થિતિમાં સમભાવે વર્તનાર ચિંતનશીલ શ્રી રતિભાઈ દેસાઈ ૭૮ વર્ષ જેટલું આયુષ્ય ભોગવીને ૭મી ડીસેમ્બરે ૧૯૮૫ના રોજ અમદાવાદમાં અવસાન પામ્યા અને મેડિકલ કોલેજને સંશોધન માટે પોતાનું દેહદાન કરતા ગયા. શબ્દદેહ સાથે તો આપણી વચ્ચે તેઓ સદાય ધબકતા રહેશે.

સરળ 'અનુવાદ' કાર્યના વિશિષ્ટ પ્રદાનમાં 'દેવદાસ' (શરદબાબુની નવકથા, શ્રી જયભિખ્ખુના સહયોગમાં), 'કવિજીના કથારત્નો' (પૂજ્ય ઉપાધ્યાયશ્રી અમરમુનિ કૃત)ના અનુવાદનું કામ નોંધપાત્ર છે.

તેમના નોંધપાત્ર સંપાદન કાર્યોના યોગદાનમાં 'ધૂપસુગંધ' (વાર્તાઓ), 'શ્રી સુશીલ'ની સંસ્કારકથાઓ', 'તિલકમણિ' ('જયભિખ્ખુ'કૃત વાર્તાઓ), 'જૈન ધર્મનો પ્રાણ' (પં. સુખલાલકૃત, પં. શ્રી દલસુખભાઈના સહયોગમાં), 'જૈન ધર્મ-ચિંતન' (પં. દલસુખભાઈ માલવણિયા કૃત), 'જૈન ઈતિહાસની ઝલક' (મુનિ શ્રી જિનવિજય કૃત), 'શત્રુંજયોદ્ધારક સમરસિંહ અને બીજા લેખો' (લે. શ્રી નાગકુમાર મકાતી), 'શ્રી આનંદઘનના પદો' (ભાગ-બીજો), 'શ્રી આનંદઘન - ચોવીશી' (બંને ગ્રંથો શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડિયાના વિવેચન સાથે), 'રાજપ્રશ્ન' (શ્રીમદ્ રાજચંદ્રકૃત), 'કલા અને સાધના' (લે.પૂ. મુનિચંદ્રવિજયજી), 'શ્રદ્ધાંજલિ' વિશેષાંક (બીજા વિદ્વાનોના સંયોગમાં) (મુનિશ્રી પુણ્યવિજયજી), 'આ.શ્રી વિજયનંદનસૂરિ - સ્મારક -ગ્રંથ', 'પ.પૂ.આ.શ્રી વિજય અમૃત ધર્મધુરન્ધર - સ્મારક-ગ્રંથ'ની રજૂઆતો નોંધપાત્ર છે.

ચિંતનશીલ શ્રી રતિભાઈએ પોતાના અંગત જીવનમાં સહજ રીતે માનવમૂલ્યોનું પ્રસ્થાપન કર્યું હતું. તેમના જીવનની આવી કેટલીક લાક્ષણિકતાઓ જાણવા સમજવા જેવી છે.

તેમના પહેરવેશની વાત કરીએ તો, ખાદીની ટોપી, ઝભ્ભો, ધોતિયું આવો સાદો તેમનો પહેરવેશ. શિયાળામાં તેની ઉપર બંડી, ગરમ કોટ, શાલ, મફલર. પગમાં કાળા બુટ, કપડા બે દિવસે ધોવા નાખવાના. ચાલુમાં ત્રણ જોડી કપડા સાથે વધારામાં બીજા બે એક જોડી કપડા રાખે ધોતિયા ઘસાય તેમાંથી પંચિયું બને. ઝભ્ભામાંથી બાંડીટું બને. રાત્રે સૂતી વખતે કપડા બદલીને આ પહેરે, જેથી ચાલુ કપડા ઓછા ઘસાય. કરકરસમાં પણ સંપૂર્ણ

જરૂરીયાત પૂર્ણ થાય એવો વૈભવ છે શ્રી રતિલાલ દીપચંદ દેસાઈનો.

રોજની સાફસૂફી કરતી વખતે તેમના ટેબલ ઉપર કશું જ ચડવાનું નહીં. આપણને અવ્યવસ્થિત લાગે અને આપણી દૃષ્ટિએ ગોઠવવા જઈએ, પણ તેમાં તેમણે મૂકેલ ચોપડીમાં કાગળ આડાઅવળા થઈ જાય તે તેમને ન પોસાય. 'ધૂપ સાથે થોડોક પ્રેમ કરો' એમ જણાવે. ઘરમાં દૈનિક સાફ-સૂફી કરવી ખરી, પણ એટલી ન કરવી કે આપણો ખૂબ સમય તે કામમાં જાય અને આપણે બીજા સર્જનાત્મક કે અગત્યના કામો ન કરી શકીએ.

દરરોજના પોતાના નિત્યક્રમમાં પોતે ગમે તેવું અગત્યનું કામ કરતા હોય, લખતાં હોય તો પણ તેને એક બાજુ રાખી દઈને આવનાર દરેક વ્યક્તિને પૂરતો સમય આપે. સામેની વ્યક્તિ 'માણસ' છે. ''જીવતો માણસ તો ચેતનવંતુ પુસ્તક છે, તેને જ પહેલા વાંચો'' એ તેમનો મત હતો. કોઈપણ પ્રકારના આડંબર વગર 'માનવધર્મ સૌથી ઊંચો' આ તેમની સમજ. ધર્મના ક્રિયા-કાંડમાં ઝાઝો સમય પસાર કરવાને બદલે દરેક સાથે આત્મીયતાથી વર્તો માનસિક ઉદારતાથી બધાને એક સરખો આદરભાવ.

ભૌતિક પદાર્થો માટે સંતોષી સ્વભાવ અને માનસિક આધ્યાત્મિક અવસ્થા માટે અસંતોષી સ્વભાવ. પોતાની વૃત્તિઓ હંમેશા કલ્યાણકારી રહે તે માટે સદાય જાગૃત રહેતા. તેઓને લગભગ ચારસો જેટલા સુભાષિતો, શ્લોકો, દોહાઓ કંઠસ્થ. ઘરમાં દરરોજ પ્રાતઃકાળે તકિયે અઢેલીને બેસીને એકાદ કલાક પ્રાર્થના કરતા તેમાં આ બધા કંઠસ્થ પદ્યોને અવારનવાર ધીમા સાદે ગાતા. સાંપ્રત બનાવોથી માહિતગાર રહેવા પુસ્તકો, સામાયિકોનો સતત અભ્યાસ કરતા. રેડિયામાં પણ 'Today in Parliament' જેવા કાર્યક્રમો એકચિત્તે સાંભળતા. તેમની રહેણી-કરણી, તેમના આચારવિચાર, તેમની ટેવોનો નૈતિક પાયો કદાચ તેમને મળેલ શિક્ષણમાં જોઈ શકાય છે.

પોતાના જીવનમાં શિક્ષણની સાથે-સાથે વ્યવહારના કાર્યોની ખીલવણી પણ થઈ ગઈ. પૂ. સાધુ મહારાજના લોચ હળવા હાથે કરવાની કુશળતા તેમનામાં હતી. આ જ રીતે સાધુ મહારાજોના પોટલા ખૂબ ચોકસાઈથી બાંધવાની કળા તેમને હસ્તગત હતી.

નાની ઉંમરમાં માતા-પિતાનો વિયોગ થયો હાવો છતાં શ્રી રતિભાઈને વાલીનો અભાવ ન સાલ્યો. શ્રી બાલાભાઈના પિતા શ્રી વીરચંદભાઈએ પોતાના પાંચ દીકરાઓ અને ત્રણ દીકરીની સાથે-સાથે પોતાના ભાઈ શ્રી દીપચંદભાઈના ત્રણ દીકરાઓ અને શ્રી જીવરાજભાઈના એક દીકરા એમ નવભાઈઓનો ઉછેર કરવામાં ખૂબ લક્ષ્ય આપ્યું. સંઘર્ષોની વચ્ચે પણ કૌટુંબિક લાગણીઓ સચવાયેલી શ્રી રતિભાઈ અને શ્રી બાલાભાઈ બંને લેખનકાર્યમાં સાથે સંકળાયેલા. રતિભાઈના ચારેય સંતાનો નીરૂભાઈ, નીતીનભાઈ, માલતીબેન, પ્રજ્ઞાબેન અને બાલાભાઈ (જયયભિખ્ખુ)ના દીકરા કુમારપાળભાઈ, - આ બધાયમાં અને દેસાઈ કુટુંબમાં જે સંસ્કાર વારસો જોવા મળે છે તેના મૂળમાં શિવપુરીની પાઠશાળાનું ઘડતર પડેલું છે. અર્થાત શ્રી રતિભાઈ અને શ્રી બાલાભાઈ બંનેનો જૈન સંસ્કૃત પાઠશાળામાં ઉછેર, માનવલક્ષી અભિગમ, ક્રાંતિકારી વિચાર અને ચિંતનશીલતા - આ બધાનો ફાયદો માત્ર તેમને જ નહીં, સમગ્ર કુટુંબને મળ્યો એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

શ્રી રતિભાઈ પોતે પણ માણસ ભૂખ્યો માણસ. કોઈપણ મહેમાન આવે ત્યારે તેને પ્રેમપૂર્વક, આગ્રહપૂર્વક જમાડતા. ઘરે દુલાભાયા કાગ, કેસરીબાપા, કોરાકાકા, ''જૈન'' પત્રવાળા ગુલાબચંદભાઈ, ભાયચંદભાઈ, બેચરભાઈ, કચ્છી ભાઈઓ શંભુભાઈ, ગોવિંદભાઈની સાથે ધૂમકેતુ, ગુણવંતરાય આચાર્ય, દલસુખભાઈ, અમૃતલાલભાઈ ભોજક, લક્ષ્મણભાઈ ભોજક જેવા સ્વજનો આવો તો અત્મીયતાપૂર્વક વાતો થાય. પંડિત સુખલાલ પાસે નિયમિત જવાનું, ઘરે અવારનવાર કોઈને કોઈ સાધુ ભગવંતો પણ આવે . વેવાઈ મળવા આવે તો પણ સગાભાઈ જેવું કે આપ્તજન જેવું હેત વરસાવે. સ્વભાવે આકરા પણ અંતે તો સૌના હિતેચ્છુ અને કુટુંબપ્રેમી.

મૂક સેવક બનીને કામ કરી જાણવું આ તેમનો જીવનમંત્ર 'Work is Worship' નું સુંદર લખાણ તેમના ટેબલ ઉપર રહેતું કેટલાય નાના મોટા પ્રસંગોએ પાછળ રહીને ખૂબ જવાબદારી અદા કરી હોય પણ પોતાનું નામ આવે એવી કોઈ અપેક્ષા જ નહીં.

તેમની પાસે પ્રકાશનના કામો ખૂબ આવતા. કેટલાય લેખકો અને સંસ્થાઓના પુસ્તકોને છાપવાનું કામ તેઓ પ્રેમપૂર્વક કરતા કાગળની પસંદગી, સંપાદન વખતે કોટાઓની પસંદગી અને ગોઠવણીની સાથે ટાઈટલ પેજના નમૂનામાં કલર પસંદગીમાં તેમની સૂઝ અને ખંતિલા સ્વભાવથી શ્રેષ્ઠિઓ, સાધુભગવંતો અને સંસ્થાઓ તેમના ઉપર પૂરેપૂરો વિશ્વાસ મૂકતા. કરકસર અને વ્યાજબી ભાવથી કામ પૂર્ણ કરતા. તેઓ કેટલાય સાધુભગવંતો સાથે સંપર્કમાં હતા. તે દરેકને ક્રિયાકાંડમાંથી બહાર કાઢીને કાંઈક વાંચતા વિચારતા અને લખતા કરતા તેમણે ઘણાને ટકોર કરી હતી. જેમ કે પૂ. આ પ્રદ્યુમ્નસૂરિજી, પૂ. આ. શીલચંદ્રસૂરિજી, પૂ. અમરેન્દ્રવિજય વગેરે પાસે લખાણની ઉઘરાણી કરતા ન લખતા હોય તેને લખતા કરે. ''તમે લખો તો ખરા'' સુધારશું, છપાવશું આમ કહીને બળ આપે.

ભારતીય ચિંતન પ્રવાહમાં 'જૈન દર્શન'ના પ્રવર્તક શ્રી રતિલાલ દીપચંદ દેસાઈના લેખન કૌશલ્યમાં મેઘધનુષ વિષયનો વૈભવ તો એવો છે કે જેને જે જોઈએ તે પ્રાપ્ત કરી શકે. અંતે માણસ સહજ સ્વભાવને કારણે ગુણ અને દોષોથી ભરેલો છે. પણ શિવપુરીના સંસ્કારે આપણને એક સરળ સાત્ત્વિક ચિંતનાત્મક ચિંતક શ્રી રતિલાલ દેસાઈ આપ્યા. જેની કલમે હર એક દિશા અને વિષયને ચિત કરી આપ્યા છે. તેમની જે નિઃસ્પૃહતા છે, તેમની જે કાર્યનિષ્ઠા છે, તે અજોડ છે. આમાં કોઈ બે મત નથી. આજના યુગમાં જ્યારે

મૂલ્યનો હ્રાસ થતો દેખાય છે ત્યારે તેમની જીવનશૈલી અને ચિંતનાત્મક લેખનીની વાતો દંતકથા જેવું ભાસે. પરંતુ તેમણે તો પોતાની જાતને, કુટુંબના સભ્યોને અને સમાજને ટપલા મારી મારીને ઘાટ આપવાનો આદર્શ રાખેલો. "Virtue is its own reward" અર્થાત, ''સદ્‌ગુણ પોત જ પોતાનો સન્માન ચંદ્રક છે.'' નિજાનંદની મસ્તીમાં મસ્ત ચિંતક શ્રી રતિલાલ દેસાઈની બહુમૂલ્ય હસ્તીને નમન.

❑❑❑

૬૦, શ્રી રામ. કો. ઓ. હા. સોસાયટી,
કાળુદેવસીની વાડીમાં, સરદારનગર,
ભાવનગર - ૩૬૪૦૦૧. સંપર્ક : ૯૪૨૭૪૯૬૨૭૧
ઈમેલ : acharya anita1906@gmail.com

# શ્રી રંગ અવધૂત

**કનુભાઈ લ. શાહ**

**ન**ર્મદા કિનારે વસેલું નારેશ્વર આજે એક યાત્રાધામ તરીકે ખ્યાતિ પામ્યું છે. શ્રી રંગ અવધૂતજીની તપશ્ચર્યા અને સાધનાના કારણે આ સ્થળ પવિત્ર બન્યું છે. લોકોની અવર-જવર ખૂબ રહે છે. ત્યાં સામાજિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ સતત ચાલતી રહે છે. શ્રી રંગ અવધૂતજીએ પોતાના આચાર અને વિચારદ્વારા લોકોમાં સદ્‌વિચારોનો પ્રસાર કર્યો છે. શ્રી અવધૂતજી કહેતા કે સારી વસ્તુઓનો પ્રચાર ન હોય, એ તો જાતે જ પોતાની સુવાસ દ્વારા દૂર દૂર ફેલાય. શ્રી રંગ અવધૂતના જીવનની એવી જ એક મહેક સુદૂર સુધી પ્રસરેલી છે.

મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લામાં દેવળે નામનું એક નાનું ગામ. આ ગામમાં જયરામભાઈ, કર્મકાંડી બ્રાહ્મણ વસતા હતા. એમને ચાર દીકરા હતા. તેમાં ત્રીજા નંબરના દીકરાનું નામ વિઠ્ઠલ હતું. એજ અવધૂતજીના પિતાજી. અવધૂતજીનું મૂળ નામ પાંડુરંગ અને માતાજીનું મૂળ નામ કાશી હતું. લગ્ન પછી તેમનું નામ રૂક્મિણી રાખવામાં આવ્યું અને પાછળથી તેઓ અવધૂત પરિવારમાં રુક્મામ્બા તરીકે જાણીતા થયાં.

ગોધરા (જિ. પંચમહાલ) ના વિઠ્ઠલનાથજીના મંદિરના પૂજારી તરીકે વિઠ્ઠલ પંત અને રુક્મિણી ગોધરા આવીને વસ્યા. આના પરિણામે ગુજરાતને પાંડુરંગ વળામે - રંગ અવધૂત મહારાજ મળ્યા. વિઠ્ઠલ અને રુક્મિણી ગુજરાતમાં આવ્યા અને ગુજરાતના થઈને રહ્યાં. પાંડુરંગનો જન્મ કારતક સુદિ નોમને સોમવાર, સં. ૧૯૫૫, તા. ૨૧.૧૧-૧૮૯૮ના રોજ પ્રદોષ સમયે થયો. આ પુત્રનું નામ પાંડુરંગ પાડવામાં આવ્યું. રામનામનો મંત્ર પાંડુરંગને એમના પિતાજી પાસેથી મળેલો. નાનપણમાં મળેલા આ મંત્રની પાંડુરંગની સાધનામાં મોટી સહાય રહી છે. પાંડુરંગની ભક્તિનો પાયો આમ રામનામની ઉપાસનાથી મજબૂત બન્યો.

પાંચ વર્ષની નાની વયે પાંડુરંગે પિતાજીનું અવસાન થતાં શિરછત્ર ગુમાવ્યું. રૂક્મિણીએ બે બે નાનાં સંતાનોની જવાબદારી કુશળતાપૂર્વક નિભાવી. માતાએ બાળકોમાં ધર્મના અને દેશભક્તિના સંસ્કારોનું સિંચન કર્યું. માતાના સારા સંસ્કારોના સિંચનથી બાળકોનું જીવન તેજસ્વીમય બન્યું. આ તેજસ્વીતા ભરી ખુમારી પાંડુરંગમાં જીવનભર રહી. ખુમારીના અનેક પ્રસંગો પાંડુરંગના જીવનમાંથી મળે છે.

પાંડુરંગ ભણવામાં હોશિયાર હતો. સંસ્કૃત અને અંગ્રેજી ભાષા પર તેનો સારો કાબૂ હતો. મેટ્રીકમાં તે વખતે અંગ્રેજી ભાષાની મૌખિક પરીક્ષા પણ લેવાતી પાંડુરંગ બ્રાહ્મણ અને માથે મુંડન કરાવેલું, ચોટલી પણ રાખેલી. આ બધું જોઈને પરીક્ષા લેનાર ગોરા સાહેબે એને અંગ્રેજીમાં પૂછ્યું : 'માથું મુંડાવવાથી કંઈ ફાયદો ખરો?' પાંડુરંગે ખુમારીપૂર્વક પણ વિનય સાથે અંગ્રેજીમાં ઉત્તર આપ્યો : 'પહેલો ફાયદો આર્થિક! અને બીજો ફાયદો મગજ ઠંડુ રહે અને વિચારો સારા આવે!' 'ખરેખર?' સાહેબથી બોલાઈ ગયું. પાંડુરંગે ફટ કરીને કહી દીધું : 'સાહેબ! આપ પ્રયોગ કરી જુઓ! હું ખોટો પડું તો મને નપાસ કરજો!' સાહેબે એને પ્રથમ નંબરે પાસ કર્યો.

પાંડુરંગે હવે કોલેજમાં પ્રવેશ લીધો. એક વાર કોલેજની ફી ભરવાના એમની પાસે પૈસા ન હતા. કોઈની પાસે હાથ લંબાવવાનું એમને ગમતું નહોતું. એ એવું કહેતા કે 'લાંઘણ હોજો પણ માંગણ ન હજો' એમણે વિચાર્યું કે હું ભણું એવી ઈશ્વરની ઈચ્છા હશે તો એ ફીની વ્યવસ્થા કરશે! પણ બન્યું એવું કે ફી ભરવાના છેલ્લા દિવસે કોઈ અજાણ્યા માણસે આવીને એમના હાથમાં દોઢસો રૂપિયા મૂક્યા અને કહ્યું કે 'વરસો પહેલાં મારા પિતાએ તમારી માતા પાસેથી ત્રણસો રૂપિયા ઉછીના લીધેલા, તે તેઓ આપી શકેલા નહિ. તેમણે મરતી વખતે આ વાત કરેલી. તે હિસાબે આજે હું ફક્ત અડધી રકમ જ આપી શક્યો છું. બાકીની રકમ વ્યાજ સાથે પછીથી આપીશ.'

પાંડુરંગ જ્યારે વડોદરા કોલેજમાં બી.એ.ના છેલ્લા વર્ષમાં હતા ત્યારે રાષ્ટ્રપિતા મહાત્માજીએ સ્વરાજ્ય માટે અસહકાર અને સત્યાગ્રહનું આંદોલન ચાલુ કરેલું. પાંડુરંગ ગાંધીજીની હાકલને લીધે કોલેજ છોડી ગાંધીજીના આંદોલનમાં જોડાઈ ગયા. ત્યારબાદ તેઓ ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક થયા અને અમદાવાદની એક રાષ્ટ્રીય શાળામાં શિક્ષક તરીકે જોડાયા. શિક્ષક તરીકે વિદ્યાર્થીઓમાં તેઓ ખૂબ જ પ્રિય હતા.

ગાંધીજીના સહવાસના કારણે તેઓ ગાંધીજીના આદર્શો પ્રમાણે જીવ્યા, ખાદી સ્વીકારી અને પોતે પાંડુરંગમાંથી અવધૂત બન્યા તો પણ ખાદીની લંગોટી, ખાદીની ચાદર, ખાદીનો નેપકીન અને ટુવાલ જ વાપરતા. આખું જીવન ખાદીના વસ્ત્રોનો જ ઉપયોગ કર્યો.

એકવાર ગરુડેશ્વરની સામે આવેલા નર્મદાતટે ઈન્દ્રવર્ણા ગામના શંકરના મંદિરમાં મિત્રો સાથે રાત્રે સુતા હતા. રાત્રે સ્વપ્નમાં દૃષ્ટાંત થયો. 'દત્તપુરાણના ૧૦૮ પારાયણ કરો. સ્વપ્નમાં ટેમ્બેસ્વામીએ મંત્ર આપ્યો અને એ મંત્ર જપવાની વિધિ પણ બતાવી' આ પહેલાં તેમણે 'દત્તપુરાણ' નામ પણ સાંભળેલું નહિ, પણ જેણે આજ્ઞા કરી છે તે જ ગ્રંથની વ્યવસ્થા કરશે એ શ્રદ્ધાથી એમણે પુસ્તકની શોધ ચાલુ રાખી. આકસ્મિક રીતે જ ભરૂચમાંથી એમને 'દત્તપુરાણ' ગ્રંથની નકલ મળી.

શાળામાં નોકરી કરતા હતા તે સમયથી જ સાધનાનું સ્થળ શોધતા હતા. સાધનાનું સ્થળ નક્કી કરવા માટે સંતોનું માર્ગદર્શન પણ માગતા. વડોદરાના સંત ભગવાને સાધના માટે નર્મદા કિનારો શ્રેષ્ઠ છે તેમ જણાવ્યું. નર્મદા તટની શોધમાં તેઓ રણાપુર ગામે આવ્યા. ગામમાં તેમને દાસકાકા - હરગોવિંદદાસ કાનજીભાઈ સોની મળ્યા. રણાપુરના દાસકાકાએ રણાપુરથી સાત માઈલ દૂર નારેશ્વરનું નિબિડ જંગલ બતાવ્યું. ત્યાં જૂનું શિવાલય હતું. દિવસે પણ બીક લાગે એવી બિહામણી ભૂમિમાં પાંડુરંગને દિવ્યતાનો સ્પર્શ થયો. અહીં આવતાંની સાથે જ અવધૂતને એક દિવ્ય દૃશ્ય દેખાયું. મોટો નાગ બે મોરલાની વચ્ચે ગેલ કરતો હતો, રમતો હતો એમ જણાયું. સામાન્ય રીતે આ બંને એકબીજાનાં દુશ્મન હોવા છતાં આ રીતે સાથે રમતાં જોઈને અવધૂતજીને આ સિદ્ધભૂમિ છે તેની ખાતરી થઈ ગઈ. તેથી આ જગ્યાને જ સાધના સ્થળ માટે પસંદ કરી.

સંવત ૧૯૮૨ ના માગસર વદ ચોથના દિવસે એટલે કે સને ૧૯૨૫ ની ચોથી ડિસેમ્બરના દિવસે પાંડુરંગ વળામે એ ત્યાં શિવાલય પાસેના લીમડાના ઝાડ નીચે આસન મૂક્યું. નારેશ્વરમાં માગસર માસની ઠંડીમાં સવારે ત્રણ વાગે ઉઠવાનું, રાત્રે માટલામાં ભરી રાખેલા ઠંડા પાણીમાં સ્નાન કરવાનું અને પછી સાધનામાં લાગી જવાનું. સૂર્યોદય થયે નર્મદા સ્નાન કરી દત્તપુરાણના પારાયણ કરવાના. સવારે ભોજનમાં ખીચડી અને રાતે દૂધ. એકાંતમાં સાધના સારી થતી. પાંડુરંગે પોતાના પાંડુરંગ નામમાંથી પાંડુ શબ્દ દૂર કરી જોડે અવધૂત શબ્દ મૂક્યો. સંન્યાસીની કુટી ચક, બહૂદક, હંસ અને પરમહંસ એવી કક્ષાથી ઉપરની કક્ષા તે અવધૂત કક્ષા છે. હવેથી પાંડુરંગ 'રંગ અવધૂત' તરીકે ઓળખાયા.

પાંડુરંગ માનતા કે સાધુ તો સાદું જીવન જીવે અને ઉંચા વિચારો કરે. સીધું ઉઘરાવે તે સાધુ નહીં પણ સાધના કરે તે સાધુ. વડોદરાના સંત ભગવાને પાંડુરંગને આમશીવૃત્તિ - કેવળ ભગવાન ભરોસે જીવવાની સલાહ આપી હતી. પાંડુરંગ જ્યારે નારેશ્વરમાં સાધનાર્થે બેઠા ત્યારે એમણે પાંચ 'પ' (P) નો ત્યાગ સ્વીકાર્યો હતો. આ પાંચ 'પ' (P) એટલે પૈસાનો સ્પર્શ કરવો નહિ (થઈ જાય તો ઉપવાસ કરવો) (૨) પ્રવચન કરવા નહીં (૩) પ્રચાર કાર્ય કરવું નહિ (૪) પ્રતિષ્ઠા માટે પ્રયત્નો કરવા નહિ (૫) પીઠ પરંપરા ઊભી કરવી નહિ. પાંડુરંગ શિક્ષિત અને આદર્શ સંત હતા. એટલે તેઓ આ પાંચ 'પ'નો જીવનમાં કડક અમલ કરીને જીવ્યા.

આકાશવૃત્તિથી દત્તપુરાણના ૧૦૮ પારાયણ કરવા માટે પાંડુરંગ નારેશ્વરના અડાબીડ જંગલમાં આવ્યા. દત્તપુરાણના પારાયણના અનુષ્ઠાનની પૂર્ણાહૂતિમાં ધાર્મિક વિધિ કરવાનો કોઈને વિચાર આવ્યો નહિ. એટલે પાંડુરંગે માન્યું કે દેવની ઇચ્છા ચીલાચાલુ ઉદ્યાપન કરવાની નથી એમ માની પાંડુરંગે ૧૦૮ દિવસમાં નર્મદાની પરિક્રમા કરવાનું નક્કી કર્યું. નર્મદા નદી જ ફક્ત એવી છે કે એના બંને તટની પરિક્રમા થઈ શકે. એમ કહેવાય છે કે 'ગંગા પાને, યમુના સ્નાને અને રેવા દર્શન માત્રે પાવન કરનારી છે.' ૩૨૦૦ કિલોમીટરની એ પરિક્રમા મહારાજે ૧૦૮ દિવસમાં પૂરી કરી. એમણે એક જ દિવસમાં ૮૦ કિ.મી. નો પંથ કાપેલો. ખોરાકની એમને ચિંતા ન હતી. અવધૂતજી તો મોટે ભાગે ગોળનું પાણી અને ચણાની દાળ પલાળીને ખાય. પરિક્રમા દરમિયાન મહારાજ માતાજીના મંદિરે દર્શન કરવા ગયા. પૂજારીએ બારણું ખોલ્યું નહિ. મહારાજ મંદિરના બારણા પાસે બેસી ગયા અને માતાને આર્દ્ર સ્વરે પ્રાર્થના કરવા લાગ્યા. ફરી ફરીને પ્રાર્થના કરતા ગયા. ત્યાં તો ફટાક કરતાં બારણાં ખૂલી ગયાં અને માતાએ બાળકને દર્શન આપ્યાં.

શ્રી અવધૂત મહારાજે સંસ્કૃત, ગુજરાતી અને મરાઠી ભાષામાં અનેક ગ્રંથો લખ્યા છે જેમાંના મહત્ત્વના આ પ્રમાણે છે : (૧) રંગહૃદયમ્ (૨) અવધૂત આનંદ (૩) શ્રી ગુરુલીલામૃત (૪) સંગીત ગીત (૫) અક્ષર ગીતા (૬) પત્ર ગીત (૭) પ્રશ્નોત્તરમાળા (૮) અમર આદેશ. આવા બીજા પણ ગ્રંથો છે, એમાં 'દત્ત બાપની', 'દત્ત રક્ષા સ્તોત્ર' ભક્તોમાં ખૂબ જાણીતા છે. 'દત્ત બાવની' સમૂહમાં ગવાય ત્યારે એક પંક્તિ પુરુષો બોલે છે અને બીજી સ્ત્રીઓ બોલે છે. 'હનુમાન ચાલીસા' જેવું એ સંકટમોચન સ્તોત્ર છે.

**અવધૂતજીની વિધેયાત્મક વિચારધારા :**

'In Tune with Intinite' અમેરિકાના આધ્યાત્મિક પુરુષે લખેલા પુસ્તકમાંથી એમણે સાર ગ્રહણ કર્યો : 'સારા વિચાર કરો'

એમણે નારેશ્વરમાં આસન મૂકીને સાધના કરી અને પરમ તત્ત્વનો સાક્ષાત્કાર કર્યો. પરંતુ પોતાના સાક્ષાત્કાર દિન અંગે કોઈને કહ્યું નથી અને પરિણામે ઉજવણી પણ થવા દીધી નહિ.

ભગવાનનો પ્રસાદ દરેકને મળવો જોઈએ. ગરીબોના સંતાનો પણ ભગવાનની પ્રસાદીના હક્કદાર છે. એટલે પ્રસાદ સાથે પૈસાનું

જોડાણ તોડી નાખ્યું. ભેટની રકમ પ્રમાણે પ્રસાદ આપવાની પ્રથાને તિલાંજલિ આપી દીધી.

ધર્મકાર્યમાં વેપારીવૃત્તિ આવવી જોઈએ નહીં. ધર્મના નામે વેપાર થવા માંડે તો ભવ્યતા આવે પરંતુ દિવ્યતા જાય.

યજ્ઞકાર્યને વેપાર સમજીને વર્તનાર બ્રાહ્મણ ગમે તેટલો વિદ્વાન હોય તો પણ ભગવાન તેની નોંધ લેતો નથી.

જેને પૈસા ભેગા કરવા નથી, ભોગવિલાસ માણવા નથી તેને મન બધા ધર્મો સરખા છે, બધા ધર્મો મારા છે. આમ 'સર્વધર્મસમભાવ' અને 'સર્વધર્મમમભાવ' આચરી બતાવતા.

લોકોને આકર્ષવા માટે આધ્યાત્મિક ક્ષેત્રે જ્યારે લોકો પ્રચાર અને ચમત્કારના પ્રયોગ કરતા હતા ત્યારે પણ અવધૂતજી પ્રવચન કે પ્રચારમાં પડયા ન હતા. એમના જીવનમાં અનેક ઘટનાઓ અને ચમત્કારો બન્યાં છે પરંતુ તેનો તેમણે પ્રચાર કર્યો નથી.

**અંતિમ પ્રવાસ :** મહારાજશ્રી ભક્તોના આગ્રહથી પ્રવાસે નીકળ્યા હતા અને હરદ્વાર પહોંચ્યા હતા. ત્યાં એક દિવસ અવધૂતજીનું સ્વાસ્થ્ય કથળ્યું અને ૧૯-૧૧-૧૯૬૮, સં. ૨૦૨૫ કારતક વદ અમાસ ના દિવસે રાત્રે ૮.૪૫ કલાકે અવધૂતજીએ દેહ છોડયો. અવધૂતજી બ્રહ્મલીન થયા. તેમના દેહને નારેશ્વર લાવવામાં આપ્યો અને ત્યાં જ તેમના અગ્નિસંસ્કાર થયા. યોગાનુયોગ જન્મ તારીખ અને અંત્યેષ્ટિ સંસ્કારની તારીખ એક જ આવી અને તે ૨૧મી નવેમ્બર.

નારેશ્વરના રંગમંદિરમાં મહારાજશ્રીની પ્રતિમા પધરાવવામાં આવી છે.

મહર્ષિ રંગ અવધૂતે આશ્રમ અંગેની વ્યવસ્થા માટે ન કોઈ સૂચના આપી કે પોતાના પછી આશ્રમની વ્યવસ્થા સંભાળવા અંગે વસિયતનામું બનાવ્યું! મહારાજશ્રી ભગવાન ભરોસે જીવ્યા, ભગવાન ભરોસે નારેશ્વર આવ્યા અને ભગવાનના ભરોસે જ નારેશ્વર છોડયું, જગતની વિદાય લીધી.

મહર્ષિ રંગ અવધૂત એક સાદું યોગીને ગૌરવ અપાવે એવું જીવન ભગવાન ભરોસે જીવીને અન્ય સૌને એ પ્રમાણે જીવવાની પ્રેરણા કરીને પ્રભુને પ્યારા થયા.

**સંદર્ભ :**


૧. મહર્ષિ શ્રી રંગ અવધૂત
   કુલીનચંદ્ર ઉપાધ્યાય
   પરિચય પુસ્તિકા - ૧૨૮૭
૨. સંતસાગર પૃ ૩૯૯-૪૦૬
   રમણલાલ સોની
૩. શ્રી રંગ અવધૂત
   જયંતિલાલ આચાર્ય


❑❑❑


અમદાવાદ
સંપર્ક : ૯૭૨૫૮ ૯૩૩૫૫


# પૂર્વ (East) અને પશ્ચિમ (West) ની સંસ્કૃતિને ઓળખીએ.. અને સાચા-ખોટાને પારખીએ...


**પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય**


**પૂ**ર્વ અને પશ્ચિમ દિશા વચ્ચે જેટલું અંતર છે તેટલું જ અંતર પૂર્વ અને પશ્ચિમ દેશોની સંસ્કૃતિ અને સભ્યતા વચ્ચે છે. બંનેની જીવનશૈલી, માન્યતા પણ ભિન્ન ભિન્ન છે. આ દષ્ટિકોણને લઈને અહિં તટસ્થ સમીક્ષા કરી છે આવો, જોઈએ - કોણ શું માને છે.?

સૂર્યોદય પહેલાંનો અરૂણોદય પણ પ્રકાશિત હોય છે તેમ પૂર્વ દેશની સંસ્કૃતિ પણ એટલી જ પ્રકાશિત છે. બ્રાહ્મ મુહુર્ત, તથા દિવસ અને રાત્રિના ચોઘડીયા વગેરે ઘણું ઘણું કહી જાય છે. સૌ પ્રથમ વાત કરી શું -

(૧) સૂર્યનમસ્કારની - આ નમસ્કાર એક રીતે સૂર્યદેવને અપાતી અંજલિ છે. તેને અર્પણ થતો અર્ધ્ય છે. કારણ - સૂર્યોદય હમેશ પૂર્વ દિશામાં જ થાય છે એટલે સૂર્યનમસ્કાર દ્વારા તેનું અભિવાદન - સ્વાગત કરાય છે.

ગાયત્રી મંત્ર એ સૂર્યની ઉપાસનાનો મંત્ર છે.

ભારતીય સાહિત્યમાં સૂર્યના ૧૦૦૦ નામો મળે છે. કહેવાય છે કે બાદશાહ અકબર પ્રાતઃકાળમાં સૂર્યસહસ્ત્રનામ સ્તોત્રનું શ્રવણ કરતા હતા - જે એક જૈનાચાર્યની રચના છે. 'સૂર્ય શતકમ્' પણ છે.

પૂર્વની સંસ્કૃતિ એ પ્રકાશની સંસ્કૃતિ છે - પ્રકાશની પૂજા પાછળનો ઉદ્દેશ જ્ઞાન-વિદ્યાનો પણ હોઈ શકે. માટે જ પ્રાર્થના માં કહેવાયું છે કે -

असतो मा सद् गमय ।
तमसो मा ज्योतिर्गमय ।
मृत्योः मा अमृतं गमय ।।

ગુજરાતી કવિતામાં પણ - ''ઉંડા અંધારેથી, પ્રભુ પરમ તેજે તું લઈ જા,'' ભારતીય સંસ્કૃતિનો આ મુદ્રાલેખ MOTTO છે.

જીવનસૂત્ર છે - આ કારણથી જ વર્ષગાંઠ - જન્મદિવસની ઉજવણી દીપ-પ્રાગટ્ય કરીને કરાય છે

**शतं जीवेम शरदः** સો વર્ષનો થજે એમ કહેવાય છે.
જ્યારે પશ્ચિમમાં બર્થ-ડે પાર્ટીમાં મીણબત્તી
બુઝાવીને છરીથી કેક કાપીને ખાવાનો રિવાજ છે

(૨) ભારતીય પરંપરામાં અભિવાદન વખતે હાથ જોડીને નમસ્કાર કરાય છે અને જય શ્રીકૃષ્ણ, કે જય જિનેન્દ્ર, બોલાય છે તેમજ ચરણસ્પર્શ કરીને આશીર્વાદ લેવાય છે - જ્યારે પશ્ચિમમાં હસ્ત-ધૂનન કરીને સેલ્યુટ કરાય છે - તેમાં ક્યારેક સ્ત્રી-પુરૂષનો વિવેકભંગ પણ થાય છે.

(૩) પૂર્વમાં આતિથ્ય ભાવના છે એટલે ચ્હા પીવા માટે કપ-રકાબી વપરાય છે જેથી આગંતુકને અડધી આપી શકાય. (**तेन त्यक्तेन मुंजीथाः**) જ્યારે પશ્ચિમમાં મગ (મોટો કપ) વપરાય છે તેમાં માત્ર પોતાનો જ વિચાર હોય છે.

(૪) પશ્ચિમની સંસ્કૃતિ Eat, drink and Be Merry - ખાઓ, પીઓ અને મઝા કરો - માં માને છે જ્યારે ભારતીય સંસ્કૃતિ – **तेन त्यक्तेन मुंजीथाः** – 'ત્યાગીને પછી ભોગવ' સૂત્રમાં માને છે. જૈન ધર્મનો ''અતિથિ સંવિભાગ''નો સિદ્ધાંત અને ''**अतिथि देवो भव**'' ની ભાવના - બંનેમાં ઘણું સામ્ય જણાય છે. જૈનધર્મમાં ખુબ જ જાણીતું પુણીયા શ્રાવકનું દૃષ્ટાંત આતિથ્યધર્મનું ઉમદા ઉદાહરણ છે.
ભૂદાનના પ્રવર્તક વિનોબાજીએ ત્રણ શબ્દોમાં ભારતીય સંસ્કૃતિનો પરિચય આપ્યો છે. આ ત્રણ શબ્દો છે - પ્રકૃતિ, વિકૃતિ અને સંસ્કૃતિ. ભૂખ લાગે તો ખાવું એ માણસની પ્રકૃતિ છે ભૂખ ન હોવા છતાં ખાવું એ વિકૃતિ છે - પણ પોતે ભૂખ્યા રહીને બીજાને ખવડાવવું એનું નામ સંસ્કૃતિ છે. જૈન આગમ ગ્રંથોમાં તો કહ્યું છે કે - '**असंविभागी न हु तस्य मोक्सो**' એકલપેટાને મોક્ષ મળતો નથી.
વૈદિક મંત્રોમાં કહ્યું છે - '**सह नौ मुनक्तु**' એટલે આપણે સાથે બેસીને જમીએ.. આમ આતિથ્ય ભાવના સર્વત્ર છે.

(૫) ભારતીય ભોજન પદ્ધતિમાં નીચે જમીન ઉપર પલાંઠી વાળીને થાળીને બાજોઠ ઉપર મૂકીને ભોજન આરોગાય છે - જેથી પાચનતંત્રને ફાયદો થાય છે. જમતાં અગાઉ હાથ-પગ ધોઈને પછી જ ભોજન ગ્રહણ કરાય છે,
જ્યારે પશ્ચિમી સભ્યતામાં ટેબલ-ખુરશી ઉપર બેસીને જમવાથી બરોબર ડાયજેશન થતું નથી - અને કરોડરજ્જૂ ટટાર રહેતી નથી. પાર્ટીઓમાં બુફે - Buffet માં પશુની જેમ ઊભા ઊભા જ ખાતાં હોય છે તથા પગમાં બુટ-ચપ્પલ હોવાથી પગના તળીયા ગરમ રહે છે - જે પાચનતંત્રને નુકશાન કર્તા છે.

(૬) પશ્ચિમમાં બ્રેકફાસ્ટમાં લગભગ ફાસ્ટ ફુડ, જન્ક ફુડ પીરસાય છે જ્યારે ભારતમાં પ્રાતઃકાલીન નાસ્તામાં Home made - તાજી વાનગી લેવાય છે.

(૭) ગૃહદ્વાર ઉપર સ્વાગતં, - Welcome, ભલે પધાર્યા. જેવા શબ્દપ્રયોગો યોજાય છે – જ્યારે પશ્ચિમના અનુકરણમાં હવે ભારતમાં પણ No Admission, without Permission નું પાટીયું જોવા મળે છે કૂતરાથી સાવધાન વગેરે વગેરે.

(૮) પૂર્વની સંસ્કૃતિ પુરૂષપ્રધાન છે માટે જ ભાષણની શરૂઆતમાં ''ભાઈઓ અને બહેનો'' એવું સંબોધન થાય છે જ્યારે પશ્ચિમમાં Ladies and Gentlemen બોલાય છે.

(૯) વસ્ત્ર પરિધાનમાં પણ ધોતીયું અને સાડીનો રિવાજ છે જેથી સંકોચ - વિકાસ પ્રમાણે ઢીલું કે ટાઈટ કરી શકાય અને સાડીનો પાલવ ઉપયોગમાં કામ આવે, સીલાઈ ખર્ચ પણ બચે– જ્યારે પેન્ટ પહેરવાથી પેટના પાચનતંત્રને નુકશાન થાય છે અને પેન્ટને બરાબર રાખવા માટે અલગ પટ્ટાનો ઉપયોગ કરવો પડે છે.

(૧૦) પૂર્વમાં ગૌમાતાની પૂજા થાય છે જ્યારે પશ્ચિમમાં શ્વાન - DOG પળાય છે.

(૧૧) પૂર્વની સંસ્કૃતિ પાણીની પરબની સંસ્કૃતિ છે - જ્યારે પશ્ચિમની પબની સંસ્કૃતિ છે, પાટણની રાણકી વાવ હજારો વર્ષ જુની તેનો પૂરાવો છે.

(૧૨) પૂર્વની સંસ્કૃતિમાં રૂદ્રાક્ષ છે તો પશ્ચિમમાં દ્રાક્ષ એટલે કે દારૂ છે.

(૧૩) પૂર્વમી સંસ્કૃતિમાં ગરબા છે તો પશ્ચિમમાં ડિસ્કો-ડાન્સ છે.

(૧૪) ભારતમાં રાત્રે સૂતી વખતે શુભરાત્રિ, કે ભગવાનનું નામ, મંત્રજાપ કરીને નિદ્રાધીન થવાય છે ત્યારે પશ્ચિમમાં માત્ર Good Night બોલાય છે.

(૧૫) ભારતીય પંચાગ અનુસાર સૂર્યોદય મુજબ તિથિ પ્રારંભ થાય છે જ્યારે પશ્ચિમમાં રાત્રિના ૧૨ પછી (p.m) તારીખ બદલાય છે.

(૧૬) ભારતીય પ્રાચીન પરંપરામાં ચૈત્ર સુદ -૧ ના નવું વર્ષ પ્રારંભ થાય છે તેને ગુડી પડવો કહે છે - જ્યારે પશ્ચિમમાં અંગ્રેજી મહિના મુજબ નવું વર્ષ આવે છે.

(૧૭) પૈસાની લેણદેણમાં બેન્કમાં Cheque માં Rs. 1000/- One Thousand અંકે એક હજાર પૂરા એમ લખાય છે જ્યારે આજે તેની જગાએ one-Thousand only લખાય છે.
એકમાં પૂરો વિશ્વાસ દેખાય છે તો બીજામાં only માંથી પ્રગટતા ધ્વનિમાં અસંતોષ અને અધુરપ વર્તાય છે.

(૧૮) ભારતીય પરંપરામાં જન્મથી મૃત્યુ સુધી એટલે કે - ગર્ભાધીન સંસ્કારથી માંડીને અગ્નિસંસ્કાર સુધીના ૧૬ સંસ્કારો કરવામાં આવે છે – જ્યારે પશ્ચિમમાં તેવી કોઈ વ્યવસ્થા દેખાતી નથી.

(૧૯) ભારતીય સંસ્કૃતિમાં અગ્નિની સાક્ષીએ સ્ત્રી-પુરૂષ લગ્નગ્રંથીથી જોડાય છે અને લગ્નપછીજ Sex માન્ય છે - તેમજ Divorce

- લગ્નવિચ્છેદ થતો નથી - જ્યારે પશ્ચિમીય સભ્યતામાં પરસ્પરના પ્રેમસંબંધ પછી લગ્ન wedding યોજાય છે ટૂંકમાં લગ્નજીવન લાંબુ ટકતું નથી, છુટાછેડાનું પ્રમાણ જોવા મળે છે.

(૨૦) સંયુક્ત પરિવાર એ ભારતીય જીવનની ખાસ ઓળખાણ છે જેમાં બે થી ત્રણ પેઢી પણ સાથે રહેતી જોવા મળે છે.
જ્યારે પશ્ચિમ જગતમાં અમુક ઉંમર પછી બાપ-દીકરો અલગ થઈ જાય છે એટલે તેમના પારિવારિક સંબંધો ઘનિષ્ઠ બનતાં નથી અને અંકલ અને આન્ટી સિવાય બાળકોને સંબંધોની સમજણ હોતી નથી.

(૨૧) ભારતીય શિક્ષણ પદ્ધતિ 'ગુરૂકુળ'માં માને છે તેમજ તપોવન જેવી સંસ્થાઓમાં આદર્શ-શિક્ષણ સાથે સંસ્કારોનું સિંચન થતું - કોઈ ભેદભાવ વગર ઋષિપુત્રો અને રાજપુત્રો સાથે ભણતા - શ્રીકૃષ્ણ અને સુદામાના નામો આજે પણ યાદ કરાય છે.
જ્યારે પાશ્ચાત્ય જગતમાં સન - ૧૬૦૯ માં કોન્વેન્ટ સ્કૂલોની સ્થાપના થઈ - જેમાં અનાથ અને નિરાધાર બાળકોને ભણાવવામાં આવતાં - પણ તે પછી ભારતમાં એનું આંધળુ અનુકરણ થવા લાગ્યું.

(૨૨) જો ભારતીય વર્ણમાલાની વાત કરીએ તો તેમાં લખાણ અને ઉચ્ચાર એક સરખો હોય છે ઉપરાંત હ્રસ્વ, દીર્ઘ, અનુસ્વાર, માત્રા, સંયુક્ત-જોડાક્ષરનું ધ્યાન રખાય છે.
જ્યારે અંગ્રેજીમાં આલ્ફા બેટમાં તેવો નિયમ નથી. જેમકે - Knowledge (નોલેજ) Budget - (બજેટ), Bridge (બ્રીજ) જેવા અનેક દાખલા આપી શકાય.

(૨૩) ભારતીય સાહિત્યમાં બહુધા શબ્દપ્રયોગો સાર્થક હોય છે - વ્યાકરણમાં તેને વ્યુત્પત્તિથી સિદ્ધ કરાય છે - અને તેને રૂઢ, યૌગિક અને મિશ્ર એમ ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. જ્યારે અંગ્રેજી ગ્રામરમાં તેવી કોઈ વ્યવસ્થા નથી.

(૨૪) ભારત એક માત્ર એવો દેશ છે જ્યાં તેને ભારત-માતાનું ગૌરવ મળ્યું છે અન્યત્ર આવું સન્માન કયાંય નથી. અહિં તો નદીને પણ માતા ગણીને તેની આરતી ઉતારાય છે.
પૂર્વની સંસ્કૃતિનું આ ઉદાહરણ તમને બીજે જોવા કે સાંભળવા નહિં મળે.

(૨૫) અહીં ભારતમાં ઉપકારના બદલામાં કૃતજ્ઞતા આભાર, વ્યક્ત કરાય છે - અલબત્ત, પશ્ચિમની સભ્યતામાં Thank you, Sorry જેવાં શબ્દોનો રિવાજ છે - પણ તે Only Ritual રૂપે નભાવાય છે એમ કહેવું અસ્થાને નથી.

(૨૬) ભારતમાં ભગવાન, ઈશ્વર તરફની શ્રદ્ધા સર્વોપરિ છે

त्वमेव माताच, पिता त्वमेव, त्वमेव बन्धुः,
सखा त्वमेव, त्वमेव विद्या, द्रविणं त्वमेव,
त्वमेव सर्वं मम देव, देव ।।

આ ભાવની અભિવ્યક્તિ બધાજ આસ્તિક દર્શનોમાં જોવા મળે છે.

પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિને લઈને કરેલું આ વિહંગાવલોકન આશા છે કે વાચકોને ગમશે - અસ્તુ. પ્રતિભાવ જણાવી - શકો છો.

❑❑❑

સંપર્ક : ૯૯૨૦૩૭૨૧૫૬
૯૯૦૪૫૮૯૦૫૨

# આચાર્ય જિનપ્રભસૂરિનું પ્રભાવક ચરિત્ર

**ડૉ. રેણુકા પોરવાલ**

વિવિધ તીર્થ કલ્પના રચનાકાર જિનપ્રભસૂરિ, સોહિલવાડી નગરના શ્રીમાલ જ્ઞાતીય શ્રાવક રત્નપાલના પાંચ પુત્રોમાંના વચલા પુત્ર હતા. દિક્ષા પહેલા તેમનું નામ સુભટપાલ હતું. ખરતર ગચ્છીય પરંપરામાં થયેલા આચાર્ય જિનસિંહસૂરિજીને પદ્માવતી માતા પ્રત્યક્ષ હતા. તેઓ માતાના આમ્નાયને કોઈ યોગ્ય વ્યક્તિને આપવા માંગતા હતા જેથી જિનશાસનની પ્રભાવના થાય. તેમને શુભટપાલમાં મહાન આચાર્ય બનવાના લક્ષણો દેખાયા જેથી ગુરુએ માતાપિતાની સંમતિથી તેમને દીક્ષા આપી. દીક્ષા બાદ તેમનું નામ શુભતિલક મુનિ રાખવામાં આવ્યું. ગુરુએ તેમને વિધિવિધાનપૂર્વક પદ્માવતી માતાના મંત્રો આપી આચાર્ય પદવીએ આરૂઢ કર્યા. આચાર્ય પદવી બાદ તે સમયે નામ બદલવાની પ્રથા પણ હતી જેથી તેમને જિનપ્રભસૂરિ ઘોષિત કર્યા.

તેમણે વિવિધ ભાષા અને ધંધોમાં ઘણી સ્તુતિઓ અને સ્તોત્રોની રચના કરી છે. તેમની વિદ્વતાની ઘણી વાતો અને તેમના સાહિત્ય જગતમાં આપેલ યોગદાનની ઘણી ચર્ચાઓ મુનિશ્રી પુણ્યવિજયજી શ્રી જિનવિજયજી અને મુનિ રત્નત્રય વિજયજીએ કરી છે.

મુનિ રત્નત્રય વિજયજી 'વિવિધ તીર્થ કલ્પ' ના ગુજરાતી ભાષાંતર માં જણાવે છે, ''આ આચાર્ય ખરતર ગચ્છના હોવા છતાં તપાગચ્છ સંપ્રદાય પર તેમને વિશેષ લાગણી હતી. તેઓ મુસ્લિમ બાદશાહના દરબારમાં સન્માન પામનાર અને એના દ્વારા શાસન પ્રભાવનાના કાર્યો કરનારા સર્વ પ્રથમ જૈનાચાર્ય હોવાનું માન ધરાવે છે.''

**આચાર્યશ્રીના જીવન સાથે જોડાયેલ ચમત્કારિક ઘટનાઓ :-**

જૈન સાધુઓ મોટેભાગે પોતાની લબ્ધિઓનો ઉપયોગ જવલ્લે

જ કરે છે પરંતુ કોઈક વાર શાસનને ઝળહળતું રાખવા એનો ઉપયોગ કરી અન્યજનોને આશ્ચર્ય પમાડે છે. દિલ્હીના રાજા સુલતાન મહમદ, સૂરિજીના ઉપદેશ સાંભળી તેમના ભક્ત બન્યા. તેઓ રોજ ધર્મપ્રવચન સાંભળવા નિયમિત આવતા. એક વાર કંઇક વાત નીકળતા તેમણે આચાર્યશ્રીને ''કોઈ ખાસ પ્રકારના સુરક્ષા કવચ જેવા યંત્ર હોય કે કેમ?'' એમ પુછ્યું. ઉત્તરમાં સુરિજીએ બાદશાહને 'વિજય યંત્ર' ના આમ્નાય વિશે અને એના પ્રભાવની ઘણી જાણકારી આપી. તેમણે વધુમાં કહ્યું કે, ''જેની પાસે એ અગમ અગોચર યંત્ર હોય એને કોઈ ઈજા કરી શકે નહિ ઉપરાંત એને દરેક કાર્યમાં નિશ્ચિત રૂપે વિજય મળે જ.'' સૂરિજીની પાસે યંત્રની પ્રશંસા સાંભળીને રાજાએ તાંબાના બે વિજયયંત્રો કરાવ્યા - એક રાજા માટે અને બીજો આચાર્યશ્રી માટે. વિધિવિધાન સહિત યંત્રો તૈયાર થઈ જતા રાજાએ એની સત્યતાની ઓછામાં ઓછી બે કસોટી કરવાની ઈચ્છા દર્શાવી. ગુરુજીની હાજરીમાં રાજાએ એક યંત્રને બકરીની ડોક પર બાંધ્યું અને એને ઈજા કરવાનો પ્રયત્ન કર્યો તો સહુના આશ્ચર્ય વચ્ચે બકરીને જરાપણ ઈજા થઈ નહિ કારણકે એને વિજયયંત્રે સુરક્ષા કવચ પુરું પાડ્યું. બીજું પરિક્ષણ કરવા માટે ઉંદરના પાંજરા પર છત્ર જેવું બનાવી ત્યાં વિજયયંત્ર બાંધ્યું, તે સ્થળે બિલડીને છૂટી મૂકી પરંતુ તે છત્રની આસપાસ ગઈ નહિ. આ યંત્ર દ્વારા રાજા ઘણા ખુશ થયા. તેમણે આચાર્યશ્રીને કન્નાનૂર નગરમાંથી લૂંટના માલ સાથે આવેલ. રત્નજડિત કીમતી પ્રતિમાં સન્માન સહિત પાછી આપી.

અન્ય ચમત્કાર પ્રસંગોમાં આચાર્યશ્રીએ સુલતાન સાથે શત્રુંજયની યાત્રાનો વૃત્તાંત વર્ણવ્યો છે. તદ્ અનુસાર રાજાએ એક સંઘપતિની જેમ જૈન શાસનના અનેકવિધ કાર્યો કર્યા ત્યારે ગુરુજીએ રાજા ઉપર રાયણના વૃક્ષમાંથી દૂધ વરસાવ્યું.

### આ. જિનપ્રભસૂરિજીની અધ્યયન, અધ્યાપન અને સર્જન ક્ષમતા :-

તેમણે શાસ્ત્રોનું અધ્યયન આ. મલ્લિપેણસૂરિ પાસે કર્યું. તેઓ દરરોજ એક નવું સ્તવન કે સ્તોત્રના નિર્માણ પછી જ ગોચરી ગ્રહણ કરતાં અલ્પ અવધિમાં જ્ઞાન ઉપાર્જન કરી પોતાના અને અન્ય ગચ્છના સંતોને અધ્યાપન કરાવ્યું. એમાં મુખ્યત્વે હર્ષપુરીય ગચ્છના આ. રાજશેખરસૂરિ, રૂદ્રપલ્લીય ગચ્છના આ. સંઘતિસકસૂરિ વગેરે ગણી શકાય.

તેમની વિશાળ કૃતિઓની યાદીમાં અનેક સ્તોત્રો, ટીકાઓ, મંત્રો, કલ્પો માં સૂરિમંત્ર આમ્નાય, વિધિ પ્રથા, સાધુ પ્રતિક્રમણસૂત્ર વૃત્તિ, ધ્વયાશ્રય કાવ્યનો પણ સમાવેશ છે. આ સર્વ કૃતિઓમાં શિરમોર કૃતિ વિવિધ તીર્થ કલ્પ છે. આ તીર્થ કલ્પમાં તેમણે એ તીર્થોની વર્તમાન સ્થિતિ, તે તીર્થમાં થયેલા નાના-મોટા ઉત્સવો, આચાર્ય ભગવંતે ત્યાં સ્થાપિત કરેલ પ્રતિમાઓ વગેરેની ભરપુર વિગતો સમયખંડ સાથે આપી છે.

### વિવિધ તીર્થ કલ્પની વિષય વસ્તુ :-

આ કલ્પની રચનામાં આચાર્યશ્રીએ પૌરાણિક, ભૌગોલિક અવસ્થાો ચિતાર આપ્યો છે. નગરની લંબાઈ-પહોળાઈ ઉપરાંત ત્યાં વહેતી નદી, ત્યાંની લોકવાચકાઓ, જીર્ણોધ્ધારો, તીર્થોના સ્તોત્રો અને ચોવીસ તીર્થંકરોના તે સમયમાં વિદ્યમાન તીર્થોનો સમાવેશ કર્યો છે. દપરેક તીર્થકલ્પનો પ્રારંભ ત્યાંના મૂળનાયકને જુહારીને કર્યો છે જેને કારણે આજે ત્યાં ક્યા મૂ.ના. છે તેની માહિતી આપણને મળે છે. ગુરુદેવે મથુરાપુરીતીર્થકલ્પમાં ત્યાં કુબેરા નામની દેવીએ એક જ રાત્રીમાં ચતુર્વિધસંઘ દર્શન કરી શકે માટે મેરૂ સમાન મંદીર /સ્તૂપનીરચના કરી એમ જણાવ્યું છે. આ પ્રમાણેનો ઉલ્લેખ મથુરાની પ્રતિમાઓ પરથી પણ આપણને મળી રહે છે. ગુરુદેવે જણાવેલ આ સર્વ બાબતો કેટલી બધી પ્રમાણિક અને અધિકૃત છે તેની સહેજે પ્રતિતી થાય છે.

એક અગત્યની વાત એ છે કે આચાર્યશ્રીએ તિર્યંચ ગતિ ભોગવતા જીવની પ્રભુભક્તિની વિરાટ ઊંચાઈ પણ દર્શાવી છે. તેમણે શત્રુંજયના દ્વાર આગળ સાત દિવસના ઉપવાસ કરનારી વાઘણનો કલ્પ પણ રચ્યો છે. એ દ્વાર આજે પણ વાઘણપોળના નામથી જાણીતું છે. આ ઉપરાંત સૂરિજી એ હસ્તિનાપુરમાં શાંતિનાથુ, કુંભુનાથ અને અરનાથની પ્રતિમાજીઓ સ્થાપિત કરાવી હતી. તેમની સાથે એ યાત્રામાં શત્રુંજય તીર્થ ઉદ્ધારક સમતાસિંહ પણ હતા. અહિં તેમને સંઘપતિનું બિરૂદ આપ્યું હતું.

### આચાર્ય જિનપ્રભસૂરિએ કરેલ જીર્ણોદ્ધારો તથા અન્ય માહિતી :-

તેમણે કરેલ અલગ અલગ યાત્રાએ દરમ્યાન તે તીર્થોના તેમણે જીર્ણોદ્ધાર કર્યા હતા. એમા મુખ્યત્વે મથુરાનગર, કન્યાનયનનગર વગેરે છે. ગુરુદેવ દર્શાવેલા ઘણા તીર્થો આજે લુપ્ત થયેલા જણાય છે તે ત્યાં અન્ય ધર્મીઓનો કબજો છે. લુપ્ત તીર્થોમાં અગત્યનું નામ શ્રી પર્વત પર મલ્લિનાથસ્વામી. આ સ્થળ આજે શ્રી શૈલના નામે જાણીતું છે અને ત્યાં મલ્લિકાર્જૂન નામનું બાર જ્યોતિર્લીંગનું એક જ્યોતિર્લિંગ આવેલું છે. એક લોકવાચકા મુજબ અહીંના શ્વેતાંબર પુજારીઓને મારીને આ તીર્થનો ક્બજો અન્ય ધર્મીઓએ લીધો હતો એમ કહેવાય છે. તેમણે અહિં શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવની પ્રતિમા હોવાનો ઉલ્લેખ પણ કર્યો છે.

### સંકલન :-

આપણા ગુરુ મહારાજાઓના યાત્રા પ્રવાસો થકી ઘણી માહિતીઓ મળે છે. તેઓ જે નગરમાં વિચરણ કર્યું હોય તેની સર્વ બાબતો એમાંથી અચૂક મળી રહે છે. આવી હસ્તપ્રતો ઉકેલનારાઓમાં ગુજરાતના જૂનાગઢના વતની પંડીત ભગવાનલાલ ઈંદ્રજી ભટ્ટનું નામ ગોખરે છે. તેમણે જૈન ધર્મની ઘણી અલભ્ય હસ્તપ્રતો અને મથુરાના બ્રાહ્મી શિલાલેખો ઉકેલ્યા. પોતાના સમયના બહુશ્રુત વિદ્વાન અને પ્રતિભાશાળી આ જિનપ્રભસૂરિ હતા. તેમણે ભારતીય

સંસ્કૃતિને જીવંત રાખવા કોશિશ કરી પરંતુ ઈસ્લામિક સત્તાએ તેમના સમયમાં જ સર્વત્ર કબજો લીધો.

સંદર્ભસૂચિ:-

૧. ધ જૈન સ્તૂપ એટ મથુરા - આર્ટ અને આઈકોન્સ - ડૉ. રેનુરા પોરવાલ

૨. ઉપદેશ સપ્તતિ

૩. વિવિધ તીર્થકલ્પ - આ. જિનપ્રભસૂરિ સિદ્ધી ગ્રંથમાળા

૪. જિનપ્રભસૂરિસ્ એકાઉન્ટ ઈન વિવિધ તીર્થ કલ્પ, 'સંબોધી' - ડૉ. રેણુકા પોરવાલ

૫. જિનપ્રભસૂરિ અને સુલતાન મહમદ - પં. લાલચંદ ભગવાનદાસ 'જૈન' રૌપ્ય મહોત્સવ.

❑❑❑

# પારમાર્થિક સામાયિક

## પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ

સમયના અનેક અર્થ થાય છે, તેમાંનો એક અર્થ છે આત્મા. સમય શાશ્વત છે, સદા છે, અનાદિ-અનંત છે, સનાતન છે. તેથી સમય એટલે આત્મા અને આત્મામાં રહેવું તે સામાયિક. પણ કઈ રીતે આત્મામાં સ્થિર થવાય, તેનો જવાબ સમયના બીજા અર્થમાંથી મળી આવે છે.

સમયનો એક અર્થ છે કાળ. તેના ત્રણ વિભાગ કરવામાં આવે છે - અતીત, વર્તમાન અને ભવિષ્ય. પરંતુ આ વિભાજન ખોટું છે. અતીત માત્ર સ્મૃતિમાં છે અને ભવિષ્ય માત્ર કલ્પનામાં છે. છે માત્ર વર્તમાન. તેથી સમયનો અર્થ વર્તમાન બને છે, કારણ કે માત્ર તે જ વિદ્યમાન છે. સમય છે એમ કહીએ ત્યારે માત્ર વર્તમાનસૂચક અર્થ થાય છે, અતીત અને ભવિષ્ય નહીં. જે હોય તે સમય. વર્તમાન છે, માટે સમય એટલે વર્તમાન અને સામાયિક એટલે વર્તમાનમાં રહેવું. વર્તમાનમાં રહેવું એ છે દ્વાર આત્મામાં પ્રવેશવાનું.

વર્તમાન કાળ માત્ર એક સમયનો હોય છે અને તેના પ્રત્યે હોશપૂર્ણ રહેવું એટલે તો પરમ જાગૃતિ હોવી! વર્તમાન કાળ વિષે આપણને જ્યારે ખબર પડે છે ત્યારે તો તે ક્યારનો અતીત બની ચૂક્યો હોય છે. આપણને ખ્યાલ આવે એ પહેલાં તો તે ક્ષણ વ્યતીત થઈ ચૂકી હોય છે. તેથી સમગ્ર સાધના છે વર્તમાનમાં રહેવું - અતીત બને એ પહેલાં તે પ્રત્યે જાગૃત હોવું.

જે દિવસે આપણે એટલા બધા શાંત થઈ ગયા હોઈશું કે વર્તમાન આપણી પકડમાં આવી જાય, તે દિવસે સાચું સામાયિક ઘટિત થશે. એટલું બધું શાંત અને નિર્મળ ચિત્ત જોઈશે કે જે અતિ અલ્પ છે એવું વર્તમાન આપણા જ્ઞાનની પકડમાં આવે.

આપણી પાસે ઘડિયાળ છે. આપણે સમય માપીએ છીએ. બતાવીએ પણ છીએ કે આ સમયે આટલા વાગ્યા. પરંતુ જ્યારે આપણે કહીએ છીએ કે 'આટલા વાગ્યા', ત્યારે વાસ્તવમાં એ વાગી ચૂક્યા હોય છે. ધારો કે આપણે કહીએ છીએ કે 'હમણાં આઠ વાગ્યા છે'. આપણે જેટલા વખતમાં એમ કહ્યું કે 'આઠ વાગ્યા', એટલી વારમાં તો આઠ વાગી ચૂક્યા અને ઘડિયાળ આગળ જઈ ચૂકી. તેથી આપણે જ્યારે પણ સમય કહીએ છીએ તે અતીતનો જ હોય છે. વર્તમાન આપણા હાથમાંથી નીકળી જાય છે, આપણે વર્તમાનને ચૂકી જઈએ છીએ.

આપણે અતીતની સ્મૃતિ અને ભવિષ્યની કલ્પનામાં એટલા બધા વ્યસ્ત હોઈએ છીએ કે વર્તમાનને અર્થાત્ સમયને ચૂકી જઈએ છીએ. આપણે અતીતમાં એટલા બધા વ્યસ્ત હોઈએ છીએ કે વર્તમાનનો બોધ થતો નથી. સમયથી આપણે નિરંતર ચ્યુત થતા જઈએ છીએ અને તેથી આત્માથી અપરિચિત રહીએ છીએ. ઉપયોગ ભૂત-ભવિષ્ય છોડી વર્તમાનમાં આવે તો તે આત્મામાં પ્રવેશી સામાયિકમાં ઠરી શકે. પણ જો તે ભૂત-ભવિષ્યમાં વ્યસ્ત હોય તો કઈ રીતે તે આત્માથી પરિચિત થાય? જ્યાં સુધી જાત અને જગતનું સમ્યક્ દર્શન ન હોય, ત્યાં સુધી ભૂત-ભવિષ્ય છૂટે નહીં અને જ્યાં સુધી વર્તમાનમાં રહેવાય નહીં, ત્યાં સુધી અંતર્મુખતા સધાય નહીં.

અંતર્મુખતાની સાધનાનું પ્રથમ પગથિયું આંખ બંધ કરીને બેસી જવું એ નથી, પણ જગતનું સમ્યક્ દર્શન કરવું તે છે કે જેથી વ્યર્થ સંકલ્પ-વિકલ્પ ઊઠે નહીં, મન ભૂત-ભવિષ્યમાં જાય નહીં અને વર્તમાનમાં રહે.

તેથી જ જ્ઞાનીઓએ કહ્યું છે કે અતીત અને ભવિષ્ય એ મનના ભાગ છે, વર્તમાન એ આત્માનો ભાગ છે. મન હંમેશાં ભૂત-ભવિષ્યમાં રહે છે, આગળ-પાછળ રહે છે. મન સંગ્રહ છે અતીતની સ્મૃતિઓ અને ભવિષ્યની કલ્પનાઓનો. મન જીવે છે અતીત અને ભવિષ્યમાં. અતીત અને ભવિષ્યની વચમાં એક અત્યંત સૂક્ષ્મ રેખા છે, જે બન્નેને તોડે છે અને તે છે વર્તમાન. વર્તમાનમાં રહેવા માટે ઉપયોગ સૂક્ષ્મ અને શાંત હોવો જોઈએ. જરાક પણ કંપન થયું તો ચૂકી જવાશે. શાંત શુદ્ધ ચેતના જ વર્તમાનમાં રહે છે. વર્તમાનમાં રહેતો ઉપયોગ સરળતાથી આત્મામાં પ્રવેશી જાય છે. વર્તમાનનું દ્વાર એ જ આત્મામાં પ્રવેશવાનું દ્વાર છે.

વર્તમાનનું દ્વાર આવે છે ત્યારે આપણે એ દ્વાર ભૂત-ભવિષ્યમાં વ્યસ્ત હોવાથી ચૂકી જઈએ છીએ અને તેથી આત્મામાં પ્રવેશ પામી શકતા નથી. સામાયિક એટલે ચિત્તનું અવ્યસ્ત હોવું. ભૂત-ભવિષ્યમાં

ન દોડતું ચિત્ત તે અવ્યસ્ત ચિત્ત છે અને તેવું ચિત્ત આત્મામાં ઊતરી શકે છે. પણ મનની આદત છે આગળ કે પાછળ રહેવું. દ્વાર આવે ત્યારે આગળ-પાછળ રહેવાને કારણે દ્વાર ચુકાઈ જાય છે. મન કાં તો અતીતમાં કાં તો ભવિષ્યમાં મળશે. મન જો વર્તમાનમાં પ્રાપ્ત થાય તો સમજવું કે એ વ્યક્તિ સામાયિકમાં છે!

મન વિચિત્ર છે. તે વારંવાર શું કરવું, કેવી રીતે કરવું એ વાત વિચાર્યા કરશે. શું શોધું, ક્યાં શોધું, કેવી રીતે શોધું એ ભાષા જ તેને પસંદ છે. જ્ઞાનીઓ કહે છે કે એક વાર સામાયિકનો પ્રયોગ કરો. અક્રિયા, અપ્રયાસ, અશોધ, અકર્તા, જ્ઞાયકભાવના પ્રયોગ થકી વર્તમાનમાં સ્થિતિ - વિશ્રામપૂર્ણ સ્થિતિ થશે, અંતર્મુખ થવાશે અને મળશે આત્મામાં પ્રવેશ.....એ જ સર્વ સત્પુરુષોનો માર્ગ છે.

જો ખરેખર દુ:ખથી મુક્ત થવું હોય તો અંતર્મુખતાની કળા શીખવી જોઈએ. સ્વયંમાં સ્થિર થવું હોય તો વર્તમાન પ્રત્યે જાગૃતિ સાધી જ્ઞાયકભાવે રહેવું જોઈએ કે જેથી ઉપયોગ સૂક્ષ્મ બની આત્મામાં પ્રવેશે. આ છે સાચું સામાયિક.

સામાયિક એટલે સાક્ષીભાવ. વિચારો આવે અને જાય - શુભ વિચાર કે અશુભ વિચાર, થોડો વિચાર કે વધુ વિચાર..... કંઈ ન કરવું. માત્ર તેના જ્ઞાયક રહેવું. વિચારોને અટકાવવા નહીં, વધારવા નહીં, પકડવા નહીં, બદલવા નહીં. આકાશમાંથી વાદળાં પસાર થાય તેમ પસાર થતા વિચારોને માત્ર જાણવા પણ કોઈ પણ પ્રકારની પ્રતિક્રિયા ન કરવી. કોઈ પણ પ્રકારનો પ્રયાસ નહીં, તણાવ નહીં.....

વિચારો આવે છે તો આવવા દો, બચાવ ન કરો; બદલો નહીં, પકડો નહીં, અટકાવો નહીં. જે બને તે બનવા દો. પૂર્ણ સ્વીકારભાવ, દ્રષ્ટાભાવ. શાંત, મૌન, ચૂપ. કોઈ વિરોધ નહીં, કોઈ સ્વાગત નહીં. ઉત્સુકતા નહીં, ભય નહીં. માત્ર જોવું, માત્ર જોવું, માત્ર જોવું અને આ જ્ઞાયકભાવ જ તેને નષ્ટ કરશે, અમનની સ્થિતિમાં પદાર્પણ કરાવશે.

આ છે સાચું સામાયિક. જીવે સામાયિકને એક જડ ક્રિયા બનાવી દીધી છે, માત્ર શરીરની અને મનની ક્રિયા બનાવી દીધી છે, પરિણામે અંતર્મુખતા સધાતી નથી. તેથી યથાર્થ સામાયિક કરવી. પરમાર્થ સામાયિક થવી જોઈએ, એને બદલે માત્ર વ્યવહાર થાય છે.

તરણકુંડમાં તીરના આકારનું એક બૉર્ડ માર્યું હોય છે કે ડાઈવિંગ બૉર્ડ - પાણીમાં છલાંગ લગાવવા માટેનું પાટિયું આ તરફ છે. પાણીમાં છલાંગ મારવી હોય તો વ્યક્તિ એ તરફ જાય, ડાઈવિંગ બૉર્ડ ઉપર ચડે અને એ બૉર્ડના ઉછાળનો લાભ લઈ પાણીમાં છલાંગ મારે. એ જ પ્રમાણે, જેને અક્રિયા - સાક્ષીભાવ - જ્ઞાયકભાવમાં છલાંગ લગાવવી હોય, સ્થિત થવું હોય તે સામાયિક કરે. પરંતુ એ પણ ત્રણ રીતે થાય છે. કરનારની માન્યતા કે દશા પ્રમાણે સામાયિકના ત્રણ ભેદ પડે છે - નામ સામાયિક, વ્યવહાર સામાયિક, અને નિશ્ચય સામાયિક.

જેમ કોઈ વ્યક્તિ તરણકુંડમાં તો જાય પણ ત્યાં જઈને ડાઈવિંગ બૉર્ડના દિશાસૂચક પાટિયાને જ વળગી પડે, એમાં જ સંતોષ માની લે; તેમ કોઈ જીવ સામાયિકની બાહ્ય ક્રિયાદિમાં તો પ્રવૃત્ત થાય પણ એ સામાયિક જો તે માત્ર નિયમ સાચવવા માટે કરે, ગણતરી માટે કરે તો તેને આત્મિક લાભની પ્રાપ્તિ ન થાય. આ પ્રકારના તેના ગમે તેટલા પ્રયત્ન તેને અપ્રયત્નમાં લઈ જશે નહીં. આ છે નામ સામાયિક.

જેમ પાણીમાં છલાંગ લગાવવાના આશયથી ડાઈવિંગ બૉર્ડ ઉપર ચડવામાં આવે; તેમ સામાયિક જ્યારે યથાર્થ લક્ષપૂર્વક કરવામાં આવે ત્યારે વ્યવહાર સામાયિકનું નામ પામે છે.

ડાઈવિંગ બૉર્ડ ઉપર ચડી પાણીમાં છલાંગ મારવામાં આવે ત્યારે છલાંગનો આનંદ મળે છે; તેમ સામાયિકના અભ્યાસ થકી જીવ જ્યારે જ્ઞાયકભાવમાં સ્થિર થાય ત્યારે તેને આત્મિક આનંદની પ્રાપ્તિ થાય છે. આ છે નિશ્ચય અથવા પરમાર્થ સામાયિક.

દરરોજ આવો પ્રયોગ કરીએ, દરરોજ સામાયિકનો પ્રયોગ કરીએ તો ધીમે ધીમે સાક્ષીભાવમાં ઠરીએ. ૨૪ કલાકમાં એક કલાકથી, ૪૮ મિનિટથી શરૂ કરીએ અને ધીમે ધીમે અભ્યાસ વધારીએ - અકર્તા, અક્રિયા, અશોધ, અપ્રયાસ, અપ્રયત્ન, જ્ઞાયકભાવ, સ્વીકારભાવ, સ્વાગતભાવ, વિશ્રામભાવ, સાક્ષીભાવ..... સામાયિક.

**પર્યુષણ દરમ્યાન આ વાણીને સાંભળવા આવો,**
**૨૬ ઓગસ્ટથી ૨ સપ્ટેમ્બર - ૨૦૧૯**
**સાંજે ૭.૩૦ થી ૧૦.૦૦**
**સ્થળ : ડોમ, એનએસસીઆય ક્લબ, વરલી.**
Link પર click કરી રજીસ્ટર્ડ કરો.
www.srmd.org/paryushan

## હાયકુ

**થોરામાં ઘન્તું કહે તો, જાપાનીઝ કાવ્ય-પ્રકાર ૫-૭-૫-૧૩ અક્ષરની ત્રણ પંક્તિમાં વ્યક્ત થાય છે.**

- સરળતાને
  સાદાઈપૂર્વક જીવો,
  શેષ જીવન
- હવે આપણે
  ચૂપચાપ નીકળી
  જવું જોઈએ!
- તન, મનને
  ધનનું સુખ; બીજે
  કયાં? ઘરમાં!

**હરજીવન થાનકી**

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
# દ્વારા સંચાલિત
# અનાજ રાહત તેમજ કેળવણી ફંડ માટેની અપીલ

જીવનનું ધ્યેય શું? ફક્ત ખાવુ, પીવુ, મોજ કરવી તે કે ખાવા-પીવા મોજશોખમાં બીજાને સામેલ કરવા તે?

બીજાને સામેલ કર્યા એટલે જ આપણે બીજાનો વિચાર કર્યો. તેનો અમલ આપણા જીવનને ધન્ય બનાવે. એ ધન્યતા અપાવવા માટે જ ટુંક સમયમાં પર્વાધિરાજ પર્યુષણ પધારવાના છે. તે વખતનો માહોલ જ એવો હોય છે કે દરેકના મનમાં કંઈક દાન-તપ કરવાના ભાવ જાગે છે.

દરેક જૈનોના હૃદય કરુણાસભર હોય છે. દાન ધર્મનો મહિમા જેટલો જૈન ધર્મમાં છે તેટલો કયાંય નથી.

દાન એ તો સ્નાન છે. એનાથી પરિગ્રહ સંજ્ઞાનો મેલ દૂર થાય છે. મેલ દૂર થાય એ માટે લક્ષ્મીની મૂર્છા છોડવાની છે. પર્યુષણ પર્વ દરમ્યાન એ ભાવના વિશેષપણે જાગૃત થાય છે. અને તેથી જ આપણે સૌ કંઈક ને કંઈક યથાશક્તિ દાન કરીએ છીએ.

એ જ તમારી ભાવના મૂર્ત સ્વરૂપ પામે તે માટે અમે અનાજ રાહત ફંડ તેમજ કેવળણી ફંડ માટે અપીલ કરીએ છીએ.

વારંવાર અપીલ કરવાથી અપીલનો પ્રતિસાદ તો સારો મળે છે. પણ આભ ફાટે ત્યાં થીંગડું કયાં મરાય?

જૈન યુવક સંઘ દ્વારા આ પ્રવૃત્તિ ૧૯૮૫ થી અવિરત સારી રીતે ચાલે છે. ખુબ જ ચોકસાઈપૂર્વક મદદ થાય છે. દર મહિને એકવાર ૪૦૦ રૂા. નું અનાજ અપાય છે. ૧૨૦ કુટુંબને મદદ થઈ શકે છે. કોઈ કુટુંબને આઠ દિવસ તો કોઈને પંદર દિવસ તેમજ જો એકલા હોય તો મહિનો ચાલે. મહિનાને અંતે ઘણા કહે છે કે આજે રસોઈ નથી થઈ. તમારા અનાજથી અમારે ઘેર ગેસ પેટશે. ઘણા લાંબા અંતર જેવા કે નાલાસોપારા, દહીંસર વગેરે સ્થળેથી લોકો આવે છે. ફંડ ઓછું હોવાથી આપણે વધારે બેનોને અનાજ આપી નથી શકતા. ના પાડતાં ઘણું દુઃખ થાય છે. બે વર્ષ સળંગ અનાજ અપાય છે.

ઘણી મુશ્કેલી છતાં પણ બધી જ બેનો પોતાના બાળકોને ભણાવવાની ખુબ જ ઈચ્છા રાખે છે. ફી ઘણી જ વધારે હોવાથી તે ભેગી કરવામાં ઘણી જ મુશ્કેલી પડે છે. આપણે પુરી ફી તો ન આપી શકીએ પણ યથાશક્તિ મદદ થાય છે. ચેકથી જ ફી અપાય છે. તેમાં પણ ફંડની જરૂર છે.

આ ઉપરાંત બાળકોને નોટબુક-દવા-જુના કપડા વગેરેની મદદ અમે કમીટીની બેનો કરીએ છીએ. અમારા કામને જોઈને અમારા સંપર્કમાં આવતી બેનો પણ પૈસાની મદદ કરે છે.

આ બધી જાણકારી પ્રત્યક્ષ મેળવવી હોય તો જૈન ક્લીનીકના ઓ.પી.ડી. માં દર બુધવારે ત્રણથી ચાર અમે ચાર બેનો બેસીએ છીએ. આપ આવી શકો છો.

દરેકે દરેક 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને કહીએ છીએ કે ફુલ નહીં પણ ફુલની પાંદડી જેટલી પણ મદદ કરશો તો ફુલ બનતા વાર નહીં લાગે જેની સુગંધથી સર્વના જીવનમાં જ સુવાસ પ્રસરશે.

❑❑❑

**રમા મહેતા - ઉષા શાહ**
**પુષ્પા પરીખ - ભારતી પારેખ**
**વસુ ભણશાલી**

# અજિતસાગરસૂરીશ્વરજી ગ્રન્થનું શાનદાર વિમોચન

**અમદાવાદ :** પૂજ્ય આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી લિખિત ''**મહાન જૈનાચાર્ય શ્રી અજિતસાગરસૂરીશ્વરજી મહારાજ**''નું વિમોચન નારણપુરામાં ડો. કુમારપાળ દેસાઈએ તા.૨૦-૭-૧૯ના રોજ કર્યું. એ પ્રસંગે અભ્યાસપૂર્ણ પ્રવચન કરતાં તેમણે કહ્યું કે આચાર્ય શ્રી અજિતસાગરસૂરિજીનું સ્મરણ જીવંત કરીને પૂજ્ય વાત્સલ્યદીપસૂરીશ્વરજીએ જૈન અને ગુજરાતી સાહિત્યની મોટી પ્રભાવના કરી છે. આ વિશિષ્ટ કોટીની સાહિત્ય સેવા છે. આ જ ભાવના ભુજથી અચાનક પધારેલા પ્રો.ડો.રમજાન હસાણીયાએ વ્યકત કરી. શ્રી ભૂપતરાજજી કાંટેર, શ્રી ચન્દ્રકાંત લાલાજી, શ્રી હર્ષદરાય જાની, શ્રી મનુભાઈ શાહ(ગૂર્જર) શ્રી રજનીભાઈ શાહ પરિવાર તથા પ્રાંતીજ, સુરત, કાનપૂર, ભાયંદર, બોટાદ, અમદાવાદ વગેરે અનેક સ્થળેથી ભાવિકો પધાર્યા અને જૈન ધર્મનો જયનાદ કર્યો હતો. સંચાલન શ્રી સંજય દત્રાણીયાએ કર્યુ હતું.

# જૈનાની યાત્રા : અમેરિકાની યાત્રા

સેજલ શાહ

**ન**વા પ્રદેશ, દેશની ભૂમિ પરના પગરણ અને અનુભવની વાત માંડવી છે. ખૂબ ઊંચી ઈમારતો, સાવ નાના સગવડથી ભરેલા ટેનામેન્ટ, ચોખ્ખું ભૂરૂં આકાશ, આછો-દોરી લીલો રંગ, આંખ બંધ કરીને પગ મૂકી શકાય એવા સપાટ-સ્વચ્છ રસ્તાના આનંદને વહેંચવો છે. જે દેખાય છે તેના તળમાં જે જુદી-ભિન્ન અનુભૂતી થઈ, તેની પણ વાત કરવી છે. પણ તે પ્રવાસ અને સહૃદયેના સંવેદન અને મારા પ્રતિભાવોની કથા વહેતા જે નિમિત્તે અમેરિકાની ભૂમિ પર પગરણ થયા, તેની વાત પણ હજી કરવી છે. ગયા વખતના તંત્રીલેખમાં પાઠશાળાની અને તેના અભ્યાસક્રમ અંગે થોડીક વાત કરી. Jain Academic Bowl (JAB)ની સ્પર્ધા માત્ર આકર્ષણ નહી પણ અનુસરવા જેવી બાબત છે. જેના પર અત્યારે મેં કાર્ય શરૂ કર્યું છે. છ-આઠ મહિનામાં તેના પરિણામ મળશે પણ જ્ઞાનના આ અનુભવને માત્ર શબ્દમાં સીમિત ન રાખતા વર્તનમાં, વ્યવહારમાં મૂક્યો છે. થોડાક મિત્રો સાથે જોડાયા છે, હજી વધુ જોડાશે. જૈનીઝમના જ્ઞાનને પ્રાયોગિક ધોરણે અમલી કરવા કેટલાંક પાયાના નક્કર પગલાં લેવા આવશ્યક છે. બીજુ આજનો યુવા હવે વાસ્તવિક જીવન સાથે જોડીને ધર્મને વ્યવહારનો ભાગ બનાવવા ઈચ્છે છે. જીવનને બે ભાગમાં જીવવાને બદલે સરળ સહજ કરી જેમ પારદર્શી બને તેવું, અને રોજિંદી ક્રિયાને જ શુદ્ધ રાખી કાર્ય કરવામાં માને છે, આને ધર્મનું નામ આપવું કે માનવતાનું કે આત્મકલ્યાણનું કે સત્યની શોધનું કે પછી બીજુ કંઈક મહત્વનું એ છે કે હથેળીમાં પામી ભરેલું હોય ત્યારે જેટલું પારદર્શી દેખાય અને હાથની રેખા આરપાર દેખાય તેટલું જ આરપાર જીવન હોવું જોઈએ. મને અમેરિકાના વ્યવહારમાં આવો અનુભવ થયો. શિસ્ત સાથે સ્પષ્ટતા આ પ્રજાની અદા માત્ર નહીં બળ છે. તેથી જ તેમના મોટાભાગના કાર્ય વિવાદ વગરના થાય છે. ભારતથી અમેરિકા જઈ વસેલા પ્રથમ પેઢીના અને તેની પછીની પેઢીના લોકોએ આ સંસ્કૃતિને સ્વીકારી સુખ મેળવ્યું છે. તેઓ પણ ખૂબ જ સ્પષ્ટ અને એક્સપ્રેસીવ છે. તેમની પાસે લાગણીનું વેવલાપણું નહીં પણ તકતી શિસ્તબદ્ધતા છે. તેથી સમય, સંબંધ-સંવેદના સચવાય છે. આપણે ઘણીવાર આપણા સમય-સંવેદનાની અપેક્ષામાં માત્ર પોતાનીજ અપેક્ષા સંતોષીએ છે અને એનો સ્વીકાર નથી કરતાં, અહીં સ્વીકારનો ભય નથી અને અસ્વીકારનો દંભ નથી. પેર પણ એની બીજી બાજુનો અર્થ પણ પકડવાનો છે. વીજળીના તારને બંને છેડે કરંટ છે પણ એને ભેગા કરીએ ત્યારે જ સ્પાર્ક થાય.

જૈનાનું આયોજન અનેક સંપર્કે, સ્તોત્રો અને કટીબદ્ધ - અડગ નિશ્ચયનું પરિણામ છે. આટલા મોટાં આયોજન પાછળ એક જ વ્યક્તિ નથી તેમજ અનેક વ્યક્તિઓનું 'હું' પણ નથી. અનેક તારોથી ગૂંથાયેલું એક સુંદર નકશીકામથી તૈયાર થયેલું ભાતું જેમને જૈનીઝમને પોતાની પછીની પેઢીને પરંપરામાં આપીને જવું છે. યુવાનેને સામેલ કરી, પોતાને નાના કરવાની કળા, સંઘપતિ બનીને પડદા પાછળ રહેવાનું, કાર્ય કરી નમ્રતા સાથે યજમાન પદનો સ્વીકાર સ્વીકાર, ક્યાંય દંભ કે અહંકાર કે જો હુકમીનો માહોલ નહી. જાણે સાચા જૈનત્વને સાકાર કરતાં હોય એવા, આ સહુ સંનિષ્ઠ આયોજકોને વંદન કરવાનું મત થાય. હાજર-ગેરહાજર ચહેરાની નિષ્ઠા અને એક જ સ્વપ્નને સાકાર કરવા ભેગા થવાની સંઘભાવના આ સાકારનું કારણ છે. મોટાભાગના વ્યાખ્યાનો જીવનની પ્રાયોગિક ભૂમિકાને સાથે રાખીને ચાલે છે. જે બાબત માનવતા અને સત્યને ઉજાગર કરે છે જીવનને વિશ્વમંગળનો ભાવ આપે છે, તે સહુને આહીં આવકાર છે.

જીવ માત્રનો જીવવાનો અધિકાર મનુષ્ય દ્વારા છીનવાય ન જાય, એ માટે તેઓ બહુ જ જાગૃત છે. એક વિશિષ્ટ પાંજરાપોળ જેમાં પશુને પણ પોતાની ઓળખ પ્રાપ્ત થાય છે જીવ માત્રને જીવવાનો હક્ક આપે છે. એ 'સંસ્થા' 'Luvin Arms' વિશે હવે આવતા અંકમાં વાત કરીશું. પાંચમી તારીખ 'પ્રવાસ ભીતર'નો વ્યાખ્યાનનું આયોજન કર્યું હતું, જેની અંતર્ગત બારભાવના દ્વારા 'ભીતરનો પ્રવેશ અને પ્રવાસ' કઈ રીતે કરાય તેની વાત ડૉ. સેજલ શાહે કરી હતી. મનુષ્યના દરેક કર્મના તેના વિચારનું પરિણામ છે, તેનો વિચાર કાં તો પુનરાવર્તન, પ્રભાવનો ભાગ હોઈ શકે.

ભાવના આ મનના વિચારને યોગ્ય દિશામાં વાળવાની પ્રક્રિયા છે. ભાવતાનું ચયન જેમ-જેમ કરીએ તેમ તેમ મન યોગ્ય દિશામાં વળે છે. જીવના મૂળધર્મને સમજવાનો છે. જ્યારે જીવની અનિત્ય સ્થિતિ સમજશો, ત્યારે મોહ આપોઆપ તૂટશે એ જ રીતે અશરણ ભાવના ધર્મના સાચા-શરણની બાબત સમજાય છે. એકત્વ ભાવના, સંસાર ભાવના, લોકસ્વરૂપ ભાવના, અશુચિભાવના, નિર્જરા ભાવના, અન્યત્વ ભાવના, આશ્રવ અને સંવરભાવના અને બોધિ-ધર્મ દુર્લભ ભાવના વગેરે વિશે કથા અને રોજિંદા જીવનના ઉદાહરણ દ્વારા વક્તવ્ય આપ્યું. વ્યાખ્યાનનો મૂળ હેતુ માહિતી આપવાને નહી પણ એ જ્ઞાનના તેમને સ્પર્શ કરવો હતો. દરેક હૃદયમાં આ જાણકારી હતી જ પણ સામુહિક રીતે જ્યારે એ માહિતીનું સંક્રમણ ફરી-ફરી થાય છે ત્યારે ભાવના દ્રઢ બને છે. વ્યાખ્યાનનો પ્રતિભાવ સારા મળ્યાનું કારણ જ એ કે જ્યારે હૃદયને સ્પર્શે ત્યારે ગમે છે, ખબર હોવી અને સમજણને સ્પર્શવું એ કેવી જુદી વાત નહીં ?

ક્રમશઃ

# જૈન ધર્મ અને ગણતંત્ર

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

જૈન ધર્મમાં જોવા મળતી ગણતંત્રની વ્યવસ્થા. જૈન ધર્મમાં સૌપ્રથમ કુળની રક્ષા કરનારા કુળકરની વ્યવસ્થા મળે છે. ભગવાન ઋષભદેવના સમયે કલ્પવૃક્ષ પાસેથી પ્રાપ્ત થતાં ફળ-ફૂલ આદિથી યુગલિયાઓ પોતાનું જીવન વ્યતીત કરતા હતા. એમનું જીવન શોકરહિત હતું. ક્યાંય કોઈ હત્યા કે મારામારીની ઘટના બનતી નહોતી. બીજા આરામાં પણ આવી જ સ્થિતિ હતી, પરંતુ ત્રીજા આરાના અંતિમ ચરણમાં જનસંખ્યા વધતાં કલ્પવૃક્ષો માનવીની આવશ્યકતાઓ પૂર્ણ કરી શકતાં નહોતાં. તેથી માનવ-માનવ વચ્ચે સંઘર્ષ થવા લાગ્યો અને પરિણામે કુળકરની વ્યવસ્થા ઊભી થઈ. માનવસમૂહ કુળ રૂપે સંગઠિત થઈને રહેવા લાગ્યો અને કુળનો મુખ્ય માનવી એ કુલકર તરીકે ઓળખાવા લાગ્યો. જેનું કાર્ય કુળની રક્ષા કરવાનું અને એના માટે નિયમ બનાવવાનું હતું.

જૈન આગમ ગ્રંથોમાં સાત કુળકરોનું વર્ણન મળે છે, 'સ્થાનાંગ સૂત્ર', 'સમવાયાંગ સૂત્ર' 'શ્રી ભગવતી સૂત્ર'માં વિમલવાહન, ચક્ષુષ્માન, યશોમાન, અભિચન્દ્ર, પ્રસેનજિત, મરુદેવ અને નાભિ એમ સાત કુળકરની વાત મળે છે, જ્યારે જિનસેનના મહાપુરાણમાં ચૌદ કુળકરોનું વર્ણન મળે છે, જેમાં સુમતિ, પ્રતિશ્રુતિ, સીમંધર, ક્ષેમંકર, ક્ષેમંધર, વિમલવાહન, ચક્ષુષ્માન્, યશસ્વી, અભિચંદ્ર, ચંદ્રાય, પ્રસેનજિત, મરુદેવ અને નાભિ. જ્યારે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં પંદર કુળકરોનું વર્ણન છે.

કુળકરોના સમયે 'હક્કાર', 'મક્કાર' અને 'ધિક્કાર' એવી ત્રણ પ્રકારની દંડનીતિ પ્રચલિત હતી. કોઈ વ્યક્તિ મર્યાદાનો ભંગ કરે અને એને એમ કહેવામાં આવે કે 'હેં તેં શું કર્યું?' એટલા શબ્દો જ અપરાધીને માટે દંડરૂપ હતા અને એને જ કઠોર દંડ માનવામાં આવતો હતો. પરંતુ સમય જતાં 'હા' કરવા છતાં અપરાધીઓ માનતા નહોતા તેથી ધિક્કારનીતિ પ્રચલિત થઈ, જે ચૌદમા કુળકર સુધી ચાલતી રહી.

નાભિના સમયમાં ધિક્કાર નીતિનું ઉલ્લંઘન થતું હોવાથી લોકો નાભિના પુત્ર ઋષભ પાસે પહોંચ્યા અને આ સમસ્યાના નિવારણ માટે પ્રાર્થના કરી, ત્યારે ઋષભદેવે દંડવ્યવસ્થા નિશ્ચિત કરી અને એનું સંચાલન રાજા દ્વારા થાય અને એ રાજાને દંડનીતિમાં વખતોવખત સુધારો કરવાનો અધિકાર આપ્યો. લોકોએ ઋષભદેવને કહ્યું કે 'તમે અમારા રાજા બની જાવ' ત્યારે ઋષભદેવ એમને નાભિ કુળકર પાસે જઈને રાજાની માગણી કરવાનું કહ્યું, તો નાભિએ એમની વાત સાંભળીને ઋષભને રાજપદ આપીને રાજા બનાવ્યા. આ રીતે ઋષભદેવ પ્રથમ રાજા ઘોષિત થતાં વર્ષોથી ચાલતી કુળકર પ્રથાનો અંત આવ્યો અને વર્ષોથી ચાલતી કુળકર પ્રથા બંધ થઈ.

રાજા બન્યા પછી રાજ્યવ્યવસ્થા માટે ઋષભદેવે આરક્ષક દળની સ્થાપના કરી અને રાજકીય વ્યવસ્થાનું પરામર્શન કરવા માટે મંત્રીમંડળ બનાવ્યું. સેના અને સેનાપતિની વ્યવસ્થા કરી તેમજ ચાર પ્રકારની દંડ વ્યવસ્થા સ્થાપી. (૧) પરિભાષણ, (૨) મંડલી બંધ (૩) ચારકબંધ (કારાવાસમાં બંધ કરવા) (૪) છવિચ્છેદ(અપરાધીના હાથ, પગ, નાક કે કાન આદિ અંગને કાપી નાખવાં). રાજા ઋષભદેવે માનવજીવનને અસિ, મસિ, કૃષિ, શિલ્પ, કર્મ આદિનું શિક્ષણ આપ્યું. એમનો પુત્ર ભરત બોંતેર કલાઓમાં અને પુત્રીમાં બ્રાહ્મી અને સુંદરી વિદુષી હતી. 'શ્રી આચારાંગ સૂત્ર' માં છ પ્રકારની શાસનપ્રણાલીનો ઉલ્લેખ મળે છે.

(૧) અરાજક રાજ્ય એટલે એક રાજાના મૃત્યુ પછી બીજા રાજાના રાજ્યાભિષેક વચ્ચેની સ્થિતિને અરાજક રાજ્ય કહેવામાં આવે છે. અરાજક રાજ્યના બે આધાર છે. એક છે વ્યક્તિની મહત્તા અને બીજું સામાજિક સમજણને આધારે નિયમોનું ગઠન. આ પ્રકારની રાજપદ્ધતિની નિષ્ફળતાનું કારણ નિયંત્રણનો અભાવ અને વ્યક્તિગત મહત્તા ગણી શકાય. આજની ભાષામાં આને સત્તાવિહોણી શાસનપ્રણાલી કહેવામાં આવે છે.

(૨) ગણરાજ્ય એટલે સમૂહનું રાજ્ય. માનવીય સમાનતાના સિદ્ધાંતને આધારે ગણરાજ્ય રચાયેલાં હોય છે અને એનો શાસક એ પ્રજાનો પ્રતિનિધિ હોય છે.

(૩) યૌવરાજ્ય એટલે રાજાના મૃત્યુ પછી યુવરાજ સગીર અવસ્થામાં હોય, ત્યારે એ મોટો થાય ત્યાં સુધી રાજ્યનું સંચાલન સંરક્ષણ પરિષદ સંભાળે છે. આમાં રાજ્યકારભાર સંરક્ષણ પરિષદ કરતી હોય છે, પરંતુ રાજ્ય યુવરાજનું કહેવાય છે.

(૪) દ્વૈરાજ્ય એટલે એક સાથે બે રાજાઓનું સંયુક્ત શાસન. અવંતીના બિંદ અને અનુવિંદ એમ બે રાજાઓનું સંયુક્ત શાસન હતું.

(૫) વૈરાજ્ય એ રાજાવિહીન શાસનપ્રણાલી છે, જેમાં સમસ્ત પ્રજાને રાજ્યસંચાલનનો અધિકાર મળે છે. આમાં કોઈ વ્યક્તિ રાજદ્રોહી હોય તો રાજ્યને માટે મોટું સંકટ ઊભું થાય.

(૬) વિરુદ્ધ રાજ્ય એટલે જ્યાં બે રાજાઓ પર એકબીજાના રાજ્યમાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ હોય. આને વિભિન્ન પક્ષીય શાસનપ્રણાલી કહી શકાય. જેમાં રાજ્યસત્તા કોઈ વિશેષ વ્યકિતના હાથમાં પ્રજાના પ્રતિનિધિઓ પાસે હોય. આ પ્રકારના શાસનનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ અંધક-વૃષ્ણિ છે.

ભગવાન મહાવીરના સમયમાં સોળ ગણરાજ્યો અસ્તિત્વમાં હતાં જેમાં (૧) અંગ (૨) બંગ (૩) મગધ (૪) મલય (૫) માલવ (૬) અચ્છ (૭) વત્સ (૮) કોચ્છ (કચ્છ) (૯) પાઢ (પાણ્ડવ કે પાંડુ) (૧૦) લાઢ (૧૧) વજ્જિ (૧૨) મોલિ (મલ્લ) (૧૩) કાશી (૧૪) કૌશલ (૧૫) અવાહ (૧૬) સમ્મુત્તર

ભગવાન મહાવીરના ચરિત્રમાં વૈશાલી ગણતંત્રનો વારંવાર ઉલ્લેખ મળે છે. એમના પિતા રાય સિદ્ધાર્થ વૈશાલીના ઉપનગર કુંડગ્રામના શાસક હતા અને આગમોમાં પણ ભગવાન મહાવીરને કે વૈશાલિક કે વૈશાલીય કહેવામાં આવ્યા છે. 'કલ્પસૂત્ર' અનુસાર ભગવાન મહાવીરે આ વૈશાલીનગરીમાં બાર ચાતુર્માસ કર્યાં હતાં. મહાવીર ભગવાનના સમયમાં સમગ્ર ભારતમાં જનપદો ફેલાયેલા હતા અને તેથી આને મહાજનપદ યુગ પણ કહી શકાય. આ જનપદમાં રાજકીય, સામાજિક અને આર્થિક બાબતોને લગતા એકમો હતા. પાંચાલ એક પ્રમુખ જનપદ હતું. જનપદમાં સભા અને પરિષદ એ બે સંસ્થાઓ દ્વારા કાર્ય થતું.

રાજા અજાતશત્રુ દ્વારા શક્તિશાળી એવા વૈશાલીના ગણતંત્રને નષ્ટ કરવામાં આવ્યું હતું. અજાતશત્રુ સ્વયં ગણપતિ ચેટકનો દૌહિત્ર હતો, પરંતુ સામ્રાજ્ય વિસ્તારની લાલસાને કારણે વૈશાલી ગણતંત્ર ને એણે નષ્ટ કરી દીધું. આ કાર્યમાં એણે પોતાના મંત્રીને સહયોગી બનાવીને વૈશાલીમાં અંદરોઅંદર ફૂટ પડાવીને વૈશાલીનો વિનાશ કરાવ્યો. મહાભારતમાં પણ ગણતંત્રના નાશની બાબતમાં યુધિષ્ઠિરના પ્રશ્નના ઉત્તરમાં ભીષ્મ પિતામહ કહે છે કે પરસ્પરના દ્વેષભાવ અને સત્તાલાલસાને કારણે ગણો અને રાજકુળોનું પતન થયું છે.

ત્રીજી અને ચોથી શતાબ્દીમાં આચાર્ય સંઘદાસ ગણિવાચક દ્વારા રચિત 'વસુદેવ હિંડી' માં અંગ અને મગધ જનપદ વિશે વિસ્તૃત વર્ણન મળે છે. સિકંદરના આક્રમણ સમયે ભારતમાં પણ ગણરાજ્ય હોવાની નોંધ મેગેસ્થનિસ અને ટોલમીનાં વિવરણોમાં પ્રાપ્ત થાય છે.

જુદા જુદા આગમગ્રંથોમાંથી ભગવાન મહાવીર સ્વામીના સમયની શાસનવ્યવસ્થા જોઈએ, તો તે સમયે પરંપરાગત રીતે રાજગાદી મળતી હતી. માત્ર એવું બનતું કે રાજાને એકથી વધુ પુત્રો હોય, તો એ પુત્રોની પરીક્ષા કરીને એમાંથી વધુ યોગ્ય હોય તેને યુવરાજ બનાવવામાં આવતો હતો. જો એ યુવરાજ પિતાના મૃત્યુ પછી પોતાનો રાજ્યાધિકાર છોડીને દીક્ષા ગ્રહણ કરે તો એના નાના ભાઈને રાજા બનાવવામાં આવતો. વળી જો રાજા અને યુવરાજ બંને રાજ છોડી દઈને એક સાથે દીક્ષા ગ્રહણ કરે, તો રાજાની બહેનના પુત્રને રાજા બનાવવામાં આવતો. પણ જો રાજાનો કોઈ ઉત્તરાધિકારી ન હોય તો હાથી અભિષેક કરે એને રાજા બનાવવામાં આવતો. આ રાજાની માતાનું અને પિતાનું કુળ નિર્મળ હોવું જોઈએ અને રાજા ખુદ વ્યસનમુક્ત અને ધર્મશ્રદ્ધાળુ હોવો જોઈએ.

એ સમયે પણ સત્તાલાલસાને કારણે કોઈ રાજાને કારાવાસમાં પૂરવાની કે એનો વધ કરવાની ઘટના બનતી હતી. કુણિક રાજાએ રાજા શ્રેણિકને સાવકા ભાઈની મદદથી જેલમાં પૂરીને પોતે રાજ્ય હાંસલ કર્યું હતું. રાજાનો રાજ્યાભિષેક અતિ ઉલ્લાસમય વાતાવરણમાં થતો. ચંપા, મથુરા, વારાણસી, શ્રાવસ્તિ, સાકેત, કાંપિલ્ય, કૌશાંબી, મિથિલા, હસ્તિનાપુર અને રાજગૃહ એ દશ નગરો એ સમયમાં અભિષેક - રાજધાની તરીકે પ્રસિદ્ધ હતાં. આ રાજ્યવ્યવસ્થામાં રાજા, યુવરાજ, અમાત્ય, શ્રેષ્ઠી, પુરોહિત એમ પાંચ વિશિષ્ટ સ્થાનો હતાં. રાજાના મૃત્યુ બાદ યુવરાજ રાજા બનતો. વળી એ યુવરાજ હોય ત્યારે કોઈ પડોશી રાજા કોઈ પણ પ્રકારનો ઉપદ્રવ કરે તો એને શાંત કરવાની જવાબદારી રાજપુત્રની ગણાતી. જ્યારે વ્યવહાર અને નીતિમાં દક્ષ એવો અમાત્ય એ રાજા, નગર અને જનપદની સંભાળ રાખતો હતો. રાજાનો મુખ્ય મંત્રી શત્રુનો પરાજય કરી રાજ્યની રક્ષા કરતો અને રાજાની સાથે ગુપ્ત મંત્રણાઓ પણ કરતો.

રાજકીય કાર્યોના વિચારવિમર્શ માટે જેમ મંત્રીઓ હતા, તેમ ધાર્મિક કાર્યો માટે પુરોહિત હતા. જ્યારે શ્રેષ્ઠી એટલે કે નગરશેઠ અઢારે વર્ણની પ્રજાના રક્ષક કહેવાતા હતા. એના મસ્તક પર દેવમુદ્રા અને સુવર્ણ પટ્ટ રહેતા. આ ઉપરાંત દંડનાયક, વૈદ્ય, સેનાપતિ, વિદૂષક, દૂતથી માંડીને માલિશ કરાવનાર, વેશભૂષા વડે શોભાયમાન કરનાર અને પગચંપી કરનાર અનેક કર્મચારીઓ રાજાની સેવામાં રહેતા હતા. સંપત્તિ, જમીન અને સ્ત્રી પ્રાપ્તિને માટે યુદ્ધ થતાં હતાં. કોઈની પાસે અત્યંત મૂલ્યવાન વસ્તુ હોય તો બીજો રાજા એને છીનવી લેવા પ્રયત્ન કરતો. રથ, અશ્વ, હાથી અને પગપાળા સૈન્ય રાખવામાં આવતા. રથને ઉત્તમ ઘોડા જોડવામાં આવતા અને સારથિ દ્વારા ચલાવાતો રથ શસ્ત્રસજ્જ રહેતો.

આ યુદ્ધમાં ગરુડવ્યૂહ, સાગરવ્યૂહ, શટકવ્યૂહ, ચક્રવ્યૂહ, દંડવ્યૂહ જેવા જુદા જુદા વ્યૂહ અજમાવવામાં આવતા. આવા સમયમાં ભગવાન મહાવીરે એમની યુવાવસ્થા વૈશાલીના ગણતંત્રના વાતાવરણમાં પસાર કરી. વૈશાલી ગણરાજ્યના પ્રમુખ મહારાજ ચેટક એમના મામા હતા અને રાય સિદ્ધાર્થ એમના પિતા હતા. આ સંદર્ભમાં ભગવાન મહાવીરે જે સિદ્ધાંતો આપ્યા તે માત્ર આધ્યાત્મિક મુક્તિ પૂરતા સીમિત ન રહ્યા, બલ્કે માનવીય મુક્તિનો પણ એ પ્રયોગ બની રહ્યા. એમણે કહ્યુયં કે **'एक्को हु माणुस्स जाई'** સમગ્ર મનુષ્યજાતિ એક થાય અને માનવમુક્તિના એ સંદર્ભમાં એમણે અહિંસાનો સિદ્ધાંત આપ્યો, જેમાંથી આત્માનુશાસન, સમાનતા અને અનેકાંતવાદનું પ્રતિફલન થયું. આત્માનુશાસન દ્વારા વ્યક્તિને એના આત્મનિર્ણયનો અધિકાર આપ્યો. આપણા ભાગ્યનો નિર્ણય કોઈ બીજી સત્તા કરી શકે નહીં. કારણ કે આપણા શત્રુ અને મિત્ર આપણે જ છીએ. સુખ અને દુઃખના તમે જ સર્જક છો. એમણે સમાનતાનો આદર્શ આપ્યો. નારીનો મહિમા કર્યો. એટલું જ નહીં

પણ સાધુ કે સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા એ સહુનું ગૌરવ કર્યું.

માત્ર સામાજિક સમાનતા જ નહીં, બલ્કે આત્મિક સમાનતાની ભૂમિકા પણ એમણે રચી આપી. એ જ રીતે આત્માનુશાસન દ્વારા ગણતંત્રની એક મહત્ત્વની બાબત પર ભાર મૂકયો અને તે એ કે જો આત્માનુશાસન ન હોય તો વ્યક્તિ હિંસક, ઉચ્છ્રંખલ અને અનાચારી બની જાય. જનતંત્રમાં ખરી જરૂર તો આ આત્માનુશાસનની છે, જેના દ્વારા વ્યક્તિ પોતે જ સંયમી રહીને જનતંત્રને શોભાયમાન કરે. સાપેક્ષતાની વાત કરીને એમણે સ્યાદ્વાદનું રહસ્ય બતાવ્યું. સત્યનું જ્ઞાન અને એના નિરૂપણનો માર્ગ બતાવ્યો અને આ સિદ્ધાંત એ જનતંત્રનું સર્વ બની ગયો. સંઘર્ષને બદલે સમન્વય, હિંસાને બદલે અહિંસા, દમનને બદલે પ્રેમની વાત કરીને માનવની વ્યાવહારિક મુક્તિ સાથે આધ્યાત્મિક મુક્તિનો પથ પ્રદર્શિત કર્યો.

❑❑❑

**જીવનપંથ : ૨૨**

# જૂના વિદ્યાર્થીઓની સભાનું સંચાલન એક સાંસદ કરે !. તે પણ દિગ્ગજ કલાકાર !

**ડૉ. ભદ્રાયુ વછરાજાની**

છેલ્લાં થોડાં વર્ષોથી ભારતની કૉલેજો અને યુનિવર્સિટીઓ માટે NAAC તરફથી મૂલ્યાંકન ફરજિયાત બન્યું છે. પહેલાં સ્ટાર અપાતા ને હવે ગ્રેડ અપાય છે. દેશનાં ખૂણે ખાંચરેથી શિક્ષણવિદો અને નિષ્ણાતોની બનેલી નેક પિયર ટીમ આવે ને બધું જુએ, બધાને મળે, સૂચનો માંગે અને તેના પરથી રિપોર્ટ તૈયાર કરી આપે. આ રિપોર્ટના આધારે ગ્રેડ જાહેર થાય. આજકાલ યુનિવર્સિટીઓમાં કોનો ગ્રેડ ઊંચો અને કોણ કોનાથી આગળ તેની હોડ ચાલી છે, ત્યારે એક રસપ્રદ અનુભવ શેર કરવો છે.

NAAC ની સ્થાપનાથી તેની સાથે જોડાવાનું બન્યું છે. અત્યાર સુધીમાં એંશીથી વધુ કૉલેજો અને પંદર યુનિવર્સિટીમાં મૂલ્યાંકન કમિટીના સભ્ય કે સભ્ય-સચિવ થઈને જવાનો લ્હાવો મળ્યો છે. ત્રણેક વર્ષો પહેલાંનો એક યાદગાર અનુભવ છે. મધ્યપ્રદેશ ની એક ખ્યાતનામ યુનિવર્સિટીનાં એક્રેડીટેશન માટે NAAC ટીમના સભ્ય તરીકે જવાનું થયું. યુનિવર્સિટીનું મૂલ્યાંકન કરવાનું એટલે સાત સદસ્યો. દેશની જૂની અને ટોચની યુનિવર્સિટી. સેન્ટ્રલ યુનિવર્સિટી બનવાની ક્ષમતા ધરાવતી અને દેશના તે સમયના MHRD પ્રધાનનાં રાજ્યની નામી યુનિવર્સિટી. તેના સ્થાપકની એક કહાની, તે ફરી ક્યારેક ચર્ચીશું.

બહુ જ સુંદર, મેટીક્યુલસ પ્લાનીંગ ત્યાંની પ્રાધ્યાપકોની ટીમે કરેલું. ઘણું બધું અમારે જોવાનું હતું. એ યુનિવર્સિટીમાં ભારતીય સેનાનો શસ્ત્રાગાર પણ ખરો અને સ્મશાનગૃહ પણ ખરું. લાયબ્રેરીમાં પોણા ચાર લાખથી વધુ પુસ્તકો અને તેમાં ચાલીસ હજારથી વધુ પુસ્તકોનો અલાયદો વિભાગ. આ વિભાગનાં પુસ્તકો યુનિવર્સિટીના સ્થાપકે પોતાની લાયબ્રેરીમાંથી ડોનેટ કરેલાં!! અહીં ફોરેન્સિક સાયન્સ ડિપાર્ટમેન્ટ એટલું સુસજ્જ કે અમેરિકાના પ્રેસિડેન્ટ કેનેડી પર છૂટેલી ગોળીનાં નિશાનોવાળો કાચ અહીં તપાસ માટે આવેલો! નિરખતા જાઓ અને અચંબામાં પડતા જાઓ એવું વિશ્વવિદ્યાલય! અમે ટુકડીઓ પાડીને ઘણું બધું જોયું અને કેટલાયને મળ્યા. ત્યારના કુલપતિ રાજકીય સપોર્ટવાળા ખરા (તે તો હોય જ ને, MHRD પ્રધાનનું રાજ્ય છે..), પણ ખુબ સક્ષમ - શિક્ષણજીવ - ગુણવત્તાના ખાસ્સા મેનેજર. એમણે કશું જ કાચું છોડ્યું ન હતું, NAAC ટીમ પાસે પ્રદર્શિત કરવા માટે..

કુલપતિને મળ્યા, કુલસચિવને મળ્યા, IQAC ને મળ્યા, બધા જ પ્રાધ્યાપકોને મળ્યા, વિદ્યાર્થીઓને મળ્યા, પેરેન્ટસને મળ્યા, સમાજના આગેવાનોને મળ્યા અને છેલ્લા દિવસોમાં એલ્યુમ્નાઈઝને મળ્યા. આ યુનિવર્સિટીમાં ભણી ગયેલા જૂના વિદ્યાર્થીઓની સભામાં અમારી આખી ટીમ ગોઠવાઈ ગઈ. NAAC ની માર્ગદર્શિકા મુજબ પ્રાધ્યાપક-કૉઓર્ડિનેટરે અમારો ટૂંકો પરિચય કરાવ્યો અને તેઓ સભાખંડની બહાર ચાલ્યા ગયા. એક જૂના વિદ્યાર્થી ઉઠ્યા અને મંચ પર આવી એમણે સભા સંચાલન સંભાળ્યું. ખાસ્સા મોટા, પ્રભાવદાર, માથા પર ફાળીયા જેવો ફેંટો બાંધેલ વ્યક્તિએ ઘેઘુર કંઠમાં હિન્દી ભાષામાં છાક્કો પાડી દે તેવી રજુઆત શરૂ કરી. એક પછી એક તેઓ જૂના વિદ્યાર્થીઓને મંચ પર બોલાવતા ગયા ને યુનિવર્સિટીની આભા ને વધુને વધુ સ્પષ્ટ કરતા ગયા. આ યુનિવર્સિટીમાંથી ભણી ગયેલા આ ઑલ્ડ સ્ટુડન્ટસમાંથી કેટલાય સભામાં હાજર હતા. એમાં સાત પૂર્વ કુલપતિઓ હતા અને ત્રણ વર્તમાન કુલપતિઓ હતા. સંખ્યાબંધ સરકારી અધિકારીઓ, તબીબો, સ્થપતિઓ, કલાકારો અમારી સામે હતા. સૌના ચહેરા પર અહીં ભણ્યાનો સંતોષ હતો અને સભા સંચાલક એ સંતોષને ગરિમા બક્ષતા હતા!

મંચ પર અમે સાત સભ્યો જ હતા. પેલા સભા-સંચાલક ઑલ્ડ સ્ટુડન્ટનું પ્રભાવશાળી હિન્દી સંચાલન અમને અસર કરી ગયું. હું મંચ પર બેઠેલા સભ્યોમાં ડાબા હાથે છેલ્લા સોફામાં હતો, મેં પેલા મહાશયને મારી બાજુમાં બેસવા કહ્યું, જેથી એમને વારંવાર

સ્ટેજ પરથી ઉતર-ચડ કરવું ન પડે. તેઓ વિનયથી ગોઠવાયા અને સંચાલન કરતાં કરતાં વચ્ચે અમે નાની ગોષ્ઠિ કરી. મેં ભાવવશ કહ્યું : 'આપ બહુત હી પ્રભાવી ઢંગ સે હિન્દી બોલતે હૈં।' જવાબ ટૂંકો છતાં હાર્દિક : 'હિન્દુસ્તાની હૂઁ તો રાષ્ટ્રભાષા તો પ્રભાવી હી હોની ચાહિયે।' મેં ફરી પૂછયું : 'આપ ગીત-કાવ્ય કી પંક્તિયાઁ ઐસે બોલતે હૈં, માનો આપ કવિ હૈં।' તેમણે માથું ઝૂકાવી આભાર વ્યક્ત કર્યો. થોડીવારમાં તેમણે પોતે આ યુનિવર્સિટીમાં ભણ્યા તેનાં સ્મરણો રજૂ કર્યાં અને સૌ ઑલ્ડ સ્ટુડન્ટસની આંખમાં પાણી લાવી દીધાં. પોતે યુનિવર્સિટી માટે લખેલું એક ગીત બુલંદ અવાજે ગાયું પણ ખરું.. એ પૂરું કરીને બેઠાને મારાથી પૂછાયું : 'કહો ના કહો, લેકિન આપ કવિ હૈં।' એમણે કહ્યું : 'સરજી, આપ સહી હૈં. આપને 'જૂઠ બોલે કૌવા કાટે, કાલે કૌએ સે ડરીયો' ગીત સુના હૈ?' મેં કહ્યું : 'અરે હાં, વહ તો બૉબી ફિલ્મ કા બડા હીટ સોંગ હૈ..' 'સાહબ, વહ મૈંને લિખા હૈ।' લાગણીથી છલકતાં હું બોલી ઉઠ્યો : 'આપ વિઠ્ઠલભાઈ પટેલ હૈં?' તેઓએ નમસ્કાર કરી બોલ્યા : 'હાઁ, સરજી, મેં હી ગીતકાર, વિઠ્ઠલભાઈ પટેલ હૂં ઔર મૈં યહાઁ સે રાજ્યસભાકા સાંસદ હૂં।' 'આપને અપના ઈન્ટ્રોડક્શન કયો નહીં દિયા સબકો?' વિઠ્ઠલભાઈ ઉવાચ : 'આજ મેરા પરિચય દેનાં નહીં હૈ, આજ તો મેરે સાગર વિશ્વવિદ્યાલય કા સચ્ચા પરિચય આપ લોગોં કો દેના હૈ।' મીટીંગ પૂરી કર્યા પછી વિઠ્ઠલભાઈએ અમને ફિલ્મી કલાકારો આશુતોષ રાણા અને રઘુવીર યાદવની સાથે મુલાકાત કરાવી. તેઓ પણ સાગર યુનિવર્સિટીના જ વિદ્યાર્થીઓ છે! વિઠ્ઠલભાઈએ એમનો પણ પરિચય છેલ્લે જ કરાવ્યો. એમને મન સાગર યુનિવર્સિટી મોટી હતી, કલાકાર હોવું કે સાંસદ હોવું નહીં !. વિઠ્ઠલભાઈએ થોડા મહીના પહેલાં જ આપણી વચ્ચેથી વિદાય લીધી!! જૂના વિદ્યાર્થીઓની સભાનું સંચાલન એક સાંસદ કરે.? માતૃસંસ્થાનો પ્રેમ, બીજું શું?

❑❑❑


પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪,
અમીન માર્ગ, રાજકોટ.
સંપર્ક : ૦૯૮૯૮૯૨૦૩૩૩, (૦૨૮૧)૨૫૮૮૭૧૧
ઈમેલ : bhadrayu2@gmail.com


# મનને ઓળખોને તમારી માન્યતાને બદલો


**સુબોધી સતીશ મસાલિયા**


| | |
|---|---|
| સળગતો અગ્નિ | ઉપયોગમન |
| ઢંકાયેલો અગ્નિ | લબ્ધિમન<br>૨૪ કલાક |
| વિરૂદ્ધભાવો એક સાથે રહે છે. | પુણ્ય-પાપનો બંધ કરાવે છે. |

**લબ્ધિમનના ચાર વિભાગ**

(૧) માન્યતા રૂપ ભાવ
(૨) પરિણતિ રૂપ ભાવ
(૩) યોગ્યતા રૂપ કષાયાત્મકભાવ
(૪) સંસ્કારાત્મક ભાવ

**અ**નંતકાળમાં જીવ પાંગળો-પામર થઈને ૯૮ એકેન્દ્રિયમાંજ ફર્યો છે. નિગોદને ભવ હોય કે ઝાડપાન હોય કે કીડી-મંકોડાના ભવ આ બધાને આંખ-કાન-મન નથી. સૃષ્ટિમાં બહુ ઓછા જીવો નેજ શક્તિ મળે છે. તેનું મુખ્ય કારણ પુણ્ય છે. પુણ્યથી જે શક્તિ મળી છે તેનો જો સદુપયોગ ન કરો તો અનંત જન્મ સુધી તે શક્તિ ફરી નહી મળે. શક્તિનો સદુપયોગ ન કરે તેની પાસેથી કુદરત તે શક્તિ ઝૂંટવી લે છે આ કુદરતનો સનાતન કાયદો છે. યોગશતકમાં પૂ.આ. હરિભદ્રસૂરિએ લખ્યું છે કે ''જેને પ્રતિદિન યોગની આરાધના કરવી હોય તેણે પ્રતિદિન-પ્રતિક્ષણ આત્માવલોકન કરવું જોઈએ. લબ્ધિમન રૂપી સંગ્રહસ્થાનનું નિરીક્ષણ-પરિક્ષણ તો કરવું જ પડે. તમામ દુન્યવી ભાવોનું તે સંગ્રહસ્થાન છે. એક તણખલા જેવી બાબતમાં પણ રાગ-દ્વેષ-રૂચિ-અરૂચિના ભાવો પડયા છે. દા.ત. દુનિયામાં જેટલા કપડા છે તેની ડિઝાઈન-કલર-ક્વોલિટી સંબંધી રાગ દ્વેષ-રૂચી-અરૂચિ મનમાં સંગ્રહ છે. અત્યારે તમારું મન આ કોઈની સાથે સંપર્કમાં નથી છતાં જે પડયું છે તેનાથી કર્મબંધ ચાલુ છે. કેવી રીતે? તે દાખલા-ઉદા. સાથે આગળ સમજીએ. **એકપણ માન્યતા ઉંધી ગોઠવાય તે આત્મા માટે ભયંકર દોષ છે.** જેમ તમે પ્રભુભક્તિ કરી ત્યારે પણ તમારામાં ભગવાનની આજ્ઞા વિરૂદ્ધ જેટલી ઉંધી માન્યતાઓ છે તે તમને પાપનો બંધ કરાવે છે. દાત. ''ગાજર તો શરીર માટે - આંખ માટે બહુ સારૂ માટે ખાવા જોઈએ. આરોગ્ય સારૂં હશે તો ધર્મઆરાધના થશે.'' હવે આ ઉંધી માન્યતા પડી છે તેથી તમને ચોવીસે કલાક ગાજરનો રસ પીઓ કે ન પીઓ પણ દુનિયામાં આજીવોની જે હિંસા થાય છે તેમાં તમારી અનુમોદના ચાલુ છે માટે પાપનો બંધ ચાલુ છે. જેમ કે તમારા કુટુંબમાં ભાઈ-બહેન-મા-બાપ-સંબંધીઓ સાથે કેવા વ્યવહાર કરવા તે ભગવાને ઉચિત વ્યવહાર બતાવ્યા છે. તેનાથી વિરૂદ્ધ જે વ્યવહાર કરો તેને ખોટું માનવાની તૈયારી જોઈએ. જો તેને સારૂં માન્યું તો અધર્મની માન્યતાને પ્રોત્સાહન મળ્યું કહેવાય. આ જગતમાં અનેક પ્રકારની હિંસા ચાલુ છે. જે હિંસાને તમે વાજબી માનો છો તેમાં તમારી રુચી છે એટલે પાપ બંધાય. જેને ગેરવાજબી માનો છો તેમાં તમારી અરુચિ એટલે પુણ્ય બંધાય. તમે કહેશો કે અમે વળી હિંસાને સારી માનતા હોઈશું?...હા તમે તમારી માન્યતાને પકડી નથી શકતા. જૂઓ તમે બંગલો બાંધો તેને ખરાબ કહેશો? એકને બદલે બે ગાડી આવે કે એકને બદલે બે દુકાન થાય તો રાજીને? તેથી તમારા મનમાં આવી હિંસા સારી તેવી માન્યતા વણાઈ ગઈ છે. બધી હિંસાને

ખરાબ માનનાર તો કોઈ વિરલાજ નિકળશે. તેવો માણસ તો ચાર બંગલા આવે તોય હરખાય નહિ અંદરથી તટસ્થ હોય. બંગલા ગાડીથી થતી હિંસાનું અંદર પારાવાર દુઃખ હોય. તે ગમે તેવા બંગલામાં રહે પણ તેને હિંસા નિમિત્તે પાપનો બંધ ન હોય. કારણ કે હિંસા માત્ર પ્રત્યે એની સંપૂર્ણ અરૂચિ એની પ્રકૃતિમાં માન્યતામાં વણાઈ ગઈ છે. જ્યારે આપણને ગાડી-બંગલો મળે કે ન મળે પાપનો બંધ ચાલુ છે. જો તટસ્થ પણે તમે તમારા જીવનમાં આવું અવલોકન કરશો તો ઘણી ખોટી માન્યતાઓ મળી આવશે જેમકે ગૃહસ્થ જીવનમાં પૈસા વગર ન ચાલે એટલે **પૈસા મેળવવા જેવા**, અનાજ વગર ન ચાલે એટલે **ખેતી કરવા જેવી**, પૈસા વેપાર વ્યવસાય વગર ન મળે એટલે **વેપાર કરવા જેવો**...જેમાં જેમાં હિંસા, અસત્ય સમાયેલું છે તે ભલે આવશ્યક હોય તો પણ ખરાબ જ છે, જીનાજ્ઞા વિરૂદ્ધ જ છે તે સ્વીકારવું જ પડે, નહિતો તમે જેને સારૂં માનો છો તે દુનિયાના કોઈપણ ખૂણે થતું હોય તેનો પાપનો બંધ તેમને થયા જ કરે છે. ઉંધી માન્યતા એજ મિથ્યાત્વ. **જન્મોજનમથી ગાઢ થઈને પડેલી મિથ્યાત્વની ગાંઠને તોડવાનો જ પુરૂષાર્થ કરવાનો છે.**

**અભવિ જીવ મોક્ષે કેમ ન જાય ?**

અભવ્યનો જીવ પોતાની બધી માન્યતાને ભગવાનની આજ્ઞા પ્રમાણે મેચ કરી શકતો જ નથી. તે પોતાના મનમાં બીજી બધી શુદ્ધિ કરે છે, પણ ગરબડ કયાં? કદાચ ૨૫-૫૦ ટકા તેની માન્યતા ટેલી થાય પણ ૧૦૦% તો ટેલી થતી જ નથી અને આજ એનો મોટો ડ્રોબેક છે. મથામણ કરીને થાકી જાય પણ મનને કબૂલ કરાવી શકે તેમ નથી કે **વિષય-કષાય દુઃખરૂપ છે અને આત્મામાં અનુપમ સુખ છે.** બસ આજ મિથ્યાત્વ રૂપી ગાંઠ તે તોડી શકતો નથી ને તેને કારણે જ અભવિનો જીવ રખડે છે. તે શ્રદ્ધાથી જીનવચનને માની લે છે પણ તેનું મન અનુભવથી કબુલ કરતું નથી. માટે જ વિચારજો સાધનામાં માન્યતાનું કેટલું મહત્ત્વ છે. તેના કારણે જ તેનો પુરૂષાર્થ નકામો જાય છે. તેના ઉપદેશથી બીજા લોકો તરી જાય છે પણ પોતે મોક્ષ પામી શકતો નથી. ભવિ આત્મા પણ માન્યતાની શુદ્ધિ ન કરે તો તેનો પુરૂષાર્થ એળે જાય છે. ઘણા જીવ ધ્યાન કરે છે, ભાવના, ચિંતન, મનન પણ કરે છે પણ **મુશ્કેલી એ છે કે મનમાં ગોટાળારૂપે માન્યતા ખોટી પડેલી છે, આજ મિથ્યાત્વ છે માટે લાખો પ્રયત્ન પણ નિષ્ફળ જવાના.** આ એક ગભરાઈ જવાય એવું ભારેખમ નિદાન છે, પણ સત્ય નિદાન છે. મિથ્યાત્વ તોડયા વગર અને સમકિત પામ્યા વગર આત્મા ગમે તેટલો ચારિત્રથી ભાવિત થાય કે ગમે તેટલું જ્ઞાન મેળવે પણ તે જ્ઞાન મિથ્યાજ્ઞાન છે, અને ચારિત્રપણ દ્રવ્ય ચારિત્ર છે માટે માન્યતાનો મહિમા સમજો.

મિથ્યા એટલે ખોટું. મિથ્યાત્વ એટલે ખોટી માન્યતા તમારી જે માન્યતા ભગવાનની આજ્ઞા સાથે મેચ ન થાય તે બધીજ માન્યતા મિથ્યાત્વ. તમારી માન્યતા ૧૦૦% ભગવાનની આજ્ઞા સાથે મેચ થવી જોઈએ. ત્યારે ચોથા ગુણઠાણાનું સમકિત આવ્યું કહેવાય. જોકે એ પણ વ્યવહાર નય થી નિશ્ચય નયથી નહીં. નિશ્ચય નયથી તો સાતમા ગુણઠાણાનું સમકિત પામે ત્યારેજ સમકિત પામ્યો કહેવાય. એ પણ યાદ રાખજો કે ભગવાને વ્યવહાર નયથીને નિશ્ચચ નયથી ધર્મ સમજાવ્યો પણ નિશ્ચય નય વગર મોક્ષ નથી. હું મિથ્યાત્વમાં રમું છું કે નહીં તે માપવાની હજાર ફુટપટ્ટી છે તેમાની થોડી આજે બતાવું છું. જુઓ તમે બંગલો બાંધો તેને ખરાબ કહેશો? એકને બદલે બે ગાડી આવે તો રાજીને? તો તમારા મનમાં આવી હિંસા સારી એવી માન્યતા વણાઈ ગઈ છે. બંગલો બાંધવામાં પૃથ્વીકાય, અપકાય, એકેન્દ્રિય, બેઈંદ્રિય વગેરે જીવોની કેટલી હિંસા? ગાડીથી વાયુકાય, અગ્નિકાય, પંચેન્દ્રિય ઢોરોની ચામડી સીટ વગેરેમાં વપરાય એની કેટલી હિંસા? છતાંય આ તમને સારૂ લાગે એટલે આવી હિંસા સારી તેમાં કાંઈ વાંધો નહી એ માન્યતા તમારી અંદર સતત પડેલી છે. શું આ ભગવાનની આજ્ઞા સાથે મેચ થાય છે? શું જીનાજ્ઞા એમ કહે છે કે આવી હિંસાથી જે કાંઈ બનતુ હોય એને સારૂ માનો કે ખુશ થાઓ તો તમારી અંદરની માન્યતા, ખોટી માન્યતા, જીનાજ્ઞા વિરૂદ્ધની માન્યતા એ મિથ્યાત્વ છે. ધાર્મિક પ્રસંગોમાં કે દેરાસરોમાં કે બિલ્ડિંગો કે અન્યત્ર શણગારવામાં જે વિજળીનો બેફામ ઉપયોગ જોઈને તમે ખુશ થઈ જાવ છો. વાહ શું સુંદર??? વૃક્ષ પર કરેલી લાઈટીંગ તમારા દિલને દઝાડતી નથી, જે વૃક્ષને ભલે દઝાડતી હોય, પાણીકાય, અગ્નિકાય ને વૃક્ષના અનંતાઅનંત જીવો ભલે મરતા હોય પણ તમારી માન્યતામાં તો આ બહું સુંદર, બહુ સરસ, આવી હિંસા તમારી માન્યતામાં તમને સારી લાગે છે જીનાજ્ઞા સાથે મેચ થતી નથી તે મિથ્યાત્વ છે. ગાજરનો રસ આંખ માટે બહુ સારો, લસણથી લોહી પાતળુ રહે, લોકો સમજતા નથી. આ બધી દવા છે લેવીજ જોઈએ. શરીર સારૂં હશે તો ધર્મ થશે ને? જરા ચેક કરો. આવી માન્યતા હૃદયમાં પડી છે? તે ભગવાનની આજ્ઞા સાથે મેચ થાય છે? નથી થતી? તો આ મિથ્યાત્વને તમારી માન્યતામાંથી કાઢો. ''વિજ્ઞાને બહુ સારી સારી શોધખોળ કરી છે. પૈસા મેળવવા જેવા, ખેતી કરવા જેવી, પૈસા વેપાર વ્યવસાય વગર ન મળે એટલે વેપાર કરવા જેવો. જેમાં જેમાં હિંસા અસત્ય સમાયેલું છે તે ભલે જરૂરી હોય, પણ ખરાબ જ છે, જીનાજ્ઞા વિરૂદ્ધ છે તે સ્વીકારવું જ પડે. દેરાસર બંધાવીએ તો દેવગતિ મળે, રાત્રી ભોજનથી નરકગતી મળે એટલે એ છોડવું છે'', આ અંદર પડેલી માન્યતા...ભાઈ તને દેવગતિ કેમ જોઈએ? કેમકે ત્યાં સુખ છે... આ થયો સુખથી રાગ...તને નરકગતિ કેમ નથી જોતી? ત્યાં દુઃખ છે માટે... આ થયો દુઃખથી દ્વેષ. સુખથી રાગ અને દુઃખથી દ્વેષ આ બંન્ને માન્યતા જીનાજ્ઞા વિરૂદ્ધ છે. માટે મિથ્યાત્વ છે. કોઈપણ ગતી ની ઈચ્છા એટલે સંસાર વધારવાની ભાવના. દેરાસર બાંધો કે રાત્રીભોજન છોડો તેની પાછળ મોક્ષ સિવાય ની કોઈપણ ભાવના, કર્મ મુક્તિ સિવાયની કોઈપણ ભાવના જીનાજ્ઞા વિરૂદ્ધ છે. ''હું તો દરરોજ દર્શન-પૂજા કરીને જ નીકળું એટલે ધંધો સારો ચાલે. હું તો દર

મહિને શંખેશ્વર જાઉંજ એટલે અટકેલા પેમેન્ટ આવી જાય''. (સાંસારિક માન્યતા જેનાથી લોભકષાયનું પોષણ-મિથ્યાત્વ) ''હું દરરોજ પંખીડાને ચણ નાખુજ, આ જનમમાં આપ્યું હશે તો કોઈક ભવમાં આપણને ખાવાનું મળશે (આવી માન્યતાથી કેટલાય જન્મો ઈચ્છી લીધા) કોઈ કોઈવાર હોટલમાં ખાઈએ એમાં કાંઈ વાંધો નહીં મિથ્યા માન્યતા. મોબાઈલ સારી વસ્તુ છે, મહિને એકાદવાર પિક્ચર જોવા જવામાં શું વાંધો છે? મિથ્યા માન્યતા. ટ્રેન, બસ,પ્લેન બધી સગવડ એટલી સારી થઈ ગઈ છે કે અઠવાડિયામાં ૧૫ તિર્થની જાત્રા આરામથી થઈ જાય. આ મિથ્યા માન્યતા. હું હતો તો આ બધું થયું, મારા વગર કાંઈ થાત નહી, 'હું' અને 'મારૂં' મિથ્યા માન્યતા સારૂ થયું એને તો ટૈડકાવવા જેવો જ હતો. આવા ને તો ઉચકાયા વગર સીધા જ ન થાય''. (ક્રોધ વિકાર ને સારો માન્યો મિથ્યામાન્યતા. શરીરનેજ આત્મા માને... શરરીની પરવરિશ પહેલાં, બીજું બધું પછી... આ મિથ્યા માન્યતા. પેસ્ટ કંટ્રોલ તો કરાવવું જ પડે નહીતો જીવજંતુનો ત્રાસ વધી જાય. તમારી આ માન્યતા જીનાજ્ઞા સાથે મેચ થાય છે? કોઈને બે-પાંચ લાખની મદદ કરો ત્યારે માન્યતામાં શું? બિચારો કમાઇ-ખાઈ-પીને મોજથી રહે એટલે બસ મારૂં કરેલું લેખે લાગે... આ સાંસારિક ભાવના તો શું માન્યતા હોવી જોઈએ? મારામાં જે લોભ વિકાર છે, તે મોક્ષમાર્ગનો બાધક છે, એ વિકાર પાતળો પડે... મારો આત્મા લોભ વિકારથી મુક્ત થાય...એ માન્યતા થી આપો તો તમારી માન્યતા જીનાજ્ઞા સાથે મેચ થાય. વિચાર કરો આવી કેટલીએ માન્યતા અંદર ઘરકરી ને બેઠી છે. જો તમે તટસ્થ પણે તમારા જીવનમાં અવલોકન કરશો તો ઘણી ખોટી માન્યતા મળી આવશે. આ અંદર રહેલું મિથ્યાત્વ તમને સતત પાપનો અનુબંધ કરાવે છે. જનમો જનમથી ગાઢ થઈ ને પડેલી મિથ્યાત્વની ગાંઠનેજ તોડવાનો પુરૂષાર્થ કરવાનો છે. એકપણ માન્યતા ઉંધી ગોઠવાય તે આત્મા માટે ભયંકર દોષ છે. જેને તમે સારૂં માનો છો તે દુનિયાના કોઈપણ છેડે થતું હોય તેનો પાપનો બંધ તમને લાગે છે. તમારી પરિણતી માં અત્યારે શું છે, એટલે કે તમે શું કરી રહ્યા છો ! તે મહત્ત્વનું નથી પણ તમારી માન્યતામાં શું છે તે મહત્વનું છે. તમારી એક એક માન્યતા ને ચેક કરતા જાવ તો બીજી કેટલીએ ફૂટપટ્ટી મળી આવશે જેનાથી તમારી જાતને માપી શકશો કે તમે મિથ્યાત્વના કયા પગથીયા પર ઉભા છો.

❑❑❑

૧૯, ધર્મપ્રતાપ, અશોક નગર, દામોદર વાડી,
કાંદિવલી (ઈસ્ટ), ૪૦૦૧૦૧. સંપર્ક : ૮૮૫૦૦૮૮૫૬૭

# શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ

**ડૉ. રતનબેન ખીમજી છાડવા**

(ગતાંકથી ચાલુ...)

### બુદ્ધિ વૃદ્ધિકારક

સમ્પૂર્ણ મંડલ શશાંક કલા કલાપ
શુભ્રા ગુણા સ્ત્રિભુવનં તવ લંઘયન્તિ ।
યે સંશ્રિતા સ્ત્રિજગદીશ્વર નાથમેકં
કસ્તાન્નિવારયતિ સંચરતો વથેષ્ટમ્ ? ।।૧૪।।

**ભાવાર્થ** :- હે ત્રિલોકનાથ! સંપૂર્ણ કળાએ ખીલેલા પૂર્ણિમાના ચંદ્રકિરણોના સમૂહ જેવાં આપના ઉજ્જવલ - શુભ્ર ગુણો પ્રકાશિત થઈ રહ્યાં છે, કે જે ત્રણ જગતની સીમાને પાર કરી આગળ વધી ત્રણેય લોકમાં વ્યાપ્ત થઈ ગયા છે. એવાં ત્રણ ત્રિભુવનના સ્વામી હે પ્રભો! આપનું શરણ અદ્ભુત છે. એટલે જ આપના જેવા અદ્વિતીય નાથનો આશ્રય મેળવનારને સ્વેચ્છા પ્રમાણે વિચરતાં કોણ રોકી શકે? અર્થાત્ કોઈ રોકી શકતા નથી.

**વિવેચન** :- આચાર્યશ્રીએ આ પૂર્વેના શ્લોકમાં સોળે કલાએ ખીલેલાં ચંદ્ર સાથે પ્રભુના મુખની સરખામણી કરવી યોગ્ય નથી એવું દર્શાવેલ, પરંતુ પ્રસ્તુત શ્લોકમાં તેમણે સંપૂર્ણ કળાયુક્ત ચંદ્રનું દર્શન કરાવી ચંદ્રને નવાજ્યો હોય એ રીતે પ્રશંસા કરી તેના ઉજ્જ્વલ કિરણોનો અનુપમ આદર કર્યો છે.

આ સંસાર સાગર મનુષ્ય માટે દુઃખદાયી, આધિ, વ્યાધિ અને ઉપાધિથી ત્રસરૂપે છે. ત્યારે આવાં પીડિત ને નિરાધાર મનુષ્યોને અવલંબનની જરૂર પડે છે. પરંતુ સાંસારિક અવલંબન સ્વાર્થથી પરિપૂર્ણ હોય છે. ત્યારે પ્રભુ શરણ જ ખરા અર્થમાં સાચું શરણ બને છે. પ્રસ્તુત શ્લોકમાં આચાર્યશ્રીએ પણ એ જ વાત કરી છે કે, પ્રભુ શરણ સિવાય બીજું કોઈ મોટું અવલંબન નથી. જો મનુષ્ય શ્રદ્ધાવાન હોય, તેનો વિશ્વાસ નિર્મળ અને અખંડ હોય તો પ્રભુ શરણ ગ્રહણ કરી સંસાર સાગરમાં નિરાબાધરૂપે વિચરણ કરી પાર પામે છે. તાત્પર્ય એ છે કે જો પ્રભુનું અનન્ય ભાવે શરણું સ્વીકારવામાં આવે તો મનુષ્ય, તિર્યચ, દેવ, કે નરકગતિમાંથી મુક્ત બની મોક્ષગતિમાં વિના અવરોધ જઈ શકે છે.

મહાન તત્ત્વજ્ઞ આચાર્યશ્રીએ શ્રી ભક્તામર સ્તોત્રમાં મૂકેલાં એક એક શબ્દ ગૂઢ અર્થોને પ્રગટ કરે છે. પ્રસ્તુત શ્લોકનો પ્રથમ શબ્દ ''સંપૂર્ણ મંડલ'' પણ એવો જ ગૂઢાર્થ સંકેત દર્શાવે છે. જેમ કે - પૂર્ણ ચંદ્ર પણ બે પ્રકારની અવસ્થા ધારણ કરે છે. સાધારણ નક્ષત્રમાં આવેલ ચંદ્ર પૂર્ણ હોવાં છતાં દક્ષિણ દિશામાં ચાલ્યો ગયો હોય તો તેનો સમ્યક્ પ્રકારે લાભ ન મળે. પરંતુ આ જ પૂર્ણ ચંદ્ર જ્યારે યોગ્ય રાશિમાં, આકાશના મધ્યભાગમાં આવે તો પૂરી રોશની પાથરે છે. ત્યારે તે સંપૂર્ણ ચંદ્ર કહેવાય. એવી જ રીતે કોઈપણ પ્રકારના વાદળા કે આવરણ રહિત હોય ત્યારે તે પૂર્ણ

ચંદ્ર, સંપૂર્ણ ચંદ્ર બની જાય છે. વળી સંપૂર્ણ સાથે મંડલ શબ્દ જોડેલો છે. ચંદ્રમાની જે સુંદર ગોળાકૃતિ છે, તે મંડલ કહેવાય. સંપૂર્ણ તે મંડલનું વિશેષણ છે. સંપૂર્ણ મંડલ તે ચંદ્રનું વિશેષણ છે. આવી રીતે કવિશ્રીએ વિશેષ્ય વિશેષણ અલંકારનો ઉપયોગ કર્યો છે. ચંદ્રને સંપૂર્ણ મંડલવાળો કહીને બાકીના શુક્લ પક્ષ કે કૃષ્ણપક્ષ બંને પક્ષના ૨૯ દિવસમાં પર્યટન કરતો ખંડિત મંડલવાળો ચંદ્ર અગ્રાહ્ય કરીને ફક્ત એક પૂર્ણિમાનો પૂર્ણ ચંદ્ર ગ્રહણ કર્યો છે. તેમ જ નિરાવરણ, સ્વચ્છ આકાશગામી પરિપૂર્ણ ચંદ્રને ગ્રહણ કરવા માટે જ 'સંપૂર્ણ મંડલ' શબ્દનો પ્રયોગ કરીને તેમણે ચંદ્રની અદ્ભુત લીલાનું વિવેચન કર્યું છે.

પ્રસ્તુત શ્લોકમાં કવિશ્રી પરમાત્માના ગુણોનું આખ્યાન કરતાં કહે છે કે જેમ સંપૂર્ણ મંડલવાળો પૂર્ણિમાનો ચંદ્ર જ્યારે ખીલી ઊઠે છે ત્યારે એની સોળે કળાઓ વિકસિત થઈને શુભ્રભાવે રોશની ફેલાવે છે, ત્યારે તે કિરણો અત્યંત સૌમ્યકારી અને આહ્લાદક હોય છે. આવા ચંદ્રના શીતળ અને શુભ્ર પ્રકાશ જેવા ઉજ્જવલ અને સૌમ્ય ગુણો પરમાત્મામાં પણ ખીલી ઊઠયા છે. જે ગુણો ત્રણે લોકમાં અદ્વિતીય છે. એટલું જ નહિ અલોકને પણ આલોકિત કરે તેવાં છે.

કવિશ્રીએ અહીં ચંદ્રને શશાંક કહ્યો છે. 'શશ'નો અર્થ સસલું થાય છે. સસલું ઘણું જ ચંચળ, ગતિશીલ પ્રાણી છે સાથે સાથે એટલું જ બીકણ છે. આવા ચંચળ શશને ચંદ્રમાએ પોતાની ગોદમાં બેસાડીને સ્થિર કરી દીધું છે કે જાણે તેને હવે કોઈ ભય નથી. આમ સ્થિર, શાંત ચંદ્ર અને ગતિશીલ ચંચળ સસલું, આ બંનેના સંયોગથી વિરોધાભાસ અલંકારની ઝલક 'શશાંક' શબ્દમાં જોવા મળે છે.

આચાર્યશ્રીએ આવા શશથી અંકિત થયેલ ચંદ્રના કિરણોને વિશેષ મહત્ત્વ આપ્યું છે. જેટલું ગતિશીલ સસલું છે, તેટલાં જ ચંદ્રના કિરણો તથા પ્રભુના ગુણો પણ ગતિશીલ છે. વળી તે કિરણોમાં અને ગુણોમાં ચંદ્રમાની વિશુદ્ધિ ભળી છે તેથી તે ગુણો અત્યંત પ્રબળ બન્યા છે. આવા પ્રબળ ગુણના નિધાન શ્રી પરમાત્મા શ્રદ્ધાળુ જીવો માટે આશ્રયભૂત બન્યા છે. જે જીવો શ્રદ્ધાપૂર્વક સમ્યક્ પ્રકારે પ્રભુનું શરણું સ્વીકારે છે તેઓ ચંદ્રને આશ્રિત રહેલ નિર્ભય શશની જેમ નિર્ભય બની જાય છે. અને તેવા આશ્રયભૂત જીવો પોતાની ઈચ્છા પ્રમાણે પરિભ્રમણ કરે તો તેમાં કોઈ પણ બાધા આવતી નથી. આ છે પ્રભુ શરણનો મહિમા.

શ્લોકની ચોથી કડીમાં આચાર્યશ્રી નિષેધાત્મક શૈલીનો પ્રયોગ કરી કહે છે કે, આ રીતે મન ધાર્યું વિચરણ કરવામાં કોણ બાધા નાંખી શકે? અહીં તેમણે એક આધ્યાત્મિક સિદ્ધાંત રજુ કર્યો છે. જગતમાં જે કાંઈ મુસીબત આવે છે અથવા સારી તકો હાથમાંથી નીકળી જાય છે, તેમાં અંતરાય કર્મ મુખ્ય કારણરૂપે રહેલ છે. આ અંતરાય કર્મ દૂર કર્યા વિના અનુકૂળતા પ્રાપ્ત થતી નથી. પરંતુ જે વ્યક્તિ પ્રભુ શરણનો સ્વીકાર કરે છે તેવી વ્યક્તિનું અંતરાય કર્મ તૂટવા માંડે છે. તેનો અર્થ એ છે કે પ્રભુના સિદ્ધાંતોને અનુસરવું, પ્રભુભક્તિ કરવી. જેમ અશુદ્ધ પાણીમાં ફટકડી નાંખવાથી પાણી શુદ્ધ થાય તેમ પ્રભુના આશ્રયરૂપી ફટકડીથી આપોઆપ અંતરાય કર્મના દલિકો છૂટા પડે છે અને ગુણાત્મક ભાવો પ્રગટ થવા માંડે છે અને ભક્તની યાત્રા નિર્વિઘ્ન રૂપે ચાલુ રહે છે.

ઉપરોક્ત કથન કવિશ્રીએ પ્રશ્નવાચક કથન દ્વારા દર્શાવ્યું છે. કારણ કે તેમણે અહીં નિશ્ચયાત્મક અર્થમાં નહિ પણ સંભવ અર્થમાં બોધ કરાવ્યો છે. જેમ કોઈ કહે કે આ ગુટિકા ખાવાથી શું કોઈ રોગ ટકી શકે? એનો અર્થ એ છે કે પ્રાયઃ આ ગુટિકા રોગનું નિવારણ કરી શકે છે પરંતુ આ એકાંત વ્યાપ્તિ નથી તે જ પ્રમાણે આચાર્યશ્રીએ ભક્તિરૂપ રહેલા ભાવો નિશ્ચયાત્મક રૂપે નહિ પણ સંભવાત્મકરૂપે દર્શાવી પ્રશ્નવાચક કથન કર્યું છે.

સંપૂર્ણ શબ્દથી શ્લોકનો પ્રારંભ થાય છે અને તે સંપૂર્ણ રીતે પરોક્ષભાવે આધ્યાત્મિક ભાવોને ઉજાગર કરે છે. આ શ્લોકમાં કવિશ્રી સ્વયં આત્માને આશ્રય કરવાની પરોક્ષભાવે સૂચના આપે છે. બાહ્ય ભક્તિમાં બાધા કયાં વિના આધ્યાત્મિક ભક્તિનો આશ્રય કરવો એ જ ભક્તિની સાચી રીત છે. કારણ કે જ્યારે જીવ સ્વયં મન, વચન અને કાયાના ત્રિયોગે સ્વપદે બિરાજમાન સ્વનો આશ્રય કરી તેનો આધાર મેળવે છે ત્યારે જ તે સાચા અર્થમાં સમ્યક્ રીતે પ્રભુને સાંશ્રિત થાય છે. જેમ પાણીમાં ચંદ્રનું પ્રતિબિંબ પડે છે અને આ પ્રતિબિંબ સ્વયં વ્યક્તિને માટે આધારભૂત બની જાય છે તેમ શ્રદ્ધામાં પ્રતિબિંબિત થયેલા પ્રભુ શ્રદ્ધા કરનારને માટે આધારભૂત બની જાય છે. ત્યારે ખરેખર તેઓનું વિચરણ નિર્બાધ બની જાય છે, આધિ, વ્યાધિ અને ઉપાધિથી મુક્ત બની જાય છે. આમ અહીં પ્રભુના શરણનો અપૂર્વ મહિમા પ્રગટ થયો છે.

ऋद्धि :- ॐ ह्रीं अर्हं णमो विउलमतीणं।

मंत्र :- ॐ नमो भगवती गुणवती महामानसी स्वाहा।

**વિધિ વિધાન** : પવિત્ર થઈ સફેદ વસ્ત્ર ધારણ કરી સ્ફટિક મણિની માળા દ્વારા પ્રતિદિન ત્રણે કાળ એક સો આઠવાર ચૌદમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રની આરાધના કરવી.

**ફલાગમ (લાભ)** : યંત્ર પાસે રાખવાથી તેમ જ સાત કાંકરી લઈ પ્રત્યેકને એક વીસ વાર મંત્રિત કરી ચારેબાજુ ફેંકવાથી આધિ-વ્યાધિ અને શત્રુના ભય નાશ થાય છે. લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે તથા બુદ્ધિનો વિકાસ થાય છે. સરસ્વતીદેવી પ્રસન્ન થાય છે.

ભક્તામરની ચૌદમી ગાથાની આરાધના કરવાથી શું લાભ-ફળ મળે છે તે દર્શાવતી એક પ્રાચની કથા....

**-: મહારાણી કલ્યાણીની કથા :-**

કેતુપુર નગરના રાજાની રાણીનું નામ કલ્યાણી હતું. મહારાણી

કલ્યાણી ધર્મિષ્ઠ અને સદાચારી હતા. જિનપૂજા, ભક્તામરનું પઠન કરવું વગેરે તેમનો નિત્યક્રમ હતો.

એક દિવસ રાજા વનક્રીડા માટે વનમાં ગયા. ત્યાં તેમણે ભક્ષ-અભક્ષ જાણ્યા વગર કિલોલકામિની નામની એક ગોળી ખાધી. ખાતાં જ ગોળીએ પોતાનો રંગ જમાવવાનું શરૂ કરી દીધું. રાજાની આંખોમાંથી માદકતા ટપકવા લાગી. તેમનાં શરીરમાં એક અનોખી મદહોશી વ્યાપ્ત થતાં 'કામ' સિવાયના બીજા બધા વિચારો ભૂલાઈ ગયા. સાંજ પડતા જ રાજા રાજમહેલમાં પાછા ફર્યા અને આવતાંની સાથે જ પલંગ ઉપર લેટી પડયા. પરંતુ કામાંધ બનેલ રાજાને બીજું કાંઈ સૂઝતું ન હતું. યોગ્ય-અયોગ્ય બધું ભૂલીને ચંપા નામની દાસી સાથે વ્યભિચાર કર્યો.

જ્યારે રાણીને આ વાતની ખબર પડી ત્યારે રાજા પ્રત્યેનો તેમનો નિશ્ચલ, નિષ્કપટ, અગાધ પ્રેમને જબરો ધક્કો લાગ્યો. રાણી મનાં વિચારવા લાગ્યા કે, કુલીનનું આવું લક્ષણ ન હોય. રાજાની આવી હલકી વૃત્તિ જોઈ તેમને ખૂબ જ દુઃખ થયું. તેમ જ સંસાર અને વિષયભોગમાંથી તેમનું મન ઊઠી ગયું.

બીજે દિવસે રાત્રિના સમયે કામાતુર રાજાએ રાણીને પોતાની પાસે બોલાવી, પરંતુ રાણી -મહારાજા પાસે ગયા નહિ. રાજાએ રાણીને મનાવવા અનેક ઉપાય કર્યા, છતાં રાણી તો મક્કમ રહ્યા. રાણી પોતાની વાત ઉપર કટિબદ્ધ હતાં કે જ્યાં સુધી રાજા પર-રમણીની છાયાનું પાપ સ્વીકારે નહિ ત્યાં સુધી તેમણે કોઈ પણ જાતનો સંબંધ રાખવો નહિ. દૃઢ સંકલ્પની સામે કામાંધ રાજાની એક પણ વાત ઉપજી નહિ. ત્યારે રાજાનો કામ ક્રોધમાં બદલાઈ ગયો.

રાજા કામજ્વરમાં વિવેક તો ખોઈ બેઠા હતા. તેમણે ગુસ્સામાં આવી સિપાઈઓને આજ્ઞા કરી કે, જાઓ...હમણાંને હમણાં રાણી કલ્યાણીને વિકટ વનના કૂવામાં નાંખી આવો. સિપાઈઓ તો રાજાના ચાકર... રાજાની આજ્ઞાનુસાર રાણીને વનમાં જઈ કૂવામાં નાંખી આવ્યા. ત્યારે કૂવામાં પડેલ પવિત્ર અને ચારિત્રવાન રાણીએ શ્રી ભક્તામરની ચૌદમી અને પંદરમી ગાથાનું ઋદ્ધિ-મંત્ર સાથે રટણ ચાલું કર્યું. જેના પ્રભાવથી જમ્ભાદેવી પ્રગટ થયા. રાણીને સોનાના સિંહાસન પર બેસાડી, તેમની આરતી ઉતારી. આમ રાણીને મૃત્યુમાંથી બચાવી લીધી.

આ વાતની રાજાને ખબર પડતાં જ તેઓ તત્કાલ આવ્યા અને શાસનદેવીનું વિકરાળ સ્વરૂપ જોઈને ડરી ગયા. ત્યારે દેવીએ રાજાને કહ્યું, હે મંદબુદ્ધિના રાજા! તે ઘણું જ હીન કાર્ય કર્યું છે, વળી વિવેક કર્યા વિના રાણીને કૂવામાં નાંખી, પરંતુ ભક્તામરના સ્મરણથી શીલવાન, ગુણવાન રાણી જીવિત રહી છે. આ સાંભળીને રાજાને ખૂબ જ પશ્ચાતાપ થયો અને પોતાની ભૂલ બદલ ક્ષમા માંગી એટલું જ નહિ રાજાએ દુષ્ચારિત્ર છોડી શ્રાવકના વ્રત અંગીકાર કર્યા. જ્યારે મહારાણી કલ્યાણીએ અર્જિકા વ્રત લીધું અને આયુષ્યના અંત સમયે સમાધિપૂર્વક શરીર ત્યાગ કરી શુભગતિ પ્રાપ્ત કરી.

સાચે જ... શ્રી ભક્તામર સ્તોત્રની એક એક ગાથા કેટલી અમૂલ્ય છે!

અસ્તુ.

❑❑❑

૩૦૨, ગુંદેચા ગાર્ડન,
લાલબાગ, મુંબઈ - ૪૦૦૦૧૨.
સંપર્ક : ૯૮૯૨૮૨૮૧૯૬

## જૈન પરંપરાના પુનરુદ્ધારકો-૨૭

### પરમ ગુરુભક્ત, કવિ, વક્તા, સર્જક, મહાન જૈનાચાર્ય

# શ્રી અજિતસાગરસૂરીશ્વરજી મહારાજ

**આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી**

### અંતરના ધબકારના કવિ
### શ્રી અજિતસાગરસૂરીશ્વરજી મહારાજ

**આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી**

નીચેની કવિતા વાંચો અને કલ્પના કરો કે આ રચના કોની હશે?

*ઊર્ધ્વ માર્ગની સત્ય મુસાફરી આવીને બતલાવી જા,*
*એ જ મધુરા સત્ય દેશના અગમ્ય શબ્દ સુણાવી જા;*
*પ્રેમભૂમિ પર શાંતિ-વૃષ્ટિને વ્હાલ કરી વરસાવી જા,*
*વિરહ તાપથી શુષ્ક બનેલી હૃદયભૂમિ ભીંજાવી જા...*

—'કલાપી'ની ?, કવિ 'કાન્ત'ની ?, 'બોટાદકર'ની ? જી ના. આમાંના કોઈની નહીં.

આ રચના છે સુવિશ્રુત જૈનાચાર્ય શ્રી અજિતસાગરસૂરીશ્વરજી મહારાજની.

સામાન્ય ખ્યાલ એવો છે કે સાધુ-સંતોની વાતોમાં ઉપદેશ સિવાય કશું જ ન હોય. કેટલેક અંશે આ ખ્યાલ સાચો પણ હશે, પરંતુ દર વખતે એવું નથી હોતું. સેંકડો મુનિઓ, સાધુઓ અને સંતોએ ઉપદેશ સિવાયનું સાહિત્ય પણ લખ્યું છે. એ ખરૂં કે સાધુપુરુષોનું અંતિમ ધ્યેય સ્વ-પરના કલ્યાણનું હોય છે એટલે મુખ્યત્વે એમનાં લખાણોમાં ઉપદેશ તો આવવાનો. આમ છતાં

એવું અઢળક સાહિત્ય આપણી સામે મોજુદ છે જેમાં સંતોનો પ્રકૃતિ પ્રેમ, દુનિયાને કોઈ અલગ અંદાજથી જોવાની દૃષ્ટિ, વિવિધ રસોનો આસ્વાદ વગેરે પણ મળી આવે છે.

ઉપર લખી એ પંક્તિઓ આમ તો ભક્તિમાર્ગની પરાકાષ્ઠા સમી છે, તેમ છતાં એમાં કવિ પ્રેમલક્ષણા ભાષામાં ઉદ્‌બોધન કરે છે. આ કાવ્ય હોનહાર મુનિ શ્રી અમૃતસાગરજી મહારાજના આકસ્મિક સ્વર્ગગમન પછી લખાયું છે. શ્રી અમૃતસાગરજી મહારાજ, વિશ્વવિખ્યાત જૈનાચાર્ય શ્રીમદ્‌ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજના પ્રખર વિદ્વાન શિષ્ય હતા. જિનશાસનના કમભાગ્યે તેઓ ભરયુવાનીમાં કાળધર્મ પામ્યા. તત્કાલીન મુનિઓ અને શ્રાવકો તેમનામાં 'બીજા બુદ્ધિસાગર મહારાજ'નાં દર્શન કરતા. કવિવર શ્રી અજિતસાગરજી મહારાજને અમૃતસાગરજી મહારાજ પ્રત્યે અનહદ બહુમાન હતું. ઉપરનો કાવ્ય-ટુકડો એ સદ્‌ગત શ્રી અમૃતસાગર મહારાજને અંજલિરૂપે લખાયેલ એક દીર્ઘ રચનાનો અંશ છે.

જૈન કવિઓ, જેમાં કેટલાક અપવાદોને બાદ કરતાં બધા જૈન મુનિઓ જ છે, તેમણે ગુજરાતી, દેશી, મારવાડી, હિન્દી અને મિશ્ર ભાષાઓમાં ભક્તિયોગ અને પ્રેમયોગનાં કાવ્યો ઉપરાંત વિરહગીતો, રાસાઓ, ફાગુઓ વગેરે એટલું બધું વિરાટ સાહિત્ય લખ્યું છે કે જેનો મુકાબલો અન્ય કોઈ પણ કવિ કરી શકે તેમ નથી.

આવા કવિઓમાં શ્રી અજિતસાગરસૂરીશ્વરજી મહારાજ જેવા મહાકવિ પણ છે, જેમણે સર્વદેશીય ગુજરાતી કાવ્યોનો થાળ માતા સરસ્વતીના ચરણે ધર્યો છે. એ થાળમાંથી થોડો 'પ્રસાદ' આપણે પણ લઈએ :

આજકાલ ગરીબીનું ગૌરવ કરવાની દોડ ઊપડી છે. આઝાદીના સાત દાયકા પછી પણ 'ગરીબી હટાવો'ના નારા સંભળાય છે. ગરીબી આ દેશમાં જાણે એક ફેશન બની ચૂકી છે. ખરેખર તો એ મતો અંકે કરવાની રાજકીય ચાલ છે. દેશને સતત ગરીબ રાખવો એ નેતાઓની રાજકીય જરૂરિયાત બની ચૂકી હોય એવું લાગે છે. એવા સંજોગોમાં, દેશમાં જ્યારે સાચા અર્થમાં ગરીબી હતી એ આઝાદી પૂર્વેના કવિવરના આ શબ્દો વાંચો :

*ઉપજ્યા અમો જે દેશમાં મરવું અને જે દેશમાં,*
*ખાવું વળી જે દેશનું રહેવું તથા જે દેશમાં;*
*એ દેશમાં ગરીબાઈ છે એવો પુકાર ઉઠાવવો,*
*એ સર્વદા અન્યાય છે એ ન્યાય ક્યાંનો જાણવો.*

આ દેશમાં રહેવું, આ દેશનું અન્ન ખાવું, આ દેશની સંપદાઓનો ઉપયોગ કરવો અને આ દેશને જ ગરીબ કહેવાનો? કવિવર એને વાજબી રીતે જ અન્યાય ગણે છે. તેઓ સ્પષ્ટ સવાલ ઉઠાવે છે કે આ ક્યાંનો ન્યાય છે?

આ દેશ ન તો ગરીબ હતો કે ન તો છે. જે ગરીબી છે તે આળસુ લોકોને છે, મફતપ્રેમી લોકોને છે, કામ કરવાની ઈચ્છા ન રાખનાર લોકોને છે; રાજકીય નેતાઓએ પોતાના હિતમાં જાળવી રાખેલી ગરીબી છે અને એમાંથી બચવા માટે કવિવર અહાલેક જગાવે છે :

*નિજ ઉન્નતિથી નવ હઠો, પાછા કદી ના પગ ભરો*

ઉન્નતિ જાગે તો ગરીબી ભાગે અને આળસ ભાગે તો ઉન્નતિ પ્રગટે. આવું જોઈતું હોય તો શરત એક જ છે : પારોઠનાં પગલાં નહીં ભરવાનાં. આ છે કવિવર શ્રી અજિતસાગરસૂરીશ્વરજી મહારાજનું અવલોકન. વર્ષો પૂર્વે એમણે કરેલી વાત આજે પણ કેટલી પ્રસ્તુત છે!

શ્રી અજિતસાગરસૂરિ મહારાજ માત્ર કવિ નથી, યુગદ્રષ્ટા ચિંતક પણ છે.

કવિવરનાં કાવ્યોમાં અનેકવિધ વિચારોનું પ્રતિબિંબ ઝળકે છે. કવિ એટલે માત્ર ફૂલ ને ભમરો કે નદીઓ, પહાડો અને ઝરણાં એવું જ બધું નહીં. કવિ એટલે સાકી અને જામ ને એવું બધું નહીં. કવિ એટલે તો ક્રાંતિની મશાલ, કવિ એટલે સમાજનો પ્રહરી, કવિ એટલે સાધુતાની મૂર્તિ, કવિ એટલે સહજતાનો આદર્શ. કવિ એટલે દીવેલિયું ડાચું લઈને ફરનારો ઝભ્ભાધારી નહીં, કવિ એટલે વાત્સલ્યથી ઊભરાતી અને પ્રસન્નતાથી મરક મરક થતી પ્રતિભા. આ બધું કવિવર શ્રી અજિતસાગરજી મહારાજના જીવનમાં અને એમની રચનાઓમાં જોવા મળે છે.

કવિ ભગવાનની મસ્તીમાં મસ્ત બને ત્યારે જગતના કલ્યાણની કામના કરે :

*સારૂં સદા કરનારનું, ભગવંત ! સદા સારૂં કરો.*

ભવસાગરની ખારાશથી વિરામ પામવા ઈચ્છતા કવિવર પ્રભુને સાદ પાડે છે ત્યારે એમની અંદર બેઠેલો ભક્ત આત્મા બાળકની અદાથી પોકારી ઊઠે છે :

*ભવાબ્ધિ મધ્યે આ વિષયરૂપ કલ્લોલ ઉછળે,*
*પરિણામે ખારૂં જળ પણ દિસે છે જ સઘળે;*
*અમોને અબ્ધિથી અહીં ઈધરવાને પદ ધરો,*
*પ્રભો ! વિશ્વસ્વામી ! અમ પર કરુણા કંઈ કરો.*

કવિવર એક ભક્ત સાધુપુરુષ છે તેથી પ્રભુ પ્રત્યેની વિનંતી, ફરિયાદ, પ્રાર્થના વગેરે તો અવારનવાર આવવાનાં જ. આવી જ એક પ્રેમલક્ષણા ભક્તિની આ પંક્તિઓમાં કવિવર પ્રભુને વીનવે છેઃ

*પ્રભુ આપજે પ્રભુ આપજે તારા ચરણની પ્રીતડી,*
*પ્રભુ આપજે પ્રભુ આપજે તારા સ્મરણ કેરી ઘડી;*
*પ્રભુ કાપજે પ્રભુ કાપજે દુર્વાસનામય દુર્ગતિ,*
*પ્રભુ થાપજે પ્રભુ થાપજે મુજ આત્મની તુજ પદસ્થિતિ.*

કવિને સતત પ્રભુનાં ચરણોની પ્રીતની ઝંખના છે, એને સતત પ્રભુનું સ્મરણ જોઈએ છે, પરંતુ આ પ્રીત અને આ સ્મરણમાં વાસનાના ભડકા નથી, ત્યાં તો છે નિર્મળ, પાવક પ્રેમ. એટલે જ કવિ વાસનાની દુર્ગતિમાંથી છુટકારો ઝંખે છે અને એ પ્રભુ પાસે પોતાની સમકક્ષ બનાવવાનું વરદાન માગે છે.

એ તો સ્પષ્ટ જ છે કે કવિ એક આત્મવાદી ધર્મના અનુયાયી છે. આત્મવાદીને આત્માની જાગૃતિ માટે સતત સચેત રહેવું પડે છે. આત્મવાદીઓ ભલે દુનિયાની વચ્ચે રહેતા હોય પરંતુ એમનું આત્માવલોકનનું કાર્ય સતત ચાલુ હોય છે. એમની સ્પષ્ટ ધારણા છે કે જેણે આત્માને ન જોયો તેણે ભલે ને ગમે એટલી વિશાળ દુનિયા જોઈ લીધી હોય, સમગ્ર પ્રદેશો જોઈ લીધા હોય એનું કોઈ મૂલ્ય નથી. આવી જ વાત કાવ્યના માધ્યમથી કવિ કહે છે :

*જોયા પ્રદેશ બધા છતાં તેં આત્મને જોયો નહીં,*
*તો સર્વ કંઈ જોયું નહીં પારસમણિ ખોયો સહી.*

જેણે દુનિયા તો આખી જોઈ લીધી પણ આત્મદર્શન તો કર્યું જ નહીં, એણે પારસમણિ મેળવીને પણ ખોઈ નાખ્યો એમ કહી શકાય.

આત્મદર્શન પર કવિ શા માટે ભાર મૂકે છે? કારણ કે આત્મા સુંદર છે, આત્મા પોતે જ પરમાત્મા છે, માનવ હંમેશાંથી સુંદરતાનો પૂજારી રહ્યો છે. એમાંય કવિઓ તો સુંદરતાના પરમ ઉપાસક છે. પરંતુ સામાન્ય કવિઓની સૌન્દર્યપૂજા ચામડીના રંગથી આગળ વધતી નથી. આ રંગ તો વિનશ્વર છે, રોગાકીર્ણ છે, અશુદ્ધિઓનો ભંડાર છે અને એક દિવસ વિવર્ણ બનીને રાખમાં રગદોળાનાર છે, સૌન્દર્યના પૂજક તો કવિવર શ્રી અજિતસાગરજી મહારાજ પણ છે, પરંતુ એમની સૌન્દર્યદૃષ્ટિ જગતની દૃષ્ટિથી અલગ છે. એમને ગમે છે અવિનશ્વર, શાશ્વત, પરમ નિર્મળ અને મોહિત કરનાર નહીં, પરંતુ મોહમુક્ત કરનાર એવું સૌન્દર્ય; અને એવું સૌન્દર્ય તો બહાર નહીં, પોતાની અંદર જ છે. આ વાત દાવા સાથે કવિ કહેવા માગે છે, કેમ કે એમણે પોતે જાતે એ સૌન્દર્ય જોયું જાણ્યું માણ્યું પિછાણ્યું છે. જુઓ એ બાબતનો એમનો આ અનુભવ-રણકારઃ

*હું શ્રેષ્ઠ અનુભવથી કરીને સિદ્ધ સુંદર આત્મછું,*
*હું સર્વ કરતાં ભિન્ન કેવળ આત્મ સત્ પરમાત્મ છું.*

અને આવા નિજાનંદમાં મસ્ત કવિઓને દુનિયાની અને દુનિયાદારીની શી પડી હોય! એ તો રમતા રામ. એટલે જ કવિ બિન્દાસ રીતે દુનિયાના દુન્યવી રસોની 'ઐસી કી તૈસી' કહી શકે છે :

*મુજને નથી પરવા કશી આ વિશ્વના રસરાજની,*
*કારણ જગતના રસ બધા છે ચાંદની ઘડી ચારની.*

એમને ખબર છે કે દુનિયાના કવિઓ જેને રસાધિરાજ કહે છે એ તો ચાર દિનની ચાંદની છે. આવા રસોમાં ફસાયેલા અબુધની કેવી હાલત થાય છે તેનું આ વર્ણન જુઓ -

સંસ્કૃત સાહિત્યમાં એક રૂપક આવે છે, એનો સાર કંઈક આવો છેઃ એક તળાવમાં ખૂબ કમળો હતાં. ત્યાં ભમરાઓ આવીને કમળોનો રસ ચૂસતા અને આનંદ માણતા. રસપાનથી તૃપ્ત થયેલા ભમરાઓ પછી ત્યાંથી ઊડી જતા. આ જ રીતે એક દિવસ એક ભમરો કમળનો આસ્વાદ લેવા આવ્યો અને રસપાન કરવામાં એવો મસ્ત બન્યો કે ક્યારે સંધ્યા થઈ ગઈ તેનું ભાન ન રહ્યું. સંધ્યાકાળ થાય એટલે કમળ તો બીડાઈ જાય. કમળ બીડાવાનું શરૂ થયું તો પણ ભમરો ત્યાંથી ખસ્યો નહીં અને આ રસલોલુપ ભમરો કમળની કેદમાં પૂરાઈ ગયો. દરમ્યાન હાથીઓનું ઝુંડ ત્યાં આવ્યું. ફૂલોની ખુશ્બૂથી મદમસ્ત બનેલા હાથીઓએ ભારે તોફાન મચાવ્યું. તળાવનાં કમળોનો કચ્ચરઘાણ નીકળી ગયો. એમાં કમળની કેદમાં પૂરાયેલો ભમરો પણ મરણને શરણ થયો.

જ્ઞાની પુરુષો વિષયાસક્ત સંસારીજનોની સરખામણી આ ભમરા સાથે કરે છે. શ્રી અજિતસાગરસૂરીશ્વરજી મહારાજે સંસ્કૃત સાહિત્યના આ રૂપકને પોતાની કવિતામાં આબાદ રીતે વણી લીધું છે. આ રહ્યા એ શબ્દો :

*પંકજથી પૂરાયલું દેખી રમ્ય તળાવ,*
*ભ્રમર કમળ પર જઈ ઠર્યો લેતો મધુનો લાવ,*
*ચૂસે રસ વશ થઈ અપૂર્વ ઉર ઉમંગ,*
*મસ્ત થયો મધુપાનથી અંતર મોહ અભંગ,*
*એ અવસર રવિ આથમ્યો કીધ પ્રભા નિજ બંધ,*
*તો પણ તે ચેત્યો નહીં જ્ઞાન નયનનો અંધ,*
*કમળ મીંચાયાં સર્વ ત્યાં રૂઢિયાળી થઈ રાત,*
*કમલપાત્ર વચમાં રહી કરતો ઘટમાં ઘાટ,*
*ખટપદ તું જાતે અને સરવર વિશ્વે સુજાણ,*
*વિવિધ દિલાસો કમલમાં ઉપર જાય અજાણ,*
*જાણ હસ્તી તે કાળ છે આ તન આવી ખાય,*
*અંતે ગદગદ વદી શકે કરવો કેમ ઉપાય.*

ઓછા શબ્દોમાં ઘણું બધું કહી દેવું એ કવિની ખૂબી છે. ગદ્યમાં જે વાત કહેવા માટે સો શબ્દો જોઈએ એ વાત કવિ પોતાના કાવ્યમાં દસ શબ્દોમાં કહી દે છે. કવિવર શ્રી અજિતસાગરજી મહારાજનાં કાવ્યોમાં આ ખૂબી સુપેરે દેખાય છે. મરણને શરણ થયેલા ભમરાના અવિવેકને બહુ થોડા શબ્દોમાં કવિવરે ઉપરની કવિતામાં વણી લીધો છે એ આપણે જોઈ શકીએ છીએ. કવિ તો ભમરાને સવાલ પણ કરે છેઃ 'રે ભ્રમર! તને તો સરોવરની હકીકતની સારી રીતે ખબર છે, તે છતાં તું કેમ એમાં ફસાઈ ગયો?' જ્ઞાનીજનો આ વાત માનવીને સમજાવે છે. વિકરાળ કાળરૂપી હાથી દેહનો કોળીયો કરી જાય પછી તું રડવા બેસે એનો તો શો ઉપાય હોયઃ

*જાણ હસ્તી તે કાળ છે આ તન આવી ખાય,*
*અંતે ગદગદ વદી શકે કરવો કેમ ઉપાય.*

કવિને દુનિયાદારીનો ખૂબ અનુભવ છે. સ્વાર્થથી ભરેલી દુનિયા કેવી હોય તે અજિતસાગરજી મહારાજે બહુ નજીકથી જોયું છે. માટે જ કવિ અવલોકન કરે છે : વાતે વાતે તાળીઓ આપનારા દોસ્તોનો તો પાર નથી, ગપાટા મારવા હોય તો તરત દોડી આવે એવા દોસ્તો અપાર છે, ગરજ હોય તો છેક ઘરના આંગણા સુધી આંટાફેરા કરે એવા દોસ્તો તૈયાર છે, જાત જાતની વાતો કરીને

સમય પસાર કરે એવા મિત્રોનો તો ઢગલો છે, પરંતુ દિલનું દર્દ પિછાણી શકે, કપરા સમયમાં સાન્ત્વના આપી શકે એવા દોસ્તો કઈ દુનિયામાં વસતા હશે! જુઓ કવિવરની આ વ્યથા :

*તાળી દઈ ગમ્મત કરી ગપ્પાં ઘણા મિત્રો કરે,*
*કઈ સ્વાર્થ કેરે કારણે ઘર આંગણે ફરતા ફરે;*
*વાર્તા કથંતા નિશદિને દોસ્તોની દોસ્તાઈ દિસે,*
*દિલનાં દરદ પુછનાર જગમાં મિત્ર ક્યાં વસતા હશે.*

જગતની ચોપાટના આટાપાટાના જાણતલ કવિરાજ પોતે જે દુનિયામાં વિચરે છે તે અધ્યાત્મજગતના પ્રપંચો વિષે પણ સારી રીતે માહિતગાર છે. અગાઉ કહ્યું છે એમ કવિ ક્રાન્તિની મશાલનો ધારક હોવો જોઈએ. કવિ ક્રાન્તદ્રષ્ટા હોવો જોઈએ. શ્રી અજિતસાગરજી મહારાજ પોતે એક ધર્મગુરુ હોવા છતાં બની બેઠેલા ગુરુઓના પ્રપંચો ઉપર પ્રહારો કરી શકે છે. એક ક્રાંતિકારી સાચો સંત જ આમ કરી શકે. તેઓ જેમ એક સાચા મિત્રની ખોજ વિષે પ્રશ્ન કરે છે તેમ સાચા ગુરુ વિષે પણ કરે છે. માટે જ કથિત ગુરુઓની મનોવૃત્તિ અંગે આંખ ઉઘાડનારૂં કડવું સત્ય ઉચ્ચારીને બહુ કપરો સવાલ પૂછે છે :

*ગુરુપદ સ્વીકારે હર્ષથી બહુ શિષ્યના સદ્‌ગુરુ થવા,*
*જે તે જનોને ત્યાગી કરવા બોધ માંડે આપવા;*
*સદ્‌ગુરુ બની માયાવી મોટા શ્વાનની પેઠે ભસે,*
*દિલના ગુરુ બનનાર સાચા સદ્‌ગુરુજી કયાં હશે.*

બધાને શિષ્યોની ફોજ ઊભી કરવી છે. ગુરુ બની બેસવું છે. 'સદ્‌ગુરુ'નો માયાવી-નકલી વેષ ધારણ કરીને ડાઘીયા કૂતરાની જેમ ભસવું છે. પરંતુ પોતાના આચરણથી શિષ્યનું હૃદય જીતી લે, હૃદયપરિવર્તન કરીને કલ્યાણના માર્ગે ચડાવે એવા 'સદ્' ગુરુ કયાં હશે! કવિવરના સમયમાં માયાવી ગુરુઓના કેવા પ્રપંચો ચાલતા હશે એની વ્યથાનું પ્રતિબિમ્બ એમના પ્રશ્નમાં દેખાઈ આવે છે. આજે પણ એવા માયાવી અને પ્રપંચી ગુરુઓ ''અમે જ સુવિહિત સદ્‌ગુરુ, બાકી બદા કુગુરુ''નાં ઢોલ-નગારાં વગાડે જ છે ને! શ્રી અજિતસાગર મહારાજ જેવા સમયમાં વિચરતા હતા એવા સમયમાં આવો પ્રશ્ન પૂછવા માટે છપ્પનની છાતી જોઈએ.

કવિ મનોવિજ્ઞાનના પણ કેવા ઊંડા અભ્યાસી હશે એ એમના આ શબ્દોથી જણાય છે :

*ઉતરે ઘડીમાં ખાડમાં ઘડીમાં ચઢે ગિરિ ઉપરે,*
*કિચ્ચડ વિષે કૂદી પડે બેસે જઈ વળી ટેકરે;*
*નિર્ભય અગર કે સભય શું ઘટ વાત એ નથી દાખતું,*
*ચંચળ અતિ મન માંકડું નથી શાંતિ ઘડીભર રાખતું.*

કવિ અનિલ જોષીએ લખ્યું છે : *'થતે કેવું સારૂં, અગર મનને હોત પગ જો, કદી તો થાકીને ભટકી ભટકી જાત અટકી.'* પરંતુ નથી અટકતું. આ જ વાત, જરા અલગ અંદાજમાં, દાયકાઓ પૂર્વે અજિતસાગરસૂરિ મહારાજે પોતાના કાવ્યમાં વણી લીધી છે : **'નથી શાંતિ ઘડીભર રાખતું.'**

ઉપરની પંક્તિઓમાં શ્રી અજિતસાગર મહારાજ, માણસનું આબેહૂબ માનસદર્શન કરાવે છે. માણસનું મન ચગડોળે ચડે ત્યારે ન તો એને અજવાળું જડે, ન એને કોઈ માર્ગ દેખાય. ચારે કોર અંધારૂં વ્યાપી રહ્યું હોય એવી સ્થિતિમાં અક્કલ પણ કામ ન કરે. આ વાત પ્રાસાદિક કાવ્યમાં કવિવર કેવી સરસ રીતે પ્રસ્તુત કરે છે. જુઓ :

*સૂર્ય સ્વરૂપી જ્ઞાનનો ઉજ્જવળ પ્રકાશ જણાય ના,*
*અજ્ઞાનરૂપી રાત્રિમાં નિજ પંથ પણ પેખાય ના;*
*દશ દિશૂ તિમિર છાઈ રહ્યું પડતી નથી સમજણ કશી,*
*નૌકા અમ્હારી ચાલી આ ભવસિન્ધુ માંહી ધસમસી.*

બુદ્ધ પુરુષોએ તો મનને જ સંસાર માન્યો છે, પરંતુ જનસામાન્ય માટે તો સંસારનું સ્વરૂપ કેવું ભૂલભુલામણીવાળું છે! અબોધ માનવને તો સમજાય જ નહીં કે સંસારનો કયો રંગ સાચો અને કયો રંગ ખોટો.

એટલે જ કવિવર પણ સામાન્ય માણસના સવાલને વાચા આપે છે :

*કંઈ ઠામ બહુ સ્વરપૂજિતા મધુરી વીણા વાગી રહી,*
*કંઈ ઠામ મૃત જન પાછળે રોક્કળ અતિ લાગી રહી;*
*કંઈ ઠામ વિરહ ઉતાપ છે સત્સંગ બીજે થાય છે,*
*સંસાર સત્ય અસત્ય યા તે વાત ક્યાં સમજાય છે ?*

ક્યાંક દિલ ડોલાવતા સંગીતની મહેફિલ ચાલતી હોય તો ક્યાંક મૃતાત્માનાં મરશીયાં ગવાતાં હોય, ક્યાંક વિરહનો તાપ હોય તો ક્યાંક સંતવાણીની શીતલતા હોય. આમાં સંસારનું સાચું સ્વરૂપ કયું છે?

કવિવરનો ક્રાંતિકારી સ્વભાવ એમનાં કાવ્યોમાં વારંવાર ડોકાયા કરે છે. એથી જ સંસારના અટપટા સ્વરૂપને જરા જુદી રીતે પણ નીરખે છે. દુનિયાના વિરોધાભાસો જોઈને એમના મનમાં પણ સવાલ જાગે છે કે સંસાર ત્યાગીને ઘર કરતાં બમણો ધનસંચય કરવા નીકળેલો સાધુ અને સંસારમાં જ રહીને પરલોક સુધારનારો ઘરબારી; આ બેમાં સત્ય કોના તરફે છે? શું આને જ દોરંગી દુનિયા કહેતા હશે? કથિત વિદ્વાનો શાસ્ત્રાર્થોની તલવારો તાણીને લડાઈઓ જ ઊભી કર્યા કરે છે, તો સામી બાજુએ ભણતર વિનાના સામાન્યજનો ચુપચાપ ભક્તિરસમાં તરબોળ બનીને પોતાનું જીવન સફળ કરી જાય છે.

*ત્યાગીજનો ઘરબાર ત્યાગી ડબલ ધનસંચય કરે,*
*ઘરબારી જન સંસ્કારી કઈ પરલોકનું ભાતું ભરે;*
*વિદ્વાન વ્યર્થ લડી મરે અભણો પ્રભુગુણ ગાય છે,*
*સંસાર સત્ય અસત્ય યા તે વાત ક્યાં સમજાય છે ?*

❑❑❑

સંપર્ક : ૯૭૬૯૯૫૭૩૯૩

## પંથે પંથે પાથેય

# પેરેન્ટીંગ ફોર પીસ

ગીતા જૈન

૨૦૧૯ નો જુલાઈ મહિનો, વરસાદી માહોલ અને એમાં ય આગાહી કે ગુજરાતના સુરત આસપાસ ભારે વરસાદ પડશે...પણ બે-ત્રણ મહિનાથી P4P ના કન્વેન્શનની થઈ રહેલી તૈયારી થોડી રોકી શકાય? એ તો ''ડોલે રે મન ડોલે'' એ જ ગતિમાં આગળ વધતી રહી અને ભારતના વિવિધ રાજ્યોમાંથી પ્રતિભાગીઓ ૨૭-૨૮ જુલાઈએ સુરતમાં એકત્ર થયા.

૨૦૧૩-૧૪થી હું આ હિલચાલ/વિચારધારા/ ગતિવિધી/ અભિયાન સાથે સંકળાઈ છું. દર વર્ષે જુલાઈમાં યોજાતા કન્વેન્શનમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવાનું ગમે છે. સમયના વહેણ સાથે અનભવનું ભાથું વધતું જાય, નવા વિચારો ઉમેરાય, આવિષ્કારો થાય, અલગ અલગ જગ્યાએ થતા કામોની જાણકારી મળે, નવા સ્વયંસેવકો જોડાય અને નવી સમસ્યાઓની જાણ થાય એના ઉપાયો શોધાય વ.વ. તેમ તેમ કન્વેન્શનમાં નિખાર વધતો જાય છે.

સુરતથી બહારના આ વર્ષે ૨૦૦ જેટલાં પ્રતિભાગીઓએ હાજર રહીને પોતાની કુશળતા, આવડત અને કામગીરી પ્રસ્તુત કરીને કન્વેન્શનને ઓર ચમકદાર બનાવ્યું. આથી આગામી વર્ષમાં કાર્યગતિ વધશે અને એ લક્ષ્ય તરફ દોરવામાં સહયોગી બનશે.

પેરેન્ટીંગ ફોર પીસની આઈ.જી.પી. હસમુખભાઈ પટેલની પરિકલ્પના ને સાકાર કરવા ધીમે ધીમે લોકો જોડાતા જઈ રહ્યા છે. ડોક્ટર્સ, શિક્ષકો, વકીલ, વાલીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષણવિદ્દો આમ વિવિધ સ્તરના લોકો વિશ્વશાંતિ માટે બાલ પરવરિશનું મહત્વ સમજીને આ વિચારધારા સાથે સંલગ્ન થઈ રહ્યા છે.

આ વિચારધારા સાથે જોડાવાનું મારૂં પ્રમુખ આકર્ષણ એ છે કે આ કોઈ સંસ્થા નથી, અહીં કોઈ પદાધિકારી નથી, અહીં કોઈ સભ્યપદ ફી નથી, ફંડ ફાળો નથી, ડોનેશન નથી, કોઈ મકાન કે ઑફિસ નથી. ઠેરઠેર ફેલાયેલા સ્વયંસેવકોનો હૃદયમાં માત્ર વિશ્વશાંતિની વાત ધરબાયેલી છે અને એને વાચા આપવા માટે, એ માટે કાર્ય કરવા માટે, એ અંગે માર્ગદર્શન મેળવવા માટેની આ ગતિવિધી છે. સૌ સેવકો પોતપોતાના સ્વખર્ચે આ પ્રવૃત્તિ કરે છે આ સેવકોને એમનામાં જે આવડત હોય, જે કુશળતા હોય, જે ખુબી હોય એનો ઉપયોગ કરીને એને વેગ આપવામાં આવે છે. કોઈ ભાર વગર - થોપણ વગર મુક્ત વાતાવરણમાં સૌમાં રહેલા લીડરના ગુણો અહીં વિકસે છે.

વિશ્વશાંતિનું મૂળ બાળકોના ઉછેર સાથે સીધી રીતે સંકળાયેલું છે. જ્યારે બાળકને માર પડે છે ત્યારે વિદ્રોહના બીજ એના મનમાં રોપાય છે. એટલે વિશ્વશાંતિ માટે બાલ્યકાળનો સમય જ શ્રેષ્ઠ છે. એના મનાં સંવેદનાઓનું વાવેતર થયું હોય, એને પ્રેમથી ઉછેરવામાં આવ્યું હોય તો મોટા થયા પછી એ વિશ્વમાં શાંતિ ઈચ્છશે અને જાળવશે. બાળકને જીવનની લયમાં હળવાશથી હસતો-રમતો કરવામાં આવે તો એ વિશ્વમાં અશાંતિ લાવવાનું કામ નહીં કરી શકે. આક્રમકવૃત્તિ બાળકમાં પહેલાથી નથી હોતી, જીવનના સંરક્ષણની ઈચ્છા જરૂર હોય છે પણ આક્રમણવૃત્તિ બાળ ઉછેરની ભૂલોથી પેદા થતી હોય છે. જો સમયસર એની પર ધ્યાન આપવામાં આવે, સમયસર એવું શિક્ષણ આપવામાં આવે, એના મનોભાવ સમજવામાં આવે, એને હુંફાળું વાતાવરણ આપવામાં આવે તો એ બાળક મોટો થઈને વિશ્વશાંતિમાં પોતાનું યોગદાન આપી શકશે.

મનુભાઈ પંચોળીએ સરસ નોંધ્યું છે કે મહાપુરૂષોએ પોતાના ઉપદેશ પ્રૌઢોને આપ્યા, એમણે પોતાનું કાર્યક્ષેત્ર પ્રૌઢ-પરિવર્તન માન્યું. એટલે એનું પરિણામ ઓછું આવ્યું. બાળ સંસ્કાર તરફ ધ્યાન આપવાથી વધુ સઘન કામ થઈ શકે. જે બાળકને બચપણમાં અપમાન કે હીનતાનો અનુભવ થયો હોય તે મોટો થઈને બીજાને પીડા આપ્યા વિના રહી ન શકે. આવી સુક્ષ્મ વિચારસરણી પર આધારિત આ કન્વેન્શનમાં ચાણકપની વાત સમજવામાં આવી. ''બાળકને ભેટ આપવામાં ન આવે તો એ થોડો સમય રડશે, પણ સંસ્કાર નહીં આપવામાં આવે તો એ જીવનભર રડશે.''

માત્ર બે દિવસ પણ વિવિધ વર્કશોપ્સ દ્વારા પ્રતિભાગીઓને વિષય પરત્વે જાગૃતિ, તાલીમ, સામગ્રી ઉપરાંત વૈચારિક ભાથું બાંધી આપવામાં આવ્યું જેથી દરેક પોતાના વિસ્તારમાં જઈને કાર્ય કરવા માટે પ્રેરિત થઈ શકે.

અહીં વિવિધ ક્ષેત્રોના વિદ્વાનો / કાર્યકરોના એક્શન પ્લાન સાંભળ્યા - જાણ્યા, અનેક સાથે મુલાકાત થઈ, તેઓને પોતાના સ્થાને આ વિષય અંગે કરી રહેલ પ્રવૃત્તિની જાણ મળી.

આ બે દિવસોની શરૂઆત આનાપાન - વિપશ્યના અને યોગાભ્યાસથી થઈ.

બાળ ઉછેરના અલગ અલગ પાસાઓને વિશિષ્ટ રીતે વિશેષજ્ઞોએ ઉજાગર કર્યા જેમાં પેરેન્ટીંગની પાઠશાળા, ટીચર્સ ટ્રોપ, જેન્ડર સેન્સીટાઈજેશન, એન્જોય યોર એક્ઝામ્સ / સ્ટડીઝ, ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યુઝ અવેરનેસ, એડોલસન્ટ પેરેન્ટીંગ જેવા વિષયના વર્કશોપથી સ્વયંસેવકો સમૃદ્ધ થયા.

''ટ્રાન્સફોરમેન્શનલ લીડરશિપ'' વિષય પર આઈ.જી.પી. ડૉ. હસમુખભાઈ પટેલે લીડરશીપના વિસ્તૃતીકરણની વાતોને સરળતાથી વહેતી મૂકી ત્યારે માહોલમાં આધ્યાત્મિકતાનો અનુભવ થયો.

''વોલીન્ટીયરીઝમ'' પર શ્રી વૈભવભાઈ પરીખે ભીતર છુપાયેલી / દબાયેલી સામાજીક સમર્પણની ઈચ્છાને ઉજાગર કરતાં કરતાં

એવી ઊંચાઈએ લઈ ગયા કે બધાના મનમાં ''સ્વયંસેવક બનવાની ચાહ જાગૃત થઈ.

આ કન્વેન્શનમાં માત્ર પ્રવચન નહીં, તાલીમનો વિશેષ ભાગ હતો. બાળઉછેર P4Pનું કામ કરતાં આવતી સમસ્યા અને એના ઉપાયોની પણ સવિસ્તર જાણકારી આપવામાં આવી. કાર્ય શુરૂ કરવા માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું જેથી સહયોગ મળશે જ એવો વિશ્વાસ વધતાં સૌ પોતપોતાના ક્ષેત્રમાં/ સ્થળ પર કામને ઉત્સાહથી આગળ વધારવા પ્રેરિત થયા.

બે દિસમાં આટલું બધું થઈ શક્યું એનું મુખ્ય કારણ સમયનું આયોજન રહ્યું અને ન હાર-તોરા, ન પ્રશંસા, ન સન્માન, ન અનાવશ્યક ભાષણો! જેથી છેક નેપાલ કે ઓરિસ્સા અને કર્ણાટક જેવા દૂરના સ્થાનેથી આવેલા પ્રતિભાગીઓએ પણ સમયના સદ્ઉપયોગનો આનંદ માણ્યો.

પૂ. બાપુની સાર્ધ શતાબ્દી - ૧૫૦ મી જન્મ જયંતિના વર્ષમાં યોજાયેલ આ કન્વેન્શન ના અનુભવની વાતને પૂ. બાપુના શબ્દોથી પૂરી કરું!

''સાચી કેળવણી તો બાળકો અને બાળાઓની અંદર રહેલું હીર પ્રગટાવવામાં રહેલી છે. આ વસ્તુ વિદ્યાર્થીઓના મગજમાં નકામી હકીકતોનો ખીચડો ભરવાથી કદી સાધી ન શકાય. એવી હકીકતો વિદ્યાર્થી ઉપર બોજારુપ થઈ પડે છે, તેમની સ્વતંત્ર વિચારશક્તિને હણે છે, ને વિદ્યાર્થીને કેવળ યંત્રરુપ બનાવી દે છે.'' - ગાંધીજી કન્વેન્શનમાંથી વરસાદી માહોલમાં બહાર નીકળતાં કાવ્યપંક્તિઓ ગણગણી રહી.

*આકાશમાં ડોરે રે — ડોરે રે મન ડોલે રે*
*વાદળ ગડગડ બોલે રે — કાગળ નાવડી બનાવે રે...*
*જુઓ વરસાદ આવ્યો રે.. — ચારે બાજુ તરાવે રે*
*ડોલે રે ભાઈ ડોલે રે. — આવો ખૂબ પલળીએ રે*
*તળાવ-નદીઓ છલકાય રે — સૌ મળીને મોજ મનાવીએ રે*
*ઝાડ-પાન ખીલે રે.. — જુઓ વરસાદ આવ્યો રે*
*જુઓ વરસાદ આવ્યો રે — ડોલે રે મન ડોલે રે...*

મને ખાતરી છે કે સૌ ઈચ્છી રહ્યા છે વિશ્વમાં શાંતિ પ્રસરે / સ્થપાય તો કૃપયા, જરૂર આ વિચારધારામાં જોડાઈને યોગદાન આપો. વિશેષ જાણકારી માટે :-

http://www.parentingforpeace.in

FB :-parentingforpeace

❑❑❑

૧૨, હીરાભુવન, કુણાલ જૈન ચોક, વી.પી. રોડ, મુલુંડ (પ.)
મુંબઈ - ૪૦૦૦૮૦. સંપર્ક : ૯૪૦૬૫૮૫૬૬૫

## પંથે પંથે પાથેય

# યુસુફ મહેરઅલી સંસ્થાનો પરિચય

**ઉષા પ્રવીણ શાહ**

**યુ**સુફ મેહરઅલી સંસ્થાનો જન્મ એક વિશિષ્ટ વ્યક્તિ જે ફ્રીડમ ફાઈટર અને સોશીયાલીસ્ટ હતા તેમની યાદમાં થયો છે. તેનું મૃત્યુ નાનપણમાં થયું હતું. પણ તેઓ આગવી પ્રતિભા ધરાવતા હોવાથી તેમના મિત્રોએ તેની સ્મૃતિ સૌના જીવનમાં અંકીત રહે એવું કંઈક નિર્માણ કરવાનું વિચાર્યું. શુભ કાર્યમાં હંમેશા પ્રભુનો સાથ હોય જ.

તેમના એક મિત્ર ઉમાકાંત પુતલીનું એક ફાર્મ - જે પનવેલનાં જંગલોમાં હતું. ત્યાં કોઈ પણ પ્રકારના ડોક્ટરની સુવિધા ન હતી, ત્યાં તેઓએ પોતાના ડોક્ટર મિત્રોને વિનંતી કરી કે તમે બધાં અહીં તમારી સેવા આપો. સેવાભાવી ડોક્ટરો પોતાના સાધનો લઈને, દર રવિવારે દર્દીઓની ચિકિત્સા માટે જવા લાગ્યા. આમ સન્ડે ક્લીનિક શરૂ થયું. શુભ ભાવના અને શુભ વિચારથી શરૂ થયેલા આ કામથી સંતોષ ન માનતા તે ક્લિનિકના ડોક્ટરોએ એક ત્રીસ બેડની હોસ્પિટલ શરૂ કરી. તેમાં જુદા જુદા દર્દીઓના ડૉક્ટર નિષ્ણાતો આવવા લાગ્યા.

આ કામની શરૂઆત આદિવાસી ગામ તારામાં શરૂ થઈ. આજુબાજુના ગામના લોકોએ પણ તેનો લાભ લીધો. આમ ગામના લોકોનો પરિચય થતાં, તેમનાં જીવનની મુશ્કેલીને જોતા અને જાણતા, તેઓની તકલીફોને દૂર કરવાની ભાવના જાગતા જ કંઈ એવી પ્રવૃત્તિ કરવી કે તેમના જીવનમાં ઉજાસ પથરાય. આ વિચારે જ રૂરલ ડેવલપમેન્ટ (Rural Development) નો જન્મ થયો. આના પરિણામે ત્યાં (તારામાં) ગ્રામોદ્યોગ શરૂ થયો. એમાં ઘાણીનું કોકોનેટ, બદામ ઈત્યાદી તેલોનું ઉત્પાદન કરીને તે વેચાણ માટે મુકવામાં આવે છે. તેથી લોકોને રોજી રોટી મળે છે.

**તારા હોસ્પિટલનું કાર્ય** : મુંબઈ-ગોવા રોડ પર આવેલી હોસ્પિટલમાં ત્યાં થયેલી accident માં ઘાયલ પામેલી વ્યક્તિને લઈ આવવામાં આવે છે. ત્યાં પ્રાથમિક સારવાર આપવામાં આવે છે. (રાત-દિવસ જોયા વિના) અને ત્યાં સારું ન થતાં. દર્દીને સાયન હૉસ્પિટલ સુધી લઈ જવામાં આવે છે.

આ ઉપરાંત નેત્રયજ્ઞો નિરંતર ચાલુ છે. ડીલીવરી, દાંતના દર્દોનો ઈલાજ થાય છે. આ માટે મુંબઈથી નિષ્ણાત ડોક્ટરો દર રવિવારે આવે છે. આવી રીતે સુંદર રીતે સેવા ભાવનાથી કાર્ય થતું હોવાથી પ્રખ્યાત દાનવીર શ્રીયુત દીપચંદ ગાર્ડીએ મોટી દાનરાશી આપતા, હોસ્પીટલનું નામ 'રૂક્મણીબેન દીપચંદ ગાર્ડી હોસ્પિટલ' રાખવામાં આવ્યું.

**શૈક્ષણિક પ્રવૃત્તિ** : સ્વાસ્થ્ય સાથે શિક્ષણને એટલી બધી અગત્યતા

આપી કે ત્રણ સ્કુલ ચલાવવામાં આવે છે. બે સ્કુલ મરાઠી ચાલે છે અને એક ઉર્દૂ મીડીયમની સ્કુલ ચાલે છે.

તારા સ્કુલ ત્યારે V થી VIII સુધી ચાલતી હતી. તેને વધુ ધનરાશીની બાંધકામ માટે જરૂર હતી, તે માટે પ્રવીણભાઈ શાહ, ત્યારે લાયનનાં ડીસ્ટ્રીક્ટ ગવર્નર હતા. ત્યારે LION'S INTERNATIONAL માંથી ગ્રાન્ટની જોગવાઈ કરી. ગ્રાન્ટ ૭૫૦૦૦/- ની મળી, ૨૧ લાખ જાણીતા ઉદ્યોગપતિ શ્રી મફતકાકાએ અને પ્રવીણભાઈએ ૧૧ લાખ આપ્યા તેથી ત્યાં ચાલતી સ્કુલનું નામ ''ભાનુબેન પ્રવીણ શાહ'' રાખવામાં આવ્યું. લગભગ ૮૧ લાખનો પ્રોજેક્ટ બન્યો. અહી હવે V થી ssc સુધી અને Junior College XI થી XII સુધી ચાલે છે. ૫૨મ વિદ્યાર્થીઓ ભણે છે અને ફી નથી લેવામાં આવતી.

આટલો પ્રયત્ન કરવા છતા આદિવાસી બાપાઓ ત્યા ન આવે, તેના માતા પિતા ૧૨-૧૩ વર્ષે લગ્ન કરે તે ન થાય માટે શાળાનાં કંપાઉન્ડમાં એક હોસ્ટેલ બાંધી છે. ૧૧૫ છોકરીઓની બધી જ જવાબદારી યુસુફ મહેરઅલી સેન્ટર ઉપાડે છે. ત્રણે સ્કુલનું પરિણામ સારું આવવાથી ત્યાના શિક્ષકની અને શિક્ષણની યોગ્યતાનો આંક મપાઈ જાય. ફક્ત આદીવાસી તારાનાં ગામોમાં સેવાનાં કાર્યો ન કરતા પણ તેઓનું કાર્યનું ફલક ઘણું વિસ્તરેલું છે. સેન્ટરનાં કાર્યકર્તાઓ જ્યાં જ્યાં કુદરતી આફત આવે છે ત્યાં મદદ કરવા પહોંચે છે તેનાથી જણાય છે.

**કુદરતી આફતોનો સામનો** : કચ્છ, ગુજરાત, નાગાપટ્ટનમ્, તામિલનાડુ, બેતુલ, મધ્યપ્રદેશ, દાનકનલ ઓડિસા - ઓરીસ્સા, નાગ્રોટા - જમ્મુ કાશ્મીર, બિદપુર-બિહાર, કાંડિકલ - ઉત્તરાખંડ, સોનભદ્ર, ઉત્તરપ્રદેશ એલપ્પી કેરાલા.

કુદરતી આફતનો ધક્કો લાગ્યા પછી લોકો હતાશામાં ન ઉતરી જાય તે માટે તેઓના ઉત્કર્ષ માટે સેન્ટર ખોલીને નાના મોટા ધંધામાં પ્રવૃત્ત કરવા મદદ કરે છે.

દરેક સેન્ટરમાં ગામના લોકોના ઉત્કર્ષ માટે વિવિધ પ્રવૃત્તિઓ ચાલે છે, જેવી કે સાગર-શાળાઓ છે તેમાં ઓરગેનીક ફાર્મિંગ શીખવાડે છે - ઓઈલ ઘાણી ચાલુ છે. સાબુ બનાવવાનું શીખવાડે છે. જમીન બાબત શિક્ષણ આપે છે. બહેનોને પ્રોત્સાહિત કરીને તેનામાં રહેલી કળાને નિખારવામાં મદદ કરે છે, આ બધાં શહેરોમાં બનેલો માલ મુંબઈમાં વેચાય છે.

આ બધા કાર્યોને સફળતાપૂર્વક પુરા કરવામાં અને કુદરતી આફતમાં સેન્ટરની કામગીરી જોઈને, તેમને અનેક award થી નવાજ્યા છે.

**Awards ઈનામોમાં** : (૧) IMC ને ૧૯૭૬માં - Rural Development માટે (૨) આદિવાસી સેવક સંસ્થા - ૧૯૮૮-૮૯ સેવક પુરસ્કાર ગવર્મેન્ટ ઓફ મહારાષ્ટ્રે આપ્યા છે.

(૩) ૧૯૯૫માં યુનાઈટેડ નેશન્સના મિત્રોએ મળીને સેન્ટર creating common Unity ના કાર્યો માટે આપ્યો.

(૪) ૧૯૯૬-૯૭માં મહારાષ્ટ્ર ગવર્મેન્ટે અમારા એક કાર્યકર્તા શ્રી મધુ પાટીલને લગભગ ૧૬ ગામોમાં આદિવાસી લોકો માટે કામ કરવા માટે ''આદિવાસી સેવક'' પુરસ્કાર આપ્યો છે.

(૫) અશોક ગાંગિયા એવોર્ડ - ૨૦૦૪

(૬) વસંતરાવ નાયક પુરસ્કાર - ૨૦૦૫

(૭) Excellent in the field of Khadi & Village Industries કમીશન માટે ગવર્મેન્ટ ઓફ India તરફથી } ૨૦૦૫

(૮) પનવેલ રત્ન પુરસ્કાર - કમલા સ્પોર્ટસ એકેડમી તરફથી } ૨૦૦૫

આ ગાંધીવાદી વિચારશ્રેણીથી ચાલતી આ સંસ્થાનું શ્રેય શ્રી જી.જી. પરીખ, મંગળા પરીખ તથા જ્યોતિબેન શાહને જાય છે.

આ જમાનામાં આ વિચારશ્રેણી દ્વારા સંસ્થા ચલાવવી એ લોઢાના ચણા ચાવવા જેવું અઘરૂં કામ છે. તેથી અભિમાનથી આપણું માથુ ઊંચુ થાય એવું ગૌરવ આ સંસ્થા ધરાવે છે.''

❑❑❑ સંપર્ક : ૯૮૧૯૭૮૨૧૯૭

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૦,૦૦૦/- | શ્રીમતી પ્રિતી ખંડેરીયા (હસ્તે : શ્રીમતી રમાબેન મહેતા) |
| ૨૦,૦૦૦/- | શ્રીમતી સંગીતા ફરનાન્ડીસ (હસ્તે : શ્રીમતી રમાબેન મહેતા) |
| **૪૦,૦૦૦/-** | |
| $ ૧૦૧ | શ્રી ધીરેન એન. શાહ (હસ્તે : શ્રીમતી રમાબેન મહેતા) |

### જમનાદાસ હાથિભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૨૦,૦૦૦/- | શ્રીમતી પ્રિતી ખંડેરીયા (હસ્તે : શ્રીમતી રમાબેન મહેતા) |
| ૨૦,૦૦૦/- | શ્રીમતી સંગીતા ફરનાન્ડીસ (હસ્તે : શ્રીમતી રમાબેન મહેતા) |
| **૪૦,૦૦૦/-** | |
| $ ૫૦ | શ્રીમતી નલિની ટી. વસા (હસ્તે : શ્રીમતી રમાબેન મહેતા) |

### શબરી છાત્રાલય

| | |
|---|---|
| ૧૦,૦૦૦/- | શ્રી રમેશભાઈ પી. મહેતા |

### જનરલ ડોનેશન

| ડોલર | નામ |
|---|---|
| $ ૨૫૧ | જૈન સમાજ ઓફ લોન્ગ આયલેન્ડ આય.એન.સી |
| $ ૨૫૦ | બાવીશી ફેમિલી ચેરિટેબલ ટ્રસ્ટ |
| $ ૨૫૦ | શ્રી ભૂષણ બી. પારેખ |
| $ ૨૫૦ | શ્રી મિલીંદ શાહ |
| $ ૧૨૦ | શ્રી કિરન શેઠ |
| **$ ૧,૧૨૧** | |

**ગાંધી મનનયાત્રા**

# મેં ગાંધીને મારા જીવનના ઉત્તમ વીસ વર્ષ આપ્યાં છે : રિચર્ડ એટનબરો

**સોનલ પરીખ**

**જે**મણે રિચર્ડ એટનબરોની ફિલ્મ 'ગાંધી' જોઇ હશે તેમને તેનો એક સંવાદ ચોક્કસ યાદ હશે. વાત હતી ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ની. પ્રાર્થનાસભામાં જવા ઊઠતા ગાંધીને એક વિદેશી પત્રકાર પૂછે છે, 'તમારો પાકિસ્તાન જવાનો વિચાર પાકો છે ?'

બાપુ સ્મિત કરીને કહે છે, 'હું હિંદુઓને અહીં અને મુસ્લિમોને પાકિસ્તાનમાં સાબિત કરી દેવા માગું છું કે શેતાન ક્યાંય બહાર નહીં, માણસના મનમાં જ વસે છે; અને એની સામે જ આપણે લડવાનું છે.'

ત્યાર પછી પંદર મિનિટ પછી બાપુની હત્યા થાય છે. માનવીમાં રહેલી માનવતાને જગાડવા હંમેશા પ્રયત્નશીલ રહેલો એમનો અવાજ રામનામ સાથે હંમેશ માટે ચૂપ થઇ જાય છે.

દર્શકોને અચૂક યાદ હશે બીજું એક દશ્ય પણ, જેમાં ગાંધી અને કસ્તૂરબા ભારતીય લગ્ન સમજાવવા એકબીજાનો હાથ પકડી ફેરા ફરે છે અને સપ્તપદીનાં વચનો ઉચ્ચારતાં જાય છે. વિદેશી મિત્રોના ચહેરા પર છે ઉત્સુકતા-આશ્ચર્ય અને બા-બાપુના ચહેરા પર છે પરસ્પર પ્રતિબદ્ધતા અને મીઠો સંકોચ. ફેરા પૂરા થયા પછી બાપુ હસીને કહે છે, 'ત્યારે અમે તેર વર્ષનાં હતાં.' એ એક વાક્ય અને એ એક હાસ્યમાં પ્રેમમાં પડેલાં તો નહીં, પણ પ્રેમમાં પડવા જેવડાં પણ ન થયેલાં ત્યારે પરણી ગયેલાં અને એકબીજાં સાથે વૃદ્ધ થયેલાં આ અજબ પતિપત્નીના દાંપત્યનો સારાંશ દેખાય છે.

- અને યાદ હશે ભાગલા સમયની હિંદુમુસ્લિમ કત્લેઆમનાં કરપીણ દશ્યો અને જેનું સ્વપ્ન તૂટી ગયું છે, જેનું હૃદય ભાંગી ગયું છે એવા ગાંધીનો વૃદ્ધ, દુઃખી ચહેરો; યાદ હશે મીઠાના સત્યાગ્રહ વખતે ચૂપચાપ આગળ આવતા અને બ્રિટિશ પૉલિસનો માર ખાઇ ઢળી પડતા સત્યાગ્રહીઓનું દશ્ય.

આવા અનેક સંવેદનશીલ અને અસરકારક દશ્યો ધરાવતી 'ગાંધી' ફિલ્મના નિર્માતા-દિગ્દર્શક રિચર્ડ એટનબરોનો જન્મ અને મૃત્યુ બંને ઑગસ્ટ મહિનામાં થયા હતા. ૨૦૧૪માં ૯૦ વર્ષની જૈફ ઉંમરે ચિરવિદાય લેનાર આ બ્રિટિશ અભિનેતા, ફિલ્મસર્જક, આંત્રપ્રિન્યૉર અને રાજપુરુષની ચિરવિદાયને આ મહિને પાંચ વર્ષ પૂરાં થાય છે.

જેમણે ૧૯૯૩ની 'જુરાસિક પાર્ક' ફિલ્મ જોઇ હશે તેમને જુરાસિક પાર્ક બનાવનાર ધનાઢ્ય વૃદ્ધ બિઝનેસમેન જૉન હામન્ડ યાદ હશે. એ ભૂમિકા રિચર્ડ એટનબરોએ કરી હતી.

'ગાંધી' ફિલ્મ બન્યાને સાડાત્રણ દાયકા જેટલો સમય થઇ ગયો છે, છતાં તેમાં આજે પણ એક તાજગી છે. જો આપણે જાગૃત અને ગ્રહણશીલ મન સાથે જોતા જોઇએ તો દરેક સંવાદ, દરેક દશ્ય દરેક વખતે કંઇક નવું સમજાવી જાય છે. જો કે બ્રિટનના કેમ્બ્રિજમાં ૧૯૨૩માં જન્મેલા એટનબરો ૪૦ વર્ષના થયા ત્યાં સુધી ગાંધીથી ખાસ પરિચિત કે પ્રભાવિત હતા નહીં. ૧૯૬૨માં એક ભારતીય મિત્રે એમને લુઇ ફિશરે લખેલું 'ગાંધી' પુસ્તક વાંચવા આપ્યું અને એમની ઊંઘ ઊડી ગઇ. એમણે ગાંધી વિશે ખૂબ વાંચ્યું. ફિલ્મ બનાવવાની મહત્ત્વાકાંક્ષા મનમાં રોપાઇ ચૂકી હતી, પણ પહેલા ગાંધીને આત્મસાત્ કરવા હતા.

પુસ્તક વાંચ્યા બાદ ગાંધી પર ફિલ્મ બનાવવાનો સંકલ્પ કરી એટનબરો લૉર્ડ માઉન્ટબેટન દ્વારા ભારતના વડાપ્રધાન પંડિત નહેરુને મળ્યા. એમણે સંમતિ તો આપી, પણ બીજે વર્ષે એમનું મૃત્યુ થતાં વાત અટકી. ૧૯૭૨માં તેઓ ઇન્દિરા ગાંધીને મળ્યા. એમણે ફિલ્મ માટે આર્થિક મદદ અપાવી. ૧૯૭૫માં કટોકટી આવી અને શૂટિંગ કરવું મુશ્કેલ બન્યું. અંતે ૧૯૮૦માં શૂટિંગ શરૂ થયું અને ૧૯૮૧માં પૂરું થયું. ફિલ્મ ૧૯૮૨ના નવેમ્બરમાં ભારતમાં અને ડિસેમ્બરમાં યુકે અને યુએસમાં રિલિઝ થઇ. 'ગાંધી'નું મોટાભાગનું શૂટિંગ બિહારમાં થયું હતું. જે દશ્યથી ફિલ્મ શરૂ થાય છે તે ગાંધીની અંતિમયાત્રા માટે એટનબરોએ ત્રણ લાખ એક્સ્ટ્રા કલાકારો પર શૂટિંગ કર્યું જે એક વિક્રમ છે.

પ્રતીક્ષાના આ ગાળાનું પણ એક મહત્ત્વ હતું. વર્ષો સુધી સ્ક્રીપ્ટ પર કામ કર્યા બાદ ફિલ્મ બની તેથી તેમાં ઘણું સંતુલન આવ્યું હતું. દરમ્યાન બે વાર ગાંધી પર ફિલ્મ બનાવવાના પ્રયત્નો થયા હતા, જે કોઇ ને કોઇ કારણસર અટકી પડ્યા હતા. આ બેમાંની એક ફિલ્મમાં તો એટનબરોને જ ગાંધીની ભૂમિકા સોંપાઇ હતી. પણ પોતાની ફિલ્મમાં ગાંધીનું પાત્ર કોને સોંપવું ? અંતે બેન કિંગ્સલે પર કળશ ઢળ્યો. બેન કિંગ્સલેનું મૂળ નામ કૃષ્ણા ભાણજી છે. તેના પિતા ગુજરાતી છે અને મા યહૂદી-રશિયન મૂળ ધરાવે છે. કિંગ્સલેના દાદા ઝંઝીબારમાં મસાલાના મોટા વેપારી હતા. પિતા ૧૪ વર્ષના થયા ત્યારથી પરિવાર ઇંગ્લૅન્ડમાં આવી વસ્યો હતો. ફિલ્મ બની ત્યારે કિંગ્સલે ૩૭ વર્ષના હતા. જરા નવા કહી શકાય, પણ ફિલ્મોમાં પોતાનું કૌવત બતાવી ચૂક્યા હતા. કસ્તૂરબા બન્યાં હતાં રોહિણી હટ્ટંગડી, ખૂબ સુંદર અભિનય. ગાંધીના સાથીઓ અને બ્રિટિશ અધિકારીઓ તરીકે જાણીતા-અજાણ્યા પણ ચુનંદા કલાકારોની મોટી ફોજ હતી. પંડિત નહેરુ તરીકે રોશન શેઠ, સરદાર પટેલ તરીકે સઇદ જાફરી, મીરાંબેન તરીકે ગૅરાલ્ડિન જેમ્સ, ઝીણા તરીકે અલેક પદમસી, નરહરિ પરીખ તરીકે ઓમ પુરી,નાથુરામ ગોડસે તરીકે હર્ષ અય્યર, મનુ તરીકે સુપ્રિયા પાઠક,

આભા તરીકે નીના ગુપ્તા, લૉર્ડ માઉન્ટબૅટન તરીકે પીટર હાર્લોવ, હરિલાલ તરીકે રાજ ચતુર્વેદી, મહાદેવ દેસાઇ તરીકે પંકજ મોહન - આ સૂચિનો સહેલાઇથી અંત આવે એમ નથી. અમુક લોકો માને છે કે ફિલ્મમાં ગાંધીજીની આસપાસ રહેલાં ઘણાં મહત્ત્વનાં પાત્રોને પૂરતી જગ્યા મળી નથી.

દર્શકો અને વિવેચકો બંનેએ 'ગાંધી' ફિલ્મને વધાવી લીધી. મુંબઇના રિગલ સિનેમામાં 'ગાંધી' ચાલતું હતું ત્યારે તુલસીદાસ સોમૈયા નામના સર્વોદયી ગાંધીજને શો છૂટવાના સમયે મોટો થેલો લઇ ઊભા રહેતા અને દર્શકોને ગાંધીજીની આત્મકથા સસ્તા ભાવે વેચતા. એટલો સરસ પ્રતિસાદ મળ્યો કે એમણે મુંબઇમાં નાનાચૉક પાસે ગાંધી બુક સેન્ટર શરૂ કર્યું, જે ગાંધી-વિનોબાનાં પુસ્તકો વેચતો મુંબઇનો સૌથી જૂનો સૌથી મોટો પુસ્તકભંડાર છે. સોમૈયાજી આજે ૮૦ વર્ષના થયા છે અને મહામુશ્કેલી સાથે પણ પુસ્તકભંડાર, ગાંધીપ્રવૃત્તિઓ અને ગાંધીવૅબસાઇટ ચલાવે છે. ગાંધી જેને જરાક પણ સ્પર્શે તે માણસ પછી તેવો ને તેવો રહે નહીં. 'ગાંધી' ફિલ્મ આઠ ઑસ્કાર જીતી, પણ આ સિદ્ધિથી ય વધારે મોટું કામ એ થયું કે ફિલ્મ સાથે સંકળાયેલા તમામની જિંદગી બદલાઇ ગઇ. આ વાત અમરીશ પુરીએ એક ઇન્ટરવ્યૂમાં કહી હતી. અમરીશ પુરીએ દક્ષિણ આફ્રિકાના એક મુસ્લિમ વેપારીની ભૂમિકા કરી હતી.

ગાંધીજીની અંતિમયાત્રાનાં દશ્યો બાદ વાર્તાની શરૂઆત ગાંધીજીને પિટરમેરિત્સબર્ગના સ્ટેશન પર ફેંકી દેવાની ઘટનાથી થાય છે. દક્ષિણ આફ્રિકાનાં વર્ષોથી માંડી ગાંધીહત્યા સુધીની ઘટનાઓ એ ૧૮૮ મિનિટની ફિલ્મની વાર્તાનો પટ છે. આ ઘટનાઓ વિશે આપણે જાણીએ છીએ, છતાં આપણને તે 'ગાંધી' ફિલ્મના પડદે જોવાનું ગમે છે તેનું કારણ તેનું મંજાયેલું દિગ્દર્શન છે. સંવાદો જેટલું નથી કહેતા તેટલું પાત્રોની બૉડી લૅંગ્વેજ અને મૌન કહે છે. ગાંધીજીની સાદગી, પ્રેમ, સંકલ્પ, પીડા, લોખંડી તાકાત આ બધું બૅન કિંગ્સલેએ બહુ યોગ્ય સહજ સૌમ્ય અભિનયથી દર્શાવ્યું છે. જ્યારે તે વાઇસરૉયને કહે છે કે 'તમે બહુ વખત અમારા દેશના મહેમાન રહ્યા. હવે તમારા ઘરે પાછા જાઓ' ત્યારે તેનો અવાજ જરા પણ ઊંચો નથી થતો, પણ તેમાં મક્કમ સત્યની જે તાકાત છે તે જરા પણ છૂપી નથી રહેતી. 'ગાંધી'ની પટકથા પુસ્તકરૂપે પણ તૈયાર થઇ છે.

'ગાંધી' ફિલ્મના નિર્માણ દરમ્યાન એટનબરોએ ગાંધી ગોળમેજી પરિષદ દરમ્યાન જ્યાં ઊતર્યા હતા, તે લંડનના ઐતિહાસિક કિંગ્સલે હૉલને રિનોવૅટ કરવામાં મોટો ફાળો આપ્યો હતો. 'ગાંધી' પછી દસ વર્ષે એમણે ચાર્લી ચૅપ્લિન પર પણ ફિલ્મ બનાવી હતી. મૃત્યુ સુધી તેઓ જુદા જુદા પ્રોજેક્ટ પર કાર્યરત હતા.

ગાંધીજી પર બનેલી ફિલ્મો, ગાંધીજીની ભૂમિકા કરી ચૂકેલા અભિનેતાઓ અને ગાંધીજી વિશે લખાયેલાં પુસ્તકો અનેક છે. કોઇએ તેના પર પીએચ.ડી. કક્ષાનું સંશોધન કરવું જોઇએ એમ નથી લાગતું ?

❑❑❑

સંપર્ક : ૯૮૩૩૭ ૦૮૪૯૪

# An interrogation – Are you Religious? Are you Spiritually Religious??

**Prachi Dhanvant Shah**

An incident I recall, allow me to share! It so happened, after coming to India for a vacation in June this year, on the first day of my trip, being on the homeland, I woke up early and decided to go to the temple and do pooja, feel the aura of the pious Jinalaya and recharge my spirits. While waiting in the pooja line, I noticed a young girl around 3-year-old, who was also waiting for her turn to do pooja. This little girl's expressions and spiritual inclination towards Prabhuji's pooja caught my sight. She was eagerly and excitedly waiting with her grandmother for her turn to perform pooja, selflessly she was staring at the Pratima, looking intensely into the eyes of Munisuvratswaami's idol, holding Kesar bowl in her hand. I'm sure for her, the statue of Munisuvratswaami was not simply just an Idol but her persona of Bhagwaan. While waiting, her grandmother was also explaining her the rituals and steps to perform the pooja. The little girl's acquitted soul intensely echoed spirituality towards her religion and practice. Eventually, her turn came and excitedly she stepped up with her bowl of Kesar and thaal full of flowers to perform Kesar and Pushpa pooja. Unknowingly, she landed up touching the left toe of the idol first instead of right. The other lady waiting behind her abruptly stopped her and pointed at the right toe of the idol, guiding her to do pooja in the right manner with a louder and stronger voice. The little girl was disturbed and became conscious forgetting about her spirits & the essences of spirituality she had nurtured while her await. Her focus was then more attentive to the dogmatism of rituals then her spirituality towards the idol. I wondered was

it necessary for that lady to disrupt the little girl at that time? Or she could have waited for her to finish her spiritual pooja and then correct her?

It is imperative to reconcile the three dimensions of life - Religion, Spirituality, and Ethics. Religion often is misunderstood as a reference where we prohibit, we dogmatize, and we correlate to mislead outcomes which are all based on this obsession with rules made by human society. Whereas the essence of religion is not about that. This is not what Mahavira has depicted for us. Jainism preached by Mahavira expresses you to be Mahavira by means of his teachings and not just blindly follow the rituals.Religion is moreover about the relationship you have with your own self. Religion is Samyak Darshan through Samyak Gyan and not the dogmatic rules and prohibitions. Religion is the way you master yourself, to educate yourself through the religious doctrines and not to castigate. Be it any religion, Jainism, Hinduism, Muslim or Sikhism, all religions teach the same spirituality and that is, not to limit but to give us a way. A way to liberate yourself through the path of spirituality. A way to liberate oneself from our own ego, greed, and inhumanity that lead to destructiveness. If we change our own self, we can change the world around us. Although, certain rituals as explained in religious doctrines are meant to discipline our self, which is ethically essential. These rituals help us seek freedom from emotions with which we get driven by. I am sure you will agree how much we get alienated by emotions in our life and hence religious rituals are deliberated to control our self in a discipline such that at one point you can improvise. The musician follows a certain technique and discipline to play an instrument so that he improvises gradually and eventually he maestros the same. Similarly, religious rituals help us improvising our inner self and spirits such that at one point we master over our emotions and build a strong relationship with ourselves, which is very essential for a spiritually inclined life. For the process of liberation, there is something very essential and that is to educate yourself with the right knowledge (Samyak Gyan) and knowing yourself (Samyak Darshan). Take time for yourself and be fair to your soul, this will be the only way to bring a change in the world for better, change your world for better.

With your consent, let me draw your attention to the clear distinction between Religious, Spiritual & Religiously spiritual individuals. Spirituality thrives in every individual undeniably; he just needs to identify it. Spirituality ensues and exists within. It’s an experience that one embraces within one's soul and mind. Religion is the practice we conduct externally to elevate the spirituality thriving within us. It helps us clutch and conducts ourselves in tranquility and discipline. One can be religious but not spiritual if they don’t identify themselves as encompassing the ultimate knowledge they seek and blindly just accept the word of other individual or institution without understanding it and cross-examination. In other words, just a religious person blindly follows the truth explained by religion, but a spiritually inclined religious person discovers the truth explained by religion. A spiritually religious person needs to identify himself through the experience he endures while believing in the religious doctrines and Samyak Gyan. Religion tells you the truth, and spirituality within you lets you discover this religion and not just practice it with Do’s and Don’ts. Elaborating the same further, people who are just religious would seek divine power outside by following strict norms and blind belief on rituals. But a spiritually religious person would seek the divine power within themselves with true feelings towards religion. Simply religious individuals would certainly gain knowledge about religion and doctrines but might lack the insight and wisdom towards religion. A religious person would generate dogmatism, but a spiritually religious person would generate lenience and acceptance. A person who is not spiritually religious practices religion with fear, but a spiritually religious person practices a religion which is purely love based.

Spirituality and religion go hand in hand to lead an ethical life on the path of liberation and freedom. Religion without spirituality and spirituality without religion behold no meaning while seeking the path of liberation. Spirituality is nothing but adding meaning to your actions, adding meaning to your life, adding ethical spirituality to your life. If we boost our spirits with the true meaning of religion, we can boost our ethics and bring a change within and around us. I believe a person who acclaims to be religious and is not spiritual, does not follow religion in its true essence. At the same time, if a person recognizes himself as

spiritual but not religious, then his spirituality does not hold essence in true perception.

This worldly society witnesses widely distinguished religious community with people following different religion. Every individual has the right to follow their religion, hold a belief in the teachings what their religious doctrines teach them. A religious person domineers that only their religion is right and true. Whereas a spiritually religious person respects all the religions. Spirituality personifies the truth in all the religions and unites humanity because the truth is the same for all of us despite our differences and uniqueness just that it is depicted differently through different doctrines. Instead of competing, instead of judging the religion of others, understand the fact that there is one thing that is common in all religions and that is the knowledge. The education and knowledge, every religion depict, leads a person to freedom. Hence respect every religion, because every religion eventually teaches to elevate the spirit of a soul. The spiritually religious thought process and belief focus on the quality of the divine message every religion share and not on the differences in details of the story they speak. We need to identify a dialogue of the center, a dialogue which is essential for everyone around in this world. Every individual on this planet earth following any respective religion, need to come to the center to meet this dialogue of spirituality. This dialogue needs to be the beam of luminosity for the heart of every human being. If everyone around the world understands this, there would not be any social disturbance and religious discrimination. Although, we cannot just feel sorry for any situation or circumstances and say, “we would pray”, but we needs to act and show action. One cannot say I am feebleand cannot do anything because that’s not true. What we strive within ourselves is immense power, and this is what every religion and spirituality is telling us, teaching us. Talk with us, look at the world, look at your neighbour and change the world. If everyone be spiritually religious and be inclined towards spirituality, if each and every human on this planet brings a change within oneself, this world would undeniably be picturized as a “picture perfect” with harmony and peace. I wish these people who create terror and disgust around the world in the name of religion understand for once what religion is and pursue it with spirituality... I wonder when will they understand the true doctrines of their religion with the essence of spirituality!

Be mindful, religion separates, Spirituality unites. Hence, we let’s not be just religious or let’s not be spiritual, let’s be Spiritually religious. Let the world unite and not separate by discrimination of religion. Let’s be Spiritually religious, by truly knowing yourself inside and out, without which it’s impossible to fully contribute to the world around you.

This Paryushan Mahaparva, when you follow the religious Jain rituals, do not forget to ask yourself first, are you spiritually religious? While performing Samvatsari Pratikraman, do not let your spirits be forbidden by focusing more on religious rituals, and time, but sublime yourself colossally in the spirituality of religious doctrines. When you conduct Pratikraman and recite the pious Jain doctrines and sutras, ask yourself, do you understand this knowledge with its true essence? And if yes, do you inhibit the same within yourself spiritually? Are you leading a spiritual life with the teachings of Mahavira in your daily life or is it just timely? If you get the answer as “YES, I am leading a spiritually religious life during this Paryushan Mahaparva,” then let every day of your life be Paryushan Mahaparva.Lead a religiously spiritual life henceforth. We need to be committed ethically and be consistent with the values we behold. In this worldly society, there is a lack of ethics in every aspect of life. Lack of ethics in politics, lack of ethics in media, lack of ethics in medical service and so on. But the day we all understand our commitment towards our religion, towards our own spirituality, towards our ethics, and merge the same, we can bring the change in this world. These three aspects of life would enable us to change ourselves, change the world. Religion & spirituality come together to ensue belief, comfort, reflection, ethics and awe.

I recollect the quote I read once - “Imagine the light you seek in your world were merely the reflection of your extraordinary inner light, just waiting to inspire you to see your beautiful self? So, choose to shine with that light and spread the luminosity around you”.

❑❑❑

49, wood ave, Edison, N. J. 08820, U.S.A.
prachishah0809@gmail.com
+1-9175825643

# Anger

Premal Kapadia

**(1) The characterstics of an angry person**

1. An attractive, gentle and calm face transforms at once, on becoming enraged. Lines form on the forehead, eyes become red and the lips begin to quiver.
2. Any angry person is always unhappy, restless, surrounded by perplexity and worry. He cannot eat well, sleep evades him and eventually his health suffers. In turn, all of this has unfavourable effects on his business.
3. His words are punctuated with abuses, his face becomes flushed, he loses control over his senses, is hasty, lacks tolerance and is riddled with doubts.

*The language of love is soft.*
*The language of anger is harsh.*

**(2) The language of an angry person**

1. Words spoken in anger are never weighed or well thought out. They come pouring out rapidly and are almost always impolite, scornful and bordering on rude.
2. When one is angry, the words uttered are bitter, hurtful and spoken unmindfully. Anger does not promote civility and vice versa. For example, instead of saying "Will you kindly advise your son?", a disgruntled person would say, "Tell your son, otherwise he will repent."
3. Cold water, when poured over hot oil, creates a spark. Similarly, well meant words add fuel to the fire when spoken to an irate person.
4. Anger never comes pouring out with closed eyes or folded hands. It drastically changes the mannerism and the facial expressions of the angry person.
5. Anger is vile and is disliked by all. It is never praised and considered inappropriate. So it is best to refrain from it.
6. Anger is a prelude to hatred, contempt, aversion, enmity and violence.


**(3) The form of anger**

1. Anger is an enemy masquerading as a friend.
2. It leaves one devoid of happiness.
3. In moments of anger, a person reveals the weakness of his character.
4. Anger not only gives a person a hellish existence in the next life but blights even his present life.
5. Anger is vile. It is deplored by everybody and no one praises it. Everyone considers anger undesirable. Make every effort to avoid it.
6. Anger can kill an enemy but it cannot put an end to enmity. On the contrary, it only aggravates the hostility.
7. Anger does not signify a person's strength, it reveals his weakness.
8. Losing one's temper means that you accept the other's mistakes as your own.
9. Sweet words are never uttered in a state of anger.
10. One is furious when one's ego is crushed.
11. Anger means loss of self control. This magnifies one's weakness and creates a state of unwarranted emotional excitement.
12. The sentiment of anger inflicts instant pain to others.
13. An angry person always considers the other to be at fault, mulling over all the mistakes committed by the other.

**(4) The effects of anger**

1. When anger arises within a person, his innate nature changes. A calm person becomes agitated; a forgiving person forsakes his compassionate nature. Even after an outburst of indignation, the person continues to seethe within.
2. Breaking out into fits of anger at home or outside, brings unhappiness to a person, leading to loss of composure.
3. Equipoise or a good realm in the next birth remain out of reach and marred for an angry person. The most coveted state of liberation is nay a far removed possibility for him.
4. Anger destroys love, relationship, prosperity, unity and attainment of a better realm in the next birth.
5. Anger perpetuates enmity in successive lives.
6. The faculty of understanding and perception of an angry person become extremely limited.
7. An angry person loses others' trust and affection.

8. Anger hinders the manifestation of one's true feelings.
9. Anger gives a person infamy and broken relationships.
10. Anger gives rise to an inflow of demeritorious karmas.
11. Anger is extreme, it is worse than a severe summer's heat, more foul than the filth collected during the rains, and more harrowing than a cold winter. Anger deprives a person of customers in business, he is shunned, insulted or driven away by family, his friends avoid him and it leaves all his loved ones disappointed and afflicted by his obstructive disposition.
12. To display anger is not a sign of valour; rather it is a sign of cowardice.




## Life of Acharya Shri Haribhadrasuriji

*(Ref: An incident of anger and its mitigation)*

(1) Once there was a Brahmin called Haribhadra, who was appointed as the royal priest in the court of Jitari, the ruler of the State of Chitrakoot (Chittorgarh), in the country of Bharat. He was extremely well versed in the knowledge of Vedas, Upanishad and Puranas. His erudition had made him very arrogant. He had avowed that he would become a disciple of anyone who would defeat him in a debate on scriptures. He was an unyielding opponent of the Jain religion. He would assert that it was better to be crushed to death under the feet of a mad elephant, than to climb the steps of a Jain temple to save one's life.

(2) One day, the hubristic Brahmin Haribhadra, passed a monastery of Jain sadhvis. He heard

a verse being recited in a sweet voice by a great sadhvi called Yakini, who was in the process of studying and reflecting upon Jain scriptures. The verse went thus, '**चक्किदुगं हरिपणगं, पणगं चक्कीण केसवो चक्की। केसचक्की केसवदु, चक्की केसीय चक्कीय।।**'' (meaning: In the present descending time cycle there have been 2 chakris (a universal monarch) 5 Vasudevs; 5 chakris, 1 keshav; 1 chakri, 1 Keshav; 1 chakri, 1 keshav; 2 chakris, 1 keshav and at the end, 1 chakri successively). He exercised his intellect to try and understand the meaning of the above verse, but his power of reasoning failed him. He asked sadhviji the meaning of the verse. Sadhviji, in turn, sent him to Acharyashri (a preceptor). Being absolutely firm in his vow, he at once, accepted monkhood from Acharya Shri Jinaduttasuri and became his disciple. Eventually he became the saviour of all the scriptures and due to his immense knowledge, he came to be known as Haribhadrasuriji.

(3) Haribhadrasurishwarji was the undisputable supreme master of the Jain order and was highly respected by all. He accepted venerable Sadhviji Shri Yakini Mahattara as his 'dharma-mata' (The mother who, initiated him in righteousness) as long as he lived, as she was the one instrumental in bringing about a revolutionary transformation in his life. He preferred to be addressed as 'Yakini-mahattarasunu' or The Son of Yakini – Mahattara. Sadhvishriji, who was a learned woman, did not succumb to faults like pride about her knowledge, vanity and ego. She did not explain the meanings of the Sutras to Haribhadra herself. Instead, she sent him to Acharyashri Jinaduttasuri. That is why the Jain order was able to obtain such an erudite, Supreme Acharya. Praise be to both the great personalities, who were the epitome of modesty – Sadhvi Bhagwant for her devotion to her Guru and Acharya Bhagwant for his utmost reverence for his 'dharma-mata'. With the passage of time, Acharya Haribhadrasuri inducted his two nephews, Hansa and Paramhansa in monasticism as their desire for salvation was extremely profound.

(4) Going by the following two idioms, "Coming events cast their shadows before" and "Like father, like son," both the newly inducted disciples grasped the deep eaning of the entire body of Jain scriptures within a very short period of time as their 'kshayopasham' (part subsidence, part destruction of Jnanavaraniya [knowledge obscuring] karmas) was immensely intense. During that period, Bouddha religion was widely practised. Both the erudite disciples sought their Guru's permission to go to Bouddha universities to enable them to further grasp the underlying subtle logic in their religious texts. Acharya Haribhadrasuri was very well acquainted with the intrasigent fanatical zeal of the Buddhists towards their religion. He was wary of Buddhists and was anxious that some unforeseen harm could befall his beloved disciples. He tried to warn them repeatedly but their enthusiasm did not ebb, even by a small degree. Eventually, he reluctantly permitted them to go, knowing very well that whenever some event was destined to occur, it would occur as it had to, without any reason. The young monks entered the Buddhist monastery carefully, concealing their true identity to begin their education. The logical topics they learnt during the day, were written down by them in a book secretly at night, refuting each one of them. As was to happen, the Buddhist preceptor sensed that something was amiss. To identify the offenders, he etched out an image in the likeness of the idol of a 'Jina' on the ground and asked each of his students to put their feet on it. The monks realised that they had no way out. To prevent committing a disrespectful act, they etched a 'Janoi' (a sacred thread worn by the Brahmins) on the idol, transforming it to a non Jina idol and then walked over it. They subsequently fled the scene to save themselves. Armed Buddhists followed them, killed the elder brother and the younger brother was seriously wounded. Despite his injuries, the monk made his way to the monastery to acquaint his 'Guru' about all that had occurred but he died soon after.

(5) Acharyashri was heartbroken at the untimely and sudden death of both his enormously learned, extremely courteous and dear disciples. His pure soul was possessed by an inauspicious 'leshya'

(karmic stain.) His mind and heart would know no peace till he had avenged the death of his pupils. He wanted 'a life for a life'. With this resolve, he arrived at the royal court of King Surapal, who was a follower of Buddhism. He challenged 1444 Buddhists, who he thought were responsible for the death of his pupils, to have a debate with him on scriptures. There was a terribly violent condition attached to the debate, the person who was defeated in the debate was meant to give up his life by jumping into a frying pan of boiling oil. When Haribhadrasuri's Guru learned about this incident, he immediately sent him a few verses to reflect upon, to aid in stabilizing him back in the path of restraint. Just as red hot iron, when immersed in water, loses its heat and starts cooling down, similarly, on reading the verses, Acharyashri's agitation was mitigated at once. According to another version, his 'dharma-mata', Sadhvi Yakini Mahattara went to him with an excuse of asking for prayaschhita (expiation) for having inadvertently killed a small frog, alerting him to the extent of expiation that he would be compelled to perform, as his sin would be of an extremely grave nature. Fearful of committing any further transgression, Acharyashri went to his Guru at once to atone for his demeritorious thoughts and became committed to his monastic life.

(6) To diminish his cruel intentions of killing 1444 Buddhists and purify his soul, he resolved to author 1444 volumes. He expressed the despair he had concealed of losing his disciples, by ending each of his compositions with the word 'Bhav-virah' (separated in this life). At that time all the Jain canonical texts, as well as their commentaries were scripted in Prakrit. Over time, Prakrit, which was previously understood and widely used by the masses, became difficult to grasp. So as to create an ease for both, the learned as well as the ignorant to understand the texts, Acharyashri made a historical decision of translating the primary as well as the secondary canons and their commentaries in Sanskrit. Even if he spent an entire day for a task as colossal as this, the time was never enough. A prominent businessman named Laling, who was extremely devoted to the Guru, thought of a way out. He arranged for huge, invaluable gems to be placed in the monastery. These would radiate enough light for Acharyashri to carry out his work at night. As the light emanating from the gems was inanimate, it did not involve any violence to 'teu-kaya' (fire-bodied) souls. Acharyashri could thus carry on authoring a multitude of volumes uninterrupted. 'Samaraicchakaha' (Epic of Samaraditya), which is scripted in Prakrit, is Haribhadrasuri's best, independent creation. Haribhadrasuri was informed by the protector of the Jain four fold order, Ambikadevi, that he was not destined to have any disciples. Acharyashri devoted his entire life in making the extremely beneficent legacy of Jain literature thrive. It is said that Acharyashri ascertained that he was on his death bed, when he completed authoring 1440 volumes. As a symbol of the last four volumes that he would not be able to complete, he wrote three stanzas of a hymn. Before he could complete the fourth verse, he departed for his heavenly abode. The Jain congregation that had gathered, completed the fourth stanza, aided by the protector of the Jain order and dedicated it to Acharyashri, reciting it out loud. With this, Acharyashri's vow of authoring 1444 manuscripts was fulfilled. Even today, the fourth stanza of 'Samsara-davanal' is recited aloud by the congregation during pratikraman. Glory be to multi-faceted brilliance of the eminent preceptor, Haribhadrasuri, who probably has not left out any subject untouched in his entire literary journey.

*Bibliography : Jain sahitya no samkshipt Itihas, Prabandh Chintamani, Prabhavak Charitra.*

❑❑❑

**હાયકુ**

- We are
  An agent
  of God
- B D P V K
  હૂંફવી તે રમેશ
  પારેખ જાણે!
- સૌ મુસાફરો,
  થોભો, રાહ જુઓ ને
  નીકળી જાવ!

હરજીવન થાનકી

**प्रबुद्ध वाचको,**

અહીં આપણે આજના સમકાલીન વિષયો અંગે ચર્ચા, વિચારણા પણ કરીશું. (તંત્રીશ્રી)

## આત્માની શક્તિ

ચિકિત્સાવિજ્ઞાનના ઇતિહાસમાં,એક દિવસ એવું ચિત્ર ઊભરી આવ્યું કે વિચારવાનું કાર્ય મગજ વડે થાય છે. એ પ્રાથમિક સમજણ, કે મગજ એ વિચાર કરવાનું સાધન છે પછી, આ ચિત્ર વધુને વધુ જટિલ થતું ગયું, તે ત્યાં સુધી કે જ્યારે ન્યુરોસાયન્સ આજની સ્થિતિ સુધી પહોચ્યું અને મગજને ખૂબ જ ઊચ્ચ આસને બેસાડી દેવાયું અને 'ત્રણ પાઉન્ડ (વજન)ના બ્રહ્માન્ડ' તરીકે ઓળખાવાયું (અને કહેવાયું કે) કોરી દિવાલ ઉપર ચિત્ર દેખાડતા જાદુઇ ફાનસની જેમ, માનવનું મગજ દુનિયાને અને તેની અંદરની વસ્તુઓને ત્રિ-પરિમાણ (૩-D) માં દર્શાવે છે.

હકીકતમાં, મગજને આટલું ગૌરવશીલ પદ આપી દેવાથી ખાસ કોઇ અર્થ સરવાનો નો'તો , તેથી આગળ જવાનો રસ્તો બંધ થઇ જવાનો હતો, અને થયું પણ એમ જ ! તમારા મગજે એક પણ વિચાર કર્યો હોય કે તેણે દુનિયાનું સાચકલું ચિત્ર દર્શાવ્યુ હોય કે પછી, તાપણું જેવી રીતે ખરેખરો ગરમાટો પેદા કરે છે તેમ મગજે 'પોતાની કોષિય (cellular) પ્રવૃત્તિની આડ-પેદાશ તરીકે મન'ની રચના કરી હોય એવો એક પણ ભૌતિક પૂરાવો મળ્યો નથી. એના બદલે, જેમ પિયાનો વગાડતો કલાકાર બિથોવનનું 'મુનલાઇટ સોનાટા' વગાડે ત્યારે ઉપર - નીચે થતી દેખાતી, પિયાનાની ચાવીઓની માફક મગજ, વિચાર આવે ત્યારે, ફક્ત ભૌતિક પ્રવૃત્તિ જ દેખાડે છે.

જીવનમાંના આપણા અનુભવો માનવતાના પાયામાં રહેલા છે અને આપણે જે વિકાસ કર્યો છે તે આપણી આત્મ-જાગ્રુતિને કારણે જ. આ હકીકત આપણા મગજમાંનાં અબજ ન્યુરોન્સ (neurons) ની કે પછી,તેમનાં અસંખ્ય જોડાણોની વાત કરવાથી સમજાવી શકાય તેમ નથી.!

એવી જ રીતે, મગજનું કાર્ય છે,મનને સ્વતંત્ર કરવાનું ! હકીકતમાં, મગજ એ કોઇ નિશ્ચિત ભૌતિક પદાર્થ નથી અને તે, વ્યક્તિના જીવનમાંના અનુભવો પ્રમાણે ન્યુરોન્સ તેમજ જોડાણો બનાવી લે છે. નિશ્ચિત આદતો,માન્યતાઓ અને વર્તણુકોમાં બાંધી લઇને આપણે મગજનો દુરુપયોગ કરીએ છીએ. આવી રીતે, પોતાની જાતને સીમિત કરી દેવાનું કાર્ય મગજે કર્યુ નો'તું. તમને જો કોઇ જીદ્દી, ક્રોધી, દાદાગીરી કરનારી કે પછી મતાગ્રહી વ્યક્તિ મળી જાય (સમજી લેજો, કે તે) તેના અનુભવોની દુનિયાને એવી કોઇ ખાસ રીતે સમજીને અને તે અંગે પૂર્વગ્રહ-યુક્ત નિશ્ચિત તારણો બાંધી લઇને તે એવી બની હોવી જોઇએ.

આમ, આપણી પાસે વિકલ્પ છે. કોઇ વ્યક્તિ, તેના ઉપર મોઝાર્ટ વગાડે કે પછી અન્ય કાંઇ, પિયાનામાં ફેરફાર થતો નથી; જ્યારે માનવનું મગજ સરળતાથી બદલાઇ શકે તેવું લચીલું, ક્રિયાશીલ અને ઘડી શકાય તેવું હોય છે. આના ઉપરથી એ સમજી શકાય છે કે આપણે મગજને વિચારના સાધન તરીકે કેવી રીતે વાપરવું જોઇએ.આપણે એવી રીતે વિચારવું અને વર્તવું જોઇએ જેથી જૂના નિષ્કર્ષો ફરીફરી તપાસાયા કરે અને ખૂલ્લા, સકારાત્મક વલણ અપનાવાય. આપણે જો આવું કરી શકીએ તો મનની કાર્યશક્તિ અસીમિત બની જશે.

હકીકતમાં મન, કેદી અને જેલર બન્ને પોતે જ છે. આપણે જ્યારે, દુનિયાને સમજવાની માનસિક પ્રવૃત્તિમાં રોકાઇએ છીએ, ત્યારે આપણે જ નક્કી કરીએ છીએ કે, ડરામણું શું છે, શું ભયજનક છે,પરાયું છે કે પછી, શું અજાણ્યું છે ! એ પાયા ઉપર આપણે આપણી મુળભૂત માન્યતાઓની રચના કરીએ છીએ. પછી જ્યારે કોઇ ખાસ પરિસ્થિતિ ઊભી થાય છે, જ્યારે આપણને ડર લાગે છે, ક્રોધ આવે છે કે ધમકી મળે છે ત્યારે આપણે આપઆપો એવો પ્રતિભાવ આપીએ છીએ, જાણે પૂર્વગ્રહિત મન અને મગજ એ સમયે જે કરી બેસે તેના ઉપર આપણો કોઇ જ કાબૂ હોય નહીં ! આપણે મગજને પ્રમાણમાં ઘણાંબધાં સ્વાતંત્ર્ય-શક્તિ આપી દીધા છે, જ્યારે હકીકતમાં, ખરી શક્તિ આપણા (આત્મા!) ના હાથમાં છે. ખરુંજોતાં, પ્રમાણમા બદલવા મુશ્કેલ , ઉત્ક્રાન્તિની યાત્રા દરમ્યાન મળેલા પ્રતિભાવો, જેવા કે કામવાસના (sex drive), ઝઘડાની વ્રુત્તિ (fight) કે પછી (ડર લાગતાં) નાસી જવાની વ્રુત્તિ (flight) વ. આપણી વર્તણુકને બહુ જ ઓછા સંજોગોમાં નક્કી કરતાં હોય છે. આ પૂર્વ-નિશ્ચિત પ્રતિભાવો, હકીકતમાં માનવજાતને ઉત્ક્રાન્તિના માર્ગમાં વારસામાં મળેલા હોય છે ; પરંતુ આપણી આદતો, ગમા- અણગમાઓ અને પ્રેમ-ધીક્કાર વગેરે માનસિક હોય છે. હિંસા, ગુનાખોરી, યુદ્ધો, પૂર્વગ્રહો અને 'મારું'- 'તારું' વ.વ. કેમ ઘટાડી શકાય તે અંગે અંતહીન ચર્ચા થઇ શકે,પરંતુ એ સહુ અહીં ગૌણ છે.

જે ખરેખર અગત્યનું છે તે ઍ કે આપણી સચેત -કારક (agent) તરીકેની ભૂમિકા ,કે જે માનવીય વાસ્તવિક્તાને આકાર આપી શકે, તેને પાછી કેવીરીતે હસ્તગત કરી લેવી ! કારણકે, એ જ ભૂમિકામાં આપણે આપણા માનવીય જગત અને આપણી દરેકની સાત અબજ અનુપમ વાતો (seven billion unique stories) ની રચના કરી છે.જીવનની જે સહુથી અગત્યની વાત છે તે આપણી આત્મ-જાગ્રુતિ. આત્માની જાગ્રુતિ ઍ જ છે આત્માની શક્તિ !

**અશોક ન. શાહ**

મૂ. લેખક શ્રી દીપક ચોપરા

સૌજન્ય : ''ધી સ્પિકીંગ ટ્રી''

C/o ધી ટાઇમ્સ ઑફ ઇન્ડિયા

ભાવાનુવાદક : અશોક ન. શાહ

e-મેઇલ : ashoknagindas005@gmail.com

# સર્જન-સ્વાગત

## ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

પુસ્તકનું નામ : **ઈદમ્ ચરિત્રમ્**
લેખક : વિનોદ ભટ્ટ
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
પૃષ્ઠ સંખ્યા : ૧૦+૧૪૨ નકલ : ૧૨૫૦
મૂલ્ય : રૂા. ૧૮૦/-
પ્રાપ્તિસ્થાન : ગૂર્જર સાહિત્યભવન રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ - ૩૮૦૦૦૧. ફોન : ૦૭૯-૨૨૧૪૪૬૬૩ / ૨૨૧૪૯૬૬૦
૧૦૨, લેન્ડમાર્ક બિલ્ડીંગ, ટાઈટેનિયમ, સિટી સેન્ટર પાસે, સીમા હોલ સામે, ૧૦૦ ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ - ૩૮૦૦૧૫.




લેખક શ્રી વિનોદ ભટ્ટ હાસ્યલેખક તરીકે પ્રસિદ્ધ જ છે. એમની કલમે લખાયેલી કૃતિઓ વિનોદવૃત્તિને પોષે છે. હાસ્ય સાહિત્યમાં એમનું અનોખું સ્થાન છે.

ઈદમ્ ચરિત્રમ્ માં રાજકીય અને સિનેજગતની વ્યક્તિઓના ચરિત્રનું વિનોદી શૈલીમાં આલેખન થયું છે. એમની ખામી ખૂબીઓ, તેમની અંગત કે જાહેરજીવનની ઘટનાઓને બખૂબીથી રજૂ કરી છે. આપણે ચરિત્ર વાંચીએ છીએ કે હાસ્યકથા વાંચીએ છીએ એ અવઢવમાં પડી જવાય એવું ચિત્રણ છે. એકી બેઠકે વાંચી જવાનું મન થાય એવું પુસ્તક છે.

એમાં નીચે મુજબની વ્યક્તિઓના વ્યક્તિત્વનું ચિત્રણ એમની આગવી શૈલીમાં કરવામાં આવ્યું છે.

**જાહેર જીવનની વ્યક્તિઓ :**
(૧) ગાંધીજી
(૨) સરદાર વલ્લભભાઈ પટેલ
(૩) જવાહરલાલ નહેરૂ
(૪) એડોલ્ફ હિટલર
(૫) ઈન્દિરા ગાંધી
(૬) રાજીવ ગાંધી
(૭) મોરારજીભાઈ દેસાઈ
(૮) ચરણસિંહ
(૯) મહમ્મદઅલી ઝીણા
(૧૦) અટલબિહારી વાજપેયી
(૧૧) નરેન્દ્ર મોદી

**સિનેજગતની વ્યક્તિઓ**
(૧) કેદાર શર્મા
(૨) અશોકકુમાર
(૩) દિલીપકુમાર
(૪) મધુબાલા
(૫) રાજકપૂર
(૬) નરગીસ
(૭) મેરલિન મનરો
(૮) નૂરજહાં
(૯) નૌશાદ
(૧૦) લતા મંગેશકર
(૧૧) કિશોર કુમાર
(૧૨) રાજેશ ખન્ના

♦♦♦

પુસ્તકનું નામ : **आत्मा का विकासक्रम**
निगोद से मोक्ष तक की यात्रा
भाग-१
લેખક સંપાદક : પૂ. મુનિરાજ શ્રી સંયમકીર્તિ વિજયજી મ.સા.
પ્રકાશક : શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ અમદાવાદ
આવૃત્તિ : પ્રથમ વિ.સં. ૨૦૭૪
પૃષ્ઠ સંખ્યા : ૩૨ + ૨૯૨ = ૩૨૪
મૂલ્ય : સદુપયોગ




પ્રથમ ભાગનો સંપૂર્ણ લાભ-ઘનશ્યામભાઈ મધુભાઈ પટેલ પરિવારનો આર્થિક સહકાર છે.

આ પુસ્તક હિન્દીમાં છે. પૂજ્યવરે મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવાની ભૂમિકાઓ બતાવી છે.

મોક્ષમાર્ગના આરાધકોએ પોતાની ધર્મારાધનાની ભૂમિકા તથા એના કર્ત્તવ્યોનું જ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરવું જોઈએ.

આ પુસ્તકમાં ભવ્યાત્માની નિગોદથી નિર્વાણ સુધીની વિકાસયાત્રાના વિવિધ પડાવોને વિસ્તારથી આલેખ્યા છે. અહીં યોગદષ્ટિ સમુચ્ચય તથા ગુણસ્થાનક્રમારોહ આદિ ગ્રંથોના આધાર પર આત્માનો વિકાસક્રમ દર્શાવાયો છે. યોગની આઠ દષ્ટિઓ મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાન્તા, પ્રભા, પરા નું વિશ્લેષણ કરીને ગુણસ્થાન સાથે સંબંધ બતાવ્યો છે.

આત્માના વિકાસક્રમની વિવિધ ભૂમિકાઓને સમજીને શાસ્ત્રી અનુસાર આરાધનાઓ કરીને મોક્ષ પ્રાપ્ત કરી શકે છે એ ભાવના વ્યક્ત થઈ છે.

♦♦♦

પુસ્તકનું નામ : **નરેન્દ્ર મોદી P.M. ફિર સે**
લેખક : નમન ર. મુનશી
પ્રકાશક : ગૂર્જર પ્રકાશન
આવૃત્તિ : પ્રથમ - ૨૦૧૯
નકલ : ૧૦૦૦
કિંમત : ૨૫૦/- રૂા.
પૃષ્ઠ : ૧૬ + ૧૪૪
પ્રાપ્તિસ્થાન : ગૂર્જર સાહિત્ય ભવન, ગૂર્જર સાહિત્ય પ્રકાશન
ફોન નં. : ૦૭૯-૨૨૧૪૪૬૬૩ ૨૨૧૪૯૬૬૦ / ૯૮૨૫૨૬૮૭૫૯




ભારતના રાજકીય મહાનાયક નરેન્દ્ર મોદી ૨૦૧૯ની લોકસભા ઈલેક્શનમાં પ્રચંડ બહુમતી સાથે બીજી વખત ભારતના વડા પ્રધાન બન્યા. એ

ઐતિહાસિક સિદ્ધિને બિરદાવવા અદ્વિતીય મહાનાયકની કથા લેખકે કંડારી છે.

મહાવિજયના દસ માઈલસ્ટોન્સથી શરૂ થઈ અંતે શાનદાર ઉપલબ્ધિ સુધીના ૧૬ પ્રકરણમાં એમની કાબેલિયત, રણનીતિ, કૂટનીતિ, વિવિધ યોજનાઓ, ક્રાંતિકારી નિર્ણયો, દેશનું ગૌરવ વધારવાનો પ્રયત્ન વગેરે બાબતોની સરળ પ્રવાહિત ભાષામાં સમીક્ષા કરવામાં આવી છે. મોદીનું વ્યક્તિત્વ જ એવું છે જે વિરોધી અને વહાલા બંનેને વાંચવા પ્રેરે છે.

♦♦♦

પુસ્તકનું નામ : **'મહેતાજી, તમે એવા શું ?'**
લેખક : ધીરેન્દ્ર મહેતા
પ્રકાશક : ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ
આવૃત્તિ : પ્રથમ - ૨૦૧૮
નકલ : ૫૦૦
કિંમત : ૪૦૦/- રૂા.
પૃષ્ઠ સંખ્યા : ૧૪ + ૩૪૬ = ૩૬૦
પ્રાપ્તિસ્થાન : ગૂર્જર સાહિત્ય ભવન - રતનપોળ - અમદાવાદ
ફોન નં. : ૦૭૯-૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦
ગૂર્જર સાહિત્ય પ્રકાશન - ફોન (૦૭૯) ૨૬૯૩૪૩૪૦
મો : ૯૮૨૫૨૬૮૭૫૯





આ એક આત્મકથા છે. જેને લેખક સ્મૃતિયાત્રા તરીકે ઓળખાવે છે. કા. કે સ્મૃતિ આત્મકથાનો મૂલાધાર છે.

ધીરેન્દ્ર મહેતા કવિતા-વાર્તા-નવલકથા-રેખાચિત્ર, વિવેચન સંપાદન આદિના સિદ્ધહસ્ત લેખક છે.

શૃંખલિત વિશૃંખલા એવા શીર્ષક હેઠળ અનુક્રમણિકા મૂકી છે. એમાં ૩૧ પ્રકરણો દ્વારા પોતાનું અથ થી ઈતિ વ્યક્ત કર્યું છે. વડીલોની વાતથી શરૂઆત કરીને વર્તમાન સુધી લીટી તાણી છે. પોતાની જીવન કિતાબના પૃષ્ઠોને પત્રો, ડાયરી, વર્તમાનપત્રોના અહેવાલો- લેખો, મુદ્રિત પ્રવચનો આદિના આધારે આલેખ્યા છે. જે એમની વિચારસરણી, મનોદશા તેમ જ દષ્ટિબિંદુને પ્રસ્તુત કરતા રહે છે એટલે કોરી વિગતો ન રહેતા જીવંત વાતાવરણ સર્જાય છે. પિતામહ- માતામહ આદિ પાત્રોને પણ સ્મૃતિમાં સાચવ્યા છે. સ્મૃતિના દરેક પડળને માવજતથી જાળવીને ખોલતા ખોલતા સંકલન કરતા કરતા પોતાનું વૃત્તાંત આલેખ્યું છે, જેમાં વાચકને તરબોળ થવું ગમશે.

♦♦♦


પુસ્તકનું નામ : **રાજગાથા**
લેખક : પ્રા. પ્રતાપકુમાર ટોલિયા અને યો.યુ. શ્રી સહજાનંદઘનજી
પ્રકાશક : યોગીન્દ્ર યુગપ્રધાન સહજાનંદઘન પ્રકાશન પ્રતિષ્ઠાન
પ્રાપ્તિસ્થળ : વર્ધમાન ભારતી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન પ્રભાત કોમ્પલેક્ષ. કે.જી. રોડ, બેંગ્લોર - ૫૬૦૦૦૯
આવૃત્તિ પ્રથમ : પ્રત - ૫૦૦
મૂલ્ય : ૧૫૧/- રૂા. US $ ૫૧/-
પૃષ્ઠ : ૨૩૮ + ૧૦ = ૨૪૮




શ્રીમદ્ રાજચંદ્રજીનું અંતર્જીવન-દર્શન : પ્રકીર્ણ લેખો. ૧૫૦મી જન્મજયંતિના પાવન અવસર પર પરમ પુરુષ પરમકૃપાળુદેવ, જ્ઞાની પુરુષ એવા શ્રીમદ્ રાજચંદ્રની પ્રતિભાને ઉજાગર કરી છે. જુદા જુદા ૨૪ લેખોનો સંગ્રહ છે. શ્રીમદ્ રાજચંદ્રએ પ્રગટ કરેલા આગમ રહસ્યો દ્વારા આત્મબોધ આપ્યા છે. જે આત્મજિજ્ઞાસુઓને અવશ્ય આકર્ષશે.

♦♦♦

પુસ્તકનું નામ : **શ્રીમાન્-વાદિદેવસૂરિ પ્રણીત**
શ્રી પ્રમાણનય તત્ત્વાલોક (વિવેચન સાથે)
સંપાદિકા : પૂ. સાધ્વી શ્રી મહાયશાશ્રીજી મ.સા.
પ્રકાશક : ૐકારસૂરિ જ્ઞાનમંદિર - ગ્રંથાવલી
આ ૐકારસૂરિ આરાધના ભવન, સુભાષ ચોક, ગોપીપુરા, સુરત
આવૃત્તિ : પ્રથમ વિ.સં. ૨૦૫૯ / ઈ.સ. ૨૦૦૩
નકલ : ૧૦૦૦
દ્વિતીય વિ.સં. : ૨૦૭૪ ઈ.સ. ૨૦૧૮
નકલ : ૩૦૦
મૂલ્ય : ૩૦૦/- રૂા
પૃષ્ઠ : ૩૦ + ૩૨૨= ૩૫૨
ભાષા : સંસ્કૃત , ગુજરાતી




આચાર્ય પ્રવર વાદિદેવસૂરિજી મ.સા. નો અનોખો ગ્રંથ એટલે પ્રમાણનય -તત્ત્વાલોક, આ ગ્રંથ ન્યાયશાસ્ત્રના પ્રવેશદ્વારા સમો છે. આ ગ્રંથની ટીકા જૈન ન્યાયને સમજ્યા માટેના પ્રારંભિક પાઠ્યપુસ્તક તરીકે અતિ ઉપયોગી છે. એની અનેક આવૃત્તિઓ પણ થઈ છે. આઠ-પરિચ્છેદમાં પ્રમાણ, પ્રમેય, પ્રમિતિ, પ્રમાતા, તપ અને વાદનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે.

ટીકા સાથેના આ ગ્રંથનું સરળ-પ્રવાહી ભાષાંતર વિવેચન સાધ્વીશ્રી મહાયશાશ્રીજીએ કર્યું છે. જૈન દર્શનના પદાર્થોની સમ્યક્ સમજ મેળવવા માટેનો આ ઉત્તમ ગ્રંથ છે. ગુજરાતી ભાષાના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી બને એવો ગ્રંથ છે. એમાં પ્રમાણ અને નયનું વિસ્તારથી વિવેચન છે. **'स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्'** પોતાનો અને પરનો નિશ્ચય કરાવનારૂં જ્ઞાન જ પ્રમાણ છે કહીને જ્ઞાનનું વિશ્લેષણ કર્યું છે.

❑❑❑

સંપર્ક : ૯૮૨૧૦૫૦૫૨૭

**(આ પુસ્તક મેળવવા ઑફિસનો સંપર્ક કરવો)**

# ભાવ - પ્રતિભાવ

**જૂન મહિનામાં પ્રમુખશાહી પદ્ધતિ વિશે જે લેખ આવ્યો હતો. તેના સંદર્ભમાં વિચારક કાકુભાઈની પ્રશ્નોત્તરી વાંચો**

**પ્ર.૧ પ્રમુખશાહી પદ્ધતિ આણવા આમ આદમીએ શું કરવું જોઈએ ?**

જ. પ્રમુખશાહી કે પાર્લામેન્ટરી બંનેને પ્રજાલક્ષી માનવામાં આવે છે એટલે જે સત્તા ઉપરથી નીચે સુધી ફેલાયેલી છે તેને નીચેથી ઉપર લઈ જવાની છે અને તે સામાન્ય પ્રજા પોતાના પ્રતિનિધિને નીચેથી પસંદ કરીને ચૂંટે એ તો સામાન્ય પ્રજાએ જ કરવાનું છે તેમાં બીજા કોઈની પરવાનગી લેવાની રહેતી નથી. આ તો સંવિધાન પ્રણિત અધિકાર સહુને છે. હા, જેમને એ રુચિકર નથી તે વિરોધ કરશે એ સ્વાભાવિક છે પણ તેથી શું? પ્રજા તો સહજ રીતે પોતે ચૂંટેલાને જ મત આપશે. દ્રષ્ટાંત રૂપે ગ્રામ પંચાયત પોતાને યોગ્ય પ્રતિનિધીને ચૂંટે અને એ રીતે પચીસ કે ઓછા વત્તા જે પ્રતિનિધિઓ નીમાય એ બધા મળીને એક બ્લોક બને- એક પ્રતિનિધિ બને આવા કેટલાક બ્લોક પ્રતિનિધિઓ મળીને એક જીલ્લો બને-એક પ્રતિનિધી બને એ રીતે જીલ્લા પ્રતિનિધી મળીને રાજ્ય બને અને પછી રાજ્યો મળીને મધ્યસ્થ સરકાર બને. આ રીતે નીચેથી સ્વીકૃત બનેલ પ્રતિનિધિઓ એમને ચૂંટનાર વ્યક્તિઓના સંપર્કમાં રહી શકે અને પ્રજાના પ્રશ્નોથી વિદિત રહી શકે અને સાચું પ્રતિનિધિત્વ પુરૂં પાડી શકે.

**પ્ર.૨ વિદ્યાર્થીઓ પણ આ બાબતે કેવી રીતે કામ લાગે ?**

જ. ગામડાના વિદ્યાર્થીઓ હવે શિક્ષિત બન્યા છે, એટલે ગામની પ્રજાને સમજાવી શકે કે આપણે જ આપણા પ્રતિનિધિ પસંદ કરવા જોઈએ. ઉપરાંત વિદ્યાર્થીઓ પ્રજાના પ્રશ્નો સમજે વિચારે અને તેમને માર્ગદર્શન આપી શકે એ માટે તૈયાર કરવા પડે જે માટે ૨૦૨૪ની ચુંટણી સુધીનો સમય આપણા હાથમાં છે. કોઈનો પણ વિરોધ કર્યા વગર આ કામ શાંતિથી અને ધીરજ પૂર્વક થઈ શકે અને કરવું જોઈએ.

**પ્ર.૩ હાલના બંધારણમાં સુધારા કરવા કયા પગલા ભરવા જોઈએ ?**

જ. બંધારણમાં બંને પદ્ધતિને પ્રજાલક્ષી માનવામાં આવેલ છે માટે સુધારાની જરૂરતનો વિચાર અત્યારે આવશ્યક નથી.

**પ્ર.૪ અરાજકતા સત્તા સ્થાનેથી દૂર કરવા કયા પગલા આવશ્યક ?**

જ. નીચેથી ઉપર સુધીની ચુંટણીમાં સફળતા મળે એટલે સ્વાર્થી તત્વો જે સત્તા ભોગવે છે તે આપોઆપ દૂર થઈ જાય. નવભારતના ઉદયને પ્રારંભ થાય, નવી વિચારણા અને નવા સુધારા શક્ય બને.

**પ્ર.૫ સમાનતા આર્થિક બાબતે ?**

જ. આર્થિક અસમાનતા સદંતર દૂર થઈ ન શકે. આપણું ધ્યેય ગરીબી દૂર કરવાનું છે એટલે કે પ્રત્યેક વ્યક્તિને એવું અને એટલું કામ મળવું જોઈએ કે જેથી એ સમાજમાં સ્વમાન પૂર્વક જીવી શકે. આટલું કરી શકીએ તો આગળનું એ પ્રત્યેક વ્યક્તિ પોતાની જાતે કરી શકશે.

હાલ પૂરતો પ્રશ્ન એ છે કે નવી પેઢી જે હવે શક્તિશાળી બની છે, આત્મવિશ્વાસ ધરાવે છે તેઓ શું વિચારે છે? બાહ્ય દ્રષ્ટિએ આર્થિક ઉપાર્જન કરવાની શક્તિ છે એટલે તો આત્મવિશ્વાસ ધરાવે છે પણ એમની દ્રષ્ટિ કેવળ ધન પ્રાપ્તિની છે કે પછી આત્મિક વિકાસ, દેશ અને દુનિયાનો ઉચિત વિકાસ? અત્યારે તો આટલું આ પ્રશ્નો વિશે.

(નોંધ : એક જૈન તરીકે, આપણી સર્વમંગલ, સર્વકલ્યાણની ભાવનાની નજરે, આપણે દેશ અને દુનિયાના આજના વિનાશક માર્ગથી દૂર કરવામાં મહત્વનો ભાગ ભજવી શકીએ તે અંગે વધારે જાગૃત /પ્રવૃત્ત બની શકીએ એજ અભિલાષા!!)

**કાકુભાઈના સાદર પ્રણામ, મુંબઈ**

❁❁❁

જુલાઇ,૧૯ના અંકની શરૂઆતમાં જ આશ્ચર્ય સાથે આનંદની પણ તમે લ્હાણી કરી દીધી.હવે અમે રાહ જોઇશું તમે જે વાયદો કર્યો છે તે 'જૈના' અંગેની વિવિધ વાતોની સાથે સાથે તમારા ''ભીતરના પ્રવાસ''ની વિગતોની !

પદ્મશ્રી કુમારપાળભાઈએ એમના લેખ ''આધુનિક મેનેજમેન્ટમાં જૈન ધર્મ''માં જે વાત કરી છે તે ફક્ત માનવજાત જ નહીં સમગ્ર જીવ - સૃષ્ટિ માટે ખરેખર ખૂબ જ આશા પ્રેરક છે. આ વાત આ રીતે આગળ વધતી રહે અને માનવ જીવનનાં બીજા બધા પાસાંઑને પણ આવરતી રહે તો શક્યતઃ માનવ જાત સર્વનાશને માર્ગે આગળ જતી અટકી જશે ઍવી આશાને અવકાશ મળે છે !

આ અંકમાં શરુ થતા નવા ફીચર ''વિચાર : મંથનઃ આપણે''માં શ્રી કાકૂલાલ મહેતાનો લેખ ''રુપિયાની મોંઘવારી'' અમારી જૂની પેઢીને વાગોળવો ગમે તેવો, ત્યારે આજની પેઢીને મજાક લાગે તેવો છે. એક રીતે કહીએ તો તે વખતના અને આજના સંજોગોની સરખામણી અશક્યવત્ છે.ત્યારે (એકદમ ટૂંકમાં કહીએ તો), વસ્તુઓનાં પ્રમાણમાં ચલણીનાણું નહીંવત્ હતું એટલે વસ્તુઓ- આજની સરખામણીમાં- સસ્તી હતી.. વળી માલ -વાહનનાં સાધનો વગેરેની ગેરહાજરીને કારણે દરેક ગામનું અર્થતંત્ર (economy) પ્રમાણમા્ સ્વાયત્ત હતું. જ્યારે આજે 'ગ્લોબલ વિલેજ' બની ગયેલી

દુનિયામાં, ડોનાલ્ડ ટ્રમ્પ જેવાનું એક નિવેદન પણ કેટલાય દેશોનાં અર્થતંત્રોને હચમચાવી દે છે. આજે, મૂડીવાદ જાણે ગાંડો થયો છે અને ન કેવળ વેપારીઓ; શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, દેવસ્થાનો વગેરે લગભગ તમામનાં વ્યવસ્થપકો, કોઈપણ રીતે અને વધારેમાં વધારે પૈસા, જલ્દીમાં જલ્દી ભેગા કરી લેવા શક્ય સહુ કાંઇ કરી છૂટવાને પોતાનું કર્તવ્ય માને છે.

**અશોક ન. શાહ**

અમદાવાદ

❁❁❁

માતા સરસ્વતી દેવીનાં ચિત્ર સાથેનો અંક મળ્યો, આભાર અને અભિનંદન.

પહેલા પુરુષ એવા 'હું'નું પ્રતિપાદન કરતા તમારા વિચારો ગમ્યા, જાણ્યા અને અનુભવ્યા પણ!

'હું', સૂર્યનો અંશ, વંશ અને વારસ છું છતાં, મારી મરજીથી કંઈ જન્મ્યો નથી! મને, ફરજ પાડવામાં આવી છે. મા-બાપ તો સ્થૂળ શરીર આપી ને છૂટી ગયા! પણ તેમાં જે આત્માને મુકતા ગયા છે, તેણે પરમાત્મા સુધી પહોંચાડવાની જવાબદારી સોંપતા ગયા છે. પરમનાં અર્થ બે : એક શ્રેષ્ઠ અને બીજો મારા સિવાયનાં બીજા બધા જ આત્માઓ તે મારાં 'પરમાત્મા' જ ગણાય.

'હું' ને જો અહમ્ માં વહેતો રોકી શકાય તો બહુ મોટી સિદ્ધિ મેળવી શકાય. આ 'હું' ને જાણવો, માણવો બે પણ એક લ્હાવો 'હું-છું' મારી હયાતિ જ કાફી છે. 'આપ મુએ ફીર ડૂબ ગઈ કૃતિમાં કબીરજી કહેતા આ તરતી દુનિયાનો તારણહાર પણ હું છું!' મૃત્યુ પામ્યા બાદ માણસનો આત્મા કયાં જતો હશે? તેનું શું થતું હશે? તેને શાંતિ મળતી હશે? એવા પ્રશ્નો અનુત્તર જ રહેવાનાં. જૈન સાહેબ કહેતા, 'અમર મરકટ ભી ચૈન ન પાવેં તો કહાં જાયેં? શાંતિ જીવન દરમ્યાન જ પામવાની રહે છે. પ્રસિદ્ધિને રવાડે બહુ ચડવા જેવું નહીં! Fame is a food that dead man eats એમ પણ કહેવાયું છે. જીવતો માનવી ક્યારે શું કરી બેસે તે વિષે કંઈ જ કહેવાય નહીં.'

----

દાયકાઓથી પ્રબુદ્ધ જીવનનો વાચક, ચાહક રહ્યો છું. મુ. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે, તો મારું ત્યાં વ્યાખ્યાન પણ યોજ્યું હતું. ઈ. ૧૯૭૦-૭૧માં.

આપણાં વાચકો હવે પ્રબુદ્ધ થઈ ગયા છે, સંપાદનમાં, કાવ્યો, રમુજો સાથે થોડા હળવા લેખો પણ ઉમેરાય તો તે ગમશે. નવી પેઢી પ્રબુદ્ધ જીવનથી દ્વિમુખ ના થઈ જાય, તે જોવું રહ્યું. કેવળ ઉપદેશાત્મક લખાણો, તેમને ઘડે છે.

અલબત્ત, તેનું ધોરણ standard જળવાઈ રહેવું જોઈએ. તેમ છતાં ભારે વાત હળવી શૈલીમાં પણ રજૂ થતી રહે તો, સૌને ગમે. હાયકુઓ મોકલ્યાં છે, ને છાપશો, તો વાંચવા ગમશે. આજે ગઝલ-ગીતો બહુ રચાય છે, તો યુવા-કવિઓને સ્થાન આપશો તે વધુ ગમશે.

આપણો જૈનધર્મ કેમ સંકુચાતો જાય છે? તે વિષે પણ વિચારવું રહ્યું તેનો ફેલાવો થતો રહે, તેની શુષ્કતા દૂર થાય એ વિષે વિચારાય તો પણ ગમશે. ટૂંકમાં સમયાંતરે થોડું પરિવર્તન થતું રહે તો તે સૌને ગમે.

હું, 'કુમાર', 'નવનીત-સમર્પણ', 'જનકલ્યાણ' 'કચ્છ ગુર્જરી' ઈત્યાદી પણ વાચું છું. તેમને પણ સલાહ સૂચનો કરતો રહું છું. પરિવાર આખો, વાંચતો, વિચારતો થાય તે જોવું રહ્યું કેવળ વિદ્વાનો જ તે વાંચે! તેનો શો અર્થ? થોડી હળવાશને સ્થાન આપશો તો તેની લોકપ્રિયતા વધશે. આજે બહુ ઉંડુ જે કળે નહી વાંચવાનું નવી પેઢી ઓછું પસંદ કરે છે. તેમના મન અગાઉ કરતાં વધુ વિકસિત થયેલાં જોવા મળે છે. માનવી ફૂટબોલ બનવાની દિશામાં આગળ વધી રહ્યો છે.

**હરજીવન થાનકી, પોરબંદર**

❁❁❁

સદા સર્વદા કર્મઠ ભાવ ને આત્મસાત કર્યો છે એ વા વંદનીય.

પ્રબુદ્ધ જીવન નિયમિત રીતે મળે જ છે. લેખો, મુખપૃષ્ઠ પરની તસવીર અન્ય પણ ઘટક પરિવાર નાનકડા પુસ્તકાલયમાં મોરપીચ્છ જ બની રહે તે સહજ સ્વાભાવિક છે.

તંત્રીને લેખ કે ભાવપ્રતિભાવ તથ્ય ન હોય એવું બને? No Never વિદેશમાં પણ ટીમ જઈ આવી તે જુલાઈ ૨૦૧૯ના અંકમાથી જ્ઞાત થવાયું. દિ. ભાસ્કર અખબાર મંગાઉ છું. સૂર્ય, ચન્દ્ર, ધરતી પર પ્રભાવ પાડી ને કેવો કર્મઠ ભાવ નિભાવે છે : ન ફલેશું કદાચન. આપને શત્ શત્ વંદન ને પ્રણામ હોય જ.

સદ્ગત ડૉ. ધનવંતજી પણ ક્યારેય ન વિસરાય પરિવાર - સ્વજનો અન્ય માં આત્મિયતાથી એવા વિરલ સ્પંદનો અદ્ભૂત આદર્શ સામયિક બન્યું છે. મહદ્ અંશે ખોલ જ મને ગમે છે. ક્યારેક અપવાદ પણ હોઈ શકે. હાલતો ૮૦મુ શરૂ થયું મારું આયુષ્ય ભવિષ્યમાં પુત્ર રાજૂ નાગર વડોદરા છે. સપરિવાર GTPL TV માં ૨-૩ વખત કાવ્ય પંક્તિ (સ્વ)નું માણેલું એજ, આશીર્વાદને સદ્ભાવના સાથે પુરુષાર્થનું મોવણ ખરુંને.

આપનો શુભ ચિંતક

**દામોદર કુ, નાગર 'જુગનું'**

ઉમરેઠ જિ. આણંદ ૩૮૮૨૨૦

મો. ૯૭૨૩૪૪૯૦૯૨

❁❁❁

જય ભારત સાથ પ્રબુદ્ધ જીવન અંક જ જુલાઈ પ્રાપ્ત થયો. સરસ્વતિ દેવીનું મુખપૃષ્ઠ અદ્ભૂત ખૂબ જ ગમ્યું સવજી છાયાનું છેલ્લા પાના પર ચિત્ર તેમજ લખાણ પણ ગમ્યું ફોન નં. હતો એટલે સવજીભાઈ સાથે ઘણી બધી વાતો પણ થઈ તંત્રી સ્થાનેથી

જરા જુદી રીતે જોવાથી કેટલુ બધુ બદલી શકાય... લેખ ખૂબજ ગમ્યો જીવનમાં જો ઊથલ પાથલ ન સર્જે તો વાચન મનન શા કામનું? બકુલભાઈ ગાંધીના લેખ દ્વારા, સંઘના પ્રતિનિધિઓ અમેરિકાના પ્રવાસે એક પૃષ્ઠ ઉપર ઘણી બધી વાતો જાણવા મળી, ભાણદેવનો લેખ અલૌકિકતા બે ત્રણ વાર વાંચ્યો અને ઘણા બધાની વચ્ચે પણ વાંચી સંભળાવ્યો સહજ સહજ ભાણદેવજી કેટલુ સરસ જાણે પ્રબુદ્ધ જીવન દ્વારા લેશન. ખૂબજ ગમ્યુ રશ્મીભેદાના બે ત્રણ લેખો તથા બુકોનું સવ્યુ ગમ્યું. સુબોધીબેન સાથે ફોનમાં વાત પણ કરી મનને ઓળખો ને તમારી માન્યતા બદલો... કેટલી સરસ વાત સહજ સહજમાં શાન્તિલાલ ગઢિયાની વાતમાં લૈલા મજનુ નું દ્રષ્ટાત તેમ જ આપો લેખ ગમ્યો, ગયા અંકની વાત ડૉ. રમજાનભાઈ પણ નવો પ્રકાશ પાડયો. પ્રવીણ દરજી, જો હોય મારો અંતિમ પત્ર પણ માર્ગદર્શક રહયો. એકંદરે જુલાઈ અંક ખૂબ જ માર્ગદર્શકને પ્રેરણા રૂપ રહ્યો. ભારતીય ચિંતકોની રાહ જોઉં છું. નરેશ વેદ તથઆ ભદ્રાયુ ભાઈને કેમ ભૂલાય. સરસ સરસ અને સરસ.

**ઉકાભાઈ હરિભાઈ વઘાડિયા**
તા. ઉમ. ૩૬૨૫૬૦, જિ. ગીર સોમનાથ
૯૭૨૭૩ ૭૭૬૦૫

# અભિનંદન

## કેન્દ્રીય સંગીત-નાટક અકાદમી દિલ્હી દ્વારા નિરંજન રાજ્યગુરુને ગુજરાતના લોકસંગીત ક્ષેત્રે સંશોધન-સંપાદન-સંમાર્જન અને રજુઆતના ઉત્કૃષ્ટ પ્રદાન બદલ મળનારો અકાદમી ગૌરવ પુરસ્કાર

ભારતના મહામહિમ રાષ્ટ્રપતિજીના હસ્તે તામ્રપત્ર, અંગવસ્ત્ર તથા એક લાખની રોકડ રકમ સાથેના અકાદમી ગૌરવ પુરસ્કાર-૨૦૧૮ની જાહેરાત ગુરુપૂર્ણિમાના પાવન દિવસે કરવામાં આવી છે. સમગ્ર ભારતના તમામ પ્રાન્તોના શાસ્ત્રીય સંગીત-નૃત્ય-નાટક-આદિવાસી નૃત્ય-પરંપરિત લોકસંગીત તથા રજુઆતની કલાઓમાં ઉત્કૃષ્ટ પ્રદાન બદલ દેશભરના ૪૦ જેટલા મૂર્ધન્ય કલાકારોનું સન્માન કરવામાં આવે છે. જેમાં ગુજરાતમાંથી એકમાત્ર નિરંજન રાજ્યગુરુનું નામ ઘોષિત કરવામાં આવ્યું છે.

ડૉ. નિરંજન રાજ્યગુરુ ગુજરાતના જાણીતા સાહિત્યકાર, સંશોધક, લોકવિદ્યાવિદ્, લોકગાયક, કવિ, અને દૂરદર્શન ટી.વી. - રેડિયોના જીવંત પ્રસારણોમાં લાઈવ કોમેન્ટ્રી આપનાર તજજ્ઞ કલાકાર છે. આકાશવાણી તથા પ્રસારભારતી - દૂરદર્શનના રાજકોટ, અમદાવાદ, વડોદરા, ભુજ, આહવા તથા મુંબઈના કેન્દ્રો પરથી અવારનવાર કલાકાર, કાર્યક્રમ સંચાલક, તજજ્ઞ, સંયોજક તરીકે પોતાની કલા પ્રસ્તુત કરે છે. તેમના સંતસાહિત્ય, લોકસાહિત્ય, ચારણીસાહિત્ય અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય તથા લોકસંગીત-ભક્તિસંગીત વિષયના સંશોધન-અભ્યાસના ફળસ્વરૂપે પચીસેક જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. જેમાં આ વિષયના સંશોધકો માટે **'સૌરાષ્ટ્રનું સંતસાહિત્ય'**, **'ભજનમીમાંસા'**, **'બીજમારગી ગુપ્ત પાટ ઉપાસના'**, **'મૂળદાસજીનાં પદો'**, **'પ્રેમસખી પ્રેમાનંદનાં શ્રેષ્ઠ પદો'**, **'મરમ જાણે મકરન્દા'** (મકરન્દ દવે સાથેનો પત્રવ્યવહાર), **'મરમી શબ્દનો મેળો'**, **'ગુજરાતનો વાઙ્મય વારસો'**, **'મધ્યકાલીન ગુજરાતી ભક્તિ કવિતા સંચય'**, **'સ્વાતિનાં સરવડાં'**, **'આનંદ પારાવાર'** (મરમી કવિશ્રી મકરન્દ દવેનાં ૧૫૦ કાવ્યોનો સંચય), 'પરાપારની ભજનવાણી', 'અવસર બોત ભલેરો આયો', **'ખૂલ્યાં અવકાશી તાળાં'** (કાવ્યસંગ્રહ) વગેરે ગ્રંથો અનિવાર્ય ગણાયાં છે.

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકામાં આવેલા ઘોઘાવદર ગામના વતની શુદ્ધ ગાંધીવાદી, પ્રખર આર્યસમાજી, આચાર્ય સાહિત્યકાર કવિશ્રી વલ્લભભાઈ રાજ્યગુરુને ત્યાં તા. ૨૪-૧૨-૧૯૫૪ના રોજ થયો. પ્રાથમિક શિક્ષણ ઘોઘાવદરમાં, માધ્યમિક અને સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ ગોંડલમાં મરમી કવિશ્રી મકરન્દ દવેને ત્યાં રહીને, તથા અનુસ્નાતક અને પીએચ.ડી. કક્ષાનો અભ્યાસ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે રહીને પૂર્ણ કર્યો. ભજનિક સંત કવિ દાસી જીવણના જીવન અને કવન વિષયે ઈ.સ. ૧૯૮૨માં તૈયાર કરેલો મહાનિબંધ ભજનસાહિત્યના સંશોધનક્ષેત્રે અનન્ય ગણાયો છે. ઈ.સ. ૧૯૮૩-૮૪માં કેશોદ (જિ. જૂનાગઢ)ની આર્ટ્સ કોલેજનાં વ્યાખ્યાતા તરીકે અને ઈ.સ.૧૯૮૫ થી ૧૯૯૦ દરમિયાન ગુજરાતી ભવન સૌ. યુનિ. રાજકોટ ખાતે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સંશોધક તરીકે તથા અનુસ્નાતક શિક્ષક તરીકે અધ્યાપન કાર્ય બજાવ્યું. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, લોકસાહિત્ય, ચારણી સાહિત્ય, સંતસાહિત્ય, લોકવિદ્યા, લોકકલાઓ, લોકસંગીત, ભક્તિસંગીત વિષયે સંશોધનલેખો સામયિકોમાં પ્રકાશિત થતા રહ્યા. અનેક યુનિ. કક્ષાના, રાજ્યકક્ષાના, રાષ્ટ્રીયકક્ષાના પરિસંવાદોમાં સંશોધન વ્યાખ્યાનો અપાયાં.

રાષ્ટ્રીય કક્ષાની, માત્ર પીએચ.ડી. પદવી પ્રાપ્ત સંશોધકોને જ મળતી ડૉ. હોમી ભાભા ફેલોશિપ ગુજરાતમાં અને ગુજરાતી ભાષામાં પ્રથમવાર ૧૯૯૩માં મળી. આ સંશોધન ફેલોશિપ અન્વયે પ્રાપ્ત કરેલી કંઠસ્થ પરંપરામાં જળવાયેલાં સંતસાહિત્ય, લોકસાહિત્ય, ભજનો, લોકસંગીત તથા ભક્તિસંગીતની ધ્વનિમુદ્રિત સામગ્રી આજે દેશ વિદેશના સંશોધકો માટે અણમોલ ખજાનારૂપ છે. આ દ્રષ્ટ/શ્રાવ્ય સામગ્રી અને લિખિત-પ્રકાશિત પુસ્તકો વિના મૂલ્યે જગતભરના જિજ્ઞાસુ-સંશોધકો સુધી પહોંચે એ માટે વેબસાઈટ ramsagar.org પર મૂકાતાં રહ્યાં છે.

લોકવિદ્યા ક્ષેત્રની વિશ્વની યુનિવર્સિટીઓ એ સંસ્થાઓ સાથેનો

જીવંત સંપર્ક, લોકવિદ્યા સંશોધનની આધુનિક સંશોધન પ્રવિધિઓની જાણકારી, શિસ્ત, તાલીમ ઉપરાંત કુદરતી રીતે જ ગાયન પ્રસ્તુતિ માટે કેળવાયેલો કંઠ અને સંગીતની સૂઝ એમાં ભળતાં એક એવું વ્યક્તિત્વ ઘડાયું છે કે લોકવિદ્યાના અન્ય સંશોધકોથી એમને જુદા પાડે છે. ગુજરાત પ્રદેશના લોકસાહિત્ય, સંતસાહિત્ય અને ચારણી-બારોટી ડિંગળીસાહિત્યના વિવિધ અંગો જેવાં કે-રાસ, રાસડા, ગરબા, ગરબી, કથાગીતો, ગીતકથાઓ, વિવાહગીતો, પદ, ભજન, કીર્તન, ધોળ, સાખી, ભવાઈગીતો, દુહા, છંદ, કવિત, લોકવાર્તાની વિવિધ શૈલી તથા કહેણી ઉપરાંત ભારતના અન્ય પ્રાંતોના લોકસાહિત્ય, સંતસાહિત્ય, લોકસંગીત, ભક્તિસંગીતની વિધવિધ ધારાઓના પરિચય તથા અભ્યાસના કારણે આકાશવાણી, દૂરદર્શન અને વિવિધ ચેનલોમાં ઉંચા ગજાના તજજ્ઞ વિદ્વાન કલાકાર તરીકે જીવંત પ્રસારણોમાં લાઈવ કોમેન્ટ્રી, સંચાલન, લેખન, પ્રસ્તુતિ, માર્ગદર્શન, રજુઆત, ગાન, વક્તવ્ય, મુલાકાત એમ અનેકવિધ ભુમિકાએ છેલ્લા ચાલીસ વર્ષથી એક લોકવિદ્યાવિદ્ તરીકે સ્થાન અને માનના અધિકારી બનતા રહ્યા છે. 'મુંબઈ સમાચાર'માં દર સોમવારે ધર્મતેજ પૂર્તિમાં 'અલખને ઓટલે' કોલમમાં સંતપરંપરાઓ વિશે અને 'ફૂલછાબ'માં દર ગુરુવારે ધર્મલોક પૂર્તિમાં 'ભજન ભેદ હે ન્યારા' નામે કોલમમાં સંતવાણી/ભજનરચનાઓ વિશેના લેખો પ્રકાશિત થાય છે. આ ઉપરાંત (૧) બળવંતભાઈ પારેખ ફાઉન્ડેશન મુંબઈ ફેલોશિપ ઈ.સ. ૧૯૯૧ (૨) ગુજરાત સાહિત્ય અકાદમી ફેલોશીપ ઈ.સ. ૧૯૯૨. (૩) દાસી જીવણ એવોર્ડ ઈ.સ. ૧૯૯૨ (૪) મોરારી બાપુ પ્રેરિત 'કાગ એવોર્ડ' કવિશ્રી કાગ બાપુ લોકસાહિત્ય એવોર્ડ માર્ચ ૨૦૦૮ (૫) 'શિવમ એવોર્ડ' માર્ચ ૨૦૦૮ (૬) ફૂલછાબ કલા સાહિત્ય એવોર્ડ ૨૦૧૧ (૭) ચિત્રલેખા ૬૧ તેજસ્વી ગુજરાતીઓ - ૨૦૧૧ (૮) ગુજરાત રાજ્ય સંગીત કલા અકાદમી ગૌરવ પુરસ્કાર - ૨૦૧૨ (૯) ગ્રામરત્ન એવોર્ડ ૨૦૧૩ (૧૦) વિરલ વ્યક્તિ સન્માન, જળક્રાન્તિ ટ્રસ્ટ - ૨૦૧૪ (૧૧) મોજદાનબાપુ લોકસાહિત્ય એવોર્ડ ૨૦૧૪ (૧૨) પૂ. દયાળુશ્રી બાબુભાઈ રાણપુરા એવોર્ડ ૨૦૧૫, (૧૩) મુઠ્ઠી ઊંચેરા ૧૦૦ માનવ રત્નો (ગ્રંથ) - ભદ્રાયુ વછરાજાની, ૨૦૧૫ (૧૪) ચિત્રલેખા - ૬૨ ગૌરવવંતા ગુજરાતીઓ ૨૦૧૫, (૧૫) શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય એવોર્ડ ૨૦૧૮ (એક લાખની ધનરાશિ સાથે) સૌ. યુનિ. રાજકોટ દ્વારા. (૧૬) ગુજરાતના ગવર્નરશ્રીના હસ્તે સંસ્કારભારતી - 'સંસ્કાર વિભુષણ એવોર્ડ' તા. ૧૦/૨/૨૦૧૮ (૧૭) ગુજરાત વિશ્વકોશ દ્વારા પદ્મભૂષણ ધીરૂભાઈ ઠાકર 'સવ્યસાચી સારસ્વત એવોર્ડ' ૨૦૧૯ (એક લાખની ધનરાશિ સાથે), (૧૮) ગુજરાત લોકકલા ફાઉન્ડેશન-જોરાવરસિંહજી જાદવ દ્વારા લોકસંસ્કૃતિ એવોર્ડ (૨૦૧૯) જેવાં અનેક સન્માનો તેમને મળ્યાં છે. ગોંડલથી સાત કિલોમિટરના અંતરે ગોંડલ-આટકોટ સ્ટેટ હાઈવે પર આવેલા આનંદ આશ્રમમાં અઢાર હજાર અપ્રાપ્ય પુસ્તકોનું સંદર્ભ ગ્રંથાલય, હસ્તપ્રતભંડાર, અને પરંપરિત ભક્તિસંગીત-લોકસંગીતનું ધ્વનિમુદ્રણ સચવાયાં છે. છેલ્લા વીસેક વર્ષથી જીવદયા અને ગૌસેવાની પ્રવૃત્તિઓ તથા અન્ય સેવાકાર્યો થાય છે. પચાશ જેટલી ગાયોની ગૌશાળા છે. રોજના પિસ્તાલીસ કુટુંબોને મફત છાશ તથા રાહતભાવે દૂધ અપાય છે. કોઈ શિષ્ય, સેવક, અનુયાયી, ધર્મ, પંથ, સંપ્રદાય, ફંડફાળા-દાન-સરકારી કે ખાનગી સહાય/અનુદાન કે જાહેરાત વિના જ કેટલાક અંગત સ્નેહીજનોના સહકારથી આ સંસ્થાની સેવા પ્રવૃત્તિઓ થાય છે.

❑❑❑

**સંપર્ક : નિરંજન રાજ્યગુરુ**
સત્ નિર્વાણ ફાઉન્ડેશન.
સંત સાહિત્ય સંશોધન સંદર્ભ ગ્રંથાલય,
ગૌસેવા-ગોસંવર્ધન ગૌશાળા 'આનંદ આશ્રમ'
મુ. પોસ્ટ : ઘોઘાવદર તા. ગોંડલ, જિ. રાજકોટ ૩૬૦ ૩૧૧
મો. ૯૮૨૪૩ ૭૧૯૦૪

## ગીતાંજલિ (કાવ્યકંડિકા ક્રમાંક ૭૫)

## રવીન્દ્રનાથ ટાગોર, અનુવાદ - શાંતિલાલ ગઢિયા

હે નાથ, આમ મૃત્યુલોકના માનવીઓને તેં જે કંઈ ઉપહાર આપ્યો છે તે થકી અમારી તમામ આવશ્યકતાઓ પૂરી થયા પછી તેમાં (ઉપહારમાં) સહેજે ઓછપ આવ્યા વિના તારી પાસે પાછો ફરે છે.

નદી પોતાનું રોજનું કાર્ય કરે છે અને ઝડપથી દોડતી કેટકેટલા ખેતરો, મેદાનો અને ગામડાંમાંથી પસાર થાય છે. છતાં તેની અખંડ ધારા છેલ્લે તારાં ચરણોના પ્રક્ષાલન માટે તારી પાસે જ આવી જાય છે.

ફૂલ પોતાની સુગંધથી સમગ્ર વાતાવરણને મહેકતું કરી દે છે. છતાં તેની અંતિમ સેવા તો તારાં ચરણોમાં જ સમર્પિત થઈ જવાની હોય છે.

તારા પૂજા-અર્ચન થતાં રહે છે અને બીજી બાજુ જગત એમ જ સંપન્ન રહે છે, દરિદ્ર થતું નથી.

કવિઓ દ્વારા પ્રયોજિત શબ્દાવલિમાંથી લોકો પોતપોતાની રીતે અર્થ તારવે છે, કિંતુ એ બધાને આખરી અર્થ કેવળ તારો જ નિર્દેશ કરે છે. ❑❑❑

૧૨બી /૧૦૩, પ્રતાપગંજ, વડોદરા ૩૯૦૦૦૨.
સંપર્ક : ૦૨૬૫-૨૭૫૦૨૭૫

**જો હોય મારો અંતિમ પત્ર તો... (છેલ્લા કવર પેજથી....)**

મુંબઈની પ્રસિદ્ધ નાટયસંસ્થા 'ઈપ્ટા' સાથે તમે જોડાયેલા. પૃથ્વીરાજ કપૂર, બલરાજ સહાની, કવિ પ્રદીપજી, પંડિત ઈન્દરરાજ આનંદ તમારા અંતરંગ મિત્રો, રણજીત મૂવીટોનનાં તમે વાર્તાલેખક. તમે સહુના ગુરૂજી. સ્વાતંત્ર્યસેનાની પણ તમે. બા એ વિષય પર બિલ્ડીંગમાં નાની નાટિકાઓ કરે એમાં ત્રણ ચાર વર્ષની વયે હું પણ હોઉં. તમારા નાટ્યમિત્રો પ્રતાપ ઓઝા, વનલતા મહેતા, લીલા જરીવાલા, વિષ્ણુબાઈ વ્યાસ, હીના ગાંધી સહુનો લઈ 'ઈપ્ટા' આઈડીઓલોજીને લીધે તમે સહુએ છોડયું અને બબ્બે નાટયસંસ્થા સ્થાપી. એ સમયે બહેનો આ ક્ષેત્રમાં ગણીગાંઠી. અનેક ક્લાસિક નાટકોમાં પ્રમુખ ભૂમિકા કરવાની તમે અને મમ્મીએ મને મોકળાશ આપી.

૧૯૬૫ નવેમ્બરની ૨૪મીની મધરાતે અચાનક જ વિદાય લીધી.

પપ્પા, પછી એક અભૂતપૂર્વ ઘટના ઘટી. ચમત્કાર જ.

તમારી વિદાયનાં પંદર દિવસ પછી મને અમદાવાદનાં પ્રમુખ અખબાર તરફથી ટેલિગ્રામ મળ્યો. એક લીટીનો મેસેજ, મળવા આવો. પપ્પાનું કોઈ કામ અધૂરૂં હશે સમજી હું અમદાવાદ ગઈ તંત્રીને મળી. તેમણે કહ્યું અમારા અખબારમાં તમે સ્ત્રીઓ વિષે લખો. રીપોર્ટીંગ કરો.

હું અવાક! હું અભિનેત્રી, રેડિયો એનાઉન્સર અને હું લખું? કેમ લખાય? રીપોર્ટીંગ એટલે વળી શું? એ સમયે અખબારી પૂર્તિ અને કોલમોની બોલબાલા નહોતી. જર્નાલિઝમનાં કોર્સ નહોતા. પપ્પા, તમારી વિદાયનો ખાલીપો અને મુંબઈની નાટયપ્રવૃત્તિ ધીમી પડી ગઈ હતી. તમને નિરંતર અને અવિરત લખતા જોયા હતા. એક સાથે ત્રણ ત્રણ નવલકથાઓ જુદા જુદા અખબારોમાં, વચ્ચે રેડિયો, નાટકો, કોલમ, લેખોની પઠાણી ઉઘરાણી તો ખરી જ.

મેં ફેશન અને મેકઅપ કોલમ લખવા માંડી. ત્યારે ન તો ગલીએ ગલીએ બ્યુટીપાર્લર, કે અધધ બ્યુટીપ્રોડક્ટસું બજાર હતું. એ કોલમ પરથી 'મુંબઈ સમાચાર'નાં તંત્રીએ પણ મને ફેશન કોલમનું આમંત્રણ આપ્યું. થોડા જ સમયમાં મેં ટૂંકી વાર્તા લખવા માંડી. પપ્પા, તમે સ્વાતંત્ર્ય ચળવળનાં દિવસોમાં ગુજરાતનાં ગામેગામ ઘર માંડતા અને બા સંકેલો કરતી અને આપણે બીજા ગામે જતાં. અમારૂં ભણવાનું પણ એવું દમ વગરનું અંગ્રેજી સુધારવા, તમે અમને સહુને પેરીમેસન આગાથા ક્રીસ્ટીની નવલકથાઓ આપેલી. તમારામાં સેન્સ ઓફ હ્યુમર પણ ગજબ. એટલે અમને બધાને પી.જી વુડહાઉસનો નાદ લગાડેલો. એ આજે ય અકબંધ છે હોં.

એક દિવસ મહેન્દ્રએ મને પારકર પેન ભેટ આપી અને કાગળોની થોકડી, આ કોલમો છોડી દે. નવલકથા લખ. અને મેં એક બેઠકે રહસ્યકથા લખી 'પાંચને એક પાંચ.'

અને ધીમે ધીમે તમારી સર્જનની ગંગોત્રીમાંથી એક નાનુંશું ઝરણું મારી તરફ વહી આવ્યું અને મન ભીંજવી દીધી અને હા પપ્પા. તમારી વિદાય પછી ઈલાને પણ તમારી અધૂરી રહેલી નવલકથા પૂરી કરવાનું કહેણ મળ્યું અને એની પણ કલમ ચાલવા લાગી.

પપ્પા, કેવો યોગાનુયોગો જીવનની કહો કે કેરીયર એક દિશામાં સરસ જઈ રહ્યું હતું અને કોઈ રોડસાઈનની આગોતરી નિશાની વિના એક જુદા જ વળાંકે જીવન વળી ગયું. અમારી સર્જનયાત્રા વણથંભી ચાલી, નવલિકા, નવલકથા, એકાંકી અને દ્વિઅંકી નાટકો, પ્રવાસ, નિબંધો, અનેક ટી.વી. શ્રેણીઓ, ટેલિ અને રેડિયો પ્લેઝ, સાહિત્યના ઘણા કાર્યક્રમોનું સંચાલન, આયોજન કર્યું. ના. તમારી જેમ સાગરકથા કે ઐતિહાસિક નવલકથા નવલિકાઓ લખવાનું મારું ગજુ નહોતું પણ સત્વનો પિંડ લઈ, નહીં સાંધો નહીં રેણ. એ રીતે કલ્પનાથી એને મઠારી મેં નવકલથાઓ લખી મારી આગવી કેડી કંડારી.

તમે તો જાણો જ છો હું, દર્શકની માનસપુત્રી એમની માનીતી, રોહિણી. 'મારા' ઝેર તો પીધા જાણી જાણીનાં બધા શોઝ તમે અને મમ્મીએ જોયા છે, આપણી 'રંગભૂમિ' સંસ્થાનું જ તો એ નાટક! ગવર્નર મંગળદાસ પકવાસા પ્રમુખ અને તમે આજીવન ઉપપ્રમુખ.

દર્શકનો મારી પર આજીવન સ્નેહ રહ્યો. ચુનીલાલ મહારાજનાં જીવન-કર્મ પર મેં નવલકથા લખી ત્યારે દર્શકે તેને 'ગુજરાતી સાહિત્યની નવી દિશાની બારી ખોલી છે' કહી વધાવી. ઘણાં ઈનામો, માન-અકરામ મળ્યા પણ જ્યારે રણજીતરામ સુવર્ણચંદ્રક મળ્યો – તમને મળ્યાના બરાબર ૫૦ વર્ષ પછી - ત્યારે પહેલીવાર થયું, હું તમારૂં તર્પણ કરી શકી છું, અને તખ્તા પરથી ચંદ્રક આકાશપથ તરફ ઉંચો કરી એ તમને અર્પણ કર્યા હતો, જાણો છો તમે! 'ઝેર તો પીધાં..' નાટકે ત્યારે અનહદ લોકપ્રિયતા પ્રાપ્ત કરી, નાણાપ્રધાન મોરારજી દેસાઈની માંડી ભલભલા નેતાઓ, સેલિબ્રીટીઝ સામેથી જોવા માટે સંદેશો કહેડાવતા. (બુકીંગ ખુલતાં જ હાઉલફુલ્લ) એ ૧૯૬૩ની વાત. અને ૨૦૧૬નો 'દર્શક એવોર્ડ' મને મારી ક્રોસરોડ નવલકથા માટે મળ્યો ત્યારે જાણે એક વર્તુળ પૂરૂં થયું હોય એ અનુભવ્યું. તમારૂં અને દર્શકનું તીવ્ર સ્મરણ થઈ આવ્યું.

'ક્રોસરોડ' નવલકથા મમ્મીનું ગામ લખતર કેન્દ્રમાં રાખી, તમે, મમ્મી, જયાબા, રમણિકકાકા સહુનું આદર્શમય ભાતીગળ જીવન આલેખી, એ સમયનું ડોક્યુમેન્ટેશન કરી અને ફ્રેમમાં મઢી લીધેલ છે.

સ્વાતંત્ર્યસંગ્રામમાં તમે પ્રગટ અને છૂપી રીતે ભૂગર્ભમાં કામ કર્યું. મુંબઈનું, મમ્મીએ ખૂબ પ્રેમથી સજાવેલું માટુંગાનું ઘર, પાર્ટીશન વખતે નિરાશ્રિતો માટે સ્પેશ્યલ રેક્વીઝીશન એક્ટ નીચે, બાજુના, પાડોશીએ જ પોલિસ બોલાવી પડાવી લીધું (જેની સાથે વર્ષોની ઘરોબો હતો અને મમ્મીએ તેમની ત્રણ પ્રસુતિઓ કરેલી) જામનગરનાં જામ સાહેબે તમને ખાસ જામનગર બોલાવેલા, એ ઘર, પ્રિન્ટીંગ પ્રેસ પણ રાજાની સંપત્તિ માની કબજો કરી લીધો હતો.

તમે મૃત્યુશૈયા પર. મમ્મી પાસે ગાંઠે ગરથ નહીં, ન ક્યાંય એક છાપરું અને ચાર નાના બાળકો સાથે, તમે બન્ને સાવ રસ્તા પર હતા. જ્ઞાતિનાં વડીલોએ ત્રણેય દીકરીઓનાં નાનપણમાં, રિવાજ

મુજબ વિવાહ કહી મોકળા થઈ જવાની સલાહ આપી.

મમ્મીની સતી સાવિત્રી જેવી ચાકરી, તમારૂં મનોબળ, તમે મૃત્યુશૈય્યા પરથી ઉઠયા, ગામ છોડી ફરી મુંબઈ આવ્યા. સાહિત્યપ્રેમી સજ્જને પાઘડી વિના ઘાટકોપરમાં નાનું કોટેજ આપ્યું, ત્યારે તમે કહેલા શબ્દો આજે ય મારા કાનમાં ગુંજે છે.

''તમને આપવા માટે મારી પાસે વિદ્યા સિવાય કશું નથી. હું અયાચક બ્રાહ્મણ છું. હું દિવસ રાત, સતત લખીશ અને તમે સૌ ભણો, પ્રવૃત્તિઓ કરો.''

અને તમે કલમ હાથમાં લીધી. વહેલી સવારથી માત્ર ચા ભેર સાંજ સુધી લખ્યું. આજે પણ એ દૃશ્ય યાદ આવે છે અને આંખ ભીની થાય છે.

પપ્પા, એવા કપરા કાળે, છાતી કાઠી કરી તમે ફરી મુંબઈ ન આવ્યા હોત તો? નાડાર જ્ઞાતિની છોકરીઓ નાનપણમાં પરણી, લાજ કાઢી રસોડામાં અને સંતાનોને જન્મ આપવામાં આયખું પૂરૂં કરતી, એમ અમ બહેનોને પરણાવી દીધી હોત તો?

એ વિચાર કરતાં કંપી ઊઠું છું. તમે પોતે ૧૭મે વર્ષે જ્ઞાતિમાં દાયરામાંથી બધાં જડ બંધનો ફગાવી બહાર નીકળી ગયા હતા અને જ્ઞાતિબહાર પણ મૂકાયા હતા, પણ તમે ભવસાગરમાં અનેક વાવયકા હિંમતથી ઝીલી. આપણા સંસારનાં હિંમતબાજ નાખુદા બન્યા હતા.

પપ્પા, આજે વર્ષો પછી, મને આ સમજાયું છે, ત્યારે તમને શી રીતે કહું? આજે મોડી રાત્રે નિરવ શાંત રાત્રિમાં તમને આ પત્ર લખી રહી છું. તમને હજી ઘણું કહેવું છે, પણ આજે લો બસ આટલું જ.

**તમારી વહાલી વસુના વંદન**


**પુસ્તક મનુષ્યનો શ્રેષ્ઠ મિત્ર છે. ખરીદો, આપો અને સહુમાં વહેંચો**

**રૂ. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂ. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂ. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો**

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો** | |
| ૧. | જૈન ધર્મ દર્શન | ૨૦૦ |
| ૨. | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩. | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪. | સાહિત્ય દર્શન | ૩૦૦ |
| ૫. | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬. | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭. | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૮. | જિન વચન | ૨૫૦ |
| ૯. | જિન તત્ત્વ ભાગ-૬ થી ૯ ભાગ-૨ | ૨૪૦ |
| ૧૦. | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૧. | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૨. | પાસપોર્ટની પાંખે ભાગ-૧ થી ૩ | ૫૦૦ |
| ૧૩. | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| ૧૪. | ગૂર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૫. | પ્રભાવક સ્થવિરો (ભાગ ૧ થી ૬ ઓલીવ) | ૩૫૦ |
| ૧૬. | જૈન ધર્મ દર્શન દર્શન (હિન્દી) | ૩૦૦ |
| | **પ્રો. તારાબહેન ર. શાહ લિખિત** | |
| ૧૭. | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૧૮. | સંસ્કૃત નાટકોની કથા ભા.૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબહેન શાહ લિખિત** | |
| ૧૯. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૨૦. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| ૨૧. | ઊગ્યો મુક્તિનો અરુણોદય સમ્ગ્દર્શન | ૨૦૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૨૨. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૩. | આદિ તીર્થંકર શ્રી ૠષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૪. | જૈન દંડ નીતિ | ૨૫૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૫. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૬. | નવપદની ઓળી | ૫૦ |
| ૨૭. | ભગવદ ગીતા અને જૈન ધર્મ | ૧૫૦ |
| ૨૮. | આગમની વાટે (ભાગ-૧) | ૨૦૦ |
| ૨૯. | યોગસાધના અને જૈન ધર્મ | ૧૦૦ |
| | **ઈલા દીપક મહેતા સંપાદિત** | |
| ૩૦. | સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત મૂળ સૂત્રનો ગુજરાતી-અંગ્રેજી-હિંદી ભાવાનુવાદ | ૩૫૦ |
| | **ડૉ. કે.બી. શાહ લિખિત** | |
| ૩૧. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૨. | વિચાર મંથન | ૧૮૦ |
| ૩૩. | વિચાર નવનીત | ૧૯૦ |
| | **આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરિકૃત** | |
| ૩૪. | જૈન ધર્મ (ગુજરાતી) | ૭૦ |
| ૩૫. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૬. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૭. | પ્રભાવના | ૧૨ |
| ૩૮. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે. | ૩૦ |
| ૩૯. | મેરુથી યે મોટા | ૧૦૦ |
| ૪૦. | JAIN DHARMA [English] | ૧૦૦ |
| | **ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** | |
| ૪૧. | અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | ૩૦૦ |
| ૪૨. | શ્રી જૈન મહાવીર ગીતા એક દર્શન | ૩૫૦ |
| ૪૩. | ભાવમંજૂષા | ૧૫૦ |
| ૪૪. | કથામંજૂષા | ૧૫૦ |
| | **ગીતા જૈન લિખિત રમજાન હસણિયા સંપાદિત** | |
| ૪૫. | રવમાં નીરવતા | ૧૨૫ |
| | **પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ સંપાદિત** | |
| ૪૬. | પંથે પંથે પાથેય | ૧૨૫ |
| ૪૭. | Inspirational Stories of Shravak | ૪૫ |
| | **ડૉ. સેજલબેન શાહ** | |
| ૪૮. | મુઠ્ઠી ભીતરની આઝાદી | ૧૨૫ |
| ૪૯. | પ્રવાસ ભીતરનો | ૧૨૫ |
| | **રેણુકાબેન જે. પોરવાલ** | |
| ૫૦. | The Jain Stupa at Mathura | ૯૦૦ |
| ૫૧. | Arts and Icons | |
| | **મુનિશ્રી ભુવનચંદ્રજી** | |
| ૫૨. | સમણ સુત્તં | ૧૨૦ |

રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં. ૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, જે.એસ.એસ.રોડ, કેનેડી બ્રિજ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ / મો. ૯૧૩૭૭૨૭૧૦૯**

Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com

# અતીતની બારીએથી આજ

સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી
સંપર્ક : ૯૮૧૯૩૭૨૯૦૮

**અમેરિકાના યુવાનો / યુવા પુખ્ત લોકો જૈન ધર્મને 'કિચન ધર્મ' માને છે જ્યારે તેઓ મોટા પ્રમાણમાં ધાર્મિક સંદર્ભમાં ખોરાક વિશે સાંભળે છે – આપણે આ ખાઈ શકીએ છીએ; આપણે ખાઈ શકતા નથી; આપણે આ સમયે ખાઈ શકીએ છીએ; આપણે આ સમયે ખાઈ શકતા નથી, અમે અમુક દિવસોમાં લીલી વનસ્પતિ ખાઈ શકતા નથી, આપણે રુટ શાકભાજી ખાઈ શકતા નથી પરંતુ કેટલાક રુટ શાકભાજી અપવાદો છે. અને આ બધામાં, મૂળભૂત જૈન સિદ્ધાંતો અને આ સિદ્ધાંતોને તેમના વર્તમાન વાતાવરણમાં કેવી રીતે લાગુ કરવું તે સમજાવવામાં આવ્યું નથી.કારણ કેજ્યારે તેઓ આ પ્રશ્નનો ઉપયોગ કરે છે, ત્યારે આધ્યાત્મિક વિકાસ પરિપ્રેક્ષ્યને આગળની બાજુએ રાખવાઆપણે જૈન મૂલ્યો અને સિદ્ધાંતો પર પ્રકાશ પાડવો રહ્યો.વાસ્તવિકતા સમજવી રહી કે ધર્મના સિદ્ધાંતોનું ચુસ્ત પાલન કરવાના ઉચ્ચ ધોરણને અપનાવવા એ ધીમે ધીમે આગળ વધાતી પ્રક્રિયા છે અને તે યુવાનોમાં લાદવામાં આવી ન જોઈએ. જો કે આજના યુવાનો આરોગ્ય અને આહારની બાબતે સભાન છે ધર્મના આહાર પ્રિસ્ક્રિપ્શનમાં વૈજ્ઞાનિક તર્ક હોય તો તે જરૂરથી અપીલ કરી શકે.**

## આહાર અને જૈન સિદ્ધાંતોના વિષય ઉપર પ્રબુદ્ધજીવનના લેખોની સૂચિ

| | | |
|---|---|---|
| નિરામિષાહાર-જૈન દ્રષ્ટિએ | નવેમ્બર ૧૯૮૭ | ડૉ રમણલાલ ચી. શાહ |
| ગીતામાં ત્રિવિધ આહારના વર્ણનનું ઔચિત્ય | મે ૧૯૮૦ | હેમાંગિની જાઈ |
| નિરામિષ આહાર | જુલાઈ ૧૯૭૩ | ચીમનલાલ ચ. શાહ |
| નિરામિષ આહાર:જીવન વિકાસનો માનવ્ય માર્ગ | ડિસેમ્બર ૧૯૬૯ | ડૉ વસંતકુમાર જાઈ |
| વિશ્વ વનસ્પત્યાહાર કોંગ્રેસ | ડિસેમ્બર ૧૯૫૭ | પૂર્ણિમા પકવાસા |
| બટાટા કંદમૂળ હોવાનો માન્યતાભ્રમ | ઑક્ટોબર ૧૯૫૭ | પરમાનંદ |
| બટાટા તથા કંદમૂળ વિષે એક ચર્ચાપત્ર | જાન્યુઆરી ૧૯૫૮ | રતિલાલ ચી શાહ |
| બટાટા તથા કંદમૂળ વિષે એક ચર્ચાપત્ર | જાન્યુઆરી ૧૯૫૮ | પરમાનંદ |
| Appeal to Health Conscious Jains (Eating Less- Unodari Tapa) | November 2015 | Bakul Gandhi |

**For detailed reading of both articles visit http://www.prabuddhjeevan.in September 1990 monthly issue.**



To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2019. & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



**પરલોકે પત્ર**

# જો હોય મારો અંતિમ પત્ર તો...

**વર્ષા અડાલજા**

*પરિચય : વર્ષા અડાલજા (જન્મ :૧૦ એપ્રિલ ૧૯૪૦) જાણીતા ગુજરાતી સાહિત્યકાર છે. તેમનો જન્મ મુંબઈમાં થયો હતો અને મૂળ તેઓ જામનગરના વતની છે. એમણે વાર્તાલેખન તેમ જ નવલકથા લેખનમાં ઉચ્ચ કક્ષાનું યોગદાન આપ્યું છે, જે પૈકી ઘણું ખરું અત્યંત લોકપ્રિય સાબિત થયેલ છે. તેઓ એક નાટ્યકાર પણ છે અને નાટકો, સ્ક્રીનપ્લે અને રેડિયો માટે પણ લેખન કરે છે. તેમણે ૨૨ નવલકથાઓ અને ટૂંકી વાર્તાઓના સાત ભાગ સહિત ૪૫ કરતાં વધારે પુસ્તકો લખ્યા છે. તેમને તેમની નવલકથા 'અણસાર' માટે 'સાહિત્ય અકાદમી એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો.*

*તેમણે ૧૯૬૧ થી ૧૯૬૪ સુધી મુંબઈ આકાશવાણીમાં પ્રવકતા તરીકે કાર્ય કર્યુ. ૧૯૭૫ થી ૧૯૭૭ દરમિયાન 'સુધા'નાં તંત્રી રહ્યા હતા. તેઓ ૧૯૬૬ થી લેખન ક્ષેત્રે સંકળાયેલા છે.*

*જાણીતા સાહિત્યકાર ગુણવંતરાય આચાર્યના પુત્રી છે. તેમને લખેલી નવલકથાના નામ, 'શ્રાવણ તારાં સરવડાં' (૧૯૬૮), વિયેટનામના ભીષણ નરમેઘને આલેખતી 'આતશ' (૧૯૭૬), 'ગાંઠ છૂટયાની વેળા' (૧૯૮૦), જેલજીવનના વ્યાપક ભ્રષ્ટાચારને આલેખતી 'બંદીવાન' (૧૯૮૬), માટીનું ઘર (૧૯૯૧), અણસાર (૧૯૯૨), મૃત્યુદંડ (૧૯૯૬), શગ રે શકોરું (૨૦૦૪), પગલું માંડું હું અવકાશમાં (૨૦૦૫), પ્રથમ પગલું માંડ્યું (૨૦૦૮), ક્રોસરોડ.*

*તેમને લખેલી લઘુનવલકથાના નામ : 'તિમિરના પડછાયા' (૧૯૬૯), 'એક પળની પરખ' (૧૯૬૯), 'પાંચ ને એક પાંચ' (૧૯૬૯), 'મારે પણ એક ઘર હોય' (૧૯૭૧), 'રેતપંખી' (૧૯૭૪), 'અવાજનો આકાર' (૧૯૭૫), 'છેવટનું છેવટ' (૧૯૭૬), 'નીલિમા મૃત્યુ પામી છે' (૧૯૭૭), 'પાછાં ફરતા' (૧૯૮૧), 'ખરીપડેલો ટહુકો' (૧૯૮૩), 'પગલાં' (૧૯૮૩). વાર્તાસંગ્રહ : 'એ' (૧૯૭૯), 'સાંજને ઉંબર' (૧૯૮૩), એંધાણી (૧૯૮૯), બિલીપત્રનું ચોથું પાન (૧૯૯૪), ગાંઠે બાંધ્યું આકાશ (૧૯૯૮), અનુરાધા (૨૦૦૩), કોઈ વાર થાય કે...(૨૦૦૪), તેમના નાટકસંગ્રહના નામ : આ છે કારાગાર (૧૯૮૬), મંદોદરી (એકાંકી) (૧૯૯૮), તિરાડ (૨૦૦૩), શહીદ (૨૦૦૩), વાસંતી કોયલ (૨૦૦૬), નિબંધસંગ્રહ : પૃથ્વીતીર્થ (૧૯૯૪), આખું આકાશ એક પિંજરામાં (૨૦૦૭), પ્રવાસવર્ણન સંગ્રહ, નભ ઝૂકયું (૨૦૦૨), ઘૂઘવે છે જળ (૨૦૦૨), શિવોહમ (૨૦૦૬), શરણાગત (૨૦૦૭), શુક્ન ઈજિપ્ત, સંપાદન : અમર પ્રેમકથાઓ અન્ય : લાક્ષાગૃહ, ત્રીજો કિનારો, એની સુગંધ, ન જાને સંસાર, આનંદધારા, તું છે ને !, અન્ય યોગદાન*

*તેમની નવલકથા 'મારે પણ એક ઘર હોય' (૧૯૭૧) અને 'રેતપંખી'(૧૯૭૪) એ ટૂંકી ટેલિવિઝન ધારાવાહિકમાં પ્રસ્થાપિત થયેલ છે. તેમની લઘુનવલકથા 'તિમિરના પડછાયા' (૧૯૬૯) એ નાટક સ્વરૂપે અંદાજે ૧૦૦૦ જેટલા મંચ પર ભજવાઈ ચુકયું છે. તેણીએ તેમના પિતાશ્રી ગુણવંતરાય આચાર્યની નવલકથા 'દરિદ્રનારાયણ'ને ધારાવાહિક અને નાટક સ્વરૂપે રૂપાંતર કર્યું છે. તેમની નવલકથા 'અણસાર' (૧૯૯૨) પરથી એવોર્ડ વિજેતા ફિલ્મ 'લેપરોઝી' બનાવી છે.*

*પારિતોષિક : સાહિત્ય અકાદમી એવોર્ડ ૧૯૯૫ – તેમની પ્રથમ નવલકથા 'અણસાર' માટે., સોવિયેટ લેન્ડ નેહરૂ એવોર્ડ (૧૯૭૬), ગુજરાતી સાહિત્ય પરિસદ એવોર્ડ (૧૯૭૨, ૧૯૭૫), ગુજરાતી સાહિત્ય એકેડમી એવોર્ડ (૧૯૭૭, ૧૯૭૯, ૧૯૮૦), કનૈયાલાલ મુનશી એવોર્ડ (૧૯૯૭), રણજિતરામ સુવર્ણચન્દ્રક (૨૦૦૫), નંદશંકર મહેતા ચંદ્રક, સરોજ પાઠક સન્માન, ટૂંકી વાર્તાઓ માટે રામનારાયણ પાઠક એવોર્ડ અને હાલમાં ક્રોસરોડ નવલકથાને પણ પારિતોષિક મળેલ છે.*

*પારિતોષિક : સાહિત્ય અકાદમી એવોર્ડ ૧૯૯૫ – તેમની પ્રથમ નવલકથા અણસાર માટે., સોવિયેટ લેન્ડ નેહરૂ એવોર્ડ (૧૯૭૬), ગુજરાતી સાહિત્ય પરિસદ એવોર્ડ (૧૯૭૨, ૧૯૭૫), ગુજરાતી સાહિત્ય એકેડમી એવોર્ડ (૧૯૭૭, ૧૯૭૯, ૧૯૮૦), કનૈયાલાલ મુનશી એવોર્ડ (૧૯૯૭), રણજિતરામ સુવર્ણચન્દ્રક (૨૦૦૫), નંદશંકર મહેતા ચંદ્રક, સરોજ પાઠક સન્માન, ટૂંકી વાર્તાઓ માટે રામનારાયણ પાઠક એવોર્ડ અને હાલમાં ક્રોસરોડ નવલકથાને પણ પારિતોષિક મળેલ છે.*

વ્હાલા પપ્પા,

મરીન ડ્રાઈવની પાળ પર બેસી હિલોળા લેતા દરિયાને જોઈ રહી છું. આ મારી પ્રિય જગ્યા. ધીમે ધીમે સૂરજનું રક્તિમ બિંબ જળસમાધિ લઈ રહ્યું છે, ભીડ પાંખી થવા લાગી છે. જ્યારે જ્યારે અહીં આવીને બેસું છું ત્યારે તમારું તીવ્ર સ્મરણ થાય છે. મારા આયુષ્યનો પણ આ સોહામણો સંધ્યાકાળ છે. આપણી વચ્ચે કેટલા વર્ષોનો અંતરાળ પડી ગયો! તમે મળ્યા વિના, કહ્યા વિના અચાનક મારાથી દૂર ક્ષણભરમાં વિદાય લઈ લીધી! અંતિમ દર્શન પણ નહી, એટલી ઉતાવળ! કેટકેટલું તમને કહેવાનું અને તમારે જોવાનું રહી ગયું?

પપ્પા, તમને તો કદી કલ્પના પણ ન હતી કે તમારો વારસો સાચવવા, અમ ભાઈબહેનોમાંથી કોઈ કલમ હાથમાં લેશે! તમે હતા ત્યારે હું મારી નાટકોની દુનિયામાં ગળાડૂબ અને ઈલા અધ્યાપનમાં. મારો રંગમંચ પ્રવેશ પણ તમારે જ કારણે હતો!

*(વધુ માટે જુઓ અનુસંધાન પાનું. ૧૧૦)*

**Postal Authority : If Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai -400004.**

**Printed & Published by :** Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 **Printed at** Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N.M.Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Tel. 40032496 / 9867540524. **Editor : Sejal M. Shah**
**Temporary Add.: 926, Parekh Market, 39, J.S.S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai -400004.**